
પાનાં : ૨૪ + ૨૪ કિંમત : રૂા. ૭-૦૦ * * તા. ૫ નવેમ્બર ૨૦૨૯ ગુરુવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૧૧ વર્ષ : ૯૪, અંક : ૩૦૧ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD
મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4







થલતેજ અંડરપાસમાં ચાલુ કારમાં આગ લાગતા ટ્રાફિક જામ

અમદાવાદ, બુધવાર

શહેરના એસ જી હાઈવે ઈસ્કોનથી ગાંધીનગર થલતેજ અંડરપાસની અંદર એક ચાલુ કારમાં અચાનક આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. જો કે કારમાં સવાર વ્યક્તિઓ સમયસર બહાર આવી જતા કોઈ જાનહાની થઈ નહોતી. પરંતુ, કાર બળી ગઈ હતી. આ બનાવને પગલે હાઈવે પર આશરે અઢી કિલો મીટર સુધી ટ્રાફિકજામની સ્થિતિ સર્જાતા ટ્રાફિક અને સ્થાનિક પોલીસે ભારે જહેમત બાદ સ્થિતિને સામાન્ય બનાવી હતી. આ ટ્રાફિક જામની અસર પકવાન ચાર રસ્તા સુધી જોવા મળી હતી.

અમદાવાદથી રાજગીર વચ્ચે અનરિઝર્વ્ડ વિશેષ ટ્રેન દોડાવાશે

અમદાવાદ, બુધવાર

દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન બિહાર તરફ જતી ટ્રેનોમાં હાલ ૨૦૦થી વધુનું વેઈટિંગ લાગી ગયું છે. મુસાફરોને ટિકિટ મળવી પણ મુશ્કેલ બની ગઈ છે. ત્યારે પશ્ચિમ રેલવેએ બિહાર તરફ જતાં મુસાફરોને પડતી હાલાકીને ધ્યાનમાં રાખીને અમદાવાદથી રાજગીર વચ્ચે ૧૩ નવેમ્બર સુધી અનરિઝર્વ્ડ સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવા નિર્ણય કર્યો છે.

અમદાવાદથી ચેન્નઈની નવજીવન એક્સપ્રેસ ચાર કલાક મોડી પડી

અમદાવાદ, બુધવાર

અમદાવાદથી ચેન્નઈ જતી નવજીવન એક્સપ્રેસના પ્રસ્થાન સમયમાં છેલ્લી ઘડીએ ફેરફાર થતાં મુસાફરોની મુશ્કેલી વધી હતી. ગઈકાલે રાત્રીના ૨૧.૨૫ કલાકે અમદાવાદથી ઉપડવાની નિર્ધારિત ટ્રેનને બીજા દિવસે ૦૧.૪૫ વાગ્યાનો ઉપાડવાનો સમય કરવામાં આવ્યો હતો. એટલેકે, નિર્ધારિત સમય કરતાં ૪ કલાકને ૨૦ મિનિટ ટ્રેન મોડી કરવામાં આવતા મુસાફરો રીતસરના અકળાઈ ઉઠ્યાં હતાં. ટ્રેન નં.૧૨૯૫૫ અમદાવાદ-એમજીઆઈ ચેન્નઈ સેન્ટ્રલ નવજીવન એક્સપ્રેસ તેના અગાઉના ફેરાની લિંક રેક મોડી પહોંચવાના કારણે મોડી કરાઈ હોવાનું રેલવેમાંથી સુચના જાહેર કરવામાં આવી હતી.

૩૦ રેલવે સ્ટેશનોમાં હવે હાઈટેક સંચાર વ્યવસ્થાનું નેટવર્ક

રાજકોટ,બુધવાર

રાજકોટ રેલવે ડિવિઝનમાં ટ્રેનોના સંચાલન માટે ઉપયોગમાં લેવાતી જૂની સંચાર વ્યવસ્થાને બદલીને હવે આધુનિક ટેકનોલોજી અપનાવવામાં આવી છે. રાજકોટ-ઓખા સહિત કુલ ૨૮૦.૫ કિલોમીટરના રેલમાર્ગ પર આવેલા ૩૦ સ્ટેશનોને નવી સંચાર પ્રણાલી સાથે જોડવામાં આવ્યાં છે. નવી વ્યવસ્થાથી ટ્રેન કંટ્રોલર અને સ્ટેશન માસ્ટર વચ્ચે વાતચીત વધુ સરળ અને વ્યવસ્થિત બનશે. જૂની સિસ્ટમ એનાલોગ ટેકનોલોજી પર આધારિત હતી, જ્યારે નવી વ્યવસ્થા ડિજિટલ નેટવર્ક પર કામ કરે છે. તેમાં સંચાર સેવાઓનું નિરીક્ષણ, ખામી શોધવી અને જાળવણી કરવી વધુ સરળ બની શકશે. ભવિષ્યમાં અન્ય રેલવે સંચાર સેવાઓને પણ આ જ નેટવર્ક સાથે જોડી શકાશે.

દિવાળીમાં સિંહોની પજવણી રોકવા વનતંત્રનું રેડ એલર્ટ

જૂનાગઢ, તા.૪

દર વર્ષે દિવાળીનાં મિનિ વેકેશન અને તહેવારો દરમિયાન ગીર તથા ગિરનાર બોર્ડર ક્ષેત્રમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓની ભારે ભીડ ઉમટી પડે છે. પ્રવાસીઓના આ ધસારાને કારણે એશિયાટિક સિંહ સહિતનાં દુર્લભ વન્યપ્રાણીઓની પજવણી થવાની શક્યતાઓ વધી જતી હોય છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા દર વર્ષની જેમ આ વર્ષે પણ વનતંત્ર દ્વારા ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી અને ભાવનગર જિલ્લામાં સત્તાવાર રીતે રેડ એલર્ટની ઘોષણા કરવામાં આવી છે.

સુરતમાં ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષના ભાઈ સાથે ઠગાઈ

સુરત, બુધવાર

ડુમ્મસના પામ બંગ્લોઝ નજીક ફ્લેમ્સ કેફેના નંબર ઉપર અજાણ્યાનો કોલ આવ્યો હતો. કોલ કરનારે કેફેના મેનેજરને પોતાની ઓળખ સુરત મનપાના ફુડ ડિપાર્ટમેન્ટના અધિકારી નિતીનભાઈ તરીકે આપી ચેકિંગ માટે આવનાર છે એમ કહી રૂ. ૩,૫૦૦ નો ચાર્જ ઓનલાઈન ચુકવવા કહ્યું હતું. જેથી મેનેજરે કેફેના માલિક એવા સ્વર્ગસ્થ ધારાસભ્ય રાજેન્દ્ર પટેલના પુત્રી અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ઝંખના પટેલના ભાઈ કૃણાલ રાજેન્દ્ર પટેલને જાણ કરી સંપર્ક કરવા કહ્યું હતું. જેથી અજાણ્યાએ કૃણાલનો સંપર્ક કરી ચેકિંગ માટે રૂ. ૩,૫૦૦ સહિત કુલ રૂ. ૨૯ હજારથી વધુ ટ્રાન્સફર કરાવ્યા હતા.

સીટી માટે

પાનાં : ૨૪ + ૨૪ કિંમત : રૂા. ૭-૦૦ ** તા. ૫ નવેમ્બર ૨૦૨૬ ગુરુવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૧૧ વર્ષ : ૯૪, અંક : ૩૦૧ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

બેલોટ પર મારું નામ હોત તો ચૂંટણી જીતી જાત: ટ્રમ્પ

ડેમોક્રેટ્સે સારી કામગીરી બજાવી

કટ્ટર હરીફને ટ્રમ્પની શુભેચ્છા

વોશિંગ્ટન,તા.૪

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મિડ ટર્મ ચૂંટણીમાં સારો દેખાવ કરનારા ડેમોક્રેટ્સને અભિનંદન આપ્યા હતા અને જણાવ્યુ હતું કે તમે સારી

(અનુસંધાન ૧૩મે પાને)

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર વીટો લખેલી રેડ માગા સ્ટાઈલની બેઝબોલ કેપની ઈમેજ મૂકી

અમેરિકામાં સેનેટમાં ૫૪ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ૨૩૧ બેઠકો સાથે ડેમોક્રેટ્સનું પ્રભુત્વ

ટ્રમ્પને આપખુદી ભારે પડી : ચૂંટણીમાં રિપબ્લિકન્સને લપડાક

(પીટીઆઈ) વોશિંગ્ટન,તા.૪

અમેરિકાના મિડ ટર્મ ઈલેકશન ૨૦૨૬માં અમેરિકન મતદારોએ છેવટે બેફામ બનેલા અમેરિકન પ્રમુખ ટ્રમ્પ પર બરોબરની કસીને લગામ નાખી છે. અમેરિકન કોંગ્રેસમાં સેનેટની કુલ ૧૦૦ બેઠકમાં ડેમોક્રેટ્સ ૫૪ બેઠકો જીતી ચૂક્યા છે અને બે બેઠક પર આગળ છે, આમ તેણે બહુમતી માટે જરુરી ૫૧ બેઠકનો આંકડો પસાર કરી દીધો છે. રિપબ્લિકન ૪૪ બેઠક જીતી શક્યા છે અને એક જ બેઠક પર આગળ છે. જ્યારે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની કુલ ૪૩૫ બેઠકોમાં ડેમોક્રેટ્સે બહુમતી માટે જરુરી ૨૧૮નો આંકડો વટાવી ૨૩૧ પર જીત મેળવી છે અને હજી પણ ૨૭ પર આગળ છે, જ્યારે રિપબ્લિકન ૧૩૯ પર જીત્યા છે અને ૩૪ પર આગળ છે.

ટ્રમ્પ ૨૦૨૪માં ડબલ ડિજિટ માર્જિનથી જીત્યા હતા તેવા વિસ્તારમાં ડેમોક્રેટ્સે બે ડઝનથી પણ વધુ બેઠકો જીતી

અમેરિકન પ્રમુખ પર મતદારોએ ડેમોક્રેટ્સના સ્વરુપમાં નાખેલી આ ધૂંસરી તેથી જ તેની ટોચની નેતાગીરીને ઠાર કરી દીધી, પણ અહીં જ તેણે ભૂલ કરી. આટલી બધી ટોચની નેતાગીરી ખતમ કરવા છતાં પણ ઈરાન હજી પણ અમેરિકા સામે અડગ ઊભું છે.

આજે આઠ મહિના પછી પણ ટ્રમ્પ ઈરાન યુદ્ધનો નીવેડો લાવી શક્યા નથી. તેના લીધે અમેરિકામાં ગેસોલીન અને ડીઝલના ભાવ આકાશને આંબી ગયા છે. ચૂંટણીના દિવસે જ ગેસોલીનનો ભાવ પ્રતિ ગેલન ૪.૧૨ ડોલરની નવી ઊંચાઈએ અને ડીઝલનો ભાવ પ્રતિ ગેલન ૬.૨૮ ડોલરના સ્તરે પહોંચી ગયો હતો. આમ અમેરિકન ટ્રમ્પના બેફામ વલણથી ત્રાહિમામ પોકારી ગઈ તેનું પ્રતિબિંબ આ ચૂંટણીમાં જોવા મળ્યું છે. તેના લીધે આજે પાંચ-પાંચ દાયકાથી પણ ચૂંટાતા ન હોય તેવા રિપબ્લિકનના પ્રભુત્વવાળા રાજ્યમાં ડેમોક્રેટ્સ ચૂંટાઈ આવ્યા છે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના ગઢ મનાતા વિસ્તારો ટેક્સાસ, જ્યોર્જિયા, આયોવા, ઓહાયોમાં ડેમોક્રેટ્સના ઉમેદવારોએ બાજી મારી છે. ડેમોક્રેટ્સે અહીં ગવર્નરની ચૂંટણીમાં રિપબ્લિકનોને હરાવતા તે હતપ્રભ બની ગયા છે. આ એવા સ્થળો છે જ્યાં રિપબ્લિકનોના પરાજયનો વિચાર સુદ્ધા થઈ શકતો ન હોવાનું કહેવાય છે.

ટ્રમ્પ ૨૦૨૪માં જ્યાં ડબલ ડિજિટના માર્જિનથી જીત્યા હતા તેવા વિસ્તારોમાં પણ ડેમોક્રેટ્સે બે ડઝનથી પણ વધુ બેઠકો કબ્જે કરી છે. રિપબ્લિકન લીડર ક્રિસ ક્રિસ્ટીએ એબીસી ન્યૂઝને જણાવ્યું હતું કે

(અનુસંધાન ૧૩મે પાને)

રિપબ્લિકન પાર્ટીના ગઢ મનાતા વિસ્તારો ટેક્સાસ, જ્યોર્જિયા, આયોવા, ઓહાયોમાં ડેમોક્રેટ્સના ઉમેદવારોએ બાજી મારી

આગામી બે વર્ષ સુધી પ્રમુખપદની ચૂંટણી યોજાઈ ત્યાં સુધી રહેવાની છે. ટ્રમ્પે વિશ્વના દેશો પર આડેધડ ટેરિફ ઝીંકીને અમેરિકન પ્રજાને મોંઘવારીના ખપ્પરમાં હોમી દીધુ અને આટલું ઓછું હોય તેમ ઈરાન સાથે યુદ્ધ છેડીને પોતાના જ પગ પર કુહાડો મારી લીધો. વેનેઝુએલા સામેના સફળ ઓપરેશન પછી તાનમાં આવી ગયેલા ટ્રમ્પને ઈરાનને ગણતરીના દિવસોમાં પાડી દઈશું તેવી ગણતરી હતી,

મિડટર્મ ઈલેક્શન : ઈતિહાસના ૬ મોટા ઊલટફેર

૨૦૧૦ : ઓબામા - ૬૩ સીટ
૧૯૯૪ : ક્લિન્ટન - ૫૪ સીટ
૧૯૫૮ : આઈઝનહાવર - ૪૮ સીટ
૧૯૭૪ : ફોર્ડ - ૪૮ સીટ
૧૯૬૬ : જ્હોનસન - ૪૭ સીટ
૨૦૧૮ : ટ્રમ્પ - ૪૧ સીટ

અમેરિકાની મિડ-ટર્મ ચૂંટણીના પરિણામો

હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (ટોટલ ૪૩૫)

અગાઉ		હાલ	
રિપબ્લિકન્સ	૨૧૯	રિપબ્લિકન્સ	૧૪૪
ડેમોક્રેટ્સ	૨૧૪	ડેમોક્રેટ્સ	૨૩૧
ખાલી બેઠક	૨		

સેનેટ (ટોટલ ૧૦૦)

અગાઉ		હાલ	
રિપબ્લિકન્સ	૫૩	રિપબ્લિકન્સ	૪૪
ડેમોક્રેટ્સ	૪૫	ડેમોક્રેટ્સ	૫૪
અપક્ષ	૨		

સેનેટમાં બહુમતી ગુમાવવાથી ટ્રમ્પને આ નુકસાન

ન્યાયાધીશોની નિમણૂકમાં અડચણ આવી શકે : સુપ્રીમ કોર્ટ સહિત રાજ્યની અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂક અટકી શકે છે. ગમતા ઉમેદવારોના નામ ઉપર પ્રશ્નાર્થ સર્જાઈ શકે.

મંત્રીઓની નિમણૂકમાં વિલંબ થશે : વિદેશ અને સંરક્ષણ મંત્રી સહિત અનેક મોટા અધિકારીઓના નામોને મંજૂરી મળવામાં મુશ્કેલી થઈ શકે છે.

વિદેશ નીતિ પર વિપક્ષનું દબાણ : આંતરરાષ્ટ્રીય સંધિઓને મંજૂરી અપાવવી મુશ્કેલ બનશે. જોકે, દરેક સમજૂતી માટે સિનેટની મંજૂરી જરૂરી નથી.

કાયદા અને બજેટ પર ઘર્ષણ વધશે : હાઉસમાંથી પસાર થયેલા ખરડાઓને સિનેટમાં મંજૂરી અપાવવી મુશ્કેલ થઈ શકે છે.

હાઉસમાં બહુમતી ન રહેતા ટ્રમ્પને આ નુકસાન

કાયદા પસાર કરવામાં અડચણ : ટેક્સ, ટેરિફ કે ઈમિગ્રેશન જેવા મુદ્દે નવા કાયદા લાવવા કે તેમાં સુધારા કરવામાં ડેમોક્રેટ્સ લગામ લગાવી શકે અને વિરોધ કરી શકે.

બજેટ ઉપર લગામ લાગશે : ટ્રમ્પ દ્વારા જે રીતે ઈરાન યુદ્ધ અને નોન ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવામાં અબજો ડોલરના ખર્ચ કરાય છે તેના ઉપર લગામ લાગી શકે છે.

સરકારી કામકાજમાં તપાસની શક્યતા : ટ્રમ્પ દ્વારા પહેલા બે વર્ષમાં જે સરકારી કામ કરવામાં આવ્યા છે તેમાં સંસદિય સમિતિઓ દ્વારા તપાસની માગણી કરવામાં આવી શકે છે.

ત્રીજી વખત મહાભિયોગની શક્યતાઓ : ડેમોક્રેટ્સ દ્વારા અત્યાર સુધીમાં ટ્રમ્પ સામે બે વખત મહાભિયોગની માગણી કરાઈ હતી. આ પરિણામ બાદ ત્રીજી વખત પણ માગણી કરાઈ શકે. જો કે, તેના માટે પ્રક્રિયા લાંબી અને જટિલ છે.

‘નો કિંગ્સ પ્રોટેસ્ટ’ નિર્ણાયક રહ્યા



અમેરિકામાં મિડટર્મ ચૂંટણી પહેલા યોજાયેલા ‘નો કિંગ્સ પ્રોટેસ્ટ’ નિર્ણાયક સાબિત થયા છે. મિડટર્મ ચૂંટણી પહેલા ઓક્ટોબર ૧૭ના રોજ અમેરિકામાં ૨૫૦૦ થી ૩૦૦૦ સ્થળોએ ‘નો કિંગ્સ પ્રોટેસ્ટ’ યોજાયા હતા. જેમાં, ‘નો કિંગ્સ, વોટ અલ્સ’નો સંદેશ આપવામાં આવ્યો હતો. વહેલા મતદાનનો સંદેશ મોંઘવારી અને ટ્રમ્પની નીતિઓને કારણે ત્રાહિમામ પોકારી ગયેલી જનતા સુધી પહોંચ્યો હતો. ‘નો કિંગ્સ’ની શરૂઆત ૨૦૨૫માં ટ્રમ્પ બીજી વખત રાષ્ટ્રપતિ બન્યા ત્યારે જ થઈ ગઈ હતી. પહેલા પ્રોટેસ્ટમાં જ આંદોલનકારીઓ પોસ્ટર્સ લઈને પહોંચ્યા હતા જેમાં, કહેવામાં આવ્યું હતું કે, રાષ્ટ્રપતિની સત્તા પર લોકશાહી નિયંત્રણો હોવા જોઈએ અને અમેરિકામાં કોઈ રાષ્ટ્રપતિ રાજાની જેમ વ્યવહાર ન કરી શકે. આંદોલનનું પરિણામ એવું આવ્યું કે, જે વિસ્તારોમાં રિપબ્લિકન પાર્ટીનું પ્રભુત્વ હતું, ત્યાં પણ ડેમોક્રેટ્સ જીત્યા. અમેરિકાની લોકશાહીએ ‘નો કિંગ્સ પ્રોટેસ્ટ’ અને ત્યારબાદ ટ્રમ્પની પાર્ટીના ખરાબ પ્રદર્શન બાદ વિશ્વની અન્ય લોકશાહીઓને સંદેશ આપ્યા છે. પહેલો સંદેશો એ કે, લોકશાહીમાં રાજા ન હોય. અને જે કોઈપણ નેતા પોતાને રાજા માનતા હોય તેમને અરીસો બતાવવાનું કામ જનતાએ કરવાનું હોય છે. અને બીજો સંદેશ એ કે, લોકશાહીમાં વિરોધ પ્રદર્શન એ વાતની સાબિતી હોય છે કે, લોકશાહી ધબકી રહી છે. શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો લોકશાહીમાં અધિકાર છે. અને તેમને શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા પ્રદર્શનકારીઓને દેશદ્રોહી કહેવા રાજાશાહી માનસિકતાની નિશાની છે.

અરુણા મિલર મેરીલેન્ડનાં ગવર્નર પદે ચૂંટાયાં

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ભારતીયોએ દબદબો જાળવ્યો, હાઉસમાં પાંચનો વિજય

(પીટીઆઈ) વોશિંગ્ટન, તા.૪

અમેરિકાની મિડ-ટર્મ ચૂંટણીમાં કેટલાક ભારતીય અમેરિકને મજબૂત દેખાવ કરતા હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પાંચ બેઠક જીત્યા છે અને મેરીલેન્ડની લેફ્ટનન્ટ ગવર્નર અરુણા મિલરે બીજી ટર્મ મેળવી છે. આ ઉપરાંત હજી પણ બીજા કેટલાય ભારતીય અમેરિકન ઉમેદવારો જે યુએસ કોંગ્રેસ, રાજ્યોની વિધાનસભા અને સ્થાનિસ સ્તરે ચૂંટણી લડ્યા છે તેમના પરિણામની રાહ જોવાઈ રહી છે. આવા વિજેતા બનેલા ભારતીય અમેરિકનની વિગત અહીં અપાઈ છે.

પિયા દાંડિયાએ ફ્લોરિડાથી અમેરિકન કોંગ્રેસમાં પહોંચી ઈતિહાસ રચ્યો : આ સિદ્ધિ મેળવનારાં પ્રથમ એશિયન-આફ્રિકન મહિલા બન્યાં

પિયા દાંડિયા

ડેમોક્રેટ પિયા દાંડિયા યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ફ્લોરિડાના



૨૨મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી રિપબ્લિકન કેસી એસ્કરને હરાવી જીતી છે. હાઈસ્કૂલની ભૂતપૂર્વ પ્રિન્સિપાલ અને શિક્ષક દાંડિયાનો જન્મ પામ બીચ ખાતે થયો હતો. તેમનો પરિવાર મૂળરૂપે રાજસ્થાનના જયપુરના વતની છે. આમ તે જાન્યુઆરીમાં શરુ થનારા નવા ગૃહમાં કોંગ્રેસની સૌથી નવી ભારતીયઅમેરિકન સભ્ય હશે.

સુહાસ સુબ્રમણ્યમ

ડેમોક્રેટિક સુહાસ સુબ્રમણ્યમ યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં સળંગ બીજી ટર્મ ચૂંટાયા છે. તેમણે વર્જિનિયા ૧૦મી કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટની બેઠક રિપબ્લિક ડેવ બેકોવિથને હરાવી જાળવી રાખી છે. ટેક્સાસના હ્યુસ્ટનમાં જન્મેલા સુબ્રમણ્યન




વકીલ અને ઉદ્યોગસાહસિક છે. તેમણે ટેકનોલોજી સ્ટાર્ટઅપ્સ સાથે કામ કરેલું છે અને પોતાના કારોબારની સ્થાપના કરી છે.

ઓબામાના તંત્રમાં તે વ્હાઈટ હાઉસના ટેકનોલોજી પોલિસી સહાલકાર તરીકે કામ કરી ચૂકયા છે.

અમી બેરા

ડેમોક્રેટ પ્રતિનિધિ અમી બેરા ૬૧ વર્ષના છે અને તે કેલિફોર્નિયાના થર્ડ



કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંરિપબ્લિકન રોબ ટકરને હરાવીને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ફરીથી ચૂંટાયા છે. તેઓ

(અનુસંધાન ૧૩મે પાને)



દિલ્હીની વાત

રાહુલ ગાંધીની વધતી રાજકીય તાકાતથી ભાજપ ચિંતિત

નવીદિલ્હી, તા. ૪

લગભગ એક દશક સુધી રાહુલ ગાંધીની અવગણના કર્યા પછી ભાજપ હવે આ મહિનાથી રાહુલ ગાંધીને ગંભીરતાથી લઈ રહ્યું છે. ભાજપે હવે રાહુલ ગાંધી સામે દેશ વ્યાપી મોરચો ખોલ્યો છે. વિરોધ પક્ષોની એકતા જોઈને હવે ભાજપએ ‘લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો’ અભિયાન સાથે દેશભરમાં પદયાત્રા શરૂ કરી છે. પક્ષના આ અભિયાનમાં રાજ્યના મુખ્યમંત્રીઓથી માંડીને કેન્દ્રના નેતાઓ

(અનુસંધાન ૧૩મે પાને)

ડેમોક્રેટિક પાર્ટીની જીતથી રાજકીય જોખમ હળવું થતાં ડાઉમાં ૧,૫૦૦ પોઈન્ટનો ઉછાળો

અમદાવાદ, તા. ૪

યુએસ મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટ્સના નિર્ણાયક વિજય અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પરિણામો સ્વીકારવાથી રાજકીય અનિશ્ચિતતાના જોખમ દૂર કરવાને કારણે અમેરિકી શેરબજારમાં આજે કામકાજના પ્રારંભે ડાઉજોન્સમાં ૧,૫૦૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો.

અમેરિકામાં ડેમોક્રેટ્સે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ બંનેમાં બહુમતી મેળવી હતી, અને ટેક્સાસ જેવી મુખ્ય ગવર્નરની ચૂંટણીઓમાં પણ વિજય મેળવ્યો હતો.

ડેમોક્રેટ્સ હવે ટ્રમ્પની નીતિઓ પર નજર રાખશે, જેમણે વ્યવસાય-મૈત્રીપૂર્ણ કર ઘટાડા લાગુ કર્યા છે, જ્યારે ટેરિફ અને ઈરાનમાં યુદ્ધને પણ અનુસર્યા છે જેનાથી ફુગાવો વધ્યો છે.

આ અહેવાલો પાછળ અમેરિકી શેરબજારમાં આજે કામકાજનો પ્રારંભ ડાઉ જોન્સમાં ૧,૦૦૦ પોઈન્ટના ઉછાળા સાથે થયા બાદ સુધારાની ચાલ આગળ વધી હતી જેના પગલે પસંદગીના શેરોમાં ઝડપી સુધારો નોંધાયો હતો. જોકે એઆઈ ક્ષેત્રના શેરોમાં ઝડપી પીછેહટ થઈ હતી. અમેરિકી શેરબજારમાં આજે કામકાજના પ્રારંભિક તબક્કામાં ડાઉજોન્સ ૧૦૮૪ પોઈન્ટ ઉછળીને ૫૨ ૮૭૧ પર કાર્યક્રમ હતો. જ્યારે નાસડેક કોમ્પોઝિટ ૫૭૨ પોઈન્ટ વધીને ૨૫૯૪૪ની સપાટીએ કાર્યરત હતો.

ક્રૂડમાં ૮ ટકાનો કડાકો : બ્રેન્ટ ક્રૂડ ૧૦૦ ડોલરથી નીચે ઊતર્યું, સોનાએ ૪,૦૦૦ની સપાટી કૂદાવી

ભારત સહિત ચાર દેશોનાં જહાજો હોર્મુઝમાંથી પસાર થઈ શકશે

વાંચો પાના નં. ૧૭

બેધડક -મંજુલ



સાહેબ, મેં કોઈ કાયદાનો ભંગ કર્યો નથી. લોકોએ મને જોઈને બુમાબુમ કરવા માંડી એટલે તરત જ મેં વસ્તુઓ હતી ત્યાં જ મૂકી દીધી... ચૂંટણી કમિશનરે કર્યું તેવી જ રીતે !





દિવાળી અને છઠ્ઠ પૂજાના તહેવારને લઈને અમદાવાદના કાલુપુર અને સાબરમતી રેલ્વે સ્ટેશન પર વતન પરપ્રાંતિય મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. ઉત્તર પ્રદેશ અને બિહાર જતા મુસાફરોની ભીડ અને ધક્કામુક્કીને નિયંત્રણમાં રાખવા ખાસ પોલીસ ફોર્સ તહેનાત કરવામાં આવી છે. આર.પી.એફ.ની સાથે જી.આર.પી.ની વધારાની ટુકડીઓ ભીડ પર દેખરેખ રાખી રહ્યા છે. અમદાવાદના કાલુપુર સ્ટેશન પર લાંબી લાઈનો વેઈટીંગની અને કરન્ટ ટિકીટ બારી બહાર જોવા મળી રહી છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

તેલમાં વધુ ટીપીસી, સોસ અપ્રમાણિત જાહેર થતા બે એકમો સીલ

મીઠાઈ, ફરસાણના ૨૩ નમૂના લેવાયા, પરંતુ રિપોર્ટ દિવાળી બાદ આવશે!

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં મીઠાઈની દુકાનોમાં રેપિડ ટેસ્ટ કિટ રાખવા ગત અઠવાડિયે વેપારીઓને તાકીદ કરાઈ હતી. તેમ છતાં મોટા ભાગની દુકાનોમાં હજી સુધી રેપિડ ટેસ્ટ કિટ જોવા મળતી નથી. તેવામાં આજે હાથ ધરાયેલી તપાસમાં રેપિડ ટેસ્ટ કિટ ન રાખવા બદલ મ્યુનિ. દ્વારા ચાર એકમોને રૂ. ૪૦ હજાર દંડ કરાયો હતો. જ્યારે તેલમાં વધુ ટીપીસી અને સોસના ત્રણ નમૂના લેબ રિપોર્ટમાં નાપાસ થતા બે એકમ સીલ કરાયા હતા. તેમજ મીઠાઈ, ફરસાણના ૨૩ નમૂના લઈ લેબોરેટરી તપાસમાં મોકલાયા છે.

રેપિડ ટેસ્ટ કિટ મામલે ચાર એકમને ૪૦ હજાર દંડ

દુકાનોમાં રેપિડ ટેસ્ટ કિટ નહીં મળે તો ૧૦ હજાર સુધી દંડ

દિવાળી નજીક આવતા મીઠાઈ અને ફરસાણની દુકાનો મ્યુનિ.ના ફૂડ વિભાગના નિશાના પર છે. દુકાન પર રેપિડ ટેસ્ટ કિટ નહીં હોય રૂ.૧૦ હજારથી વધુનો દંડ થઈ શકે છે. તેવામાં આજે મ્યુનિ. દ્વારા હાથ ધરાયેલી તપાસમાં રેપિડ ટેસ્ટ કિટ નહીં રાખવા બદલ ચાર દુકાનોને કુલ રૂ. ૪૦ હજાર દંડ કરાયો હતો. બીજી બાજુ નારણપુરાના પલિયડનગરમાં ભજિયા પકોડા નામના એકમમાં એક ને એક ખાદ્ય તેલમાં ફરસાણ તળાતું હોય તેમાં ટીપીસી એટલે ટોટલ પોલર કમ્પાઉન્ડ ૨૭.૫ મળી આવ્યું હતું. બીજી તરફ વટવામાં ભારત ફૂડ નામના એકમમાંથી અગાઉ લેવાયેલા સોસના ત્રણ નમૂના અપ્રમાણિત હોવાનું લેબ રિપોર્ટમાં સામે આવ્યું હતું. જેને પગલે બંને એકમોને સીલ કરાયા હતા. ઉપરાંત નવરંગપુરા, નારણપુરા, વસ્ત્રાલ, શાહીબાગ, મણિનગર,શાહપુર, બાપુનગર, નરોડા વગેરે વિસ્તારમાંથી ફરસાણ, મીઠાઈ અને મુખવાસના ૨૩ નમૂના લઈ લેબોરેટરી તપાસમાં મોકલાયા છે. સામાન્ય રીતે મ્યુનિ.ની લેબોરેટીમાં નમૂનાનો રિપોર્ટ અઠવાડિયા બાદ આવે છે. ત્યારે આ ૨૩ નમૂનાનો રિપોર્ટ હવે સંભવિત દિવાળી પછી આવશે!


કયા એકમોને દંડ કરાયો?

*અંબિકા સ્વીટ એન્ડ ફરસાણ, જોધપુર
*ગોપી ડેરી એન્ડ સ્વીટ, વસ્ત્રાલ
*અંબિકા સ્વીટ એન્ડ ફરસાણ, નરોડા
*પંજીરી મીઠાઈ, નારણપુરા

કઈ વસ્તુઓના નમૂના લેવાયા?

દૂધનો હલવો, શક્કરપારા, મિલ્ક કેક, બરફી, બેસનના લાડુ, કાજુ કતરી, સાદા મૈસુર, મગસ, કાજુ કલશ, કાજુ કતરી, હલવો, મુખવાસ, દાબેલી, ઘારી, પેંડા, ટોપરા પાક, કેસર કતરી, મોહનથાળ, ચવાણુ, મીઠો માવો, દાલમુંઠ, બેસન





રોડ કમિટીના ચેરમેને પત્ર લખી ઉકેલ માંગ્યો

અમદાવાદના માર્ગો પર ફ્રી લેફ્ટ ટર્નનું ધ્યાન કાઉન્સિલરો રાખશે

અમદાવાદ, બુધવાર

અમદાવાદના મોટા ભાગના ટ્રાફિક જંક્શન પર ફ્રી લેફ્ટ ટર્ન પર વાહનોનો જમાવડો જોવા મળે છે. જેના લીધે વગર કારણે ટ્રાફિકજામ થાય છે. પરંતુ ટ્રાફિક પોલીસ અને મ્યુનિ.ના અધિકારીઓ ફ્રી લેફ્ટ ટર્નનું અસરકારક પાલન નહીં કરાવી શકતા રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીના ચેરમેને વોર્ડના કાઉન્સિલરોને આ જવાબદારી સોંપી છે! તેમના વિસ્તારમાં ફ્રી લેફ્ટ ટર્નની સમસ્યા અંગે કાઉન્સિલરો પાસેથી ઉકેલ મંગાવાયા છે.

ડાબા વળાંક પર દબાણો, લેન માર્કિંગનો અભાવ જેવા પ્રશ્નોના ફોટો પાડી નિરાકરણ શોધવા સૂચના

અમદાવાદના ટ્રાફિક જંક્શન પર ફ્રી લેફ્ટ ટર્નનો પ્રશ્ન ગંભીર બની રહ્યો છે. મ્યુનિ.ના ઈજનેરો, ટ્રાફિક પોલીસ આ સમસ્યાનો યોગ્ય નિરાકારણ લાવી શક્યા નથી. મોટા ભાગના રસ્તા પર ફ્રી લેફ્ટ ટર્ન દર્શાવતા બોર્ડ અને લેન માર્કિંગ જ નથી. બીજી બાજુ કેટલાક ચાર રસ્તા પર ફ્રી લેફ્ટ ટર્ન માટે મુકાયેલા રબરના પોલ્સ તૂટેલી હાલતમાં છે. તેવામાં હવે ખુદ રોડ એન્ડ બિલ્ડિંગના ચેરમેને પત્ર લખી કાઉન્સિલરોને આ મુદ્દે આગળ આવી તેનો ઉકેલ શોધવા રજૂઆત કરી છે. તેમના વોર્ડના ટ્રાફિક જંક્શન પર ડાબા વળાંક પરની સમસ્યાઓ જેવા કે દબાણ, લેન માર્કિંગનો અભાવ વગેરે સમસ્યાઓના ફોટોપાડી તેનો ઉકેલ દર્શાવતી લેખિત દરખાસ્ત તૈયાર કરવા સૂચના અપાઈ છે. આ દરખાસ્ત બાદમાં વોર્ડ કમિટી પાસેથી મંજૂર કરાવી જે-તે ઝોનના અધિક સિટી એન્જિનિયરને સમક્ષ રજૂ કરવી પડશે. જ્યારે દબાણ અથવા જમીન સંબંધિત મુદ્દો હોય તો ઝોનના ડે. એસ્ટેટ ઓફિસરને પણ જાણ કરવી પડશે.

પ્રદૂષણ કાબૂમાં લેવા મ્યુનિ. કમિશનરનો આદેશ

અમદાવાદના માર્ગો ઉપર ફરતા ૧૫ વર્ષ જૂના વાહનો સીઝ કરો

અમદાવાદ, બુધવાર

અમદાવાદ શહેરમાં વધી રહેલું હવાનું પ્રદૂષણ ગંભીર બાબત બની છે. ત્યારે મ્યુનિ. કોર્પોરેશનની આજની વીકલી રિવ્યુ બેઠકમાં કમિશનરે પ્રદૂષણ ડામવા પર ભાર મૂકતા શહેરના માર્ગો પર ફરતા ૧૫ વર્ષથી વધારે જૂના વાહનો સરકારના નિયમ મુજબ સીઝ કરવાની સૂચના આપી હતી. સાથે સાથે મ્યુનિ. કોર્પોરેશન હસ્તકના પણ આવા જૂના વાહનોને બદલીને ઈવી લાવવા તાકીદ કરી હતી.

RWA એજન્સીઓ, શહેરની સફાઈ વ્યવસ્થા, શૌચાલયો મુદ્દે ડે.કમિશનરોને આડેહાથ લીધા

બીજી તરફ શહેરમાં બાંધકામ સાઈટોથી ફેલાતા પ્રદૂષણ મામલે હજી વધારે કડક પગલાં લઈને બેદરકાર બાંધકામ સાઈટો સીલ કરવા તેમજ પ્રદૂષણ ઓકતા ઔદ્યોગિક એકમો સામે પણ સખત કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ સિવાય શહેરમાં સફાઈ વ્યવસ્થા, આરડબલ્યુએ એજન્સીઓની હાજરી અને શૌચાલયોની સફાઈ મામલે ડે.કમિશનરોને આડે હાથ લીધા હતા.

કામદારોના મોત મામલે પગલાં લેવાના બદલે કમિશનરના ખાલી હાકલા પડકારા

વીકલી રિવ્યુ બેઠકમાં ખાળકૂવાના મામલે થયેલી ચર્ચામાં ખાળકૂવા સહિતની સફાઈમાં કામદારોનો ઉપયોગ નહીં કરવા અને મશીનરીથી જ કામગીરી કરાવવા પર કમિશનરે ભાર મૂક્યો હતો. આવા કિસ્સામાં કોઈ અઘટિત ઘટના બનશે તો હું તમામ સામે પગલાં લઈશ, તેવો પડકારો કમિશનરે કર્યો હતો. જોકે થોડા દિવસો પહેલાં જ સોલા એસટીપીની ઘટના બની હોવા છતાં કમિશનરે તેમાં કોઈ સામે પગલાં લીધા નથી. ત્યારે કમિશનરની ચેતવણીઓ ફક્ત મિટિંગ પૂરતા હાકલા-પડકારા સમાન જ સાબિત થઈ છે.

વીજ સંકટના વાદળો વચ્ચે મ્યુનિ.નું નવું આયોજન

પાંચ MW સોલર પેનલ લગાવી મ્યુનિ. વર્ષે એક કરોડ યુનિટ વીજ બચત કરાશે

અમદાવાદ, બુધવાર

રાજ્ય પર વીજ સંકટના વાદળો ઘેરાઈ રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે અમદાવાદ મ્યુનિ.દ્વારા આરોગ્ય કેન્દ્રો, શાળા, કમ્યુનિટી હોલ સહિત પોતાની મિલકતો તેમજ ધાર્મિક સંસ્થાઓ પર સોલર રૂફટોપ સીસ્ટમ લગાવવાનું આયોજન કરાયું છે. જેને પગલે રૂ. ૨૪ કરોડના ખર્ચે વિવિધ ઈમારતો પર કુલ પાંચ હજાર કિલોવોટના સોલર પેનલ લગાવવામાં આવશે. જેનાથી વર્ષે એક કરોડ યુનિટ વીજળી તેમજ રૂ. ચાર કરોડના વીજ બિલની બચત થઈ શકે છે.

ધાર્મિક સંસ્થાઓ, મ્યુનિ.ની ઈમારતો ઉપર રૂ.૨૪ કરોડની સોલર પેનલ લગાવાશે, વર્ષે રૂ.ચાર કરોડના વીજ બિલની બચતની શક્યતા

અમદાવાદ મ્યુનિ. દ્વારા અત્યાર સુધી અર્બન હેલ્થ સેન્ટર, મ્યુનિ. શાળા, રમતગમત સંકુલ, કમ્યુનિટી હોલ સહિત કુલ ૧૬૨ ઈમારતો તેમજ ૨૦૦થી વધુ ધાર્મિક સંસ્થાઓ પર સોલર રૂફટોપ સીસ્ટમ લગાવાઈ હોવાનો દાવો કરાયો છે. તેવામાં હવે મ્યુનિ.ની વિવિધ ઈમારતો પર રૂ. ૨૦.૨૨ કરોડના ખર્ચે વધુ પાંચ મેગાવોટના સોલર પેનલ લગાવવાનું આયોજન કરાયું છે. જેનો પ્લાન તૈયાર કરવા પાવર એન્ડ એનર્જી કન્સલટન્ટ ઈન્ડિયાને રૂ. ૬.૩૦ લાખ ચૂકવાશે. જ્યારે સોલર પેનલ લગાવવા ટ્રોમ ઈન્ડસ્ટ્રીઝ તેમજ ઝવેરી ક્રેડિટ્સ એન કેપિટલ એમ બે એજન્સીને કામ સોંપાશે. તેવી રીતે જ વિવિધ ધાર્મિક સંસ્થાઓમાં રૂ. ૪.૧૫ કરોડના ખર્ચે કુલ એક મેગાવોટના સોલર પેનલ લગાવાશે. જેના માટે કન્સલટન્ટને રૂ. ૪.૫૦ લાખ ચૂકવાશે. તેમજ ચાર એજન્સીને કામગીરી સોંપાશે. મ્યુનિ.ની ઈ-ગવર્નન્સ, ઈલેક્ટ્રિકલ એન્ડ મટીરિયલ પ્રોક્યોરમેન્ટ કમિટીની આજે મળેલી બેઠકમાં આ બંને કામ પર મંજૂરીની મહોર મારવામાં આવી છે.

૧૦ વર્ષ બાદ પાર્કિંગના ચાર્જમાં સુધારો કરાયો

અમદાવાદ મ્યુનિ.એ વાહન પાર્કિંગના ચાર્જમાં ૯૦ ટકા સુધીનો વધારો કર્યો

અમદાવાદ, બુધવાર

અમદાવાદ શહેરમાં જાહેર સ્થળોએ વાહન પાર્ક કરવા માટે લોકોએ મ્યુનિ.ને ચાર્જ ચૂકવવો પડે છે. અલબત, મ્યુનિ. તંત્ર સીધા ચાર્જ ઉઘરાવતું નથી, પરંતુ એજન્સીઓને કોન્ટ્રાક્ટ આપે છે. ત્યારે ૧૦ વર્ષ જેટલા સમય બાદ હવે મ્યુનિ. દ્વારા પાર્કિંગ ચાર્જમાં ૪૦થી ૯૦ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. ખાસ કરીને એક કલાક માટે ટુવ્હીલર પાર્કિંગનો લઘુતમ ચાર્જ રૂ.૧૦ અને કારના રૂ.૨૦ લોકોએ ચૂકવવા પડશે.

થ્રી વ્હીલર-લાઈટ કોમર્શિયલ વ્હીકલનો નવો ઉમેરો, લઘુતમ દર ટુવ્હીલર માટે રૂ.૧૦ અને કારના રૂ.૨૦

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટીની આજે મળેલી બેઠકમાં નવા પાર્કિંગ ચાર્જ પર મંજૂરીની મહોર મારવામાં આવી છે. અમદાવાદ શહેરમાં મલ્ટિલેવલ પાર્કિંગ, ફરવાના સ્થળો, ઓવર બ્રિજ નીચે, ખુલ્લા પ્લોટ અને માર્ગોની સાઈડમાં વાહન પાર્કિંગની સુવિધા મ્યુનિ. દ્વારા આપવામાં આવે છે. જેના માટે લોકોએ નિયત ચાર્જ ચૂકવવાનો હોય છે. આવા પાર્કિંગનું સંચાલન કોન્ટ્રાક્ટ આપીને એજન્સીઓને સોંપી દેવામાં આવે છે. ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેનના જણાવ્યા અનુસાર ૧૦ વર્ષથી પાર્કિંગના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નહોતો. વધતી મોંઘવારીને ધ્યાને રાખીને આ વધારો કરવો જરૂરી બન્યો છે. મંજૂરીની નિયત પ્રક્રીયાઓ બાદ આ વધારો અમલી બનશે. પાર્કિંગના પત્રકમાં થ્રી વ્હીલર અને લાઈટ કમર્શિયલ વ્હીકલનો ઉમેરો કરવામાં આવ્યો છે. ઓફ સ્ટ્રીટ અને ઓન સ્ટ્રીટ એમ બંને પ્રકારના પાર્કિંગને આ લઘુતમ ચાર્જ લાગુ પડશે. પછી જેતે વિસ્તાર અને સુવિધા મુજબ પાર્કિંગના ચાર્જમાં વધારો હોઈ શકે છે. હાલ લઘુતમ ચાર્જમાં કરાયેલો સરેરાશ વધારો ૪૦થી ૫૦ ટકા આસપાસ છે. એકાદ બે કેટેગરીમાં આ વધારો ૭૦થી ૯૦ ટકા સુધીનો છે.

અમદાવાદમાં વાહન પાર્કિંગનો નવો ચાર્જ

કલાક	ટુવ્હીલર		થ્રી વ્હીલર		ફોરવ્હીલર		એલસીવી		એચસીવી	
	જૂનો	નવો	જૂનો	નવો	જૂનો	નવો	જૂનો	નવો	જૂનો	નવો
૦-૧	૫	૧૦	૦	૧૫	૧૫	૨૦	૦	૫૦	૭૫	૧૦૦
૧-૩	૮	૧૫	૦	૩૦	૨૩	૪૦	૦	૧૦૦	૧૫૫	૨૦૦
૩-૬	૧૭	૨૫	૦	૫૦	૪૭	૮૦	૦	૧૫૦	૨૪૫	૩૦૦
૬-૧૨	૨૯	૪૦	૦	૭૦	૭૭	૧૨૦	૦	૨૦૦	૩૬૫	૪૫૦
૧૨-૨૪	૪૭	૫૫	૦	૧૦૦	૧૧૯	૧૭૦	૦	૩૦૦	૫૧૫	૬૦૦

મ્યુનિ.ના દવાખાનામાં દિવાળીમાં તબીબોને હાજર રહેવા સૂચના

અમદાવાદ, બુધવાર

દિવાળીના તહેવારોમાં અકસ્માત તેમજ ફટાકડાના લીધે દાઝી જવાની ઘટનાઓ બનતી હોય છે. ત્યારે રજાઓમાં કેટલીક વખત તબીબો ન મળતા દર્દીઓને એકથી બીજા દવાખાને ભટકવું પડે છે. આવી આપાત્તકાલીન સ્થિતિમાં મ્યુનિ.ના આરોગ્ય કેન્દ્ર, દવાખાનામાં તબીબોની હજારી સુનિશ્ચિત કરવા મ્યુનિ.ની હોસ્પિટલ કમિટીની આજે મળેલી બેઠકમાં મહત્વનો નિર્ણય કરાયો છે. મ્યુનિ.ના દવાખાનામાં દિવાળીમાં હાજર રહેનારા તબીબોની યાદી બનાવવા સૂચના અપાઈ છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) શ્રી ભલાભાઈ કાળાભાઈ ભરવાડ, (૨) શ્રી વિનુભાઈ વાલાભાઈ ભરવાડ, તથા (૩) શ્રી વિષ્ણુભાઈ બબાભાઈ રાવળ, સર્વે ઠેકાણુ -ગાજણ, તા. મોડાસા, જી. અરવલ્લીનાએ જીલ્લા અરવલ્લીના તાલુકા મોડાસાના ગામ મોજે ગાજણના નવા બ્લોક/સર્વે નંબર-૪૭૭/પૈકી ૧ (જુના સર્વે/ બ્લોક નંબર-૩૪૧ પૈકી ૪) ની ખાતા નંબર-૪૮૩ ધરાવતી કુલ ૫૩૯૩૪ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝ (બહુહેતુક ઉપયોગ) હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન, જેને સીટી સર્વે રેકર્ડ મુજબના સીટી સર્વે ઓફિસ : મોડાસાના સીટી સર્વે વોર્ડ ગાજણ (બીનખેતી) ના શીટ નંબર-NA99 માં સીટી સર્વે નંબર-NA477/p1 આપવામાં આવેલો છે, તે બીનખેતી થયેલી જમીન તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સ્વપાર્જીત, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં. તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૦૪-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટનીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) અરવિંદભાઈ ગોવિંદભાઈ (૨) અરવિંદભાઈ અંબાલાલ પટેલ તથા (૩) રમણભાઈ અંબાલાલ પટેલ સર્વે રહેવાસી- અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના મોજે ગામ ભોળાદની સીમના(૧) રી-સર્વે અનુસારના સર્વે/ બ્લોક નંબર- ૧૨૭(જુના સર્વે/બ્લોક નંબર-૫૬૯પૈકી૧૨)ની ૬૯૯૫૦ ચોરસમીટરની જમીન (૨) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૩૩(જુના સર્વે/બ્લોક નંબર-૫૬૯પૈકી૭)ની ૧૬૧૮૮ ચોરસમીટરની જમીન (૩) રી- સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૧૮૦(જુના સર્વે/બ્લોક નંબર-૫૬૯પૈકી૪)ની ૮૦૯૪ ચોરસમીટરની જમીન (૪)રી-સર્વે અનુસારના સર્વે/ બ્લોક નંબર-૧૧૮૪(જુના સર્વે/બ્લોક નંબર-૫૭૧પૈકી૧)ની ૧૦૭૨૪ ચોરસમીટરની જમીન (૫)રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૧૮૮(જુના સર્વે/બ્લોક નંબર-૫૬૯પૈકી૬)ની ૧૨૧૪૧ ચોરસમીટરની જમીન (૬)રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૧૯૨ (જુના સર્વે/બ્લોક નંબર-૫૬૯પૈકી૨)ની ૮૦૯૪ ચોરસમીટરની જમીન (૭)રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૧૯૪(જુના સર્વે/બ્લોક નંબર-૫૬૯પૈકી૯)ની ૮૦૯૪ ચોરસમીટરની જમીન (૮)રી-સર્વે અનુસારના સર્વે/ બ્લોક નંબર-૧૧૯૫(જુના સર્વે/બ્લોક નંબર-૫૬૬પૈકી૩)ની ૧૨૫૮૬ ચોરસમીટરની જમીન (૯)રી- સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૧૯૬(જુના સર્વે/બ્લોક નંબર-૪૯૪પૈકી૩)ની ૮૧૫૧ ચોરસમીટરની જમીન (૧૦)રી-સર્વે અનુસારના સર્વે/ બ્લોક નંબર-૧૨૨૫(જુના સર્વે/બ્લોક નંબર-૫૬૯પૈકી૧૩)ની ૮૦૯૪ ચોરસમીટરની જમીન તથા (૧૧)રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૨૩૨(જુના સર્વે/બ્લોક નંબર-૫૬૨)ની ૧૦૧૧૭ ચોરસમીટરની જમીન મળી કુલ ૧૭૨૨૩૩ ચોરસમીટરની જમીનો તેમની સંપૂર્ણ, સંયુકત, સહીયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીનો અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીનો અંગેના ઉપરોક્ત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીનો ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૨૦(વીસ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનોના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનોના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ - ૦૪-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે (૧) વિષ્ણુભાઈ માધવલાલ પટેલ (વગર વહેંચાયેલ ૨૮૫.૫ ચોરસમીટર જમીનના જમીનમાલિક) (૨) પરાગકુમાર વિક્રમભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૧૨૩ ચોરસમીટર જમીનના જમીનમાલિક) (૩) ચંદ્રિકાબેન વિક્રમભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૧૨૨.૫૦ ચોરસમીટર જમીનના જમીનમાલિક) (૪) દિપકભાઈ બાબુભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૨૪૫.૫૦ ચોરસમીટર જમીનના જમીનમાલિક) (૫) જયંતિભાઈ ડાહયાભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૩૨૦.૨૫ ચોરસમીટર જમીનના જમીનમાલિક) (૬) દિનેશકુમાર જયંતિલાલ પટેલ (વગર વહેંચાયેલ ૩૧૮.૨૫ ચોરસમીટર જમીનના જમીનમાલિક) (૭) હિરેનકુમાર ચીનુભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૨૫૦.૨૫ ચોરસમીટર જમીનના જમીનમાલિક) (૮) મંજુલાબેન નટવરભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૨૫૦.૨૫ ચોરસમીટર જમીનના જમીનમાલિક) (૯) અમીબેન નિરવ પટેલ (વગર વહેંચાયેલ ૧૫૮.૫૦ ચોરસમીટર જમીનના જમીનમાલિક) તથા (૧૦) નિરવ નટવરભાઈ પટેલ (વગર વહેંચાયેલ ૧૯૩.૦૦ ચોરસમીટર જમીનના જમીનમાલિક), સર્વે ઠેકાણું-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે છારોડીના નવા બ્લોક નંબર-૯૬બ (જુના બ્લોક નંબર-૯૬ +૯૮) ની ખાતા નંબર-૪૨૪ ધરાવતી કુલ ૩૭૭૮ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૫૭ (ઓગણજ-ગોતા-જગતપુર-છારોડી-ખોડીયાર-ખોરજ) માં ફાઈનલ પ્લોટ નંબર-૧૫૨ ની ૨૨૬૭ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે મલ્ટીપર્પઝ હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન તેઓની સંપૂર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૦૪-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટનીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) પ્રણય અરવિંદભાઈ તથા (૨) પ્રજ્ઞેશ અરવિંદભાઈ બંન્ને રહેવાસી- અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના મોજે ગામ ભોળાદની સીમના(૧) રી-સર્વે અનુસારના સર્વે/ બ્લોક નંબર-૧૦૬(જુના સર્વે/બ્લોક નંબર-૫૭૫ પૈકી૧)ની ૧૦૪૧૦ ચોરસમીટરની જમીન તથા (૨) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૨૨૪(જુના સર્વે/બ્લોક નંબર-૫૬૭) ની ૩૬૪૪૬ ચોરસમીટરની જમીન મળી કુલ ૪૬૮૫૬ ચોરસમીટરની જમીનો તેમની સંપૂર્ણ, સંયુકત, સહીયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીનો અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીનો અંગેના ઉપરોક્ત જમીન માલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીન માલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીનો ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૨૦(વીસ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનોના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનોના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ - ૦૪-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે શ્રીમતી ભાનુબેન ઉર્ફે ભાનુમતીબેન તે બળદેવભાઈ ડોસાભાઈ પટેલની દીકરી તે સુરેન્દ્રભાઈ માણેકલાલ પટેલના સીધવા પત્નિ, રહેવાસી- અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા વેજલપુરના ગામ મોજે મકરબાના સર્વે નંબર-૫૫૦/૩/૪ ની ખાતા નંબર- ૧૫૪૦ ધરાવતી કુલ ૧૨૨૧ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૦૪ (સરખેજ-ઓકાફ-મકરબા- વેજલપુર-આંબલી) માં ફાઈનલ પ્લોટ નંબર-૫૨૬/૧, ૫૨૬/૨, ૫૨૬/૩ પૈકીની ૭૩૩ ચોરસમીટર જમીન ફાળવવામાં આવેલી છે, તે કુલ ૭૩૩ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝ (બહુહેતુક ઉપયોગ) હેતુ સારૂ બીનખેતી થયેલી જમીન, જેને સીટી સર્વે રેકર્ડ મુજબના સીટી સર્વે ઓફિસ : નગર રચના અમદાવાદના સીટી સર્વે વોર્ડ મકરબા (બીનખેતી) ના શીટ નંબર-NA99 માં સીટી સર્વે નંબર-NA550/3/4/p2 આપવામાં આવેલો છે, તે બીનખેતી થયેલી જમીન તેમની સંપુર્ણ, સ્વતંત્ર, સ્વપાર્જીત, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૦૪-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટનીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯. ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦



શહેરમાં વધેલા રિ-ડેવલપમેન્ટના પગલે

અમદાવાદમાં નવી ડિમોલિશન પોલિસી માત્ર દિવસે જ બાંધકામો તોડી શકાશે!

અમદાવાદ, બુધવાર

અમદાવાદ શહેરની સ્થાપના આમ તો છ સદી પહેલાં થયેલી છે. પરંતુ શહેરમાં ૫૦-૬૦ વર્ષ જૂના ખખડી ગયેલા મકાનો તોડીને નવા બનાવવાના કામનું પ્રમાણ વધી રહ્યું છે. જેના પગલે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા 'અમદાવાદ સસ્ટેનેબલ ડિમોલિશન પોલિસી-૨૦૨૬' ઘડી કાઢવામાં આવી છે. જેની અમલવારી બાદ શહેરમાં જૂના બાંધકામ તોડવામાં પણ ચોક્કસ નિયમોનું પાલન લોકોએ કરવું પડશે.

મકાનો પાડતા પહેલાં સાત દિવસ અગાઉ મ્યુનિ.ને ફોટોગ્રાફ્સ અને વિગતો સાથે જાણ કરવી ફરજીયાત

અમદાવાદમાં અત્યારે જૂના બાંધકામો તોડી પાડવા અંગે કોઈ ચોક્કસ નિતિ-નિયમો નથી. પરિણામે આડેધડ કામગીરી ચાલતી હોય છે. તેના કારણે રસ્તા પર દબાણો, ટ્રાફિક અને હવાનું પ્રદૂષણ વધવા સહિતના પ્રશ્નો સર્જાય છે. ત્યારે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવેલી નવી પોલિસી અંગે ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન ભાગ્યેશ પટેલના જણાવ્યા અનુસાર પોલિસીમાં કરાયેલી જોગવાઈ અનુસાર ડિમોલિશનની કામગીરીમ ાત્ર દિવસના સમયે જ કરી શકાશે. રાત્રિના સમયે સાઈટ પર લાઈટિંગની પૂરી વ્યવસ્થા કરવાની રહેશે. જૂના મકાનો સહિતના બાંધકામો પાડતા પહેલાં ૭ દિવસ અગાઉ મ્યુનિ.ને ફોટોગ્રાફ્સ અને જરૂરી વિગતો સાથે જાણ કરવી પડશે. ખાસ કરીને ડિમોલિશન સાઈટ પર હવાનું પ્રદૂષણ વધે નહીં અને સલામતીને લગતા પાસાઓની કડક અમલવારી કરાવવામાં આવશે. બાંધકામના એરિયા અને ઉંચાઈના આધારે પાંચ શ્રેણીમાં તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જેને અનુરૂપ આ પોલિસી લાગુ પડશે. ડિમોલિશનથી પેદા થતા કાટમાળને ઢાંકેલો રાખવા અને ૪૮ કલાકમાં તેનો નિકાલ કરવાનો રહેશે.

નવી પોલિસીની જોગવાઈઓ

- ડિમોલિશન શરૂ કરતા પહેલાં ૭ દિવસ અગાઉ મ્યુનિ.ને જાણ કરવી પડશે
- ફોટોગ્રાફ્સ, ફ્લોર એરિયા, ઉપયોગ વગેરે વિગતો રજૂ કરવાની રહેશે
- ડસ્ટ બેરિયર, વિન્ડશિલ્ડ, પાણીનો છંટકાવ અને રસ્તાઓની સફાઈ ફરજિયાત
- કટિંગ, ગ્રાઈન્ડિંગ, ડ્રિલિંગમાં ધૂળ નિયંત્રણ પ્રણાલીનો ઉપયોગ
- પાણી, વીજળી, ગેસ સહિતના જોડાણોની જરૂરી વ્યવસ્થા
- કાટમાળને નિયત પ્રોસેસિંગ સુવિધા સુધી પહોંચાડવો, લોગ બૂક રાખવી
- હાઈરાઈઝ બાંધકામના ડિમોલિશનમાં સ્ટ્રક્ચરલ એન્જિનિયરની હાજરી
- ચેતવણી દર્શાવતા બોર્ડ લગાવવા ફરજિયાત
- બેરિકેડ, સેફ્ટી નેટ, શ્રમિકોને હેલ્મેટ, બૂટ સહિતના સાધનો પૂરા પાડવા
- ડ્રેનેજ, પાણીની લાઈન અને આસપાસની મિલકતોની તકેદારી રાખવી
- આસપાસમાં કોઈ નુકસાન થાય તો માલિક અને સંબંધિતોની જવાબદારી

૧૫ ટકા કાટમાળનો પુનઃઉપયોગ કરવાનો રહેશે

ડિમોલિશન પોલિસીમાં રિસાયકલિંગને પણ વેગ આપવાનો પ્રયાસ કરાયો છે. ઊંચી શ્રેણીમાં આવતા બાંધકામના ઓછામાં ઓછા ૧૫ ટકા કાટમાળનો પુનઃઉપયોગ કરવાનો રહેશે. જોકે તેનાથી નવા બાંધકામની ગુણવત્તા કે માપદંડોને નુકસાન ન થાય તેની તકેદારી પણ રાખવી પડશે.

મ્યુનિ.ની કાર્યવાહીને આ નિયમોમાંથી મૂક્તિ!

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા જીપીએમસી એક્ટ અથવા તો ટાઉન પ્લાનિંગ અધિનિયમ કે અન્ય કોઈ કાયદા હેઠળ કરવામાં આવતા ડિમોલિશનને આ પોલિસીમાથી મૂક્તિ આપવામાં આવી છે.

કોને કોને ડિમોલિશન પોલિસી લાગુ પડશે?

મિલકત માલિકો, ડેવલોપર્સ, કોન્ટ્રાક્ટરો, ડિમોલિશન એજન્સીઓ, મ્યુનિ.માં નોંધાયેલા એન્જિનિયર્સ, સ્ટ્રક્ચરલ એન્જિનિયર્સ, પ્રોજેક્ટ એજન્સીઓ, યુટિલિટી સર્વિસ એજન્સીઓ, કાટમાળના પરિવહનકારો, અધિકૃત પ્રોસેસિંગ યુનિટો

પ્રેમલગ્ન બાબતે પુત્રએ નિવૃત પોલીસ કર્મી પિતાનું માથુ ફોડ્યું

અમદાવાદ,બુધવાર


શહેરના ચાંદખેડા આઈઓસી રોડ પર આવેલા વ્રજ ટેનામેન્ટમાં રહેતા માથાભારે પુત્ર કૌશલને અન્ય સમાજની યુવતી સાથે પ્રેમ હતો. પરંતુ, પરિવારજનોએ લગ્નનો વિરોધ કરતા પુત્રએ તેના નિવૃત પોલીસ કર્મી પિતા ગણપતભાઈ પરમાર અને અન્ય સભ્યો પર જીવલેણ હુમલો કર્યો હતો. જે અંગે ચાંદખેડા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી છે.

નર્સિંગમાં ૩૧ ઓક્ટો.પછીના પ્રવેશ માટે સ્ટુડન્ટ બેચ-પરીક્ષા અલગ રહેશે

અમદાવાદ,મંગળવાર

ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલે દેશની તમામ નર્સિંગ કોલેજો અને સંલગ્ન યુનિ.ઓને પરિપત્ર કરીને નર્સિંગમાં આ વર્ષે ૩૧ ઓક્ટોબર પછી પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની બેચ અને પરીક્ષા અલગ ગણવા માટે આદેશ કર્યો છે.જે મુજબ ૧થી૧૫ નવેમ્બર સુધીમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની બેચ અનિયમિત-ઓડ બેચ ગણાશે અને તેઓની પરીક્ષા પણ રેગ્યુલર બેચ કરતા અલગ લેવાશે.

નર્સિંગમાં દર વર્ષે કોલેજોની મંજૂરીઓ સાથે મોડી પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય છે અને નવેમ્બર સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલે છે.જેને લીધે વિદ્યાર્થીઓ હેરાન થતા હાય છે.બીજી બાજુ દર વર્ષે ભારત સરકારની નર્સિંગ કાઉન્સિલ દ્વારા એકથીબે વાર પ્રવેશ મુદત વધારવામા આવે છે.આ વર્ષે અગાઉ સપ્ટેમ્બર અંત સુધી પ્રવેશ મુદત આપ્યા બાદ એક મહિનો મુદત વધારીને ૩૧ ઓક્ટોબર કરાઈ હતી અને ત્યારબાદ પણ ફરી એકવાર પ્રવેશ મુદત વધારીને ૧૫ નવેમ્બર કરવામા આવી છે.











ફેબ્રુ.-માર્ચની બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ

ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા ફોર્મ ૩ ડિસે. સુધી ભરાશેઃ ફીમાં પાંચ ટકાનો વધારો

અમદાવાદ,મંગળવાર

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની આગામી મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષા માટેના ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા જાહેર કરી દેવાઈ છે.જે મુજબ ૩ ડિસેમ્બર સુધી ઓનલાઈન ફોર્મ ભરાશે અને આ વર્ષે પણ ધો.૧૦,૧૨ સાયન્સ અને ૧૨ સામાન્ય પ્રવાહના ફોર્મ એક સાથે જ ભરાશે.જ્યારે આ વર્ષે પણ બોર્ડ દ્વારા પરીક્ષા ફીમાં પાંચ ટકાનો વધારો કરવામા આવ્યો છે.દર વર્ષે ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપે છે ત્યારે આ વર્ષે વિદ્યાર્થીઓ વધી શકે છે.

રેગ્યુલર,રીપિટર અને ખાનગી વિદ્યાર્થી સહિતની તમામ કેટેગરીમાં દર વર્ષે બોર્ડ દ્વારા પાંચ ટકા વધારો કરાય છે

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની મુખ્ય જાહેર બોર્ડ પ રીક્ષા ૨૫ ફેબ્રુઆરીથી શરૂ થનાર છે ત્યારે આ બોર્ડ પરીક્ષાના ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા આજથી શરૂ કરી દેવાઈ છે.જેમાં૩ ડિસેમ્બર સુધી ધો.૧૦,૧૨ સાયન્સ અને ૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરાશે.જો કે પાંચમી નવેમ્બરથી તો સ્કૂલોમાં દિવાળી વેકેશન શરૂ થઈ રહ્યુ છે અને ૨૫ નવેમ્બર સુધી વેકેશન છે ત્યારે વેકેશનમાં વિદ્યાર્થીઓ સ્કૂલે આવી ન શકે તેમ હોઈ ૨૫ નવેમ્બર બાદ જ સ્કૂલોમાંથી ઓનલાઈન ફોર્મ ભરાશે. આ વર્ષે પણ ફોર્મ ભરવાની નિયત મુદત વધારવામા આવશે.ગત વર્ષની જેમ આ વર્ષે બોર્ડે ધો.૧૦,૧૨ સાયન્સ અને ૧૨ સામાન્ય પ્રવાહના ફોર્મની મુદત એક સાથે જ રાખી છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે બોર્ડ પરીક્ષા ફીમાં પાંચ ટકાનો વધારો કરવામા આવે છે ત્યારે આ વર્ષે પણ પાંચ ટકાનો વધારો કરાયો છે અને આ વધારા સાથેની નવી ફીનું પત્રક પણ બોર્ડ દ્વારા જાહેર કરવામા આવ્યુ છે.જેમાં રેગ્યુલર, રીપિટર અને ખાનગી તેમજ પૃથ્થક સહિતની તમામ કેટેગરીમાં ૧૦થી૨૦ રૂપિયા સુધીનો વધારો કરવામા આવ્યો છે.

બોર્ડ પરીક્ષાની નવી ફી

કેટેગરી	ધો.૧૦	૧૨ સા.પ્ર.	ધો.૧૨ સાયન્સ
નિયમિત	૪૪૫	૬૨૦	૭૬૦
રીપિટર (૧ વિષય)	૧૬૫	૧૭૫	૨૩૦
રીપિટર (૨ વિષય)	૨૩૫	૨૮૦	૩૮૦
રીપિટર(૩ વિષય)	૩૦૦	૩૬૦	૫૩૦
રીપિટર(૩થી વધુ)	૪૩૫	૬૨૦	૭૬૦
પૃથ્થક(૧ વિષય)	૧૬૫	૧૭૫	૨૩૦
પૃથ્થક(૨ વિષય)	૨૩૫	૨૮૦	૩૮૦
પૃથ્થક(૩ વિષય)	૩૦૦	૩૬૦	૫૩૦
એક્સટર્નલ(નિયમિત)	૪૩૫	૬૨૦	--
એક્સ-રીપિટર-૧ વિષય	૧૬૫	૧૭૫	--
એક્સ.-રીપિટર-૨ વિષય	૨૩૫	૨૮૦	--
એક્સ.-રીપિટર-૩ વિષય	૩૦૦	૩૬૦	--
એક્સ.-રીપિટર-૩થી વધુ	૪૩૫	૬૨૦	--

હાઈકમાન્ડ લાલઘૂમ

(છેલ્લા પાનાનું ચાલુ)

પર દિલ્હી ખાતે રાહુલ ગાંધી સહિત અન્ય રાજકીય પક્ષોની આગેવાનીમાં એક વિશાળ કૂચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય સ્તરના વિરોધ પ્રદર્શનમાં ગુજરાત યુથ કોંગ્રેસના હોદેદારોને હાજર રહેવા પક્ષે કડક સૂચના આપી હતી આમ છતાં ઘણાં ગેરહાજર રહ્યાં હતાં. રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળના કાર્યક્રમમાં ગુજરાતમાંથી હોદેદારોની ગેરહાજરીને હાઈકમાન્ડે અત્યંત ગંભીરતાથી લીધી હતી. આ ગેરહાજરી બદલ હાઇકમાન્ડે યુથ કોંગ્રેસના ૭ સ્ટેટ સેક્રેટરી, ૧૮ જનરલ સેક્રેટરી અને ૨૪ જીલ્લા પ્રમુખોને તાકીદે સસ્પેન્ડ કરી દીધા હતાં. પક્ષના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ગેરહાજરીને પક્ષની શિસ્તના સરેઆમ ઉલ્લંઘન તરીકે જોવામાં આવી છે. હાઈકમાન્ડે એકસાથે ૪૫થી વધુ હોદેદારોને બરતરફ કર્યા હોય તેવી કદાચ આ પહેલી ઘટના છે. ઉલ્લેખનીય છેકે, આ વિરોધ કૂચમાં ગુજરાતમાંથી કુલ મળીને ત્રણેક હજાર પ્રદેશ નેતા અને કાર્યકરો દિલ્હી પહોચ્યાં હતાં.

આજે ૨મા એકાદશી-વાક્બારસ છે

આજે આસો વદ-અગિયારસ ગુરૂવાર તા. ૫-૧૧-૨૦૨૬ના રોજ રમા એકાદશી છે. વાક્ બારસ - વાઘબારસ પણ આજે છે. ગોવત્સ દ્વાદશી છે.

- અગ્નિદત્ત પદ્મનાભ (અગ્નિહોત્રી)

વાત વાતમાં

અંડરવર્લ્ડનું દિવાળી વેકેશન ?!

જો ગુનેગારોને સજા કરનારી કોર્ટ પોતે વેકેશન પર જાય છે, તો ગુનેગારોએ શું 'ગુનો' કર્યો છે ?

હસો નહીં યાર ! આ તો જરા હ્યુમન રાઈટ્સનો ચેપ લાગ્યો, એમાં આવું લખાઈ ગયું ! પણ સિરિયસલી, બિચારા અમિતાભને બુલેટપ્રુફ કાચ પાછળ ઊભા રહીને 'દર્શન' આપવાં પડે છે ! આ સારું લાગે છે ?

કમ સે કમ દસ પંદર દિવસ તો રાહત મળવી જોઈએ ને ? જસ્ટ કલ્પના કરો, જો પેલી ગેંગોવાળા લોકો, દિવાળીના વેકેશન પર જતાં હોત તો ?

* * *

ફિલ્મી હસ્તિઓ પર ફોન આવતા હોત...

એ હકલે... (શાહરુખ), એ ઠીંગને... (આમિર), એ બુઢ્ઢે... (અમિતાભ), એ સલ્લુ... (સલમાન), એ ગુલાંટી... (ટાઈગર શ્રોફ, કેમકે એ હવામાં ગુલાંટો મારવાના સ્ટંટ કરે છે.)

તુમ લોગ અબી થોડા ટાઈમ ચિલ્લ માર લો ! કાયકુ ? બોલે તો હમ ગેંગસ્ટર લોગને અબી વેકેસન ગિરાયેલા હૈ !

અબી થોડા દિન કે લિયે, યે બુલેટ પ્રુરુફ કાંચ, ઔર યે મસીનગનવાલે બોડી ગાર્ડ કા નૌટંકી નંઈ કરેંગા તો ચલેંગા ! સમજા ના ?

લેકિન હાં, પાંચમ કે દિન અપુન કો મહૂરત તો કરને કા ચ હૈ ! બોલે તો, મહૂરત મેં કિસ કે ઉપર 'ઢીશકયાંઉ' કરેંગા ?... યે સસ્પેન્સ હૈ ! ક્યા હૈ, થોડા તુમ લોગોં કો બી દિલ મેં લબૂક ઝબૂક હોના મંગતા ના ?

* * *

કિડનેપરોના ફોન આવશે.

બાળકોનું અપહરણ કરનારાઓ ગુજરાતી ગુંડાઓ આ રીતે 'અરજન્સી' બતાડશે :

'હવે જલ્દી પતાવો હોં ? પછી બે દિવસમાં અમારું વેકેશન ચાલુ થવાનું છે ! તમે હમણાં પૈસા નહીં મોકલાવો તો પછી દસ દહાડા લગી તમારો બાબો ગોડાઉનમાં ફાજલ પડી રહેશે ! પછી એમ ના કહેતા કે બાબો કેમ આટલો સૂકાઈ ગયો છે ?'

* * *

દારૂના અડ્ડાની નોટિસો આવશે.

'માનનીય ગ્રાહકોને જણાવવાનું કે ૬ તારીખથી ૧૫ તારીખ સુધી વેકેશન નિમિત્તે અડ્ડો બંધ રહેશે. તો પોતપોતાનો સ્ટોક અગાઉથી ભરી લેવા માટે અગાઉનો હિસાબ ચૂકતે કરીને તાત્કાલિક નવા ઓર્ડરો નોંધાવી, માલ ઉપાડી લેવા વિનંતી છે. વેકેશનમાં હોમ-ડિલીવરી પણ બંધ છે.'

ખાસ નોંધ : વેકેશન દરમ્યાન જો કોઈ પોલીસ કેસ થાય તો માંડવાળીની જવાબદારી અડ્ડાના માલિકની રહેશે નહીં !

- મન્નુ શેખચલ્લી

ચાર વર્ષના જોડિયા બાળકોએ માતા ગુમાવી

બિયર પીતાં કાર ચલાવી કચડેલાં ચારમાંથી હવે મહિલાનું પણ મૃત્યુ

અમદાવાદ, બુધવાર

સોમવારે રાત્રે નિકોલ-નરોડા રોડ ઉપર બિયર પીતા-પીતાં કાર ચલાવીને ફોર્ચ્યુનર કારના ચાલક વિરલ ચૌધરીએ ચાર લોકોને કચડ્યા હતા. માતા-પુત્ર પછી હવે ઈજાગ્રસ્ત મહિલાનું પણ મૃત્યુ નિપજ્યું છે. ચાર વર્ષના જોડિયા બાળકોએ માતા ગુમાવતાં આ અકસ્માતમાં બે પરિવાર વિખેરાયાં છે. પોલીસ તપાસમાં એવી પણ વિગતો સામે આવી હતી કે આરોપી વિરલ ચૌધરી સાથે કારમાં તેનો મિત્ર સાગર પણ હતો. તે પણ વિરલ સાથે ચાલુ કારમાં બિયર પીતો હતો ત્યારે અકસ્માત થતા નાસી ગયો હતો. આઇ ડીવીઝન ટ્રાફિક પોલીસે સાગરની પણ તપાસ શરૂ કરી છે.

નિકોલ-નરોડા રોડ અકસ્માત કેસમાં માતા-પુત્ર પછી શિક્ષકના નોકરિયાત પત્નીનું મોતઃ આરોપી સાથે રહેલા સાગર નામના યુવકની શોધખોળ શરૂ

સોમવારે રાત્રે ૯-૩૦ વાગ્યાના અરસામાં દિવાળીના તહેવાર આવતા હોવાથી સ્કૂલ શિક્ષક કાર્તિકભાઈ અશોકભાઈ વસોયા અને ખાનગી નોકરી કરતાં તેમના પત્ની સ્નેહલ બહેન સોફાના કવર ખરીદવા માટે બ્રાઇટ સ્કૂલ સામે ફૂટપાથ પાસે ઉભા રહ્યાં હતાં. આ દંપતિ સોફાના કવર વેચતા માતા-પુત્રને પૈસા ચૂકવતું હતું તે સમયે જ દેવસ્થ ચાર રસ્તા તરફથી ફોર્ચ્યુનર કાર બેકાબૂ ગતિએ ધસી આવી હતી. કારે કચડતાં કવર વેચતા પુનમબહેન જીતેન્દ્રભાઈ નગવાડિયા અને તેમના પુત્ર સાગરના મૃત્યુ નિપજ્યા હતા. ગંભીર ઈજા પામેલા ૩૫ વર્ષના સ્નેહલબહેન કાર્તિકભાઈ વસોયાનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. આઈ ડીવિઝન ટ્રાફિક પોલીસે ફોર્ચ્યુનર ચાલક વિરલ સવજીભાઈ ચૌધરી (ઉ.વ. ૩૬, રહે. શિવાલય હાઈટ્સ, નાના ચિલોડા)ની ધરપકડ કરી છે અને આ શખ્સ બિયર પીતાં કાર ચલાવતો હોવાની વિગતો ખુલી છે.



પોલીસ તપાસમાં એવી પણ વિગતો સામે આવી હતી કે વિરલ ચૌધરી સાથે તેનો મિત્ર સાગર પણ કારમાં હતો. સાગરના નરોડા સ્થિત ઘરે બંનેએ ચિક્કાર બિયર પીધો હતો અને બાદમાં જમવા માટે નીકળ્યા ત્યારે પણ ચાલુ કારમાં બિયર પીતા હતા. આ સમયે જ અકસ્માત થયો હતો. આ સમયે સ્થાનિક લોકો દોડી આવતા સાગર ફરાર થઈ ગયો હતો. આ અંગે આઇ ડીવીઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના મહિલા પીઆઈ એસ આઈ સુમરાએ જણાવ્યું કે સાગર અને વિરલ ચૌધરી વિરૂદ્ધ નિકોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાશે. જેમાં સહ આરોપી સાગર રહેશે. જ્યારે અકસ્માત કેસમાં સાગરને પ્રત્યક્ષ દર્શી બનાવીને નિવેદન નોંધવામાં આવશે. જેથી પોલીસે સાગરની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

આરોપી વિરલ ચૌધરી સ્ટીલના ઇક્વીપમેન્ટ બનાવવાની ફેક્ટરી ધરાવે છે અને કારમાં નિયમિત રીતે બિયરના ટીન પણ રાખતો હોવાની વિગતો પોલીસને મળી છે.

માતા-પુત્ર પછી ૩૫ વર્ષની મહિલા સ્નેહલબહેનનું મૃત્યુ નિપજતાં તેમના ચાર વર્ષના જોડિયા પુત્ર-પુત્રી નોંધારાં બન્યાં છે. મુળ રાજકોટના વતની અને શુકન ચાર રસ્તા પાસે ઘડિયાળની દુકાનમાં નોકરી કરતાં પત્ની સ્નેહલબહેનનું મૃત્યુ નિપજતાં ઈજાગ્રસ્ત શિક્ષક પતિ કાર્તિકભાઈ માટે આ અકસ્માત જીવનભરની પીડા બની ગયો છે. ત્યારે દિવાળી પહેલાં જ બે પરિવારોના ઘરમાં અંધકાર ફેલાવનારાના વિરલ ચૌધરી વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરવા માટે માંગણી કરવામાં આવી છે.

અવસાન નોંધ

રાવલ : સ્વ. ડો. હંસા અનિલ રાવલનું બેસણું પ્રાણશંકર હોલ, કાંકરિયા-ભૈરવનાથ રોડ, મણિનગર, સવારે ૮.૩૦થી ૧૦.૩૦

પરમાર : સ્વ. ગોવિંદભાઈ પરસોત્તમભાઈ પરમારનું બેસણું ૪૪૯, હઠિસિંગની ચાલી, સરસ્વતી વિદ્યાલય પાસે, સરસપુર

શાહ : સ્વ.જ્યોત્સનાબેન પુનમચંદ શાહનું બેસણું, નરોડા કડવા પાટીદાર વાડી, નરોડા દહેગામ રોડ, નરોડા, સવારે ૮.૩૦થી ૧૧

આજથી સ્કૂલો

(છેલ્લા પાનાનું ચાલુ)

સરકારી,ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક-માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં એક સમાન રહેશે. ૨૫ નવેમ્બરથી દ્વિતિય શૈક્ષણિક સત્ર શરૂ થશે.યુનિવર્સિટીઓ માટેના સરકારના એકેડેમિક કેલેન્ડર મુજબ રાજ્યની તમામ સરકારી યુનિ.ઓ સંલગ્ન સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજોમાં આવતીકાલે પાંચ નવેમ્બરથી દિવાળી વેકેશન શરૂ થશે.યુનિવર્સિટીઓના ભવનો-વિભાગોમાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો માટે પાંચ નવેમ્બરથી ૨૪ નવેમ્બર સુધીનું દિવાળી વેકેશન રહેશે. યુનિ.ઓ અને કોલેજોમાં યુજી સેમેસ્ટર-૨,૪,૬ અને ૮ના વિદ્યાર્થીઓ તેમજ પીજીના સેમેસ્ટર-૨ અને ૪ના વિદ્યાર્થીઓ માટે પ્રથમ સત્ર ૨ ડિસેમ્બર સુધીનું રહેશે અને ૩ ડિસેમ્બરથી દ્વિતિય શૈક્ષણિક સત્ર શરૂ થશે.

જીટીયુ અને સંલગ્ન કોલેજોમાં પણ આવતીકાલે પાંચ નવેમ્બરથી ૨૧ નવેમ્બર સુધીનું શૈક્ષણિક દિવાળી વેકેશન રહેશે. ગુજરાત યુનિ.દ્વારા ૭ નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધીનું દિવાળી વેકેશન નોન ટીચિંગ સ્ટાફ તેમજ વહિવટી કામગીરી માટે અપાયુ છે.જેથી યુનિ.આ દિવસોમાં બંધ રહેશે.જ્યારે સરકારે ૯ નવેમ્બરે પડતર દિવસે રજા જાહેર કરતા યુનિ.માં પણ રજા રહેશે અને ૨૮ નવેમ્બરે ચોથો શનિવારે કચેરીઓ ચાલુ રહેશે.

પ્રાર્થનાસભા



સ્વ. ચિમનભાઈ શકરચંદ શાહ

સ્થળ : ચાણસ્મા

સ્થાનકવાસી બેસણું



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી **સ્વ. કિશોરભાઈ રતીલાલ શાહ** (મૂળવતન : ભલગામડા, લીમડી, હાલ-અમદાવાદ) તા. ૩-૧૧-૨૦૨૬ ને મંગળવારે અરીહંત શરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું :-** તા. ૦૫-૧૧-૨૦૨૬, ગુરુવાર, સવારે ૦૯.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- બી-૩, લવકુશ બંગ્લોઝ, પોપ્યુલર પાર્કની પાછળ, સૃષ્ટિ બંગ્લોઝની સામે, સેટેલાઇટ, અમદાવાદ - ૩૮૦૦૧૫.

દીપેશ કિશોરભાઈ શાહ (દીકરો) લી. ખુશ્બુ કુણાલ દફ્તરી (દીકરી)
કૃણાલ વિક્રમભાઈ દફ્તરી (જમાઈ)

ફર્મ :- નવકાર ટ્રેડર્સ - કાલુપુર.મો. ૯૮૨૪૦૦૪૯૦૦ / ૭૯૯૦૪૪૧૬૨૫

બેસણું



સ્થળ : સાબરમતી સંસ્કારપીઠ રોડ, જગતકુંવર હોસ્પિટલ પાસે, ચાણસ્મા, જિ.મહેસાણા-૩૮૪૩૪૦.

બેસણું (શ્રી ઝવેરીબા સાર્વજનિક દવાખાનામાં વર્ષોથી)



સ્વ. જ્યોત્સ્નાબેન પુનમચંદ શાહ (ચમકુબા)

તા.૩-૧૧-૨૦૨૬, મંગળવારે જીવનસફર પૂરી કરી.

સદ્‌ગતનું બેસણું તા.૫-૧૧-૨૦૨૬, ગુરૂવાર સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ દરમ્યાન રાખેલ છે.

સ્થળ: શ્રી ઝવેરીબા સાર્વજનિક દવાખાનામાં, ઝવેરી વાડ, ગોળ લીમડા પાસે, રાયપુર, અમદાવાદ.

વીરંત પુનમચંદ શાહ (પુત્ર) રશ્મિ વીરંત શાહ (પુત્રવધૂ) પૌત્ર-પૌત્રી દિશાંત-દિવ્યાંશ


રાકેશ પુનમચંદ શાહ (BETPL-QUALITY) સ્નેહા રાકેશ શાહ દી.પૌત્ર-ઋષિકેશ-સમૃધ્ધા

ડી.એન્જ પુનમચંદ શાહ (Amedee QSAIC) (Vice President Shudra) હિમિત એન્જીનુમાર શાહ પંખીબેન દિવ્ય

સ્વ.રંગનાથ મગનલાલ શાહ પરિવાર

9426008326 - 9898007484 - 9898578326


બેસણું



સ્વ. મધુકાન્ત ખીમચુભાઈ ભરવાડ
સ્વ. કાંતિભાઈ વિશ્રામ-વડાલ ભરવાડ
દિનેશભાઈ ખીમચુભાઈ ભરવાડ
ભાણુભાઈ પોપટલાલ ભરવાડ

સ્વ. લીલાબાઇ ખીમચુભાઈ ભરવાડ
નિર્મિલાબાઈ લીમ્બાભાઈ ભરવાડ
મુકેશભાઈ લીમ્બાભાઈ ભરવાડ
દર્શન મુકેશભાઈ ભરવાડ
મુકેશ નિર્મિલાબાઈ ભરવાડ

બેસણું



ધર્મપત્નિ તથા અમારા બહે

નયના ભટ્ટ

તા. ૨-૧૧-૨૦૨૬ને સોમવારે અવસાન પામેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૫-૧૧-૨૦૨૬ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ વીરેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- સદ્‌વિચાર પરિવાર-વે ઘટનમેન રમણલાલ હોલ, સ-મેરે ટિફન હોટલ પાસે, રાજદીપનગર જ્ઞાન મંજા સ્કૂલની સામે, સેટેલાઈટ, અમદાવાદ.

જયેન નરસિંહભાઈ ભટ્ટ

વિનય - વત્સલ - કવિતા - અક્ષિ - અયન

વિસ્તારપત્રકનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

બેસણું



સ્વ.સી. ડી. હંસા અનિલ રાવલ

તા. ૩-૧૧-૨૦૨૬ના રોજ અવસાન પામેલ છે.


સદ્‌ગતનું બેસણું આજે તા. ૫-૧૧-૨૦૨૬ ને ગુરૂવારે આજે ૯-૩૦ થી ૧૧-૩૦ દરમ્યાન જીવેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી પ્રાણશંકર હોલ, કાંકરિયા-ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ.

ડી. અનિલ હરિપ્રસાદ રાવલ
મમતા અનિલ રાવલ | વંદિલ મહિપત રાવલ
મહિપત અનિલ રાવલ | રોમી મહિપત રાવલ

વિસ્તાર પત્રકનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સમસ્ત પરિવાર (સ્થાન : લાઠી)

BESNA



With deep sorrow we inform you about the sad demise of our beloved

CA Shri Baluramji Lahoti

The prayer meeting will be held on **05-11-2026,** from **9:00 am to 10:30 am** at below mentioned place.

Venue : Sardar Patel Smarak, Shahibaug, Ahmedabad

Kamla Devi Lahoti
CA Rakesh Jyoti Lahoti

Dinesh Kaushalya Lahoti | Rukman Devi Madaniaji Asawa
Govind Premdevi Lahoti | Geeta Shantilalji Kabra
Anil Seema Lahoti | Usha Rakeshji Patwari
Arun Rekha Lahoti | Seema Satyanarayanji Bagla
Raghav Riya Lahoti | Ruchi Lahoti

Entire Lahoti Parivar

સ્થાનકવાસી જૈન બેસણું



સ્વ. હંસાબેન સુરેન્દ્રભાઈ શાહ

(વિરોધક્ષત્રગામ) તા. ૦૩-૧૧-૨૦૨૬ને મંગળવારના રોજ અવસાન પામેલ છે.

સદ્‌ગતનું બેસણું તા. ૬/૧૧-૨૦૨૬ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ વાગ્યા સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી સમસ્તજૈન બોર્ડિંગ, રાજમાતા કેસરબેનની ધરતુમાં, ઉદ્યોગ ફેરાવાળી પાછળ, બોપલ, અમદાવાદ.

સ્વ. સુરેન્દ્રભાઈ સોભાચંદભાઈ શાહ

અમર વિપુલ શાહ | વિપુલ સુરેન્દ્રભાઈ શાહ
પ્રીતિ જૈમેશ શાહ | જૈમેશ સુરેન્દ્રભાઈ શાહ
વિરલ મનોજ શાહ | તૃપ્તિ વિરલ શાહ
સ્વ. ધનેન્દ્રભાઈ સોભાચંદભાઈ શાહ | સ્વ. ચાંદીબેન સોભાચંદભાઈ શાહ
સ્વ. કુમારપાલ સોભાચંદભાઈ શાહ | નીલાબેન જગદીશભાઈ શાહ


ઉત્તમ - નમન - વિશ્વા - પક્ષ - પ્રણવ - સહજ

સોભાચંદભાઈ ત્રિભોવનદાસ શાહ પરિવાર (વિરોધક્ષત્રગામ)

વિસ્તારપત્રકનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

પોકરબાઈ રમણિકલાલ શાહ ● અજુબાઈ રમણિકલાલ શાહ

બેસણું



સ્વ. જ્યોતિબેન દિનેશભાઈ દાણી

તા.૦૩-૧૧-૨૦૨૬ના રોજ જીવનસફર પૂરી કરી.

સદ્‌ગતની પ્રાર્થના સભા તા.૦૬-૧૧-૨૦૨૬ના રોજ ૧૦૦, ઉમિયાધામ પાર્ક, હોસ્પિટલ પી. આર.ઓ. સ્ટ્રીટ પાસે, ૧૮૦ ફૂટ રોડ, સરખેજ, અમદાવાદ ખાતે સાંજે ૪.૩૦ વાગે રાખેલ છે.

સદ્‌ગતની સ્મરણ સ્મૃતિ બેસણું રાખેલ નથી.

દિનેશ પોપટલાલ દાણી

વૈભવ દાણી | મેઘા રવિકાંત ઠોબલીયાલા
અમિષા દાણી | અમરી વિમલેશ મેનારા

બેસણું



સમસ્ત પૂજ્ય પિતાશ્રી

શ્રી શાંતિભાઈ હીરાલાલ પંચાલ

તા. ૩.૧૧.૨૦૨૬, મંગળવારના રોજ જીવનસફર પૂરી કરી.

સદ્‌ગતનું બેસણું તા. ૫.૧૧.૨૦૨૬ ગુરૂવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન નીલેના સ્થળે રાખેલ છે.

સ્થળ: AMC (સાબરમતી) કોમ્યુનિટી હૉલ, અમરાઈવાડ ઓવરબ્રીજ પાસ્સ, સ્વર વિલાસ સોસાયટી સામે, મહાલક્ષ્મીનગર, અમદાવાદ. મો. 9727393939

નીરવભાઈ શાંતિભાઈ પંચાલ (પત્ની) | નીલા નવીનભાઈ પંચાલ (પુત્રવધૂ)
પ્રવેશ શાંતિભાઈ પંચાલ (પુત્ર) | સમસ્ત પંચાલ પરિવાર...

બેસણું



સ્વ. શારદાબેન મનસુખભાઈ પટેલ

શ્રી મનસુખભાઈ લાલુભાઈ પટેલ

શ્રી વિજયભાઈ મનસુખભાઈ પટેલ | શ્રી સ.પિ.મનસુખભાઈ પટેલ
શ્રી ચંદ્રકાંતભાઈ વિજયભાઈ પટેલ | શ્રી ડી. નરેશભાઈ વિજયભાઈ પટેલ
શ્રી પ્રવિણભાઈ વિજયભાઈ પટેલ | શ્રી અમરીબાઈ વિજયભાઈ પટેલ
શ્રી વિનોદભાઈ વિજયભાઈ પટેલ

મુળી નરોડા વાસવાળા પક્ષ શ્રી મુકતા

મુકુલભાઈ નરેન્દ્રભાઈ પટેલ - અમદાવાદ | અમદાવાદ મુકુલ, અમદાવાદ
વિજય નરેન્દ્રભાઈ પટેલ, નરોડા - અમદાવાદ | અમદાવાદ મુકુલ, અમદાવાદ

વિસ્તારપત્રકનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

ફો.: 98254 11478 | 98250 70505 | 99783 77777

દુઃખદ અવસાન



અમારી કિ. પુત્રવધૂઓ ચંદ્રિકાબહેન પટેલ અને પુત્રી સ્વ.કેયૂરભાઈ ચંદ્રિકાબહેન પટેલ જીવન તા.૦૪-૧૧-૨૦૨૬, બપોરે ૧૨.૧૫ વાગ્યે પુષ્પમ્ ૫ રોજ દેવલોક પામ્યા છે.

સદ્‌ગતની અંતિમ યાત્રા રવાનીરૂપે તા.૫-૧૧-૨૦૨૬, ગુરૂવારને બપોરે ૩.૩૦ કલાકે સ્મશાન નિવાસસ્થાન અમ.આર. સ્ટ્રીટ, અડાલજની જીવનયાત્રા.

બેસણું અને સાંત્વનું બેસવાનું રાખેલ છે.

જગદીશભાઈ ગોવિંદભાઈ પટેલ
કુલભાઈ કુરિભાઈ પટેલ
સમસ્ત પરિવાર, અડાલજ
+91 93272 04330

બેસણું



સ્વ.સી. ડી. હંસા અનિલ રાવલ

તા. ૩-૧૧-૨૦૨૬ (ચાણસ્મા) ના રોજ અવસાન પામેલ છે.

સદ્‌ગતનું બેસણું આજે તા. ૫-૧૧-૨૦૨૬ ને ગુરૂવારે આજે ૯-૩૦ થી ૧૧-૩૦ દરમ્યાન જીવેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી પ્રાણશંકર હોલ, કાંકરિયા-ભૈરવનાથ રોડ, મણિનગર, અમદાવાદ.

ડી. અનિલ હરિપ્રસાદ રાવલ
મમતા અનિલ રાવલ | વંદિલ મહિપત રાવલ
મહિપત અનિલ રાવલ | રોમી મહિપત રાવલ

વિસ્તાર પત્રકનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સમસ્ત પરિવાર (સ્થાન : લાઠી)

Our beloved

Mala Shodhan

departed for her heavenly abode on 03 November, 2026.

A prayer meeting is held on
Thursday, 05/11/2026,
Time : 9 AM to 10.30 AM

Venue
Gajar hall Nirman Bhavan,
Netaji Road, Ellisbridge, Ahmedabad.

Nirali Shodhan
Gokul - Jayni Shodhan

Late Shruti Shodhan - Late Jyotindra Shodhan
Late Bela Shodhan

Anura - Suramya
Sharan - Ankita

SONY

THIS DIWALI,
CINEMA IS COMING HOME



SPECIAL FESTIVE OFFERS*

3 YEARS WARRANTY

INSTANT CASHBACK UP TO Rs. 50,000/-

1 EMI FREE*

TV + SOUNDBAR COMBO OFFER
SAVE UPTO Rs. 94,990/- | BUY NOW AT Rs. 2,995/-
*Conditions Apply

BRAVIA

BRAVIA 9II NEW
The Future of Color is Here
XR Processor
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 50,000/-
BUY NOW AT Rs. 7,500/-
True RGB
Available Sizes: • 262cm (77") • 216cm (85") • 189cm (75")
Range starts from Rs.3,39,990/-

BRAVIA 8II
Aesthetic slimness, blends in beautifully
XR Processor
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 12,500/-
BUY NOW AT Rs. 5,500/-
XR OLED
Available Sizes: • 164cm (65") • 139cm (55")
Range starts from Rs.2,59,990/-

BRAVIA 7II NEW
The Future of Color is Here
XR Processor
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 25,000/-
BUY NOW AT Rs. 5,500/-
True RGB
Available Sizes: • 248cm (98") • 215cm (85") • 189cm (75") • 164cm (65") • 139cm (55")
Range starts from Rs.2,21,990/-

BRAVIA 5
Big on entertainment, easy to love.
XR Processor
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 25,000/-
BUY NOW AT Rs. 2,995/-
XR Mini LED
Available Sizes: • 248cm (98") • 215cm (85") • 189cm (75") • 164cm (65") • 139cm (55")
Range starts from Rs.1,47,990/-

BRAVIA 3II NEW
Fast Motion, True Color Brilliance.
XR Processor
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 20,000/-
BUY NOW AT Rs. 2,995/-
Available Sizes: • 254cm (100") • 215cm (85") • 189cm (75") • 164cm (65") • 139cm (55")
Range starts from Rs.99,990/-

BRAVIA 2II
Life, upscaled. In 4K.
X1 4K Processor
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 7,500/-
BUY NOW AT Rs. 1,849/-
Available Sizes: • 189cm (75") • 164cm (65") • 139cm (55") • 126cm (50") • 108cm (43")
Range starts from Rs.57,990/-

SOUNDBAR

HT-A9M2
BRAVIA Theatre Quad
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 10,000/-
BUY NOW AT Rs. 5,995/-
MRP Rs. 2,39,990/- | Offer Price Rs. 1,74,990/-

A7100+SW8+RS8 NEW
BRAVIA Theatre Bar 7
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 6,000/-
BUY NOW AT Rs. 5,995/-
MRP Rs. 1,07,970/- | Offer Price Rs. 99,980/-

BRAVIA Theatre System 6
Real 5.1ch Dolby Atmos Soundbar with Wireless Rear Speaker
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 2,000/-
BUY NOW AT Rs. 2,995/-
MRP Rs. 64,990/- | Offer Price Rs. 47,990/-

PARTY SPEAKER

ULT TOWER 7 / TOWER 5
ULT Power Sound Party Speakers
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 4,990/-
BUY NOW AT Rs. 2,381/-
Range starts from Rs. 34,990/-

DIGITAL IMAGING

α7 V ILCE-7M5M (Body +28-70mm Zoom Lens)
Redefine Basic.
Benefit up to Rs. 55,000/-
SPECIAL OFFER
MRP Rs. 2,85,490/- | Offer Price Rs. 2,53,990/-
OFFER

ZV-E10M2K (Body + 16-50mm Power Zoom lens)
Showcase your Style, freely
Benefit up to Rs. 13,000/-
MRP Rs. 1,09,990/- | Offer Price Rs. 96,990/-
OFFER

HEADPHONES

WH-1000XM5 / WH-1000XM6
The Best Noise Cancelling Headphones*
SPECIAL OFFER
INSTANT CASHBACK UP TO Rs. 2,000/-
BEST BUY Range starts from Rs. 22,990/-

PlayStation



Bank Card Offers Powered by : pine labs | Paytm

ATTRACTIVE CREDIT CARDS FINANCE OPTIONS*
HDFC BANK | ICICI Bank | SBI Card | Axis Bank | Standard Chartered | IDFC FIRST Bank | Federal Bank | HSBC | AU Small Finance Bank | IndusInd Bank | YES BANK

ATTRACTIVE PAPER FINANCE OPTIONS*
Bajaj Finserv | HDB FINANCIAL SERVICES

*T&C apply. Features & prices may vary for each product. For more details please visit: www.sony.co.in. Special Offers applicable on select products in select cities for limited period only.
Winner of Award: The Annual TV Shootout evaluation event was created by Value Electronics and the TV Shootout name is a trademark owned by Value Electronics. Ring of TV® a registered trademark of Value Electronics

Regd. Office: Sony India Pvt. Ltd., A-18, Mohan Co-operative Indl. Estate, Mathura Road, New Delhi-110 044.
Ph: 6602 6602 Fax: 26810541 Customer Care No.: 080 6500 6500 CIN No : U74899DL1994PTC062781. For corporate enquiries, please email at bi2india@sp.sony.com

Visit your nearest store for the entire range of Sony products and accessories | Sony Center The Ultimate Sony Experience

Sony Center is now Online
www.shopatSC.com
ShopatSC.com

ભીડને નિયંત્રણમાં રાખવા આખરે તંત્ર જાગ્યું

અમદાવાદના ત્રણ રેલવે મથકો પર ૨૪ કલાક ચૂસ્ત બંદોબસ્ત

અમદાવાદ, બુધવાર

દિવાળી અને છઠ પૂજાના તહેવારોમાં વતન જવા નીકળતા મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ રેલવે મંડળ દ્વારા અમદાવાદ, સાબરમતી અને અસારવા સ્ટેશનો પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરોની સુરક્ષા, સ્ટેશન પર ભીડનું નિયંત્રણ અને ટ્રેનમાં વ્યવસ્થિત પ્રવેશ માટે વધારાના સુરક્ષાકર્મીઓ તૈનાત કરવાની સાથે ૨૪ કલાક દેખરેખ રાખવામાં આવશે.

મહિલા, વૃદ્ધો, દિવ્યાંગો અને બાળકો સાથેના મુસાફરોને ટ્રેનમાં ચઢવા પ્રાથમિકતા અપાશે

દિવાળી અને છઠ પૂજાના તહેવારે પર અમદાવાદના રેલવે સ્ટેશનો પર મુસાફરોની ભીડ જામતી હોય છે. ભીડને નિયંત્રિત કરવા અમદાવાદ રેલવે મંડળ દ્વારા દિવાળીના ચાર દિવસ પહેલાં અમદાવાદના વિવિધ સ્ટેશનો પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જે અંતર્ગત અમદાવાદ સ્ટેશન પર ૫૫, સાબરમતીમાં ૪૦ અને અસારવા સ્ટેશને ૧૫ જેટલા આરપીએફ જવાનોને તૈનાત કરીને ૨૪ કલાક દેખરેખ રાખવામાં આવશે. અમદાવાદ સ્ટેશન પર આરપીએસએફની એક વધારાની કંપનીની પણ મદદ લેવામાં આવી છે. ભીડ પર નજર રાખવા અમદાવાદમાં ૧૧૯ અને સાબરમતીમાં ૧૨૧ સીસીટીવી કેમેરા કાર્યરત કરાયાં છે. વધુ ૬૦ કેમેરા લગાવવાની દરખાસ્ત મોકલવામાં આવી છે. સાબરમતી સ્ટેશન પર અનરિઝર્વ્ડ મુસાફરો માટે ટિકિટ કાઉન્ટરથી હોલ્ડિંગ એરિયા અને ત્યાંથી પ્લેટફોર્મ સુધી કતારબદ્ધ વ્યવસ્થા કરાઈ છે. આરક્ષિત મુસાફરો માટે અલગ વ્યવસ્થા કરાઈ છે. મહિલા, દિવ્યાંગ, વૃદ્ધો અને બાળકો સાથેના મુસાફરોને પ્રાથમિકતા અપાશે. લાઉડસ્પીકર દ્વારા સુરક્ષા અને સાવચેતી અંગે સતત સૂચનાઓ આપવામાં આવશે.

દિવાળી પર્વે વિશેષ ટ્રેનો ૭૦થી વધુ ફેરાઓ મારશે

દિવાળી અને છઠ પૂજામાં વતન જવા માટે વધતી મુસાફર ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ મંડળ દ્વારા આ વર્ષે ૭૦થી વધુ વિશેષ ટ્રેનના ફેરાનું આયોજન કરાયું છે. બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યો માટેની આ ટ્રેનો ઉપરાંત નિયમિત ટ્રેનોમાં વધારાના કોચ પણ જોડાતા મુસાફરોને વધુ મુસાફરી વિકલ્પો મળશે.

ભાજપ સાંસદે જ સરકાર સામે મોરચો ખોલ્યો

જો આદિવાસીઓને સનદ નહીં મળે તો આંદોલન હિંસક બનશે

અમદાવાદ,બુધવાર

નર્મદા અને ભરૂચ જિલ્લામાં જંગલ જમીનના હક્કપત્રો મેળવવાનો લાંબા સમયથી ચાલતો પ્રશ્ન હવે ચરમસીમાએ પહોંચ્યો છે. ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આદિવાસીઓને અંદાજે ૮૦ હજાર જેટલા જંગલ જમીનના હક્કપત્રો વિતરણ કરવાનું આયોજન ઘડાયું છે. પરંતુ, આ મહોત્સવની ઉજવણી થાય તે પૂર્વે જ સ્થાનિક સ્તરે આદિવાસી ખેડૂતોમાં અસંતોષ ભભૂક્યો છે. જૂના મૂળ આદિવાસી ખેડૂતો આ હક્કપત્રો મેળવવાથી વંચિત રહી જવાની આશંકા સેવાઈ રહી છે ત્યારે ભાજપના સાંસદ મનસુખ વસાવાએ સરકાર સામે મોરચો માંડ્યો છે.

ભરૂચ અને નર્મદા જિલ્લાના આદિવાસીઓનો હક છિનવાશે તો હું નહીં ચલાવી લઉ : મનસુખ વસાવા

નર્મદા જિલ્લામાં જંગલ જમીન પરના અધિકારો મેળવવા માટેની ૮૦૦થી પણ વધુ અરજીઓ સરકારી કચેરીઓમાં લાંબા સમયથી પેન્ડિંગ પડી છે. ચોંકાવનારી બાબત એ છે કે આ પડતર અરજીઓમાંથી એકલા સાગબારા તાલુકાની જ આશરે ૬૩૦ જેટલી અરજીઓ સામેલ છે. છેલ્લા ૨૦ થી ૨૫ વર્ષોથી સતત જમીન ખેડીને, લોહી-પરસેવો પાડી પરિવારનું ગુજરાન ચલાવતા ગરીબ આદિવાસી ખેડૂતોને કાયદેસરની સનદ નહીં મળે તેવી સ્થિતિ ઊભી થતાં સમગ્ર વિસ્તારમાં જનરોષ ભભૂક્યો છે.સાંસદ મનસુખ વસાવાએ ગંભીર આરોપો લગાવ્યા છેં કે, વન વિભાગ અને કેટલાક સરકારી અધિકારીઓ હક્ક ધરાવતા મૂળ આદિવાસીઓને બાકાત રાખીને નવા લોકોને સનદ આપવાની દિશામાં ગોઠવણો કરી રહ્યા છે. આ અધિકારીઓ આદિવાસી સમુદાયમાં અંદરોઅંદર ભાગલા પાડી રહ્યાં છે, જેને કોઈ પણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

સાંસદ મનસુખ વસાવાએ સરકારને આખરી અલ્ટીમેટમ આપ્યું છે કે ભરૂચ અને નર્મદા જિલ્લાના મૂળ હકદાર આદિવાસીઓને સનદ આપવાની પ્રક્રિયામાંથી જાણીજોઈને બાકાત રાખવામાં આવ્યા છે. જો આદિવાસી ખેડૂતોના હક છીનવીને તેમને અન્યાય કરવામાં આવશે, તો હું તેને ક્યારેય ચલાવી નહીં લઉં.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

મેડિકલ ઈમરજન્સીના કેસમાં ૩૦ટકા વધારાની સંભાવના

દિવાળીના તહેવાર સમયે માર્ગ અકસ્માતના બનાવો ૯૨ ટકા વધશે

અમદાવાદ, બુધવાર

દિવાળી નજીક આવતા જ તહેવારનો માહોલ જામ્યો છે. પરંતુ તહેવાર ટાણે જ આ વર્ષે મેડિકલ ઈમરજન્સી કેસમાં સરેરાશ ૧૨થી ૩૦ ટકા જેટલો વધારો થવાની સંભાવના છે. જેમાં માર્ગ અકસ્માતમાં ૯૨થી ૯૬ ટકા વધારો થવાની સંભાવના છે.

સામાન્ય દિવસોની સરખામણીએ દાઝી જવાના બનાવમાં અધધ પાંચ ગણો વધારો

દિવાળી નજીક આવતા જ શહેરભરમાં તહેવારની મોસમ જામી છે. પરંતુ તહેવારો દરમિયાન મેડિકલ ઈમરજન્સી કેસિસમાં અધધ વધારો થઈ શકે છે. ૧૦૮ મેડિકલ ઈમરજન્સી સર્વિસીસના જણાવ્યા અનુસાર, સામાન્ય દિવસોમાં આવતા ઈમરજન્સી કેસની સામે દિવાળીથી ભાઈબીજ સુધીના દિવસોમાં તે જ કેસમાં સરેરાશ ૧૨થી ૩૦ ટકા જેટલો વધારો થાય છે. સામાન્ય દિવસોમાં થતા ૬૪૬ વાહન અકસ્માત સામે નવા વર્ષના દિવસે આ આંકડો ૧૫૫૬એ પહોંચી જાય છે. ફટાકડા ફોડવાની પરંપરા હોવાથી દાઝિ જવાની ઘટનામાં પણ પાંચ ગણો વધારો થાય છે. એટલે કે તહેવારની મજાની સાથે જ મેડિકલ ઈમરજન્સીની ઘટના વધે છે. જેના પગલે ૧૦૮ મેડિકલ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા આગોતરા આયોજન કરી સ્ફાટને ખડેપગે રખાશે.

જોકે નાગરિકોને પણ તહેવાર સમયે યોગ્ય રીતે વાહન ચલાવવાની સાથે જ ફટાકડા ફોડવા સમયે તાકેદારી રાખવા અપીલ કરાઈ છે.

માર્ગ અકસ્માતના બનાવો

બનાવનો પ્રકાર	સામાન્ય દિવસ	દિવાળી	બેસતુ વર્ષ	ભાઈબીજ
ટુ વ્હીલરના અકસ્માત	૫૦૪	૯૬૯	૧૧૯૭	૭૯૧
થ્રી વ્હીલરના અકસ્માત	૩૪	૫૯	૧૩૫	૬૨
ફોર વ્હીલરના અકસ્માત	૮૦	૧૩૩	૧૪૫	૧૧૬
અન્ય	૨૮	૫૫	૭૯	૪૬

શરૂઆતમાં વિશ્વાસ કેળવવા વળતર આપ્યું

હોટલના રિવ્યુ, રોકાણમાં વળતરની લાલચમાં વૃદ્ધે રૂ.૪૧ લાખ ગુમાવ્યા

અમદાવાદ,બુધવાર

શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રહેતા ૭૭ વર્ષીય સિનિયર સિટીઝનને હોટલ રિવ્યુ કરવા પર પ્રતિદિન એક હજાર રૂપિયા સુધી આપવાનું કહીને ગઠિયાઓએ રૂપિયા ૨૯ લાખ રૂપિયા અને શેરબજારમાં રોકાણના નામે ૧૨ લાખ મળીને કુલ ૪૧ લાખ રૂપિયા ગુમાવ્યાની ફરિયાદ સાયબર સેલમાં નોંધવામાં આવી છે.

નફા પર સિક્યોરિટી ડિપોઝિટ, વીમા અને ઈન્કમટેક્ષની ફીના નામે નાણાં વિવિધ એકાઉન્ટમાં ટ્રાન્સફર લીધા

શહેરના ગુલબાઈ ટેકરા પાસે આવેલી પટેલ સોસાયટીમાં રહેતા ૭૭ વર્ષીય દિલીપભાઈ મહેતાએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે થોડા દિવસો પહેલા તે ઘરેથી ઓનલાઈન કામ શોધવા માટે ગુગલ પર સર્ચ કરતા હતા. ત્યારે હોટલ રિવ્યુ પર પ્રતિદિન ૭૦૦થી ૧૦૦૦ રૂપિયા કમાવી આપવાની ઓફર હતી. જેથી લીંક પર ક્લીક કરતા ટેલીગ્રામ એપ્લીકેશનમાં તેમને જોઈન કરવામાં આવ્યા હતા. જ્યાં હોટલના રિવ્યુ આપવા પર નાણાં આપવાનું કહેવામાં આવ્યું હતું અને ગ્રુપમાં રહેલા લોકો તેમને મળેલા નાણાંની વિગતો અપલોડ કરતા હોવાથી દિલીપભાઈને વિશ્વાસ આવતા તેમણે પણ રિવ્યુ આપ્યા હતા. જેની ૧૦ હજારની પ્લાનની સામે લગભગ બમણા જેટલા નાણાં મળ્યા હતા. બાદમાં નફો દર્શાવીને ઈન્કમ ટેક્સ, સિક્યોરિટી ડીપોઝીટ જેવી અલગ અલગ ફી સાથે કુલ ૨૯ લાખ રૂપિયા જેટલી રકમ ટ્રાન્સફર કરાવીને છેતરપિંડી કરી હતી. આ ઉપરાંત, દિલીપભાઈએ ઈન્સ્ટાગ્રામ પર શેરબજારમાં રોકાણની સામે ઉંચા વળતરની જાહેરાત જોઈ હતી. જેના પર વિશ્વાસ કરીને આઈપીઓ અને મ્યુચ્યુઅલ ફંડમાં ૧૨ લાખ રૂપિયા ગુમાવ્યા હતા.

સ્પા, મસાજ પાર્લરોની પોલીસ-નોંધણી કરાવવા ફરી જાહેરનામું

અમદાવાદમાં ૨૦૦૦થી વધુ સ્પા છે પણ અડધા પોલીસમાં નોંધાયેલાં નથી

અમદાવાદ, સોમવાર

કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર તરફથી જાહેરનામા બહાર પાડવામાં આવે છે. આવું જ એક જાહેરનામુ પુનઃપ્રકાશિત કરીને સ્પા અને મસાજ પાર્લરોની પોલીસમાં નોંધણી કરાવવાનો આદેશ કરાયો છે. સ્પા કે મસાજ પાર્લરના માલિક, સંચાલક ઉપરાંત તેમાં કામ કરતી ભારતીય કે વિદેશી યુવતીઓ કે કર્મચારીની ફોટોગ્રાફ સાથે નોંધણી ફરજિયાત બનાવાઈ છે. ચોંકાવનારી બાબત એ છે કે, સ્પા અને મસાજ પાર્લરો માટે આ પ્રકારનું જાહેરનામુ વર્ષ ૨૦૨૩થી અમલમાં છે પણ અડધા પાર્લરો હજુ સુધી પોલીસમાં નોંધાયેલાં નથી. પોલીસ કમિશનરના નામે જાહેરનામું બહાર પડે તે પછી કાયદાની ઐસી-તૈસી કરવામાં અમુક પોલીસકર્મચારીઓ જ સામેલ હોય છે.

બીજા રાજ્યો, દેશોની યુવતીઓના શોષણ, કેફી દ્રવ્યોનું સેવન કરતાં પાર્લરો હુક્કાબારની માફક પોલીસના 'કમાણી કેન્દ્ર'

પોલીસ કમિશનરે જારી કરેલા જાહેરનામા અનુસાર, શહેરના રહેણાંક વિસ્તાર અને ઔદ્યોગિક વિસ્તારોમાં સ્પા, મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન, દેહવેપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવ્યું છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા, મસાજ પાર્લરની આડમાં ગુનાઈત કૃત્યો કરી જાહેર સલામતી-શાંતિનો ભંગ કરતા હોવાનું જણાય છે. આથી સ્પા, મસાજ પાર્લરોની માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

જાહેરનામામાં કરાયેલા આદેશ મુજબ, સ્પાના માલિક, સંચાલક અને કામ કરતાં તમામ કર્મચારીના નામ, સરનામા અને ટેલીફોન નંબરની સંપૂર્ણ વિગત ફોટોગ્રાફ સાથે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. ભારતીય હોય એટલે બીજા રાજ્યના હોય તેવા કર્મચારીના ઓળખના પુરાવા ઉપરાંત કર્મચારી વિદેશી હોય તો પાસપોર્ટ અને વિઝાની નકલ બિડવા સાથે કયા વિઝા ઉપર ભારત આવ્યા છે તેની વિગતો રજૂ કરવી. સાથે જ, હાલનું સરનામું પણ રજૂ કરવાના રહેશે. તા. પાંચ જાન્યુઆરી સુધી અમલમાં રહેશે તેવું સ્પા, પાર્લરનું આ પ્રકારનું જાહેરનામુ વર્ષ ૨૦૨૩થી બહાર પડતું રહે છે. આમ છતાં, અમદાવાદમાં કાર્યરત ૨૦૦૦થી વધુ સ્પા કે મસાજ પાર્લરમાંથી અડધા પોલીસમાં નોંધાયેલાં નથી તેવી ચર્ચા પોલીસ તંત્રમાં જ છે.પોલીસ તંત્રમાં ચર્ચા છે કે, ખુદ પોલીસ કમિશનરના નામે બહાર પાડવામાં આવતાં આ પ્રકારના અમુક જાહેરનામા સ્થાનિક પોલીસ સ્ટેશનના અમુક પોલીસ કર્મચારીઓ માટે કમાણીના સાધન બની રહ્યાં છે.

ઉમેદવારો-યુનિ.સાથે સરકારની મજાક

એક વર્ષે ભરતી રદ કરવાના સરકારના આદેશથી યુનિ. મુંઝાઈ

અમદાવાદ,મંગળવાર

ગુજરાત યુનિ.માટે તો હાલ ભરતી મુદ્દે પાડાના વાંકે પખાલીને ડામ જેવો હાલ થયો છે. કારણકે સરકારે સમયસર ભરતી માટે મંજૂરી ન આપીને અગાઉ ભરતી કરવાનો આદેશ કરીને હવે એક વર્ષ બાદ ભરતીની સંવર્ગવાર લેખિત મંજૂરી ન આપી ઉલટાનું છઠ્ઠા પગારની જગ્યાઓની ભરતી રદ કરવા માટે આદેશ કરી દેવાતા ઉદમેવારો માટે તો ગુજરાત યુનિ.દુશ્મન બની છે.સરકારના આદેશ બાદ યુનિ.એ દરખાસ્ત મોકલીને છઠ્ઠા-સાતમા પગાર પંચ મુજબની સંવર્ગવાર જગ્યાઓની મંજૂરી માંગી છે ત્યારબાદ કેટલી જગ્યાની ભરતી રદ થાય તે ખબર પડશે.ગુજરાત યુનિ.માં વહિવટી સ્ટાફની વિવિધ સંવર્ગવાર ૧૪૨ જગ્યાઓની ભરતીને લઈને ઉમેદવારોથી માંડી યુનિ.ના સ્ટાફમાં એવી ચર્ચા જાગી છે કે સરકારે યુનિ.અને ઉમેદવારો સાથે છેતરપીંડી કરી છે.કારણકે અગાઉ ગત વર્ષે સરકારના જ મંત્રીની સૂચનાથી વહિવટી સ્ટાફની ભરતી માટેની પ્રક્રિયા શરૂ કરી દેવા આદેશ કરાયો હતો.જેથી ગુજરાત યુનિ.એ કલાર્કની ૮૪ જગ્યાઓથી માંડી વિવિધ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા શરૂ કરી હતી.જેમાં દિવ્યાંગની પણ ૨૯ જગ્યાઓ હતી.

સિવિલમાં ૨૯૭ મહિલાનું સ્તન કેન્સર સ્ક્રીનિંગ કરાયું

અમદાવાદ, બુધવાર

ઓક્ટોબરમાં બ્રેસ્ટ કેન્સર અવેરનેસ મંથના ભાગરૂપે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે ૨૯૭ મહિલાઓનું સ્તન કેન્સર સ્ક્રીનિંગ કરાયું હતું. જેમાં મેમોગ્રાફી કરાયેલી ૨૮૮માંથી માત્ર ૨૩ મહિલાઓમાં શંકાસ્પદ ગાંઠ-વધુ ફેરફાર જણાતાં વધુ તપાસની સલાહ અપાઈ હતી. ૩૫થી ઓછી ઉંમરની ૧૧૬ યુવતીના સ્ક્રીનિંગમાંથી માત્ર બેના શંકાસ્પદ લક્ષણ જણાતાં બાયોપ્સીની સલાહ અપાઈ હતી. સિવિલના રેડિયોલોજી વિભાગનાં વડા ડૉ. શીતલ પટલે જણાવ્યું કે, 'મેમોગ્રાફી કરાયેલી ૨૮૮ મહિલામાંથી ૨૬૫ના રિપોર્ટ સામાન્ય હતા. સ્તન કેન્સરમાં નિયમિત સ્ક્રીનિંગ જીવનરક્ષક પુરવાર થાય છે.'

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે કઠવાડા ની સીમના ખાતા નં.૧૪૦૩ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૧૨૮૮ (જુના સર્વે/ બ્લોક નં.૧૫૨) ની ૨૭૩૫૧ ચો.મી. પૈકી ૨૫૯૬૫ ચો.મી. બીનખેતીની જમીન સયાજી ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ - યુનીટ મેઈઝ પ્રોડક્સ કઠવાડાની માલિકી કબજા ભોગવટાની આવેલ છે જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૩૧ (કઠવાડા-સીંગરવા-ભુવાલડી) માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૫ ની ૧૭૫૦૧ ચો.મી. જમીનમાં આવેલ શાળા તથા બેંકની જમીન બાદ કરતા બાકી રહેતી આશરે ૧૧૫૮૨ ચો.મી. કોટક મહિન્દ્ર બેંકના બોજા સહિતની જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને તેઓએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તેથી ઉપરોક્ત જમીન ઉપર કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હક, દાવો, લાગ, ભાગ, સત્તા, અધિકાર, ગીરો રાખનાર તરીકેના હક્ક કે સુખાધિકારો અથવા વેચાણ લેવાના હક્કો, વારસાઈના હક્કો, રૂપિયા ધીરનાર કોઈ સંસ્થાનો કે અન્ય કોઈનો કોઈપણ હક હિત હોય તો તેઓએ તે અંગે વિગતવાર પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) ની અંદર અમોને લખી જણાવવા અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગ ભાગ કે હકક, હિસ્સો કે હિત, સંબંધ નથી અને જો હોય તો તે જાણીબુઝીને તથા ઈરાદાપૂર્વક જતા (વેવ) કર્યા છે તેમ ગણીને અમારા અસીલને ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈનો કોઈપણ જાતનો દાવો કે વિવાદ ધ્યાને લેવામાં આવશે નહિ.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના શહેર અમદાવાદમાં આવેલ હઠીપુરા વોર્ડમાં આવેલ સીટી સર્વે નંબર-૪૮ ની ૫૩ ચો.વાર ની પૈકી ૧૩/૧૬ ભાગની ૩૬ ચો.મી (૪૩.૦૬ ચો.વાર) તથા ૩/૧૬ ભાગની ૮.૩૧ ચો.મી (૯.૯૪ ચો.વાર) તથા સીટી સર્વે નંબર-૭૧/ ૧/ડી/૧ ની ૭૪ ચો.વાર પૈકી ૧૩/૧૬ ભાગની ૫૦.૨૭ ચો.મી (૬૦.૧૨ ચો.વાર)તથા ૩/૧૬ ભાગની ૧૧.૬૦ ચો.મી(૧૩.૮૮ચો.વાર) કુલ્લી મળી ૧૦૬.૧૮ ચો.મી (૧૨૭ ચો.વાર) વાલી મીલકત પૈકી ૪૮ ચો.મી (૫૭ ચો.વાર) ના પ્લોટ એરીયા સહિતના બાંધકામ વાળી તથા મંજુર થયેલ પ્લોટ મુજબ ગ્રાઉન્ડ ફલોરમાં ૭૩.૨૫ ચો.મી (૮૮ ચો.વાર) ના બાંધકામ વાલી મીલકત પૈકી ૪૦ ચો.મી (૪૮ ચો.વાર)ના બાંધકામ વાલી મીલકત ૧.. ઉપાધ્યાય નિલય રાજેન્દ્રકુમાર ૨.. ઉપાધ્યાય રાજેન્દ્રકુમાર મગનલાલ બંન્ને રહેવાસી-બી-૩૦૧ રીવરસાઈડ પાર્ક, એપીએમસી માર્કેટ સામે, વાસણા, અમદાવાદનાની માલીકી કબજા ભોગવટાની અને તમામ પ્રકારના બોજાઓથી સંપુર્ણપણે મુક્ત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ મીલકત અંગે ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. અને અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે સબબ કે સદરહુ મીલકત પરત્વે કોઈનો કોઈપણ જાતનો હક્ક હીસ્સો દાવો, બાના હકક લહેણા લીયન ચાર્જ કે અન્ય કોઈપણ જાતનો બોજો કે અલાખો હોય અગર અન્ય કોઈપણ જાતનો વાધો હોય તો આ નોટીસ પ્રસીદ્ધ થયેથી દિન ૭માં નીચેના સરનામે પુરાવાઓ સહીત લેખીત જાણ કરવી, જો તેમ કરવામાં નહી આવેતો સદરહુ મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો બોજો હક્ક દાવો લીયન ચાર્જ વિગેરે આવેલ નથી અગર આવેલ હોય તો તે જતા(Waive)કરેલ છે તેમ સમજી આગળની કાર્યવાહી કરવામાં આવશે અને સદરહુ મીલકતો અંગે ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ અમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં તેવી જાહેર જનતાએ નોંધ લેવી.
તારીખ- 4/11/2026

મહેશ બી સેજવાણી એસોસીએટસ
અનીલ કે નાગદેવ
એડવોકેટ એન્ડ નોટરી
સેકન્ડ ફલોર, મનોજ ચેમ્બર્સ, મીરધાવાડ, રેવડીબજાર, અમદાવાદ
મો.નંબર-૯૩૨૭૦૨૨૮૩૦.
મો.નંબર-૯૩૭૪૬૩૬૨૬૧

જાહેર નોટિસ

જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજી.સબ-ડિસ્ટ્રીક્ટ સાણંદ, તા.સાણંદ ના મોજે ગામ- કાણેટી ની સીમના રી-સર્વે મુજબના ખાતા નં.૭૧૨ માં ચાલતા (૧) બ્લોક/સર્વે નં.૫૭ (જુના નં.૨૦ પૈકી) ની હે.આરે.ચો.મી.૦-૫૩-૧૮ યાને ૫૩૧૮ ચો.મી. ક્ષેત્રફળની આકાર રૂા.૩.૧૦ પૈસા વાળી ખેતીની જમીન, (૨) બ્લોક/સર્વે નં.૫૮ (જુના નં.૨૦ પૈકી) ની હે.આરે.ચો.મી.૦-૫૩-૬૬ યાને ૫૩૬૬ ચો.મી. ક્ષેત્રફળની આકાર રૂા.૩.૧૯ પૈસા વાળી ખેતીની જમીન તથા રેવન્યુ ખાતા નં.૭૧૩ માં ચાલતા (૩) બ્લોક/સર્વે નં. ૫૯ (જુના નં. ૨૧) ની કુલ હે.આરે.ચો.મી. ૧-૪૧-૮૫ યાને ૧૪૧૮૫ ચો.મી. ક્ષેત્રફળની આકાર રૂા.૮.૪૭ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન પૈકી ની હે.આરે.ચો.મી.૧-૦૭-૨૫ યાને ૧૦૭૨૫ ચો.મી. ક્ષેત્રફળની જમીન આકાર વરાડે વાળી એમ તમામ જમીન મળી કુલ હે.આરે.ચો.મી.૨-૧૪-૦૯ યાને ૨૧૪૦૯ ચો.મી. ક્ષેત્રફળની જમીન રમેશભાઈ ઉર્ફે રમેશચંદ્ર ચંદુભાઈ પટેલ નાએ તેઓની સ્વપાર્જીત,સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે, આથી સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ હક્ક,હિત,હિસ્સો,દાવો કે બોજો પોષાતો હોય તો તે અંગે દિન-૭ માં લેખીત પુરાવા સહીત સ્પીડ પોસ્ટ દ્વારા નીચે જણાવેલ સરનામે જાણ કરવી, અન્યથા સદરહુ જમીન પર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત,હિસ્સો,દાવો કે બોજો પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે તમામ જતો(વેવ) કરેલ છે, તેમ માની લઈ ટાઈટલ ક્લીયરન્સ અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

અનિલ બી. વ્યાસ
એડવોકેટ
ઓફિસ/રહે.- એ/૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, ઐશ્વર્ય એપાર્ટમેન્ટ, સ્ટાર બઝાર સામે, રત્નાકર પ્રિસ્ટીન નજીક, અવિ બંગલોઝ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો.નં.-૯૮૨૫૫૭૫૫૪૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૯ (બોપલ)નાં ઘાટલોડીયા તાલુકાનાં મોજે ગામ ઘુમાની સીમના ખાતા નંબરઃ ૧૯૮૬ ના બ્લોક નંબરઃ ૫૩૬/અ (જુના સર્વે નંબરઃ ૪૨૮/૧, ૪૨૯ પૈકી, ૪૩૦ પૈકી, ૪૩૪/૩, ૪૩૫/૧,૨,૩) ની કુલ સમચોરસમીટર ૫૨૫૩ ની ખેતીની જમીનનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબરઃ ૩ (ઘુમા) માં થતા તેને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબરઃ ૧૩/૧ ની કુલ સમચોરસમીટરઃ ૩૧૫૨ ની જુની શરતની ખેતીની જમીન અરવિંદભાઈ શકરાભાઈ, મધુબેન શકરાભાઈ, સુશીલાબેન શકરાભાઈ, ધર્મિષ્ઠાબેન શકરાભાઈ, આરતીબેન નગીનભાઈ પટેલ, પ્રિયાબેન નગીનભાઈ પટેલ તથા સાગર નગીનભાઈ પટેલ એમ સર્વેએ તેઓની કુલ સ્વતંત્ર, સંયુકત માલિકીપણા કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને અમારા અસીલએ અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત રજી. એ. ડી. થી જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર કરશો તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી, અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદર જમીનનું ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે, અને અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.
અમદાવાદ. તારીખઃ ૦૩/૧૧/૨૦૨૬

જતીન મનીષભાઈ પટેલ
એડવોકેટ
જતીન એમ. પટેલ એસોસીએટ્સ,
એડવોકેટ્સ
૮૧૬-૮૧૯, ધ કેપીટલ-૨, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦,
(મો.) ૯૯૨૫૦૧૩૧૦૨.

જાહેર નોટિસ

આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જણાવવાનું કે જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકા દહેગામના મોજેગામ સાણોદાની સીમમાં આવેલ જુના સર્વે નં. ૨૬૦/૧૦ના હાલના નવા રી સર્વે નં. ૪૧૩ પૈકી ની ૨૮૫૭ ચો.મી. જેનો ખાતા નં. ૧૨૮૩ વાળી જુની શરતની ખેતીની જમીન શૈલેષભાઈ જશુભાઈ પટેલની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજા રહીત આવેલ હોવાનુ જણાવી તેઓએ મજકુર જમીનના તમામ પ્રકારના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવા બદલના ટાઈટલ કલીયરન્સ અભિપ્રાયની માંગણી તેઓએ અમારી પાસે કરેલ છે. તો મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, હિતસંબંધ, ગીરો, બોજો, અલાખો, કે ઈઝમેન્ટ રાઈટસના હક્કો આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે તમામ પ્રકારના પુરાવા સહિત રજી.એ.ડી. થી જાણ કરવી જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, હિતસંબંધ, ગીરો, બોજો, અલાખો, કે ઈઝમેન્ટ રાઈટસના હક્કો આવેલ નથી અને આવેલ હોય તો તેવા તમામ હક્કો જતા (વેવ) કરેલ છે. તેમ સમજી મુદત વિતેથી ટાઈટલ કલીયરન્સ અભિપ્રાય આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોધ લેવી.
તા. ૦૫/૧૧/૨૦૨૬
અમદાવાદ

ડીમ્પી પ્રકાશ શાહ (એડવોકેટ)
પ્રકાશ સી. શાહ (એડવોકેટ)
પ્રકાશ સી. શાહ એન્ડ કું.
૫૦૨,૫૦૩, પાંચમો માળ, પી.વી. એન્કલેવ, બજરંગ/શીલ્પ ચાર રસ્તા થી રાજપથ રંગોલી રોડ, સીંધુભવન રોડની પાસે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦૦૫૪.
મો.નં. ૯૯૨૪૨ ૧૩૩૩૨

જાહેર નોટિસ

અમો એડવોકેટ ઈદરીશ એમ. બંગાલી તે આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે કલોલના મોજે ગામ હાજીપુરના જુના સર્વે નં.૩૪, નવા બ્લોક/સર્વે નં.૧૫૮૭, ખાતા નં.૩૭૨ની ૦-૯૦-૮૨ હે.આરે.ચો.મી. પૈકી ૦-૪૫-૪૧ હે.આરે.ચો.મી.જુની શરતની ખેતીની જમીન ઠાકોર નંદાબેન તે ભીખાભાઈ ઉર્ફે ભીખાજીની વિધવા, ઠાકોર મંજીબેન ભીખાભાઈ ઉર્ફે ભીખાજી તથા ઠાકોર માનસંગજી ભીખાભાઈ ઉર્ફે ભીખાજી, સર્વે રહે. જીલ્લો ગાંધીનગરનાની સહમાલીકી સહકબજા ભોગવટાની જમીન છે. તે ૪૫૪૧ ચો.મી. જમીન તેઓના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલતી આવે છે. સદરહુ ૪૫૪૧ ચો.મી. જમીનમાં સદરહુ જમીન માલીકો સીવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક હીસ્સો નથી તથા મજકુર જમીન સદરહુ જમીન માલીકોએ કોઈને કોઈપણ રીતે લખી આપેલ નથી કે અન્ય રીતે તબદીલ કરેલ નથી તેમ જણાવી મજકુર જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની સદરહુ જમીનના માલીકોએ અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર જમીનમાં અન્ય કોઈ વ્યકિતનો બાનાખત મુજબનો, કબજા કરાર મુજબનો, બાનાચિઠ્ઠી મુજબનો કે અન્ય કોઈ જાતના લખાણ આધારીત કોઈ હકક દાવો, કલેઈમ હોય કે અન્ય કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે અમોને આજથી દિન-૭ માં રજી. એ.ડી.થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશુ અને ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.
અમદાવાદ
તા.૩-૧૧-૨૦૨૬

ઈદરીશ એમ.બંગાલી
B.A., LL.M., એડવોકેટ
ઈરફાન આઈ.બંગાલી
B.Sc., LL.B. એડવોકેટ
ઈદરીશ બંગાલી એન્ડ એસોસીએટસ
એડવોકેટસ-Law firm since 1980
ઠે. IB Law Chambers
સીટી ગોલ્ડ સીનેમાની પાછળ, રેલ્વે લાઈન પાસે, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન નં.૨૬૫૮૬૬૫૭, ૨૬૫૮૬૬૫૮

જાહેર નોટિસ

જીલ્લો અમદાવાદ, તાલુકો સાણંદ મોજે તાજપુર ની સીમના સરવે/બ્લોક નં. ૩૮૭ ની હે.આરે.ચો.મી. ૦-૫૦-૩૯ ક્ષેત્રફળ વાળી જુની શરતની ખેતીની જમીન સ્વ. રતિલાલ અંબાલાલના સીધીલીટીના વારસદારો તરીકે કાંતાબેન રતીલાલ પટેલની દિકરી તે રસીકભાઈ પટેલની પત્ની, ગીતાબેન રતીલાલ પટેલ દિકરી તે રજનીકાંત દેસાઈની પત્ની, સ્નેહાબેન રતીલાલ પટેલની દિકરી તે ભાવેશકુમાર દેસાઈની પત્ની, અનીતાબેન રતીલાલ પટેલની દીકરી તે સંજયકુમાર પરીખની પત્નીની સહીયારી મીલીકી કબજા, ભોગવટાની બોજારહીતની આવેલી હોવાનું જણાવી ટાઈટલ કલીયર સટીફીકેટ માંગેલ છે જેથી મજકુર જમીનમાં અન્ય કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હિત, હિસ્સો પોષાતો હોયતો નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર ચાલશે નહી અને જે તે શખ્સનો પોષાતો લાગભાગ હકક, હીત, હીસ્સો જતો યાને વેવ કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયર સર્ટિફિકેટ આપવામાં આવશે.
તારીખ :૦૪-૧૧-૨૦૨૬

નીલેશ એન. પટેલ, એસોસીએટસ
પરેશા બી. પટેલ (એડવોકેટ)
૫૦૭, પાંચમો માળ, શીવાલીક સત્યમેવ, એસ.પી. રીંગરોડ, આંબલી, અમદાવાદ. મો. ૯૦૫૪૬૮૪૧૫૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા વિરમગામના ગામ મોજે નાની કુમાદની સીમના નવા બ્લોક નંબર-૨૨(જુના બ્લોક નંબર-૨૦૭પૈકી)ની કુલ ૧૩૮૩૧ ચોરસમીટર ખેતીની જમીન લલીતકુમાર વનજી ભાઈ પટેલ તથા નીકીતાબેન વનજીભાઈ પટેલે તેઓની સંપુર્ણપણે સંયુક્ત, માલિકી, કબજા, ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫(પંદર)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.
તારીખ-૦૫-૧૧-૨૦૨૬

કૌશિક.જી.પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
(બી.એસ.સી.,એલ.એલ.બી.)
ઓફીસ :-૧૨, બીજો માળ, જે. બી. આર. આર્કેડ, આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

મોજે - સીતાપુર

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ માંડલ તાલુકાના મોજે - સીતાપુર ગામની સીમના રી-સર્વે મુજબના નવા (એ) બ્લોક નંબર : ૪૧૭/પૈકી ૨ (જુના બ્લોક નંબર : ૯૮૭) ની કુલ ચો.મી. ૪૬૨ ની જમીન કે જેનો ટી.પી.સ્કીમ નં. ૨ (સીતાપુર) માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૩ની ચો.મી. ૪૬૨ ની બિનખેતીની જમીન કે જેનો સીટી સર્વે વોર્ડ - સીતાપુર (બિનખેતી), શીટ નંબર : NA 99, સીટી સર્વે નંબર : NA 417 / p2 ની ચો.મીટર : 462, (બી) બ્લોક નંબરઃ ૫૮૨/પૈકી ૨ (જુના બ્લોક નંબરઃ ૯૮૭) ની કુલ ચો.મી. ૬૮૦૨ ની જમીન કે જેનો ટી.પી.સ્કીમ નં. ૨ (સીતાપુર) માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૫ તથા ૫૫૫ ની ચો.મી. ૬૮૦૨ ની બિનખેતીની જમીન કે જેનો સીટી સર્વે વોર્ડ - સીતાપુર (બિનખેતી), શીટ નંબર : NA 99, સીટી સર્વે નંબર : NA 582 / p2 ની ચો.મીટર : 6802 ની બિનખેતીની જમીન તથા (સી) બ્લોક નંબર : ૪૧૫ / પૈકી ૨ (જુના બ્લોક નંબર : ૯૮૭) ની કુલ ચો.મી. ૧૫૬૧ ની જમીન કે જેનો ટી.પી.સ્કીમ નં. ૨ (સીતાપુર) માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૧ તથા ૫૫૩ ની ચો.મી. ૧૫૬૧ ની બિનખેતીની જમીન કે જેનો સીટી સર્વે વોર્ડ - સીતાપુર (બિનખેતી), શીટ નંબર : NA 99, સીટી સર્વે નંબર : NA 415 / p 2 ની ચો.મીટર : 1561 ની બિનખેતીની જમીન અમુલભાઈ અમૃતભાઈ પટેલની માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ડેવલપમેન્ટ હક્ક, ભાડવાત હક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.
તા.૦૫-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

શેરબજારમાં છ મહિના પછી MTF પોઝિશનમાં થયેલો ઘટાડો

અમદાવાદ, તા. ૪

ઓક્ટોબરમાં શેરબજારમાં ઉધાર ભંડોળનો ઉપયોગ કરીને રોકાણકારોની પ્રવૃત્તિમાં ઘટાડો થયો. માર્જિન ટ્રેડિંગ ફેસિલિટી (MTF) હેઠળ રોકાણ કરાયેલ રકમ છ મહિનામાં પહેલી વાર ઘટી છે. આ સૂચવે છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી ઉધાર ભંડોળનો ઉપયોગ કરીને સતત શેર ખરીદનારા રોકાણકારો હવે વધુ સાવધ બની રહ્યા છે.

ઓક્ટોબરમાં શેરબજારમાં MTF પોઝિશન ૪.૬૫% ઘટીને રૂા. ૧.૪૪ લાખ કરોડ થઈ

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ના ડેટા અનુસાર, ૩૦ ઓક્ટોબર સુધીમાં MTF હેઠળ બાકી રોકાણ ૪.૬૫% ઘટીને રૂા. ૧.૪૪ લાખ કરોડ થયું છે. સપ્ટેમ્બરના અંતમાં આ આંકડો રૂા. ૧.૫૧ લાખ કરોડ હતો. અગાઉ, માર્ચમાં MTF પોઝિશનમાં ૮.૩૨% ઘટાડો થયો હતો. એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન રોકાણમાં સતત વધારો થયો હતો.



એપ્રિલ અને સપ્ટેમ્બર વચ્ચે MTF દ્વારા રોકાણમાં સતત વધારો થયો હતો. એપ્રિલમાં, MTF હેઠળ બાકી રકમ રૂ. ૧.૧૬ લાખ કરોડ હતી, જે સપ્ટેમ્બર સુધીમાં વધીને રૂા. ૧.૫૧ લાખ કરોડ થઈ ગઈ. મે અને ઓગસ્ટમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો. મે મહિનામાં MTF પોઝિશનમાં ૮.૭૫ ટકાનો વધારો થયો હતો, જ્યારે ઓગસ્ટમાં, તેમાં ૬.૮૩ ટકાનો વધારો થયો હતો. જોકે, ઓક્ટોબરમાં ઘટાડો દર્શાવે છે કે રોકાણકારો હવે ઉધાર દ્વારા નવા શેર ખરીદવા અંગે સાવચેત છે.

માર્જિન ટ્રેડિંગ સુવિધા (MTF) એ એક સુવિધા છે જેના દ્વારા રોકાણકારો તેમના બ્રોકર પાસેથી શેર ખરીદવા માટે ઉધાર લઈ શકે છે. રોકાણકારે ખરીદી માટે સંપૂર્ણ રકમ ચૂકવવાની જરૂર નથી. તેઓ પોતાના ખિસ્સામાંથી એક ભાગ ચૂકવે છે, અને બ્રોકર બાકીની રકમ પૂરી પાડે છે. રોકાણકારે આ લોન પર વ્યાજ પણ ચૂકવવું પડે છે.

સપ્ટેમ્બર ૨૦૨૫ માં પહેલી વાર ચૂખ હેઠળ બાકી રોકાણ ?રૂ. ૧ લાખ કરોડને વટાવી ગયું હતું. ત્યારબાદ, તેમાં સતત વધારો જોવા મળ્યો. જોકે, આ વર્ષે ફેબ્રુઆરી અને માર્ચમાં ઘટાડો નોંધાયો હતો. એપ્રિલમાં રોકાણ ફરી વધ્યું, જે સપ્ટેમ્બર સુધી ચાલુ રહ્યું હતું. હવે, ઓક્ટોબરમાં થયેલા ઘટાડાએ આ વૃદ્ધિ પર બ્રેક લગાવી છે.

જોકે, MTF પોઝિશનમાં ઘટાડાનો અર્થ એ નથી કે રોકાણકારો બજારમાંથી સંપૂર્ણપણે ખસી રહ્યા છે. તે નવા ઉધાર લીધેલા રોકાણોમાં ઘટાડો અથવા હાલની પોઝિશનમાં ઘટાડો પણ સૂચવી શકે છે. એનએસઈ ડેટા અનુસાર, ૩૦ ઓક્ટોબર સુધીમાં, એચડીએફસી બેંકના શેરમાં સૌથી વધુ MTF પોઝિશન હતી, ત્યારબાદ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને બીએસઈ આવે છે.

મિડટર્મ ચૂંટણીના પરિણામો બાદ અનિશ્ચિતતા દૂર થતા બિટકોઈનમાં રિકવરી

મુંબઈ, તા. ૪

અમેરિકામાં મિડટર્મ ચૂંટણીના પરિણામો બાદ રાજકીય અનિશ્ચિતતા દૂર થતા ક્રિપ્ટોકરન્સીઝ બજારમાં બિટકોઈનની આગેવાની હેઠળ સુધારો જોવા મળ્યો હતો. બુધવારે સવારે ૭૬૦૦૦ ડોલરની અંદર સરકી ગયા બાદ બિટકોઈન પરિણામો બાદ ઝડપથી વધી ૭૮૦૦૦ ડોલરની ઉપર પહોંચી ગયો હતો.

ટ્રેમોકેટના નિયંત્રણ હેઠળની કોંગ્રેસ ક્રિપ્ટો તરફી ધારા સાથે બહુ સાનુકૂળતા ધરાવતી નહીં હોવાનો મત પ્રવર્તી રહ્યો છે, પરંતુ ક્રિપ્ટોને લગતા ધારા પસાર કરાવવામાં ટ્રમ્પ પોતાનો વિટો વાપરી શકે છે એમ બજારના ખેલાડીઓ માની રહ્યા છે.

ઝડપથી વધી ૭૮૦૦૦ ડોલરની ઉપર પહોંચ્યો

પરિણામો આવી જતા અનિશ્ચિતતા દૂર થઈ છે અને ખેલાડીઓ ફરી સક્રિય બન્યા હોવાનું જોવા મળી રહ્યું છે.

પરિણામો પરથી જણાય છે કે અમેરિકાના મતદાતાઓએ યુદ્ધની વિરુદ્ધમાં મતદાન કર્યું છે અને હવે શાંતિનો માર્ગ મોકળો થશે.

ગયા સપ્તાહમાં ક્રિપ્ટો એક્સચેન્જ બિનાન્સમાં ૬.૩૦ અબજ ડોલરના હેકિંગના અહેવાલને પગલે ક્રિપ્ટોકરન્સીઝ માર્કેટમાં જંગી વેચવાલી આવી પડી હતી. સંસ્થાકીય રોકાણકારો દ્વારા પણ ગભરાટભરી વેચવાલી જોવા મળી હતી.

મિડટર્મ ચૂંટણીના પરિણામો બાદ બિટકોઈન જે સવારે નીચામાં ૭૫૭૨૫ ડોલર જોવાયો હતો તે મોડી સાંજે ઊંચકાઈને ૭૮૬૦૦ ડોલર કવોટ થતો હતો. એથરમ ૨૩૩૩ ડોલર, એક્સઆરપી ૧.૨૯ ડોલર તથા સોલાના ૯૩.૮૪ ડોલર બોલાતો હતો.

FY૨૭માં અત્યાર સુધી રૂ. ૯,૦૦૦ કરોડની PSU અસ્કયામતોનું મુદ્રીકરણ

અમદાવાદ, તા. ૪

નેશનલ લેન્ડ મોનેટાઇઝેશન કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી જાહેર ક્ષેત્રની કંપનીઓને રૂ. ૯,૦૦૦ કરોડથી વધુની સંપત્તિનું મુદ્રીકરણ કરવામાં કોર્પોરેશને મદદ કરી છે. નાણાકીય વર્ષ ૨૭ ના બાકીના સમયગાળામાં રૂ. ૬,૦૦૦ કરોડની સંપત્તિનું મુદ્રીકરણ થવાની ધારણા છે.

નાણાકીય વર્ષ ૨૭ ના બાકીના સમયગાળામાં રૂ. ૬,૦૦૦ કરોડની સંપત્તિનું મુદ્રીકરણ થવાની ધારણા

કેન્દ્ર સરકારે કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસોની વધારાની અને ઓછી ઉપયોગમાં લેવાતી જમીન અસ્કયામતોના મુદ્રીકરણને નોંધપાત્ર પ્રાથમિકતા આપી છે. કોર્પોરેશનનો પ્રયાસ પારદર્શક, માળખાગત અને સ્પર્ધાત્મક પ્રક્રિયાઓ દ્વારા જાહેર અસ્કયામતોના આર્થિક મૂલ્યને બહાર લાવવાનો છે, સાથે જ તેનો ઉત્પાદક ઉપયોગ સુનિશ્ચિત કરવાનો છે.

હાલ બીએસએનએલ, એમટીએનએલ, આઈટીઆઈ અને રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડ એવી કેટલીક કંપનીઓ છે જેની અસ્કયામતો મુદ્રીકરણની પ્રક્રિયા હેઠળ (પાઇપલાઇનમાં) છે. આ એવા કેસો છે જ્યાં કોર્પોરેશને એ તમામ કામ પૂર્ણ કરી લીધું છે. તેણે મૂલ્યાંકન (વેલ્યુએશન) પૂર્ણ કરી લીધું છે અને ચૂકવણી પણ ઉપલબ્ધ છે.

કોર્પોરેશન અસ્કયામતોના મુદ્રીકરણ માટે ટેલિકોમ, સ્ટીલ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ સહિતના વિવિધ સરકારી વિભાગો સાથે પણ ચર્ચા કરી રહ્યું છે.

નેશનલ લેન્ડ મોનેટાઇઝેશન કોર્પોરેશન એ સંપૂર્ણપણે કેન્દ્ર સરકારની માલિકીની કંપની છે, જે નાણાં મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઇઝિસના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે. તેની સ્થાપના કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો અને અન્ય સરકારી એજન્સીઓની વધારાની જમીન અને મકાન અસ્કયામતોનું મુદ્રીકરણ હાથ ધરવા અને તેને સરળ બનાવવા માટે કરવામાં આવી હતી.





ગુજરાત સમાચાર

હિસાબ અને કિતાબ

આમ તો આજે રમા એકાદશી છે. આજથી દીપોત્સવીના તહેવારોનો આરંભ થઈ ગયો છે. ખરેખર તો અમાસની ગાઢ અંધકારમય રાત્રિને અયોધ્યાના નગરજનોએ પ્રાચીન કાળમાં એના રાજકુમાર રામના વનવાસ પછીના પુનરાગમનને વધાવવા જે દીવડાઓનો ઝળહળ અંબાર રજૂ કરી નક્ષત્રોને પોતાના ઝરૂખે ને આંગણે અવતાર્યા તેનું દરેક દીપોત્સવ એક ઐતિહાસિક પુનરાવર્તન છે. જગતમાં કોઈની પણ સામે ફરિયાદ વિનાના મહાપુરુષ તરીકેની જીવનલીલાને કારણે દેવપદ સુધી પહોંચેલા છે રામ. રામના સમકાલીન તપસ્વી વાલ્મીકિએ એમને સર્વોત્તમ મનુષ્ય તરીકે આલેખ્યા છે. પછીથી તુલસીદાસે રામના સત્ ચરિત્રને વિરાટ ફલક પર છતાં લાઘવમાં રાઘવના નવ્યતમ ગુણસંપુટનત્પ્રગટ કરી આપેલા છે. મધ્યકાળના અંધકારયુગમાં તુલસીવાણીએ જ રામરસધારા ભારતીય પ્રજામાં વહેતી રાખીને સામુદાયિક આત્મોન્નતિનો પથ સુગમ કરી આપેલો છે. ગુજરાતીઓ માટે ધનતેરસ જેમ લક્ષ્મીપૂજનનું પર્વ છે એમ દીપોત્સવ પણ રિદ્ધિ-સિદ્ધિ માટેની ઉપાસનાનું મહાપર્વ છે.

મહાજાતિ ગુજરાતી જે કેટલીક વિશિષ્ટ બાબતોમાં વખણાય છે તેમાં એક છે એના હિસાબ-કિતાબ. જો કોઈ ઈતર રાજ્યનો નાગરિક આ સાંભળે અને સમજે તો ખોટું એમ પણ સમજે કે ગુજરાતીઓ બહુ ગ્રંથરસિયા હશે ને બહુ કિતાબો વાંચતા હશે. હકીકતમાં હિસાબ-કિતાબ એ ષષ્ઠી તત્પુરુષ સમાસ છે, જેનો અર્થ થાય છે હિસાબની કિતાબ. ગુજરાતી પ્રજા ભવ્ય વાંચનસુખથી વંચિત છે. એટલે કે એની પુસ્તકોની દુનિયા અલ્પવાંચનગ્રસ્ત છે. પરંતુ હિસાબની કિતાબ વાંચવામાં તેઓ એક્કા છે. તેઓ હવામાં સરવાળા અને બાદબાકી કરી શકે છે. અડધિયા, દોઢા કે અઢિયા માટે એમને પાટી-પેનની જરૂર નથી. ગુજરાતી શબ્દનો અર્થ વેબસ્ટર ડિક્શનરી આપે છે કે આ એક વર્લ્ડ વાઈડ બિઝનેસ કોમ્યુનિટી છે. જૂની પેઢી હવે આથમવા આવી છે અને નવી પેઢીમાં કોઈક વીરલા જ કેલ્કયુલેટર વગર પગલાં ભરી શકે છે. તો પણ ગુજરાતીઓ જે રીતે હવામાંથી ધંધો સુંઘી શકે છે એ તાકાત મારવાડ સિવાય ભાગ્યે જ બીજે જોવા મળે.

જગતમાં સંખ્યાબંધ એવા બિઝનેસ છે જેનો ગુજરાતીઓએ પહેલીવાર ઊઘાડ કર્યો હોય. હજુ પણ લોકોના અનેક કડવા અનુભવો હોવા છતાં સરેરાશ ગુજરાતી વેપારી વચનનો પાકકો છે. બિઝનેસ જાય, નફો જાય, અરે મૂડી પણ જાય, પણ વચન ન જાય. એવા અસ્સલ ગુજરાતીઓને વંદન કરવાનો આજનો દિવસ છે કે એમણે આપણી શાખ જાળવી રાખી છે. એવું નથી કે ગુજરાતી લક્ષ્મીનો દાસ છે, પરંતુ લક્ષ્મી એને પ્રિય છે. ત્રેવડ ત્રીજો ભાઈ એવી જે કહેવત છે એમાં ત્રેવડ એટલે નાણાંશક્તિ. બેન્ક બેલેન્સ છલકાયેલા હોય એ દરેક ગુજરાતીનું સર્વકાલીન સ્વપ્ન હોય છે. સંયોગોને કારણે કદાચ ગુજરાતી પ્રજાની એક કેડર ગરીબ હોઈ શકે છે, પરંતુ એ નિર્ધન ન હોય. નાનામાં નાના માણસ પાસે એનું પોતાનું સ્પષ્ટ બજેટ હોય છે. આસમાની અને સુલતાની એમ અનેક આપત્તિઓ આવ્યા પછી પણ ગુજરાતી માનસમાં જે ગોડગિફ્ટેડ ફાઈનાન્સિયલ સોફ્ટવેર છે એ સલામત છે.

દેવોની અને દેવીઓની પૂજા સાથે હિસાબવહીઓનું પણ પૂજન એ આપણા વિશિષ્ટ સંસ્કાર છે. વિક્રમના આવનારા નવા વરસ માટેના હિસાબના કોરા કડાક ચોપડાઓનું અબિલ-ગુલાલ-કંકુથી દેવચરણે ધરીને પૂજન કરવામાં આવે છે. એમાં સહુ પ્રથમ શ્રી સવા લખવામાં આવે છે. એનો અર્થ છે કે અમારો વેપાર સવાયો થજો જેથી નફો પણ આપોઆપ સવાયો થાય. સારા વેપારીનો ચોપડો એટલે કે એકાઉન્ટ બુક્સ ચિત્રગુપ્તના ચોપડા જેવી પારદર્શક હોય છે. એકાઉન્ટ કોમ્પ્યુટરોમાં રૂપાંતરિત થઈ ગયા તો પણ સૂક્ષ્મ અર્થમાં તો એ હિસાબની કિતાબ જ છે. જે જમાનામાં દુનિયાભરનાં બંદરો પર મહાન ગુજરાતી વેપારીઓના વાવટા ફરકતા હતા અને હાલારના બંદરોથી છેક આફ્રિકાના કિનારાઓ સુધી સામુદ્રિક વ્યાપારની બોલબાલા હતી એ સમયની હિસાબી પ્રણાલિકાઓનું હજુ પણ પાલન કરનારા શ્રીમંતો છે.

વેપારીઓ ખૂબ જ ઉત્સાહથી પોતાની ધનસંપત્તિ વંચિતોના સમુદાય વચ્ચે વહેંચતા હતા. સમાજ પરત્વેની જવાબદારી નિભાવવા માટે જ મહાજનો પહેલી હરોળમાં આવ્યા. દરેક વેપારીઓની કોમ્યુનિટીમાં ઠેર ઠેર તેમના મહાજન હતા. એક સાદી શેતરંજી પાથરીને મહાજન બેસે એટલે ભલભલા વિરાટ કામકાજ માટે રમતા રમતા ભંડોળ એકત્રિત થઈ જાય. ગુજરાતી પ્રજાએ પાછલી સદીમાં અનેક સંકટોમાં મહાજનની હૂંફ મેળવેલી છે. તેમાં અબોલ પશુઓ-પંખીઓ પરત્વેની કરૂણા પણ આવી જાય.

વિદ્યાર્થીનું મન એક ગુર્જરીના સ્નેહભાવથી ભર્યું ભર્યું બની ગયું

મારો ગુજરાતી વીરો અહીં ક્યાંથી ?

કેટલાંક સ્મરણો કદી ભૂંસાતા નથી. સર્જક 'જયભિખ્ખુ' એમના જીવનકાળમાં વારંવાર ભૂતકાળની સ્મૃતિઓમાં વિહાર કરતા પોતાના અનુભવોની રસલહાણ કરાવતા હતા.

એમના વિદ્યાર્થીકાળ સમયે ગ્વાલિયર પાસે આવેલી શિવપુરી સંસ્થામાં એ અભ્યાસ કરતા હતા, ત્યારે જર્મનીથી જૈન વિદ્યાઓનો અભ્યાસ કરવા આવેલા શેરલૉટ ક્રાઉઝે સાથે અનેક સ્થળોનો પ્રવાસ કર્યો. આ જર્મન વિદુષીને સહુ કોઈ 'સુભદ્રાદેવી'ને નામે ઓળખતા અને સુભદ્રાદેવી પોતાના સંશોધનને માટે લાંબા પ્રવાસો ખેડવા પડે કે પછી કેટલાય માઈલો દૂર જઈને ગ્રંથ મેળવવા પડે, તો પણ સહેજે કંટાળો અનુભવતા નહોતા.

શાકાહારી ડૉ. શેરલૉટ ક્રાઉઝે સાથે વિદ્યાર્થી જયભિખ્ખુ મૈસુર રાજ્યમાં થતી દશેરાની ભવ્ય ઉજવણીનો ઉત્સવ જોવા ગયા. સુભદ્રાદેવી આ જોઈને આઘાત પામ્યાં. એમણે પૂછપરછ કરી કે, 'એક રતલ તાર મેળવવા માટે કેટલા કીડાઓનો નાશ કરવો પડે?' ત્યારે એ ઉદ્યોગ સંભાળનારી વ્યક્તિએ ઠંડા કલેજે કહ્યું, 'એનો કોઈ ચોક્કસ આંકડો નથી. માત્ર એને માટે હજારો કીડાઓ જોઈએ.' આ પ્રદર્શન જોઈને બહાર નીકળ્યાં પછી સુભદ્રાદેવી ઊંડા વિચારમાં પડી ગયાં અને એમણે તત્કાળ જીવનભર રેશમ-ત્યાગની પ્રતિજ્ઞા કરી. એટલું જ નહીં, પણ એમની પાસે બે મોટી બેગો ભરાય એટલાં રેશમી વસ્ત્રો હતાં, તેનો પણ કદી ઉપયોગ નહીં કરવાનો નિર્ધાર કર્યો.

વિદ્યાર્થી જયભિખ્ખુને સુભદ્રાદેવીની સંશોધનવૃત્તિ, આચારશુદ્ધિ અને સ્વીકારેલા મૂલ્યને વળગી રહેવાની ચીવટ સ્પર્શી ગયા. એક વાર સુભદ્રાદેવી ઉર્ફે શેરલૉટ ક્રાઉઝે સાથે વિદ્યાર્થી જયભિખ્ખુ જગન્નાથપુરીની યાત્રા કરી ભુવનેશ્વરનાં દર્શને ગયા. ત્યાંથી ખંડગિરિ અને ઉદયગિરિનો યાત્રાપ્રવાસ પૂરો કરી ચેન્નાઈ જવા માટે ગાડી પકડવાની હતી. બે-ત્રણ ટ્રેન પસાર થાય તેવું નાનકડું સ્ટેશન અને એની બાજુમાં સાવ નાનકડું ગામડું હતું. જર્મન વિદુષી ડૉ. ક્રાઉઝે નિરાભિષાહારી હતાં, એમણે તો ફળફળાદિ આરોગીને ભોજન પતાવી લીધું, પણ વિદ્યાર્થી જયભિખ્ખુની ફળફળાદિથી કઈ રીતે ભોજનતૃપ્તિ થાય? આથી એ આ નાનકડા ગામમાં ભોજનની ખોજમાં નીકળ્યા.

ગામની હોટલમાં તો માંસાહારી ભોજન મળતું હતું અને શાકાહારી દુકાનોમાં પણ આગળ માછલીના ઢગના ઢગ પડ્યા હોય. આથી આખરે કેળાં ખાઈને કકડીને લાગેલી ભૂખની આગને ઓલવવાનો વિચાર કર્યો.

એક દુકાને જઈને ભાવ પૂછ્યો, તો કેળાં વેચનારી સ્ત્રીએ વળતું પૂછ્યું કે એકાદ કેળું લેવું છે કે વધારે લેવાં છે? પણ વિદ્યાર્થી જયભિખ્ખુ એની ભાષા સમજે કઈ રીતે? કેળાં વેચનારી તો વિદ્યાર્થીને વારંવાર એ જ પ્રશ્ન પૂછવા લાગી. વિદ્યાર્થી જયભિખ્ખુ મૂંઝાયા. કરવું શું? આવી માથાકૂટ ચાલતી હતી, ત્યાં પાછળથી એક મીઠો અવાજ આવ્યો,



'ભાઈ, તમારે શું લેવાનું છે?'

જ્યાં ગુજરાતનું પંખી જોવાનું પણ દુર્લભ હતું, ત્યાં આવી મીઠી, શુદ્ધ ગુજરાતી વાણી ક્યાંથી? એક સફેદ ધોતી પહેરેલી શ્યામ વર્ણની, સુરેખવદના યુવતી હતી. વિદ્યાર્થી જયભિખ્ખુએ ઉછળતા ઉત્સાહ અને પરમ આશ્ચર્ય સાથે પૂછ્યું,

કોઈ જૂઠોં કા સૌદા કરતા બૈઠા રહા,
મૈં સચ લેકર શામ તક બૈઠા રહા.

'શું તમને ગુજરાતી આવડે છે?'

એના શ્યામ મુખમાંથી શ્વેત દંતપંક્તિ વીજળીની માફક ચમકી ઊઠી અને એ હસતાં હસતાં બોલી, 'ગુજરાતી કેમ ન આવડે? હું તો ગુજરાતી છું.' યુવતીનું શ્યામ સૌંદર્ય વિલસી રહ્યું, પરંતુ વિદ્યાર્થી

સ્ત્રીએ સાહજિક વાણીમાં કહ્યું, 'તો જુઓ, આસપાસ આટલી બધી દુકાનો છે. બસ, ખાઓ-પીઓ.' વિદ્યાર્થી જયભિખ્ખુએ કહ્યું, 'ના, પણ હું તો શાકાહારી છું અને અહીંની શાકાહારી દુકાનોમાં માંસ-માછલી વેચાય છે. ત્યાં મારાથી ખાઈ શકાય નહીં.'

જયભિખ્ખુને એ સમયે શ્યામ રંગમાં સૌંદર્ય દેખાતું નહોતું. વળી એના સૌંદર્યનું વિશ્લેષણ કરે એવી એમની સ્થિતિ પણ નહોતી.

વિદ્યાર્થી જયભિખ્ખુના પ્રશ્નમાં રહેલા સંદેહને પારખીને એ યુવતીએ કહ્યું, 'તમારે શું જોઈએ છે? કેટલાં કેળાં લેવાં છે?'

ભૂખ્યા વિદ્યાર્થીએ કહ્યું, 'કેળાં તો ઠીક, પણ મારી ઈચ્છા તો ભોજન કરવાની છે.'

પેલી સ્ત્રીએ સાહજિક વાણીમાં કહ્યું, 'તો જુઓ, આસપાસ આટલી બધી દુકાનો છે. બસ, ખાઓ-પીઓ.'

વિદ્યાર્થી જયભિખ્ખુએ કહ્યું, 'ના, પણ હું તો શાકાહારી છું અને અહીંની શાકાહારી દુકાનોમાં માંસ-માછલી વેચાય છે. ત્યાં મારાથી ખાઈ શકાય નહીં.'

'ના, એવું નથી. અહીં માંસની અને મચ્છીની દુકાનો જુદી જુદી છે. મચ્છીની દુકાને માંસ ન મળે. માંસની દુકાને બંને મળે. માછલી અહીં શાકાહાર ગણાય છે.'

યુવતી ચીપી ચીપીને ગુજરાતી બોલતી હતી અને શબ્દેશબ્દથી પોતાના ગુજરાતીપણાની છાપ પર મહોર લગાવતી હતી. જાણે પોતે ગુજરાતી છે એની પાકી ખાતરી કરાવવા ચાહતી ન હોય !

વિદ્યાર્થી જયભિખ્ખુ આશ્ચર્યથી બોલી ઊઠ્યા, 'અરે ! માછલી શાકાહારમાં કઈ રીતે? અજાયબ દુનિયા છે આ !'

યુવતી દુકાને લઈ ગઈ. દુકાનના થડા પર એ પ્રદેશના રહેવાસી જેવો પુરુષ બેઠો હતો. દુકાનની આગળના ધૂળ-કાદવમાં એક છોકરી રમતી હતી. યુવતીએ એ પુરુષને એની ભાષામાં કહ્યું. એને સારા શબ્દો કહ્યા હશે, તેથી પેલા પુરુષે જૂનો ચાકળો કાઢીને આ વિદ્યાર્થીને બેસવા માટે આપ્યો. એ ચાકળા પર મેના-પોપટનું ગુજરાતી ભરતકામ કરેલું હતું.

પુરુષને ભાંગી-તૂટી થોડી હિંદી આવડતી હતી અને તેથી એની સાથે વાતો શરૂ કરી. સારાંશમાં એટલું સમજાયું કે પુરુષનું નામ શિવલિંગમ્ હતું. એની પત્નીનું નામ હીરા અને પુત્રીનું નામ પાર્વતી હતું.

આ વિદ્યાર્થીને એ જાણવાની પ્રબળ જિજ્ઞાસા જાગી કે આ લંકાની લાડી અને ઘોઘાનો વર, એ બંને ક્યાં અને કેવી રીતે મળ્યાં? પરંતુ શિવલિંગમ્ વિદ્યાર્થીના આ પ્રશ્નને બરાબર સમજી શક્યા નહીં. એમણે કંઈક ઉત્તર આપ્યો, તે આ વિદ્યાર્થીને સમજાયો નહીં. વિદ્યાર્થીનું રહસ્ય અકબંધ રહ્યું. થોડી વારે હીરાએ જમવા માટે બોલાવ્યા. વિદ્યાર્થી વિચારવા લાગ્યો કે સહરાના રણમાં માણસને મીઠી વીરડી લાધે, એવી રીતે એને આ ભોજન મળી ગયું.

ભોજન કરતી વખતે વિદ્યાર્થીના મનમાં શંકા પણ જાગી કે આ કોઈ ચાલાક સ્ત્રી તો નહીં હોય ને, જે એને ફસાવવા માગતી હોય ! કદાચ આ હોટલ માટે ગ્રાહક મેળવવાની કોઈ નુસખાબાજ નારી તો નહીં હોય ને ! પરંતુ ભૂખ એટલી હતી કે આ સઘળી શંકાઓ જઠરાગ્નિની આગમાં સળગીને ભસ્મ થઈ ગઈ. વળી યુવતીના ચહેરા પરના વહાલને જોતાં આવું વિચારવું ઉચિત લાગ્યું નહિ. એના હાથમાં નાળિયેરનાં પાનનો પંખો હતો અને વિદ્યાર્થીના ભોજન પર માખી બેસે નહીં, એ માટે એનાથી માખીઓ ઉડાડતી હતી. એના ચહેરા પર ઊમટી રહેલા સ્નેહને જોઈને એમ લાગ્યું કે ખરેખર આ યુવતી ગુજરાતની હશે અને એને જોઈને પોતાના પ્રિય વતનની યાદ આવી ગઈ હશે. ભોજન કરતાં કરતાં વિદ્યાર્થી જયભિખ્ખુએ પૂછ્યું, 'હીરાબહેન, તમે ગુજરાતમાં ક્યાંના?'

'સુરત તરફનાં.'

'પણ અહીં ક્યાંથી?'

'કૉલકાતામાં રહેતી હતી. ગરીબ ઘરની હતી. આ શિવલિંગમ્ સાથે મારું નસીબ જોડાયું હશે એટલે અહીં આવી પડી. સંસારમાં લેણ-દેણ મોટી વસ્તુ છે. પરભવનું શિવલિંગમ્ સાથે મારે કોઈ દેવું હશે.'

'તમને ગુજરાત સાંભરે છે?'

'ભાઈ, ગુજરાત જેવો દેશ ક્યાં થવો છે? ગુજરાતી જેવા માણસો ક્યાં થવા છે? આ બધા તો જુઓ ને...'

અને આટલું બોલીને એણે પોતાની આસપાસ વસતા લોકોની ટીકા કરવા માંડી. વિદ્યાર્થી જયભિખ્ખુએ નિરાંતે પેટપૂજા કરી અને પૂછ્યું, 'ભોજનના કેટલા પૈસા થયા?' ત્યારે શિવલિંગમે પત્ની તરફ જોયું.

હીરાએ કહ્યું, 'કંઈ લેવાનું નથી.'

'એમ ન બને.'

'મારો ગુજરાતી વીરો અહીં ક્યાંથી?' હીરા આ શબ્દો ચીપી ચીપીને બોલી, પણ એમાં એનો ભારોભાર સ્નેહ નીતરતો હતો.

'લેવા જ જોઈએ, એમ ન ચાલે.'

હીરાએ કહ્યું, 'ફરી આવશો ત્યારે લઈશ. અત્યારે બોલો તો આ દીકરીના સમ છે.'

વિદ્યાર્થીને સમજાયું નહીં કે આ ખાલી શબ્દો હતા કે અખૂટ સ્નેહની વર્ષા હતી? એની આંખના ખૂણા ભીના થઈ ગયા.

હવે શું કરવું તેના વિચારમાં હતા. પાકીટમાં ત્રણ રૂપિયા હતા, તેમાંથી બે રૂપિયા નાની પાર્વતીના હાથમાં મૂકી દીધા. હીરાએ એ લઈને પાછા આપ્યા.

વિદ્યાર્થી જયભિખ્ખુએ કહ્યું, 'મને ભાઈ ગણતા હો તો ના ન પાડો. ના પાડો તો ભાઈના સમ.'

હીરાના શ્યામ ચહેરા પર અજબ ભાવ ઊપસી આવ્યા. એણે સમ આપ્યા હોવાથી અનિચ્છાએ આ રકમ સ્વીકારી. એ સમયે બે રૂપિયા એ સામાન્ય રકમ ન હતી.

વિદ્યાર્થી જયભિખ્ખુએ સ્ટેશને મૂકવા માટે શિવલિંગમ્, હીરા અને પાર્વતી ત્રણેય આવ્યાં. એ ગાડીમાં બેઠો ત્યારે બાજુમાં બેઠેલા કેટલાક ગ્રામજનોને શિવલિંગમે હીરાના ભાઈ તરીકે આ વિદ્યાર્થીની ઓળખ આપી અને રસ્તામાં સંભાળ લેવાની તાકીદ કરી, સાથે એ પણ કહ્યું કે તેઓ શાકાહારી છે, પણ માછલી ખાતા નથી. ગાડી ઊપડી, શિવલિંગમે 'આવજો' કહ્યું, હીરાની આંખમાં આંસુ હતાં અને આ વિદ્યાર્થીનું મન એક ગુર્જરીના સ્નેહભાવથી ભર્યું ભર્યું હતું!

પ્રસંગકથા

ગરીબ અને અમીર વચ્ચેની ખાઈ વધુ મોટી થઈ રહી છે

જહોની માંડ માંડ બસમાં ચડ્યા. બસ પેસેન્જરોથી ખીચોખીચ ભરેલી હતી, આથી જ બસમાં ચડવાનો પાઈપ પકડીને માંડ માંડ ચડી શક્યા. બસ આગળ ચાલી અને પેસેન્જરો ઊતરવા લાગ્યા.

એવામાં એમની નજર બસની વચ્ચેની ત્રણ ખાલી સીટ પર ગઈ. એ સીટ પર બેસવા ગયા, પરંતુ એના પર લખેલી સૂચના વાંચીને ઊભા રહી ગયા. એ સીટને એનો ડાંડો પકડીને જોરથી હલાવવા લાગ્યા.

જહોનીના આવા વર્તનને જોઈને કંડક્ટરને આશ્ચર્ય થયું. એને થયું કે કોઈ પાગલ માનવી આવી ગયો લાગે છે. એ જહોની પાસે આવ્યો અને બોલ્યો, 'તમે આ શું કરો છો?'

જહોનીએ કહ્યું, 'તમે જે લખ્યું તે કરું છું.'

કંડક્ટર એમની વાત સમજી શક્યો નહીં, તેથી કોપાયમાન થયો અને બોલ્યો, 'આ બસ, કંઈ તમારા બાપની નથી. આ તો જાહેર સંપત્તિ (પબ્લિક પ્રોપર્ટી) ગણાય. એને કોઈપણ પ્રકારનું નુકસાન કરવું તે એક ગુનો છે, સમજ્યા?'

જહોની અકળાયા. એમણે કહ્યું, 'બસ, હવે બોલવાનું બંધ કર. જો આ સીટ પર શું લખ્યું છે? એના પર લખ્યું છે કે - કેવલ હિલાયે -'

કંડક્ટર ખડખડાસ હસી પડ્યો ને બોલ્યો, 'હે ભગવાન ! ઓહ, વાત એમ છે કે એના પર લખેલા 'કેવલ મહિલાયેં' શબ્દોમાંથી 'મ' અક્ષર કોઈ તોફાનીએ કાઢી નાખ્યો છે.'

- આ વાત અમને એટલા માટે યાદ આવી કે આજે 'કેવલ હિલાયે'ની માફક ગરીબો માટે યોજનાઓ જાહેર કરવામાં આવે છે, પણ એ યોજનાનો લાભ ગરીબો સુધી ઓછો પહોંચે છે. બીજી બાજુ હકીકત એ છે કે આ દેશમાં ગરીબ અને અમીર વચ્ચેની ખાઈ વધી રહી છે. એક બાજુ દેશમાં એકસો કરોડથી વધુ વાર્ષિક આવક ધરાવતા લોકોની સંખ્યા ચાર ગણી થઈ ગઈ છે, તો બીજી બાજુ અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ પણ ઘણી વધી રહી છે.

અમીર અને ગરીબ વચ્ચે શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓમાં પણ ઘણો ભેદ જોવા મળે છે. બેકારી, નોકરીની તકોનો અભાવ અને વસ્તીવધારો એ પણ ગરીબાઈની આગમાં ઘી હોમે છે. અમીર વધુ અમીર થાય અને ગરીબ વધુ ગરીબ બને, તેવો ઘાટ રચાયો છે!

શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસમાં ૨૯૦૦ પોઈન્ટનો ઉછાળો

'આજ દિવાળી, કાલ દિવાળી મારે દિવાળી થઈ રોજ...' જેવો માહોલ

સોમવારે ૨ નવેમ્બરના રોજ સેન્સેક્સ ૧,૨૩૩.૨૫ પોઈન્ટ અને ૩ નવેમ્બરે વધુ ૧,૨૨૫.૦૭ પોઈન્ટ વધ્યો હતો. બુધવારે બજાર બંધ થયું ત્યારે સવારના સત્રમાં તેમાં ૪૦૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, જેનાથી ત્રણ સત્રોમાં કુલ મેળવેલો લાભ લગભગ ૨,૯૦૦ પોઈન્ટ થઈ ગયો હતો. શેરબજારમાં પોઝિટિવ વાતાવરણ જોવા મળી રહ્યું છે. બજારે છેલ્લા કેટલાંક સત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, અને મહિનાઓના સતત



વેચાણ પછી વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાં પાછા ફરતાં સેન્સેક્સમાં લગભગ ૨,૯૦૦ પોઈન્ટનો ઉછાળો આવીને બજારમાં જોરદાર વાપસી થઈ છે. સંસ્થાકીય પ્રવાહમાં આવેલો આ ફેરફાર બજારના સેન્ટિમેન્ટમાં સુધારા પાછળનું સૌથી મોટું પરિબળ બનીને ઊભરી આવ્યું છે, જેમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) નેટ ખરીદદાર બન્યા છે અને હેવીવેઈટ શેરોમાં તેજીને વધુ ને વધુ ટેકો આપી રહ્યા છે.

ભગવાન રણછોડરાયજીના મંદિરમાં સવારના મંગળા દર્શનની આરતીની પહેલી કડી કહે છે કે, 'આજ દિવાળી, કાલ દિવાળી, મારે દિવાળી થઈ રોજ હરિ મુખ જોવાને...' તેનો અહીં ઉલ્લેખ કરવો પ્રસ્તુત બને છે. શેરબજારના રોકાણકારો દિવાળીના તહેવારોમાં રોજ તેજીના દર્શન કરી રહ્યા છે.

જે વિદેશી રોકાણ એક સમયે બજાર તોડવામાં ખલનાયક સાબિત થયું હતું, તે આજે ફરી યુ-ટર્ન મારીને પરત આવતાં બજારમાં નાયક સાબિત થઈ રહ્યું છે. આ રિકવરી એવા સમયે આવી છે જ્યારે વિદેશી રોકાણકારોના આઉટફ્લો (નાણાં પાછાં ખેંચવા) અંગેની ચિંતાઓ ભારતીય ઈક્વિટી પર દબાણ કરી રહી હતી. પરંતુ તાજેતરના આંકડા દર્શાવે છે કે વેચાણનું દબાણ ઘટી રહ્યું છે, જેમાં એફઆઈઆઈ માત્ર ખરીદદાર તરીકે પાછા જ નથી ફર્યા, પરંતુ પોતાની ખરીદી પણ વધારી રહ્યા છે.

નિફ્ટીએ પણ તેની રિકવરી જાળવી રાખી છે, જે સોમવારે ૨૩,૪૪૦.૮૦ અને મંગળવારે ૨૩,૮૧૦.૮૫ પર બંધ થયા બાદ ૨૩,૮૦૦ની સપાટીથી ઉપર પહોંચી ગયો છે. આ તેજીને અપેક્ષા કરતાં સારા કોર્પોરેટ કમાણીનાં પરિણામો, ક્રૂડ ઓઈલના ઘટતા ભાવ અને વૈશ્વિક સેન્ટિમેન્ટમાં સુધારા દ્વારા ટેકો મળ્યો છે. જોકે સૌથી મહત્ત્વપૂર્ણ ફેરફાર વિદેશી ખરીદીનું પાછું ફરવું રહ્યો છે.

પ્રસંગપટ

મહિનાઓના વેચાણ પછી એફઆઈઆઈ પાછા ફર્યા. છેલ્લા સંસ્થાકીય પ્રવાહના આંકડા વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિમાં સ્પષ્ટ સુધારો દર્શાવે છે.૩ નવેમ્બરે, એફઆઈઆઈ ભારતીય ઈક્વિટીમાં રૂ. ૬,૮૩૬.૮૧ કરોડના નેટ ખરીદદાર હતા. આ ૨ નવેમ્બરે રૂ. ૩,૧૧૪.૬૮ કરોડની નેટ ખરીદી પછી આવ્યું હતું. તેમણે ૩૦ ઓક્ટોબરે પણ રૂ. ૩,૫૯૮.૫૪ કરોડના શેર ખરીદ્યા હતા. એકસાથે, એફઆઈઆઈએ માત્ર આ ત્રણ સત્રોમાં જ લગભગ રૂ. ૧૩,૫૫૦ કરોડની ઈક્વિટી ખરીદી હતી.

'હવે બજારના મૂડમાં એક સ્પષ્ટ ફેરફાર જોવા મળી રહ્યો છે. વિદેશી રોકાણકારોના પરત ફરતાં જ બજારના માળખાને પણ બદલી નાખ્યું છે. બજારનો મૂડ બદલનાર મુખ્ય પરિબળ ભારત પ્રત્યે એફઆઈઆઈના વલણમાં અચાનક આવેલો ઉલટો ફેરફાર છે. એફઆઈઆઈ દ્વારા સતત કરવામાં આવતું વેચાણ છેલ્લા બે વર્ષથી બજાર પર દબાણ કરી રહ્યું હતું. આ સ્થિતિ હવે બદલાઈ રહી છે. છેલ્લા છ ટ્રેડિંગ દિવસોમાંથી પાંચ દિવસમાં એફઆઈઆઈ બજારમાં ખરીદદાર રહ્યા છે. તેમણે રૂ. ૧૮,૬૬૧ કરોડના શેર ખરીદ્યા છે.

'તાજેતરના તીવ્ર ઉછાળા પછી બજારનું માળખું હકારાત્મક પરંતુ સહેજ ખેંચાયેલું (સ્ટ્રેચ્ડ) રહે છે. મજબૂત એફઆઈઆઈ ઈનફ્લો સેન્ટિમેન્ટને ટેકો આપવાનું ચાલુ રાખે છે, જોકે બેંક નિફ્ટીની તેની મુવિંગ-એવરેજ અડચણોને પાર કરવાની અસમર્થતા અને નિફ્ટીમાં પ્રોફિટ બુકિંગનો ભય સ્વીકાર્ય સાવચેતીની માગ કરે છે. ટ્રેડર્સ અન્ય સતત ઉપર તરફના તબક્કાની અપેક્ષા રાખતાં પહેલાં નવી ખરીદીની પુષ્ટિ માટે જોઈ શકે છે,' એમ નિષ્ણાતો માને છે. અમેરિકામાં મિડ-ટર્મ પોલનાં પરિણામો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે નિરાશાજનક આવતાં હવે તેમના દરેક નિર્ણયોમાં બહુમતી ધરાવતા ડેમોક્રેટ્સ વાંધા ઉઠાવી શકશે, જેથી ભારત પર ટેરિફ જેવી તલવાર ટ્રમ્પ વીંઝી નહીં શકે.

રશિયા અને યુક્રન વચ્ચેનું યુદ્ધ તેમજ ઈરાન- ઈરાક વચ્ચેનું યુદ્ધ હવે સમાધાનના પંથે જોવા મળતાં જ બજારોમાં તેજીનો ચમકારો જોવા મળ્યો હતો.

એક સમયના ખલનાયક વિદેશી રોકાણે યુ-ટર્ન લેતાં જ બજારમાં ચમકારોઃ અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પના ધબડકાની પણ અસર

ધનતેરસે સાવરણીની વિશાળ પ્રતિમાનું લોકાર્પણ

મંત્રીશ્રીએ સેક્રેટરીશ્રીને આદેશ કર્યો. 'જુઓ, અમારી તો સરકાર જ ઉત્સવો અને ઉજવણીઓની સરકાર છે. આ વખતે મારો ઈરાદો છે કે ધનતેરસની ઉજવણી જરા વધારે ધામધૂમથી કરવી છે.'

સેક્રેટરીશ્રી ચોંકી ઉઠતાં કહે, 'સર, આપે તો મંત્રીપદ સંભાળ્યા પછી આપની તો બારેય મહિના રોજેરોજ ધનતેરસ જ હોય છે. પણ આ ધનતેરસને દિવસે કલેક્શનનો ખાસ ટાર્ગેટ રાખવો છે કે શું?'

મંત્રીશ્રી જરા શરમાવાનો ડોળ કરીને કહે, 'અરે તમે પણ કેમ વિપક્ષ જેમ હું કાયમ ધમધોકાર ધન પ્રાપ્તિનું જ વિચારું છું તેમ માનો છો? આઈ એમ સિરિયસ. આ વખતે મારે ખરેખર ધનતેરસની લોકલક્ષી ઉજવણી કરવી છે.'

સેક્રેટરી હસતાં હસતાં કહે, 'જેમને પોસાય તે લોકો ધનતેરસે સોનાની ખરીદી અચૂક કરે છે. પણ તમારે એમ જાહેરમાં તો સોનાની ખરીદી કરાય તેવી નથી. બાકી તમારે તો આખાને આખા શો રુમો જ લઈ લેવા પડે. બાકી જેમને નથી પોસાતું તેઓ સાવરણીની ખરીદી કરે છે, પણ હવે તમે મંત્રી થઈને સાવરણી ખરીદવા જશો તો કેવું લાગશે?'

અગડમ્ બગડમ્

બાબા આદમ

મંત્રીશ્રીને ઝબકારો થયોઃ 'હું સાવરણીની ખરીદી ન કરી શકું, પરંતુ સાવરણીનું લોકાર્પણ તો કરી શકું ને?'


સેક્રેટરી ચોંક્યા. 'હેં? સાવરણીનું લોકાર્પણ? શું તમે ગરીબોને સાવરણી આપવા માગો છો? પરંતુ ગરીબોનાં તો એવાં ઘર જ નથી હોતાં કે તેને સાફ કરવા સાવરણીની જરુર પડે.'

મંત્રીશ્રી ચિઢાઈને કહે, 'અરે ના... હું એવું નાનું નાનું વિચારતો જ નથી. મારું વિઝન બહુ વિરાટ અને ઊંચું હોય છે. હું તો કહું છું કે શહેરના ચોક વચ્ચે સાવરણીની વિશાળ પ્રતિમા બનાવવામાં

સાવરણીની વિશાળ પ્રતિમા પર મંત્રીશ્રી લટકી જતાં તમાશો

આવે. હું એનું લોકાર્પણ કરી પ્રજાને સ્વચ્છતા જાળવવાનો સંદેશ આપીશ.'

સેક્રેટરીશ્રી તો આ આઈડિયાથી આભા થઈ ગયા. તત્કાળ આદેશો છૂટ્યા. રાતોરાત યુદ્ધના ધોરણે શહેરના ચોકમાં સાવરણીની અતિ વિશાળ કદની પ્રતિમા બનાવાઈ. કદાચ આ જગતની સૌથી ઊંચી સાવરણી હોવાનો વિક્રમ છે એવો પ્રચાર પણ થયો.ધનતેરસના દિવસે મંત્રીશ્રી દ્વારા સાવરણીની પ્રતિમાને હાર પહેરાવી લોકાર્પણ માટે હાઈરાઈઝ



બિલ્ડિંગમાં આગ બૂઝવવા માટે વપરાતી વિશાળ સ્નોર્કેલ મગાવવામાં આવી. મંત્રીશ્રી બહુ ઉત્સાહમાં સાવરણીની પ્રતિમા પર વિશાળ પુષ્પહાર ચઢાવવા આગળ નમ્યા તેમાં તેમણે બેલેન્સ ગુમાવ્યું અને સ્નોર્કેલના ટોપલી જેવા કેજમાંથી પટકાઈને હાર સાથે જ સાવરણી પર લટકી ગયા.

'સાવરણી પર કચરો ચોંટ્યો... સાવરણી પર કચરો ચોંટ્યો...' એવા પોકારો નીચે જામેલાં ટોળામાંથી થતાં હસાહસ થઈ ગઈ. સાવરણીની ટોચે લટકી રહેલા મંત્રીશ્રીને બધું સંભળાયું ખરું, પણ કોણ બોલ્યું ને કોણ હસ્યું તે બરાબર દેખાયું જ નહીં. રડું રડું થતા મંત્રીશ્રીને ફાયરબ્રિગેડે સહીસલામત નીચે ઉતાર્યા. એ પછી મંત્રીશ્રીએ નીચે આવીને જાહેર કર્યું કે, 'પ્રજાના દિમાગમાં બહુ ગંદકી ભરેલી છે. આ પ્રજા આવી વિરાટ સાવરણીને લાયક નથી. આ સાવરણી તત્કાળ તોડી પાડવામાં આવે.'

આદમનું અડપલું

ફટાકડા અને નેતાઓ વચ્ચે સામ્યઃ બંને ધડાકાભડાકા સાથે પબ્લિકનું બે ઘડી મનોરંજન કરે પણ છેવટે તો કચરો, ધૂમાડો અને ઘોંઘાટ જ ફેલાવે છે.

કેમ્પેઈન અને વગના જોરે વાઘ સમાજે 'વાક્બારસ'નું નામ 'વાઘબારસ' કરાવ્યું

જંગલવાસીઓમાં દિવાળીનો તહેવાર બેહદ પોપ્યુલર હતો. જંગલમાં દિવાળીની ઉજવણી એક સપ્તાહ સુધી ચાલતી. અસલના વખતમાં જંગલવાસીઓ વાક્બારસથી ઉજવણીની શરૂઆત કરતા. વાક્ એટલે વાણી. વિશાળ અર્થમાં સર્જનાત્મકતા. મા સરસ્વતીની કૃપાથી સર્જનાત્મકતા મળે છે એટલે જંગલના સૌ સર્જનાત્મક સજીવો એકઠા થઈને માતા સરસ્વતીની પૂજા-આરાધના કરતા. એ સર્જનાત્મક સજીવો જેવા કે કવિઓ, લેખકો, ચિત્રકારો, શિલ્પકારો વગેરે સૌ શાકાહારી સમાજોમાંથી આવતા. માંસાહારી શક્તિશાળી સમાજ આવી સર્જનાત્મકતામાં બહુ પડતો નહીં. તેમને રસ પણ નહોતો અને સમય પણ નહોતો.

બીજી તરફ આ ફીલ્ડમાં જેમનો દબદબો હતો એ શાકાહારી સર્જનાત્મક જીવોએ માંસાહારી સમાજો માટે 'પશુ' જેવા શબ્દો પ્રયોજીને કટાક્ષો શરૂ કર્યા. સિંહો પાસે જંગલમાં સત્તાના સૂત્રો હતા એટલે આ સર્જનાત્મક જીવો એને બહુ ટાર્ગેટ કરતા નહીં, પરંતુ સમાજથી અતડા રહેતા વાઘોને સોફ્ટ ટાર્ગેટ બનાવતા. વાઘોને આ વાત બહુ ચચરતી. વાઘો તેમની પછીની જનરેશનના દિમાગમાં પેઢી દર પેઢી આ વાતનું ઝેર ભરતા. આમ ને આમ વર્ષો નીકળી ગયા. જંગલમાં માહોલ બદલાવા લાગ્યો.

વાક્બારસ પછીના દિવસે ધનતેરસ આવતી. પહેલાં સરસ્વતી અને પછી લક્ષ્મી એ ક્રમમાં પૂજા થતી, પણ જંગલમાં દેવી લક્ષ્મીના ભક્તો વધારે હતા. સરસ્વતીના આરાધકો કરતાં લક્ષ્મીના આરાધકોનો માન-મોભો વધારે હતો એટલે ધીમે ધીમે સરસ્વતીની પૂજા ઓછી થતી ગઈ. સર્જનાત્મક જીવો પણ વાક્બારસના દિવસે જોઈએ એટલા સક્રિય

આપનાં તો અઢાર વાંકાં

અષ્ટાવક્ર

રહ્યા નહીં. એ સ્થિતિ જોઈને વાઘોમાંથી કોઈને વિચાર આવ્યો કે આ તહેવારનું નામ વાક્બારસને બદલે વાઘબારસ કરી દેવું જોઈએ. એનાથી વાઘોનો દબદબો

વાઘબારસે બેસ્ટ એટેકિંગ ટાઈગર, બેસ્ટ વાયોલન્ટ એટેક, એટેકર ઓફ ધ યર, લાઈફટાઈમ એટેકિંગ ટાઈગર જેવા એવોર્ડ્સ અપાતા...

વધશે. જંગલવાસીઓને ખબર પડશે કે વાઘો એટલા શક્તિશાળી છે કે તેમના નામે ઓખો દિવસ ઉજવાય છે.

જંગલમાં જેનું પ્રચારતંત્ર મજબૂત હોય એ બધું કરી શકે. બીજો કશો વિચાર કર્યા વગર પ્રચાર કરો - એ સૂત્ર અમલી બનાવતા આવડે એ જંગલવાસીઓ તો સત્તા મેળવી શકતા હતા. વાઘોએ પણ આ સૂત્ર અમલી બનાવીને બરાબર વાક્બારસના દિવસે જ વાર્ષિક સંમેલન યોજવાનું શરૂ કર્યું. શરૂઆતમાં માત્ર વાઘોનું સ્નેહમિલન હોય એ રીતે ઉજવણી થતી. પછી એમાં એવોર્ડ આપવાનું શરૂ કર્યું. બેસ્ટ એટેકિંગ ટાઈગર, બેસ્ટ વાયોલન્ટ એટેક, એટેકર ઓફ ધ યર, લાઈફટાઈમ એટેકિંગ ટાઈગર જેવા એવોર્ડ્સ આપીને જંગલના મીડિયામાં માહોલ બનાવ્યો. વગદાર વાઘોએ આ એવોર્ડની સાથે સાથે હિંસક કુળમાં મોટું નામ ધરાવતા કોઈને મુખ્ય ગેસ્ટ બનાવવાનું શરૂ કર્યું. પછી તો જંગલના સૌ નેતાઓને પણ આમંત્રણ મળવા લાગ્યું એટલે પૂરજોશમાં પ્રચાર થતો. મહારાજા સિંહથી માંડીને સંસ્કારી પાઠશાળાના બગલાભાઈ, રાજા સિંહના ખાસ વિશ્વાસુ અંગત સલાહકાર રીંછભાઈ, સરકારના ઉચ્ચ અધિકારી મગરભાઈ માથાભારેથી લઈને સ્પેશિયલ ટાસ્ક ફોર્સના વડા ટાઈગર ત્રાસદાયક સહિતના સૌ આ ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે આવી ગયા હતા. તે એટલે સુધી કે વિપક્ષના નેતાઓ - સસલાભાઈ, કાચબાભાઈ કકળાટિયા, બારહસિંગાભાઈ અને વાઘણબહેન સુદ્ધાંને શરમ ભરીને કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ બનીને આવવું પડતું.

'જંગલ ન્યૂઝ' જેવા મીડિયામાં અહેવાલો ચાલતા ત્યારે વાઘ સમાજે સારી એવી ગિફ્ટ આપીને આ કાર્યક્રમને 'વાઘબારસ' નામ અપાવી દીધું. ધીમે ધીમે આ શબ્દ ટ્રેન્ડિંગ બનવા લાગ્યો. દર વર્ષે સોશિયલ મીડિયામાં વાક્બારસને બદલે હેશટેગ વાઘબારસથી સેંકડો પોસ્ટ થવા માંડી. નવી પેઢીના જંગલવાસીઓ ભ્રમમાં મૂકાતા હતા. ઘણાં તો વાક્બારસને નકલી નામ અને વાઘબારસને અસલી નામ માનવા લાગ્યા. વાઘોનું જંગલના રાજકારણમાં મહત્ત્વ હતું. ભલે તેમની



વોટબેંક બીજા બધાં પ્રાણી-પંખીઓની તુલનાએ ઓછી હતી છતાં વાઘો માથાભારે હોવાથી તેમની સાથે દુશ્મની કરવાનું કોઈને પોષાય તેમ ન હતું.

વાક્બારસના દિવસે સોશિયલ મીડિયા કેમ્પેઈનના જોરે ભારે પ્રચાર થતો ને એમાં રાજકીય મહત્ત્વના કારણે સૌ નેતાઓ, અભિનેતાઓ, ખેલાડીઓ પણ વાઘસમાજને આ દિવસે વિશેષ શુભેચ્છાઓ પાઠવતા. સિંગર-ડાન્સર હોંશીલી હરણીથી માંડીને ડાન્સર-સિંગર ડોન્કી ડિન્કો, એક્ટર ડોગકુમાર ડ્રામેબાજ, ઉદ્યોગપતિ ગુલામદાસ ગધેડા, ઉદ્યોગ સાહસિક પપ્પુ પોપટ સુધીના સેલિબ્રિટીઝ વાઘબારસની શુભેચ્છા આપતા એટલે જંગલમાં હવે વાક્બારસનો દિવસ લગભગ વિસરાઈ ચૂક્યો હતો. ફિલ્મમેકર મસ્તરામ મોર, કબૂતર કાનાફૂસિયો, હીરજી હંસ જેવા ઘણાં જંગલવાસીઓ સોશિયલ મીડિયામાં અસલના જમાનાનું વાક્બારસનું મહત્ત્વ સમજાવતા, પણ એમાં કોઈને ખાસ રસ ન હતો.

હવે તો વાઘ સમાજે એવી ગોઠવણ કરી હતી કે વાઘબારસનું વાર્ષિક સંમેલન અચૂક રીતે રાજા સિંહની હાજરીમાં જ થતું. તેનાથી જંગલના અખબારો, ટીવી અને સોશિયલ મીડિયામાં આ સંમેલનનું લાઈવ ટેલિકાસ્ટ થતું. રાજા સિંહે દર વર્ષની જેમ આ વર્ષે પણ વાઘસમાજના વખાણ કરતા કહ્યુંઃ 'મારા કાર્યકાળમાં વાઘોની વસતિ ચાર હજારે પહોંચી છે. વાઘોનું આ જંગલમાં અવિસ્મરણીય યોગદાન છે. તેમની શિકારની સ્કિલ બેજોડ છે. હું બાળપણથી એ પદ્ધતિ શીખ્યો હોવાથી મને રાજકારણમાં પણ એ કામ લાગે છે. હું વિપક્ષના નેતાઓ પર વાઘોની સ્ટાઈલથી જ બેરહેમીથી તૂટી પડું છું. આ સ્કિલ વિકસાવવા જેવી છે.'

આ ભાષણ સાંભળીને વયોવૃદ્ધ વડીલ હીરજી હંસે વીડિયો શેર કર્યો, 'એક સમયે આ દિવસે માંસાહારીઓ પર કટાક્ષ કરવાની પરંપરા હતી, આજે ગુણગાન ગાવામાં આવે છે.' આ પોસ્ટ પછી હીરજી હંસને ધમકી આપતા ફોન શરૂ થયા હતા...

આ દિવાળી, તમારા રસોડામાં લાવો સૌથી સારું!

હાઇ-પ્લાય સ્ટેનલેસ સ્ટીલ











સ્ટેનલેસ સ્ટીલ











હાર્ડ એનોડાઇઝ્ડ/સિરામિક









એલ્યુમિનિયમ









તવા









કઢાઈ









ફ્રાઇંગ પેન









કૂક એન સર્વ હાંડી









ઇલેક્ટ્રિકલ પ્રોડક્ટ્સ







દિવાળી ઓફર*

ખરીદી કરો 1	મેળવો 10%
ખરીદી કરો 2	મેળવો 15%
ખરીદી કરો 3	મેળવો 20%

સેમ્પલપટ્ટી પર છૂટ*

સંપૂર્ણ શ્રેણી અને વિગતો જુઓ

Hawkins

વિનસ્ટોરિયા દીઠારી અને ઉપલબ્ધ: MMERUSE. અમદાવાદ અને આજુ વિસ્તાર હોમ એપ્લાયન્સીસ, 9558139364 • અમદાવાદ શ્રી હરિ ટ્રેડિંગ કંપની, 9825460506 • અમદાવાદ મહાલક્ષ્મી પ્લાસ્ટ એજન્સી, 7622887411 • અમદાવાદ પ્રકાશ એજન્સી, 8780908344 • અમદાવાદ ગણેશ ટ્રેડિંગ કંપની, 8866776800 • કે. કે. ટ્રેડિંગ કંપની, 8160301796 • શ્રી ગિરધારી ટ્રેડિંગ કંપની, 8141009424 • અમદાવાદ પ્રજાપતિ પ્લાસ્ટ અને ક્રોકરી, 9428549867 • દક્ષિણ ગુજરાત શ્રી મહિલા પ્લાસ્ટ એજન્સી, 9408034750 • ગોધરા ગણેશ પ્લાસ્ટ એજન્સી, 9924996263 • મહેસાણા વિજય મહાલક્ષ્મી પ્લાસ્ટ એજન્સી, 9428369648 • મોરબી, 9979228842 • ભાવનગર ગિરધારી એજન્સીઝ, 9825085819 • ભાવનગરમાં ગિરિધર પ્લાસ્ટ એજન્સી, 9825089428 • શ્રી અંબિકા ટ્રેડર્સ, 9904203944 • જૂનાગઢ પ્લાસ્ટ એજન્સી, 9374212927 • જૂનાગઢ અંબિકા ટ્રેડિંગ કંપની, 9408671260 • રાજકોટ ધનલક્ષ્મી પ્લાસ્ટ એજન્સી, 9725121860 • જય ગિરનારી પ્લાસ્ટ એજન્સી, 9601098694 • મુળીલા ભગત ભાવા ભાવિક એજન્સી, 7600006834 • કુશિક પ્લાસ્ટિક કંપની, 9426578204 • અમરેલી એજન્સી, 9377110759 • શ્રી મહાલક્ષ્મી પ્લાસ્ટ એજન્સી, 9879567885 • મુળજી ત્રિભુવન એજી., 9909808487 • શ્રી જલારામ ટ્રેડર્સ, 9825815090 • ભાવનગર ટ્રેડિંગ કંપની, 9879661385 • ત્રિભુવન એન્ટરપ્રાઇઝ, 9790326538 • રાજકોટ પ્લાસ્ટ એજન્સી, 9998840121 • મોરબી ભગત ત્રિભુવન પ્લાસ્ટ એજન્સી, 9925604220 • શ્રી કમલ પ્લાસ્ટ એજન્સી, 9426501878 • ગોંડલ પ્લાસ્ટ એજન્સી, 9898904981 • જેતપુર કનકસિંહ, 9825033874 • શ્રી અંબિકા પ્લાસ્ટ એજન્સી, 9712655986 • નવાગઢ શ્રી રામદેવ ટ્રેડિંગ, 8866285486 • શ્રી વિરાટનગર ટ્રેડિંગ, 9904485330 • વાંકાનેર મારૂ મહાલક્ષ્મી પ્લાસ્ટ એજન્સી, 9898953874 • ગોંડલ પ્લાસ્ટ એજન્સી, 8128280748 • વાંકાનેર અંબિકા ટ્રેડિંગ કંપની, 9427937080 • શ્રી ગણેશ પ્લાસ્ટ એજન્સી, 9726653243 • વાંકાનેર વિજયલક્ષ્મી, 9428492689 • નવા બસ્ટર્ન પુનમ ત્રિભુવન એજી., 9427953060 • મોરબી શ્રી ઉમાદેવી પ્લાસ્ટ એજન્સી, 9998401818 • શ્રી અંબિકા ટ્રેડર્સ, 9979851118 • ત્રિભુવન ટ્રેડર્સ, 9825441018 • શ્રી રાજલક્ષ્મી કંપની, 9998719041 • ત્રિભુવન ટ્રેડર્સ, 9429308535 • પાલનપુર શ્રી અંબિકા કંપની ટ્રેડર્સ, 9727980588 • કલ્યાણજી અંબિકા એજ., 9375047408 • ત્રિભુવન રાજપરા પ્લાસ્ટ એજન્સી મહી., 8160230835 • ભાવનગર ગણેશ પ્લાસ્ટ એજન્સી, 9428353085 • કલ્યાણ ભગત શ્રી કાંતિ પ્લાસ્ટ એજન્સી, 9978088721 • ભાવનગર મોટા પ્લાસ્ટ કે ટ્રેડર્સ, 9016987154 • જેતપુરમાં ક્યુચુર ટ્રેડર્સ, 9426044878 • મહુવા, 9727907080 • શ્રી અંબિકા ટ્રેડિંગ કંપની, 9998800986 • ઉનાવાળી ટ્રેડિંગ કંપની, 9978774733 • શ્રી જલારામ ટ્રેડિંગ કંપની, 9016252202 • મોરબી ટ્રેડર્સ, 9601255960 • વાંકાનેરમાં ભગવતી ટ્રેડિંગ કંપની, 8140331055 • દીપક ટ્રેડર્સમાં મહાલક્ષ્મી સાધના ટ્રેડિંગ કંપની, 9879993784 • મુળીલાલ ટ્રેડર્સ, 9904500021 • વાંકાનેર દિવાન ટ્રેડિંગ એજેન્સીસ, 7042516081 • અમરેલી મુળીલા ટ્રેડર્સ, 9664541936 • ભાવનગર મુળજીલા ટ્રેડિંગ એજન્સીઝ, 9033010775 • જામનગર પ્લાસ્ટ એજન્સી, 7984562203 • ત્રિભુવનમાં પ્લાસ્ટ એજન્સી, 9664663525 • જેતપુરમાં શ્રી વાસી એજન્સી એજન્સીસ, 8460142505 • ત્રિભુવનમાં ત્રિભુવન કંપની ટ્રેડિંગ કંપની, 9824613812 • ઉનાવા ભાવનગરમાં નીલકમલ, 9427710572 ભાવનગર કલ્યાણ ટ્રેડિંગ ટ્રેડિંગ કંપ, 7046147751 • ઉનાવા ભગવતી ટ્રેડિંગ કંપની, 9974620188 • ટૂંકી ખરી, મુળજી ખરીદ, કેરળી ટ્રેડિંગ પાસે, ભાવનગર ભાવ વાળા પ્લાસ્ટ એજન્સી, 9924388655 • ભાવનગર ટ્રેડિંગ્સ્ટોર્સ, ભાવનગર ટ્રેડિંગ્સ્ટોર્સની સામે ત્રિભુવન ટ્રેડર્સ, 8000040240 • ત્રિભુવન ટ્રેડિંગ્સ્ટોર્સ પાસ્ટ, ભાવનગર ત્રિભુવન પ્લાસ્ટ એજન્સી ભાવનગર ટ્રેડિંગ ટ્રેડિંગ કંપ, 7041332222 ત્રિભુવન ભાવ ત્રિભુવન મહી, 9428033603 ત્રિભુવન ત્રિભુવન ટ્રેડિંગ કંપની શ્રી ત્રિભુવનદાસ પ્લાસ્ટ એજન્સી, 7600902088 ભાવી ત્રિભુવન એજ., 9974421752 ટ્રેડિંગ પ્રોપ્રા પ્લાસ્ટ એજન્સી, 9824055502 ત્રિભુવન ભગવાન ટ્રેડિંગ કે.કે. ટ્રેડિંગ, 9428048171 • ત્રિભુવન ભગવાન પ્લાસ્ટ ટ્રેડિંગ ટ્રેડર્સ, 7016829960 • ત્રિભુવનમાં ભાવનગર ત્રિભુવન, 9825478948 • ભગવાન ટ્રેડિંગ ભાવ ભાવ પ્લાસ્ટ, 9727721245 ત્રિભુવનમાં ભાવનગર ત્રિભુવન પ્લાસ્ટ ટ્રેડિંગ કંપ્લેક્સ, 9586199655 • ત્રિભુવનમાં ત્રિભુવન ટ્રેડિંગ કં., 9313899433 • ત્રિભુવનની ત્રિભુવનદાસ, 9909888390 • ભાવી ત્રિભુવન ટ્રેડિંગ ભાવિક પ્લાસ્ટ એજન્સી, 9924821188 • ભાવનગર ત્રિભુવન ભાવી ભાવિ, ત્રિભુવનમાં ભાવનગર ત્રિભુવન ટ્રેડિંગ્સ્ટોર્સ, 7984499075 • ત્રિભુવન 21 ભાવની ત્રિભુવન & ભાવિક ટ્રેડિંગ, 9825537520 ત્રિભુવન ત્રિભુવન ભાવિક પ્લાસ્ટ એજન્સી, 9925226015 ત્રિભુવનનગર ભાવિક ટ્રેડિંગ, ભાવનગરિયાનગર ટ્રેડિંગ પ્લાસ્ટ એજન્સી, 9979031101 • ભાવ ભગવાન ટ્રેડિંગ પ્લાસ્ટ ટ્રેડિંગ ટ્રેડિંગ, 8849228600 • ભાવનગર ભાવિક ભાવિક ટ્રેડિંગ ટ્રેડિંગ, 8866548384 ટ્રેડિંગ ભાવ ટ્રેડિંગ ટ્રેડિંગ ભાવિકની ટ્રેડિંગ ટ્રેડિંગ, 9427078027 • ત્રિભુવન ભગવાન ત્રિભુવન ટ્રેડિંગ ટ્રેડિંગ્સ્ટોર્સ, 9016377214 કરી ભાવિનગર ત્રિભુવન ટ્રેડિંગ & ભાવિક ભાવનગર ટ્રેડિંગ, 7698432355 • ત્રિભુવન ટ્રેડિંગ ત્રિભુવની ટ્રેડિંગ, 9924683004 ભાવિક ભાવી ટ્રેડિંગ ભાવની પ્લાસ્ટ, 9427899913 • ત્રિભુવનના ટ્રેડિંગ ત્રિભુવન ટ્રેડિંગ, 9825068138 કપડવંજ ભગવાન ત્રિભુવન પ્લાસ્ટ એજન્સી, 7383183568 ત્રિભુવન ત્રિભુવન પ્લાસ્ટ એજન્સી, 9624253014 ત્રિભુવનમાં ત્રિભુવની ટ્રેડિંગ ટ્રેડિંગ્સ્ટોર્સ, 9737457437 ભાવિક ત્રિભુવન ભાવિક ત્રિભુવન ટ્રેડિંગ્સ્ટોર્સ, 9574466008 પાવાગઢ શ્રી મહાલક્ષ્મી પ્લાસ્ટ એજન્સી, 9427047144 • ત્રિભુવની ત્રિભુવન મહી., 9427910987 ત્રિભુવનદાસ ત્રિભુવન પ્લાસ્ટ એજન્સી, 9879834678 ત્રિભુવનદાસ ભાવનગર ત્રિભુવન ભગવાન ટ્રેડિંગ, 9429520191 ત્રિભુવની ભગવાન ત્રિભુવની, 9428053051 • ભાવનગર ત્રિભુવન ટ્રેડિંગ્સ્ટોર્સ મહુવાની ત્રિભુવન, 9409817123 • ભાવનગરિયાનગર ભાવિકનગર ટ્રેડિંગ કં., 7874154004 • ભાવનગર ત્રિભુવનની ભાવી ભાવિક ત્રિભુવન, 8128011360 • ત્રિભુવન ભાવનગરી ભાવી ભાવિક ભાવી ભાવિક ભાવી, 9909979930 ત્રિભુવનદાસ ભાવિક ટ્રેડિંગ, 9409136868 ભાવિનગર ભાવિનગરમાં શ્રી ભાવનગર ભાવિક ત્રિભુવન, 9428808650 • ત્રિભુવન ભગવાન ટ્રી & ભાવિક ટ્રેડિંગ, 7984152047 • ભાવિક ત્રિભુવન ટ્રેડિંગ કં., 9998489901 • ભાવ ભાવુકભાવ ત્રિભુવન, 9428588088 • ભાવનગર ત્રિભુવની ત્રિભુવન ભાવિક ત્રિભુવન ટ્રેડિંગ્સ્ટોર્સ, 9824541856 પાલનપુર ત્રિભુવની ભગવાની ત્રિભુવન ત્રિભુવની, 9909909139 • ત્રિભુવની ભગવાન ત્રિભુવન ભાવિકભાવના ભાવિક ભાવિક, 9426240318 • ત્રિભુવન ભગવાની શ્રી ભાવિક ભાવિક ભાવિક, 8722800411 • ભગવાન ત્રિભુવન ત્રિ & કં ભાવિક ભાવિક, 9898364338 પાટણ ત્રિભુવની ટ્રેડિંગ્સ ભાવિક ભાવિક ત્રિભુવન ટ્રેડિંગ્સ્ટોર્સ, 8141770846 ત્રિભુવન ટ્રેડિંગ ત્રિભુવની ભગવાન ટ્રેડિંગ્સ્ટોર્સ ભાવિકભાવના ત્રિભુવનના ભાવિક, 9825005358 ત્રિભુવન ભગવાન ત્રિભુવન, 8924309477 ત્રિભુવન ભુજપુરા ભુજપુરાની શ્રી ભુજપુરા ભાવિક ભાવિક, 9825430702 • ભુજપુરા ત્રિભુવન ટ્રેડિંગ શ્રી ભાવિક ભાવિક ભાવિક, 9327656611 • ત્રિભુવનપુરા ભગવાનના ભાવિક ભાવી, 9913422068 ભુજિયાનગર ત્રિભુવન ભાવિક ભાવિક ભાવ. ભાવિક, 9825489240 • ભગવાન ભાવિકભાવ ભાવી ભુજિયા ભાવી ટ્રેડિંગ, 9016888855 • ભાવી ભાવ ભગવાની ભાવિક ભાવિક, 8980831471 ત્રિભુવન શ્રી ત્રિભુવન ભાવિક ભાવિક, 9979402700 ભગવાન ત્રિભુવનમાં ત્રિભુવન ભગવાન શ્રી ત્રિભુવની ભાવિક ભાવિક, 9428331173 • ત્રિભુવન ભગવાનની ભાવી શ્રી ત્રિભુવની ટ્રેડિંગ, 9265564010 ત્રિભુવન ત્રિભુવન ભાવિક ભાવિક ભુજિયાના, 9998456356 ત્રિભુવનમાં ત્રિભુવન ભગવાન ભાવિક ત્રિભુવન, 9824343011 • ત્રિભુવન ત્રિભુવન ભાવિક ત્રિભુવન ટ્રેડિંગ, 9825021998 • ભાવ ભગવાન ભગવાન ત્રિભુવન ભાવિક ભાવિક, 9825698398
*ભાવની ભાવી ત્રિભુવન પાસે ત્રિભુવન પૂછો. • ત્રિભુવનશ્રીની પૂછપરછ માટે ✉ sales@hawkins.in • ત્રિભુવન ભાવ માટે ભગવાન કૉલ ✆ (022) 34440807/9911313582/9717715141 ✉ cs@hawkins.in • જો તમે ભગવાની ત્રિભુવનનું ભાવ ત્રિભુવન ભગવાન છો, તો ત્રિભુવન કૉલ 9911313582 • ભાવના ત્રિભુવન ભાવ માટે ત્રિભુવન કૉલ 9998758831
www.buyhawkins.in

હોકિન્સ તમારું જીવન આસાન બનાવે છે!

ભાવ ઘટતા ગોલ્ડ તેમજ સિલ્વર ઈટીએફમાં રોકાણમાં પીછેહઠ

ઓક્ટોબરમાં ગોલ્ડ ETFમાં રોકાણમાં ઘટાડો

અમદાવાદ, તા. ૪

એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ)ના ડેટા પરથી મેળવેલા અંદાજ મુજબ, ઓક્ટોબર મહિનામાં ગોલ્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)માં થતું રોકાણ ધીમું પડ્યું છે. આ ઘટાડો એવા સમયે નોંધાયો છે જ્યારે મોટાભાગની એસેટ મેનેજમેન્ટ કંપનીઓએ (એએમસી) મહિનાના ઉત્તરાર્ધમાં પોતાના ગોલ્ડ ફંડ ઓફ ફંડ્સ (FoFs)માં નવા રોકાણો લેવાનું સ્થગિત કર્યું હતું.

ફંડ ઓફ ફંડ્સમાં નવા સબ્સ્ક્રિપ્શન સ્થગિત થતા ગોલ્ડ ઈટીએફમાં ઓક્ટોબરમાં અંદાજે રૂ. ૩,૩૦૦ કરોડનું રોકાણ, જે સપ્ટેમ્બરમાં રૂ. ૪,૪૫૦ કરોડ હતું



ઓક્ટોબરમાં ગોલ્ડ ઈટીએફમાં અંદાજે રૂ. ૩,૩૦૦ કરોડનું ચોખ્ખું રોકાણ આવ્યું હતું. તેની સરખામણીએ સપ્ટેમ્બરમાં રૂ. ૪,૪૫૦ કરોડનું ૭ મહિનાની સૌથી ઊંચી સપાટીએ રોકાણ નોંધાયું હતું.

ગોલ્ડ ઈટીએફમાં રોકાણ ત્રણ માધ્યમો દ્વારા આવે છે. સ્ટોક એક્સચેન્જ પર રોકાણકારો દ્વારા સીધી ખરીદી, રૂ. ૨૫ કરોડથી વધુના મોટા રોકાણો માટે એએમસી સાથે સીધા યુનિટનું સર્જન, અને ગોલ્ડ ફંડ ઓફ ફંડ્સ દ્વારા રોકાણ (જે આગળ જઈને સંબંધિત ગોલ્ડ ઈટીએફમાં રોકાણ કરે છે).

સોનાની વધતી આયાત અને રૂપિયા પરના દબાણ અંગેની ચિંતાઓને ધ્યાને રાખી સેબી દ્વારા અપાયેલા નિર્દેશ બાદ ફંડ હાઉસે ગોલ્ડ ફંડ ઓફ ફંડ્સમાં નવા સબ્સ્ક્રિપ્શન સ્થગિત કર્યા છે.

ગોલ્ડ ઈટીએફતેમજ સિલ્વર ઈટીએફમાં કિંમતી ધાતુઓમાં આવેલી જોરદાર તેજી વચ્ચે ૨૦૨૫માં રોકાણકારોનો રસ તીવ્રપણે વધ્યો હતો. જોકે, ૨૦૨૬માં આ ભાવોમાં નરમાઈ જોવા મળી છે. ખાસ કરીને છેલ્લા બે મહિનામાં મોટો ઘટાડો જોવા મળ્યો છે, જેમાં ૩૧ ઓક્ટોબરના રોજ પૂરા થયેલા બે મહિનાના સમયગાળા દરમિયાન સોનાના ભાવમાં લગભગ ૧૦ ટકાનો ઘટાડો થયો છે. રૂપિયાના સંદર્ભમાં જોઈએ તો, સોનાના ભાવ હાલ ઓલ-ટાઈમ હાઈ સપાટીથી ૨૫ ટકા નીચે છે.

વધતી મોંઘવારીના ડરને પગલે કડક વ્યાજ દર નીતિ જળવાઈ રહેતાં યુએસ ફેડ દ્વારા વ્યાજ વધારાની અપેક્ષાઓનું દબાણ વધ્યું છે. આ માળખાકીય પરિસ્થિતિએ યુએસ બોન્ડ યીલ્ડ વધારી છે અને યુએસ ડૉલરને મજબૂત રાખ્યો છે, જેના કારણે કોઈ વળતર (ડિવિડન્ડ/વ્યાજ) ન આપતા સોનાને જાળવી રાખવાનો તક-ખર્ચ વધી ગયો છે.

જાણકારોના જણાવ્યા મુજબ, ટૂંકા ગાળામાં આ ધાતુ પર દબાણ રહી શકે છે. રોકાણકારોએ વર્તમાન સ્તરે પૂરી રકમ રોકવાનું ટાળવું જોઈએ અને તેના બદલે ભાવ ઘટવા પર તબક્કાવાર ખરીદી કરવાનો વિચાર કરવો જોઈએ. અનિશ્ચિતતા સામે જોખમ ઘટાડવા અને પોર્ટફોલિયોના વૈવિધ્યકરણ માટે સોનું લાંબા ગાળાના પોર્ટફોલિયોનો ભાગ બની રહી શકે છે.

ચૂંટણીમાં ટ્રમ્પને ફટકો પડતા અમેરિકા - ભારત વેપાર કરાર લંબાઈ જવા વકી

મુંબઈ, તા. ૪


અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને પડેલા મોટા ફટકા બાદ હવે ભારત- અમેરિકા વચ્ચે નો સૂચિત વેપાર કરાર લંબાઈ જવાની શકયતા જોવા ઈ રહી છે. ટ્રમ્પ પોતાનો પ્રભાવ જાળવી રાખવા દ્વીપક્ષી વેપાર કરાર કરવા ભારત પર દબાણ લાવશે તેવો મત વ્યકત કરવામાં આવી રહ્યો છે.

જો કે ભારત હવે વેપાર કરારમાં કોઈ ઉતાવળ નહીં કરે અને આપસી સમજુતિ સાથે જ આગળ વધવાનો આગ્રહ ધરાવશે તેવી પણ ધારણાં રાખવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં વેપાર કરાર કદાચ લંબાઈ જશે અને હવે ૨૦૨૭માં જ તેને અંતિમ રૂપ અપાશે તેવી પણ શકયતા જોવાઈ રહી છે.

આર્થિક તથા વિદેશ વેપાર નીતિ મોરચે પોતે જીત્યા હોવાનું ટ્રમ્પ કદાચ દર્શાવવા માગશે અને કરાર માટે ઉતાવળ કરશે એમ વિદેશ વેપાર નીતિના એક નિષ્ણાતે જણાવ્યુ હતું.

ચૂંટણીમાં પછડાટથી અમેરિકાની વિદેશ વેપાર નીતિમાં બદલાવ આવવાની શકયતા જણાતી નથી. અમેરિકાની વિદેશ વેપાર નીતિ વધુને વધુ આર્થિક રાષ્ટ્રવાદ, ઘરેલુ ઉત્પાદન તથા પૂરવઠા સાંકળને મજબૂત બનાવવાના પ્રયાસો થકી દોરાય છે.

રશિયા, ઈરાન તથા ચીન પ્રત્યેની ટ્રમ્પની વિદેશ નીતિ નિષ્ફળ રહેતા ટ્રમ્પે હવે પ્રજાનો વિશ્વાસ પ્રસ્થાપિત કરવા પ્રયત્નો કરવા પડશે, જે માટે તે ભારત પર વેપાર કરાર કરવા દબાણ કરશે એમ પણ નિષ્ણાતે ઉમેર્યુ હતું.



પોતાની વિદેશી નીતિ આગળ ધપાવવા ટ્રમ્પ તેના એક્ઝિક્યૂટિવ પાવર્સનો ઉપયોગ કરતા ખચકાશે નહીં એવો પણ મત પ્રવર્તી રહ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિઓએ તાજેતરની તેમની ભારત મુલાકાત દરમિયાન ભારત તથા અમેરિકા વેપાર કરાર મહિનાઓ નહીં પણ સપ્તાહોમાં થઈ જશે તેવો દાવો કર્યો હતો.

ટેરિફ તથા અન્ય કેટલાક મુદ્દાઓને લઈને ભારત તથા અમેરિકા વચ્ચે વેપાર કરાર લંબાઈ રહ્યો છે.

દરમિયાન સૂચિત વેપાર કરારમાં ભારત કોઈજ સમાધાન નહીં કરે અને પોતાના મહત્વના ક્ષેત્રો ખાસ કરીને કૃષિ ક્ષેત્ર સંદર્ભમાં દેશના હિતોને પ્રાધાન્ય આપશે તેવો પણ મત વ્યકત કરવામાં આવ્યો હતો.

પોતાની વિદેશી નીતિ આગળ ધપાવવા ટ્રમ્પ તેના એક્ઝિક્યૂટિવ પાવર્સનો ઉપયોગ કરતા ખચકાશે નહીં એવો પણ મત

દવાઓ, તબીબી ઉપકરણોની આયાત માટે વધુ એન્ટ્રી પોઈન્ટ્સ ઉમેરવાની યોજના

અમદાવાદ, તા. ૪

ફાર્મા આયાત વિસ્તરણ યોજનામાં સાત ઈનલેન્ડ કન્ટેનર ડેપો અને જેવર એરપોર્ટ સામેલ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે દેશમાં દવાઓ, તબીબી ઉપકરણો (મેડિકલ ડિવાઈસિસ) અને સૌંદર્ય પ્રસાધનો (કોસ્મેટિક્સ) પ્રવેશવા માટેના અધિકૃત આયાત સ્થળોના નેટવર્કને વિસ્તારવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

આ સુધારાનો હેતુ આયાત પ્રક્રિયાને સરળ બનાવવાનો, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો કરવાનો



મંત્રાલયે જણાવ્યું હતું કે, આરોગ્ય સંભાળ (હેલ્થકેર) ઉત્પાદનોની આયાત અને ક્લિયરન્સને સરળ બનાવવા માટે વધારાના ઈનલેન્ડ કન્ટેનર ડેપો, એક વિશેષ આર્થિક ક્ષેત્ર (સેઝ) અને એક આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો સમાવેશ કરવાની યોજના છે.

તે મુજબ, મંત્રાલયે ફાર્માસ્યુટિકલ (ફાર્મા) આયાત અને ક્લિયરન્સ માટે મંજૂર સ્થળોની યાદીમાં સાત ઈનલેન્ડ કન્ટેનર ડેપો, એક સેઝ અને ઉત્તર પ્રદેશના જેવર ખાતે સ્થિત નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટને ઉમેરવા માટે સુધારા સૂચવતું એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે.

આ સુધારા 'ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫' ના નિયમ ૪૩A માં ફેરફાર કરવા માગે છે, જે એવા અધિકૃત બંદરો, હવાઈ મથકો, રેલવે સ્ટેશનો, રસ્તાઓ અને અન્ય પ્રવેશ સ્થળોનો ઉલ્લેખ કરે છે કે જેના દ્વારા ભારતમાં દવાઓની આયાત કરી શકાય છે. મંત્રાલયે ડ્રાફ્ટ નોટિફિકેશન પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર હિતધારકો પાસેથી વાંધાઓ અને સૂચનો મંગાવ્યા છે.

અત્યાર સુધી આ યાદીમાં માત્ર બે જ ઈનલેન્ડ કન્ટેનર ડેપો, ધન્નાડ અને તિહી (બંને ઈન્દોરમાં) સામેલ કરવામાં આવ્યા છે. સુધારેલી યાદીમાં હરિયાણામાં સોનીપત, પિયાલા અને ગઢી હરસારુ, ઉત્તર પ્રદેશમાં દાદરી, ગુજરાતમાં મુન્દ્રા, હૈદરાબાદમાં સનથનગર અને થિમ્માપુર તેમજ બેંગલુરુમાં વ્હાઈટફિલ્ડનો પણ સમાવેશ કરવામાં આવશે.

તે જ રીતે, કર્ણાટકના બોમ્માસન્દ્રા સેઝ ને પણ આ યાદીમાં ઉમેરવામાં આવશે. કોચીન, તિરુવનંતપુરમ અને નવી મુંબઈ પછી ફાર્મા આયાત માટે અધિકૃત બનનાર જેવર એરપોર્ટ ચોથું એરપોર્ટ બનશે.

આ સુધારાનો હેતુ આયાત પ્રક્રિયાને સરળ બનાવવાનો, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો કરવાનો અને હેલ્થકેર ઉત્પાદનો માટેની સપ્લાય ચેઈનને મજબૂત બનાવવાનો છે. આ વિસ્તરણથી આયાતકારોને તેમના ઉત્પાદન એકમો, વેરહાઉસ અને વિતરણ કેન્દ્રોની નજીક માલ (કન્સાઈનમેન્ટ) પ્રાપ્ત કરવાની સુવિધા મળશે.

ઓક્ટોબરમાં દેશની સેવા ક્ષેત્રની પ્રવૃત્તિઓ ચાર મહિનાની ટોચે રહી

મુંબઈ, તા. ૪

સમાપ્ત થયેલા ઓક્ટોબરમાં દેશની સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ ચાર મહિનાની ઊંચી સપાટીએ જોવા મળી હતી. ઘરઆંગણે મજબૂત માગ ઉપરાંત નવા બિઝનેસ ઓર્ડરને પરિણામે પ્રવૃત્તિમાં વધારો જોવા મળ્યો હોવાનું એચએસબીસી ઈન્ડિયા સર્વિસીઝ પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) રિપોર્ટમાં જણાવાયું છે.

સપ્ટેમ્બરમાં સર્વિસ પીઓમઆઈ ૫૫.૨૦ હતો તે ઓક્ટોબરમાં વધી ૫૫.૮૦ રહ્યો

કાચા માલની કિંમતનો ફુગાવો નબળો પડી છ વર્ષ કરતા વધુની નીચી સપાટીએ જોવા મળ્યો છે. સેવા ક્ષેત્રનો પીએમઆઈ જે સપ્ટેમ્બરમાં ૫૫.૨૦ હતો તે ઓક્ટોબરમાં સહેજ વધી ૫૫.૮૦ રહ્યો હતો. વર્તમાન વર્ષના જૂન બાદ ઓક્ટોબરનો પીએમઆઈ સૌથી ઊંચો રહ્યો છે.

૫૦થી ઉપરના પીએમઆઈને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. નવા બિઝનેસ ઓર્ડરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. માગની સાનુકૂળ સ્થિતિ, નવા ગ્રાહકોનો ઉમેરો તથા વિજ્ઞાપન મારફત સફળ પ્રચાર નવા ઓર્ડરમાં વધારા માટેના મુખ્ય પરિબળો બની રહ્યા હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

ઘરઆંગણે પણ સેવા ક્ષેત્રની કામગીરી મજબૂત જોવા મળી હતી.

પ્રવૃત્તિમાં વધારો છતાં સેવા ક્ષેત્રમાં કર્મચારીઓની નવી ભરતી ચાર મહિનાની નીચી સપાટીએ રહી છે એટલુ જ નહીં આંતરરાષ્ટ્રીય વેચાણ ફેબ્રુઆરી, ૨૦૨૩ બાદ સૌથી નબળ રહ્યુ હતું.

ગત મહિને વેપાર પ્રવૃત્તિમાં સાવચેતીભર્યો સુધારો રહ્યો હતો. કાચા માલ તથા સેવા પેટેના ચાર્જિસ સપ્ટેમ્બરની સરખામણીએ ઓકટોબરમાં ધીમી ગતિએ વધ્યા છે. સેવા તથા ઉત્પાદન ક્ષેત્રનો મળીને સંયુકત પીએમઆઈ જે સપ્ટેમ્બરમાં ૫૫.૯૦ રહ્યો હતો તે ઓકટોબરમાં વધી ૫૬.૨૦ રહ્યાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યુ હતું.

તહેવારો પૂર્વે સોનામાં રૂ.૪૫૦૦ની તેજીઃ ચાંદીમાં તળિયેથી રૂ.૧૦ હજાર ઉછળ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,બુધવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે ધનતેરસ પૂર્વે સોના-ચાંદીના ભાવ નીચા મથાળેથી વધુ ઘટતાં અટકી ઝડપી ઉછળ્યા હતા. વિશ્વ બજાર વધી જતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચકાઈ હતી. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૩૯૦૩ વાળા વધી ૪૦૪૯ થઈ ૪૦૪૧થી ૪૦૪૨ ડોલર રહ્યા હતા.

અમેરિકામાં મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પને ફટકો પડતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઝડપી ઘટાડોઃ વૈશ્વિક સોનું ૪૦૦૦ ડોલરને પાર

દરમિયાન, વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૪૫૦૦ ઉછળ્યા હતા. જ્યારે ચાંદીના ભાવ કિલોના રૂ.૭૦૦૦ વધી ગયા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૪૯.૦૨થી વધી ૫૨.૨૪ ડોલર થઈ ૫૧.૯૯થી ૫૨.૦૦ ડોલર રહ્યા હતા. અમેરિકામાં મિડટર્મ ચૂંટણીમાં પ્રમુખ ટ્રમ્પને ફટકો પડતાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ઝડપી ઘટયો હતો. વૈશ્વિક સોનામાં નીચા મથાળે ફંડો ફરી દાખલ થયા હતા. દરમિયાન, ટ્રમ્પની પીછેહટના પગલે ઈરાન યુદ્ધમાં સમાધાનની શક્યતા વધતાં વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ ઘટયા હતા.

દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં જીએસટી વગર સોનાના ભાવ રૂ.૪૦૦૦ વધી ૯૯૫ના રૂ.૧૪૧૦૫૫ તથા ૯૯૯ના રૂ.૧૪૧૬૨૨ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૦ હજાર ઉછળી રૂ.૧૮૬૧૩૩ બોલાયા હતા.

મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. મુંબઈ પ્લેટીનમના ભાવ આજે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૧૩૩ વાળા ઘટી રૂ.૫૩૮૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં જો કે પ્લેટીનમના ભાવ ઔંસદીઠ ૧૪૨૫ વાળા ઉંચામાં રૂ.૧૪૭૧ થઈ ૧૪૫૯થી ૧૪૬૦ ડોલર રહ્યા હતા.

વૈશ્વિક પેલેડીયમના ભાવ આજે ૯૪૩ વાળા ૯૯૯ થઈ ૯૯૬થી ૯૯૭ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ ૦.૬૯ ટકા પ્લસમાં રહ્યા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ઉછળી ૯૯૫ના રૂ.૧૪૬૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૬૫૦૦ બોલાયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૧૦૬.૪૨ ડોલરવાળા ઘટી નીચામાં ભાવ ૧૦૧.૫૫ થઈ ૧૦૨.૧૮ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૯૮.૪૬ વાળા ઘટી ૯૪.૬૦ થઈ ૯૫.૧૩ ડોલર રહ્યા હતા.

દરમિયાન, ભારતમાં ઓઈલ રિફાઈનિંગ ક્ષેત્રમાં ભારત પેટ્રોલિયમ અમેરિકાનું ૧૦ લાખ બેરલ્સ ક્રૂડ ખરીદયાના સમાચાર મળ્યા હતા. આ ક્રૂડ ડિસેમ્બર તથા જાન્યુઆરીમાં દેશમાં આવવાની શક્યતા છે. દરમિયાન, અમેરિકમાં ક્રૂડતેલનો સ્ટોક ૫રથી ૫૩ લાખ બેરલ્સ ઘટયો હોવાનું અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટિટયુટે જણાવ્યું હતું.

દેશી તથા આયાતી ખાદ્યતેલોમાં ઘટાડોઃ ક્રૂડ ઘટતાં વૈશ્વિક પામતેલ દબાણ હેઠળ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,બુધવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે વિવિધ દેશી તથા આયાતી ખાદ્યતેલોના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. દિવાળી નજીક હોવા છતાં નવા વેપાર ધીમા રહ્યા હતા. દરમિયાન, મસ્ટર્ડ-સરસવના ભાવ જોકે વધી આવ્યા હતા. દિવેલ તથા હાજર એરંડાના ભાવ વધ્યા મથાળેથી ઘટાડા પર રહ્યા હતા.

જોકે મસ્ટર્ડ-સરસવ તેલના ભાવ ઉંચકાયાઃ દિવેલ તથા હાજર એરંડામાં ઉછાળાને અનુસરવામાં સાવચેતીનો સૂર

વિશ્વ બજારમાં મલેશિયા પામતેલ વાયદાના ભાવ આજે ૫૦થી ૫૫ પોઈન્ટ ઘટયા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલ ઘટતાં વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા. ચીનના બજારમાં પામતેલ તથા સોયાતેલના ભાવ ઘટયાના સમાચાર હતા. મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ ૧૦ કિલોના રૂ.૩ ઘટતાં હાજર એરંડાના ભાવ ક્વિ.ના રૂ.૧૫ નરમ રહ્યા હતા. મુંબઈ ખોળ બજારમાં ટનના ભાવ સોયાખોળના રૂ.૫૦૦ ઘટયા હતા જ્યારે અન્ય ખોળો શાંત હતા.

દરમિયાન, મુંદ્રા-હઝીરા ખાતે આયાતી પામતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૩૮૦થી ૧૪૦૦ તથા સોયાતેલના ભાવ નવેમ્બરના રૂ.૧૪૩૦થી ૧૪૫૦ અને ડિસેમ્બરના રૂ.૧૪૪૦થી ૧૪૫૫ રહ્યા હતા. સનફલાવરના ભાવ નવેમ્બરના રૂ.૧૭૨૦થી ૧૭૩૫ રહ્યા હતા. નવી મુંબઈ બંદરે આરબીડીના ભાવ રૂ.૧૩૯૫ રહ્યા હતા. સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ રૂ.૧૭૭૫થી ૧૮૦૦ તથા કોટન વોશ્ડના ભાવ રૂ.૧૪૨૫થી ૧૪૩૦ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૪૬૫ અને પામતેલના ભાવ રૂ.૧૩૫૦ તથા સોયાતેલના ભાવ રૂ.૧૩૯૨ રહ્યા હતા. કંડલા ખાતે સોયાતલ ડિગમના ભાવ રૂ.૧૨૩૫ તથા ક્રૂડ પામ ઓઈલ સીપીઓના ભાવ રૂ.૧૧૬૦ રહ્યા હતા. જ્યારે નવી મુંબઈ બંદરે સોયાતેલ ડિગમના ભાવ રૂ.૧૨૪૦ રહ્યા હતા. ખોપોલી ખાતે સનફલાવરના ભાવ રૂ.૧૬૫૦ રહ્યા હતા.

દરમિયાન, સૌરાષ્ટ્ર ખાતે મગફળીના ભાવ ૨૦ કિલોના જાતવાર રૂ.૧૩૦૦થી ૧૭૦૦ રહ્યા હતા. દરમિયાન, મુંબઈ હાજર બજારમાં સિંગતેલના ભાવ રૂ.૧૮૨૦ તથા કપાસિયા તેલના ભાવ રૂ.૧૫૧૦ રહ્યા હતા જ્યારે મુંબઈ આયાતી પામતેલના ભાવ રૂ.૧૩૯૦, સોયાતેલના ભાવ રૂ.૧૪૫૦ તથા સનફલાવરના ભાવ રૂ.૧૫૪૦ તથા રિફાઈન્ડના ભાવ રૂ.૧૬૫૦ રહ્યા હતા. જ્યારે મસ્ટર્ડ-સરસવના ભાવ રૂ.૧૯૨૦ રહ્યા હતા.

રૂપિયામાં તેજીઃ ટ્રમ્પની પીછેહટ વચ્ચે ડોલર ઈન્ડેક્સ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,બુધવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં ઘટાડો આગળ વધતાં રૂપિયામાં તેજી આગળ વધી હતી. શેરબજાર ઉછળતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડના ભાવ ઘટતાં રૂપિયા પર પોઝીટીવ ઈમ્પેક્ટ દેખાઈ હતી. ડોલરના ભાવ રૂ.૯૪.૭૫ વાળા આજે સવારે રૂ.૯૪.૫૬ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૯૪.૫૦ થયા પછી ઉંચામાં ભાવ રૂ.૯૪.૮૮ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૯૪.૬૪ રહ્યા હતા.

બ્રિટીશ પાઉન્ડ તથા યુરોના ભાવમાં ઉછાળા

ફોરેક્સ ભાવ

ડોલર	રૂા. ૯૪.૬૪
પાઉન્ડ	રૂા. ૧૨૭.૬૮
યુરો	રૂા. ૧૦૬.૫૫
યેન	રૂા. ૦.૬૦
બ્રેન્ટ ક્રૂડ	૧૦૧.૫૦ ડોલર

ડોલરના ભાવ આજે એકંદરે ૧૧ પૈસા ઘટયા હતા જ્યારે ડોલર સામે રૂપિયો ૦.૧૨ ટકા વધ્યો હતો. દરમિયાન, ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ઝડપી ઘટયાના વાવડ હતા. અમેરિકામાં મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પને ફટકો પડ્યાના સમાચાર હતા. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૧.૭૩ રહ્યા પછી નીચામાં ૧૦૧.૨૫ થઈ ૧૦૧.૩૧ રહ્યાના નિર્દેશો હતા.

વિશ્વ બજારમાં ક્રૂડતેલ ઘટતાં અમેરિકામાં આગળ ઉપર ફુગાવો ઘટશે તથા વ્યાજના દરમા વૃદ્ધીની શક્યતા ઘટશે એવી ગણતરી વચ્ચે વિશ્વ બજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ તૂટ્યાના સમાચાર મળ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૫૫ પૈસા ઉછળ્યા હતા. પાઉન્ડના ભાવ ઉંચામાં ૧૨૭.૯૦ થઈ રૂ.૧૨૭.૬૮ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે આજે ૫૨ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૬.૬૮ થઈ રૂ.૧૦૬.૫૫ રહ્યા હતા. જાપાનની કરન્સી જો કે રૂપિયા સામે આજે ૦.૨૫ ટકા તૂટી હતી જયારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૧૬ ટકા તૂટી હતી. દરમિયાન, કરન્સી બજારમાં સટ્ટારૂપી પ્રવૃત્તિ સામે રિઝર્વ બેન્ક સક્રિય બનતાં ડોલરમાં હેજીંગના સોદા ઘટયા છે અને તેની ઈમ્પેક્ટ પણ કરન્સી બજારમાં જોવા મળી હતી.

સળંગ પાંચમાં દિવસે તેજી : સેન્સેક્સ ૩૮૪ પોઈન્ટ વધીને ૭૭૩૦૧

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, બુધવાર

અમેરિકામાં મધ્યાવર્તિ ચૂંટણીઓમાં બન્ને હાઉસોમાં સત્તાધારી રિપબ્લિકન પાર્ટીનો પરાજય થતાં ડોનાલ્ડ ટ્રમ્પને મળેલી મોટી પછડાટ મળતાં ટ્રમ્પની પોલીસીથી નારાજ ખુદ અમેરિકનો અને વિશ્વને આજે હાશકારો થયો હોય એમ અમેરિકા સહિત વિશ્વના શેર બજારોમાં તેજીનો ઝગમગાટ ફેલાઈ ગયો હતો. વૈશ્વિક શેર બજારોમાં તેજી સામે હોર્મુઝ માર્ગે ભારતના જહાજોના વહનને ઈરાને માર્ગ મોકળો કરી આપતાં વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલના ભાવ ફરી ઘટાડા તરફી થતાં ભારત માટે પોઝિટીવ પરિબળ રહ્યું છે. આ સાથે કોર્પોરેટ પરિણામોની સીઝનમાં પણ સારા રિઝલ્ટને કારણે શેરોમાં ફંડોની ખરીદીનો સપોર્ટ મળ્યો હતો. આ ઉપરાંત નાણા પ્રધાન નિર્મલા સીતારામને ફોરેન ઈન્વેસ્ટરો પરનો લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (એલટીસીજી) નાબૂદ કરવાની ઉદ્યોગ અને નિયામક તંત્રની ભલામણ પર પોઝિટીવ સંકેત આપતાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની શેરોમાં ખરીદી જળવાઈ હતી. ખાસ કેપિટલ ગુડઝ અને કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં આક્રમક ખરીદી ચાલુ રહી હતી. ઓટોમોબાઈલ, બેંકિંગ-ફાઈનાન્સ, હેલ્થકેર, રિયાલ્ટી, ઓઈલ-ગેસ, એફએમસીજી, મેટલ-માઈનીંગ શેરોમાં ફંડો લેવાલ રહ્યા હતા. આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં માત્ર પ્રોફિટ બુકિંગ થયું હતું. સેન્સેક્સ ૩૮૩.૫૫ પોઈન્ટ વધીને ૭૭૩૦૧.૪૦ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૧૪૯.૭૫ પોઈન્ટ વધીને ૨૩૯૬૦.૬૦ બંધ રહ્યા હતા.

કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ઉછળ્યો

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં ફંડો, મહારથીઓએ આજે ધૂમ ખરીદી કરતાં વ્યાપક ઉછાળો જોવાયો હતો. જીઈ વર્નોવા ટી એન્ડ ડી ઈન્ડિયા રૂ.૨૨૧.૧૦ વધીને રૂ.૪૨૬૫.૧૦, કિર્લોસ્કર એન્જિન રૂ.૮૮.૪૫ વધીને રૂ.૧૮૦૪.૨૦, ભારત ઈલેક્ટ્રોનિક્સ રૂ.૧૭.૩૦ વધીને રૂ.૩૯૭.૧૦ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૨૫૩૫.૯૫ પોઈન્ટ ઉછળીને ૭૨૯૩૧.૧૭ બંધ રહ્યો હતો.

ઓટો શેરોમાં તેજી

તહેવારોની સીઝન અને ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડા સાથે ઓટોમોબાઈલ કંપનીઓના વાહનોના વેચાણમાં વૃદ્ધિની અપેક્ષાએ ફંડોની ઓટો શેરોમાં સતત ખરીદી વધતી જોવાઈ હતી. બોશ રૂ.૧૧૦૦ વધીને રૂ.૫૦,૮૦૦, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૪૯.૯૦ વધીને રૂ.૨૯૫૨, અપોલો ટાયર રૂ.૬.૪૦ વધીને રૂ.૪૦૨.૬૫ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૬૨૫.૪૨ પોઈન્ટ વધીને ૫૮૧૫૫.૬૪ બંધ રહ્યો હતો.

મેટલ ઈન્ડેક્સ ૯૬૪ ઉછળ્યો

મેટલ-માઈનીંગ શેરોમાં પણ ફંડોની આજે ધૂમ ખરીદી નીકળી હતી. હિન્દુસ્તાન ઝિંક રૂ.૨૪ વધીને રૂ.૫૪૯, અદાણી એન્ટરપ્રાઈસીઝ રૂ.૧૧૫ વધીને રૂ.૨૭૦૫, જિન્દાલ સ્ટીલ રૂ.૪૮.૯૦ વધીને રૂ.૧૧૪૯.૯૦, એનએમડીસી રૂ.૧.૭૬ વધીને રૂ.૬૯.૮૮, નાલ્કો રૂ.૮.૧૦ વધીને રૂ.૩૨૬, હિન્દાલ્કો રૂ.૨૦ વધીને રૂ.૯૩૨ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૯૬૩.૭૬ પોઈન્ટ ઉછળીને ૩૯૮૫૯.૧૩ બંધ રહ્યો હતો.

ઓઈલ-ગેસ શેરોમાં તેજી

હોર્મુઝ માર્ગે ભારતીય જહાજોના વહનને ઈરાનની મંજૂરીએ વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં એકથી દોઢ ટકાનો ઘટાડો થતાં ફંડોની ઓઈલ-ગેસ શેરોમાં પસંદગીની ખરીદી રહી હતી. અદાણી ટોટલ ગેસ રૂ.૧૯.૫૫ વધીને રૂ.૫૭૦.૦૫, એચપીસીએલ રૂ.૧૧.૫૫ વધીને રૂ.૩૬૪.૧૦, બીપીસીએલ રૂ.૯.૨૦ વધીને રૂ.૩૦૪.૪૦, ગેઈલ રૂ.૫ વધીને રૂ.૧૮૬ રહ્યા હતા. બીએસઈ ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૪૯૧.૬૧ પોઈન્ટ વધીને ૨૬૧૬૧.૬૨ બંધ રહ્યો હતો.

ફાઈનાન્સ શેરોમાં તેજી

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોની આજે ખરીદી વધુ આક્રમક બની હતી. બજાજ ફાઈનાન્સ રૂ.૨૩.૦૫ વધીને રૂ.૯૯૩.૦૫, બજાજ ફિનસર્વ રૂ.૩૬ વધીને રૂ.૧૭૫૫, આઈઆઈએફએલ રૂ.૩૭ વધીને રૂ.૫૭૮.૬૫, અરમાન ફિન રૂ.૯૩.૪૦ વધીને રૂ.૧૫૮૩.૧૫ રહ્યા હતા. બેંકિંગ શેરોમાં એયુ બેંક રૂ.૨૦.૪૦ વધીને રૂ.૯૦૧.૩૦, એચડીએફસી બેંક રૂ.૧૧.૨૦ વધીને રૂ.૭૩૬ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૪૪૬.૧૫ પોઈન્ટ વધીને ૬૨૮૭૨.૫૧ બંધ રહ્યો હતો.

હેલ્થકેર-ફાર્મા શેરો વધ્યા

આજે એપીએલ લિમિટેડ રૂ.૧૦૩ ઉછળીને રૂ.૯૦૭.૨૦, એમ્ક્યોર રૂ.૧૯૨ વધીને રૂ.૨૧૭૪.૫૫, ઈન્ડસ્વિફિટ લેબ. રૂ.૨૮.૯૦ વધીને રૂ.૩૭૧.૬૫ બંધ રહ્યો હતો.

DIIની રૂ.૩૭૧૨ કરોડની વેચવાલી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે બુધવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૭૨૮૪.૦૩ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૩૭૧૨.૨૩ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી રહી હતી.

રોકાણકારોની સંપતિ વધી

શેરોમાં આજે ઓલ રાઉન્ડ વ્યાપક તેજીનું તોફાન થતાં રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૬.૬૫ લાખ કરોડ વધીને રૂ.૪૯૩.૪૪ લાખ કરોડ રહ્યું હતું.

નિફટી ૧૫૦ પોઈન્ટ વધીને ૨૩૯૬૧ : ફાર્મા, ફાઈનાન્સ, ઓટો શેરોમાં તેજી : FIIની રૂ.૭૨૮૪ કરોડની ખરીદી

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૮૬૦૦૦-૧૮૮૦૦૦
ચાંદી રૂપુ ૧૮૫૮૦૦-૧૮૭૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૪૪૫૦૦-૧૪૬૫૦૦
સોનું (૯૯.૫) ૧૪૪૨૦૦-૧૪૬૨૦૦
હોલમાર્ક ૧૪૩૫૭૦

મુંબઈ

ચાંદી ૧૮૬૧૩૩
સોનું (૯૯.૫) ૧૪૧૦૫૫
સોનું (૯૯.૯) ૧૪૧૬૨૨

રાજકોટ

ચાંદી ૧૮૭૭૫૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૪૮૫૦૦
સીકા (૧ ગ્રામ) ૧૪૮૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૨૧૦૦

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૩૦૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબ્બો (૧૫ કિલો) ૨૫૫૦-૨૭૫૦
રાઈસ બ્રાન (૧૫ કિલો) ૨૫૫૦
સોયાબીન નવો ડબ્બો ૨૬૦૦
દિવેલ ૨૮૫૦
પામોલીન જુનો ડબો ૨૨૮૦
પામોલીન નવો ડબો ૨૪૦૦
કોપરેલ ૪૪૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું ૨૯૦૦
તીખું સરસીયું ૩૦૫૦
સનફલાવર ૨૬૮૦
મકાઈ તેલ ૨૪૫૦

NSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
BEL	૨૯૮.૦૦	૪.૭૧
અદાણી એન્ટર	૨૭૦૯.૨૦	૪.૪૭
ટાઈટન	૪૭૫૪.૪૦	૪.૨૨
જીયો ફીન	૨૨૨.૨૭	૩.૭૩
મેક્સ હેલ્થ	૯૨૭.૧૫	૩.૫૩
શ્રીરામ ફીન	૯૦૮.૭૫	૨.૭૧
બજાજ ફાય	૯૯૪.૦૦	૨.૪૭
અદાણી પોર્ટ	૧૯૧૦.૦૦	૨.૩૧
ઈન્ડિગો	૫૧૪૦.૮૦	૨.૩૦
બજાજ ફીન	૧૭૫૬.૫૦	૨.૨૪

BSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
BEL	૩૯૭.૧૦	૪.૫૬
ટાઈટન	૪૭૫૦.૦૦	૪.૨૮
ઈન્ડિગો	૫૧૪૦.૦૦	૨.૩૯
બજાજ ફાય	૯૯૩.૦૫	૨.૩૮
ITC	૨૭૯.૭૦	૨.૩૨
અદાણી પોર્ટ	૧૯૦૭.૧૦	૨.૩૦
બજાજ ફીન	૧૭૫૫.૦૦	૨.૦૯
ટાટા સ્ટીલ	૧૭૯.૬૦	૧.૯૩
મહિન્દ્રા	૭૩૬.૦૦	૧.૫૫
HDFC બેંક	૭૩૬.૦૦	૧.૫૫

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૮૬૧૩૩
મુંબઈ સોનું (૯૯.૫) ૧૪૧૦૫૫
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૧૬૨૨
અમ. ચાંદી ૧૮૮૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૫૨૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૪૬૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૦૦
અમ. કપાસિયા નવો ૨૭૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૫૦-૧૮૦૦
રાજકોટ મગફળી ૧૭૯૦-૧૮૦૦
સોનુ ૨૪ કેરેટ ૧૪૮૫૦૦
૧ કિલો ચાંદી ૧૮૭૭૫૦

ચીમનભાઈ માર્કેટ

બટાકા દેશી ૮૦-૧૬૦
બટાકા ડીસા ૧૬૦-૧૮૦
ડુંગળી મહારાષ્ટ્ર ૭૦૦-૧૬૦૦
ડુંગળી એમપી ૬૦૦-૮૮૦

કંપની પરિણામ

ટોરન્ટ પાવરનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે ટોરન્ટ પાવરનો નફો ૧૩% વધીને રૂ. ૮૩૮ કરોડ રહ્યો હતો. કંપનીની આવકો ૨૪ ટકા વધીને રૂ. ૯,૮૦૨ કરોડ રહી હતી.

બાયોકોનના નફામાં ઘટાડો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે બાયોકોનના નફો ઘટીને રૂ. ૫૬.૭ કરોડ રહ્યો હતો. કંપનીની આવક ૨% વધીને રૂ. ૪,૪૨૩.૪ કરોડ રહી હતી.

ઝાયડસ લાઈફનો નફો ઘટ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે ઝાયડસ લાઈફનો નફો ૨૭% ઘટીને રૂ. ૯૨૫.૫ કરોડ રહ્યો હતો. કંપનીની આવકો ૨૯% વધીને રૂ. ૭૯૦૯.૬ કરોડ રહી હતી.

એલેમ્બિક ફાર્માનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે એલેમ્બિક ફાર્માનો નફો ૮૧% વધીને રૂપિયા ૩૩૫ કરોડ રહ્યો હતો. કંપનીની આવકો ૩૬ ટકા વધીને રૂપિયા ૨૬૦૩.૪૮ કરોડ રહી હતી.

કેશ ફ્યુચર ઓપ્શન

ફ્યુચર માર્કેટ

- હિન્દુસ્તાન ઝિંક : (૫૫૨)નો નવેમ્બર માસનો ફ્યુચર ૫૫૨ ઉપર ૫૩૦નો સ્ટોપલોસ રાખીખરીદો. આગામીદિવસોમાંટાર્ગેટ-૧ ૫૬૫, ટાર્ગેટ-૨ ૫૭૫ સુધી સુધારાની શક્યતા છે.

- BSE : (૩૬૧૨)નો નવેમ્બર માસનો ફ્યુચર ૩૬૧૨ નીચે ૩૮૦૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૩૫૦૦, ટાર્ગેટ -૨ ૩૪૫૦ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

- એલેમ્બિક ફાર્માસ્યુટિકલ : (૯૦૭) ૯૦૭ ઉપર ૮૭૦ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૯૪૦, ટાર્ગેટ -૨ ૯૫૫ સુધી સુધારાની શક્યતા છે.

- નેટવેબ ટેકનોલોજીસ : (૪૦૬૫) ૪૦૬૫ નીચે ૪૨૦૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૪૦૦૦, ટાર્ગેટ-૨ ૩૯૦૦ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

જાહેર નોટિસ

જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજી.સબ-ડિસ્ટ્રીક્ટ સાણંદ, તા.સાણંદ ના મોજે ગામ- નિધરાડ ની સીમના બ્લોક/સર્વે નં.૨૪૫ પૈકી ની કુલ હે.આરે.ચો.મી. ૨-૩૪-૦૦ પૈકીની હાલના રેવન્યુ ખાતા નં.૧૬૭૧ ની હે.આરે.ચો.મી. ૦-૭૮-૦૦ યાને ૭૮૦૦ ચો.મી. ક્ષેત્રફળની આકાર રૂા.૩.૮૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન રમેશચંદ્ર ચંદુભાઈ પટેલ નાએ તેઓની સ્વપાર્જીત,સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે, આથી સદરહુ જમીન ઉપર કોઇનો કોઇપણ હક્ક,હિત,હિસ્સો,દાવો કે બોજો પોષાતો હોય તો તે અંગે દિન-૭ માં લેખીત પુરાવા સહીત સ્પીડ પોસ્ટ દ્વારા નીચે જણાવેલ સરનામે જાણ કરવી, અન્યથા સદરહુ જમીન પર કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત,હિસ્સો,દાવો કે બોજો પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે તમામ જતો(વેવ) કરેલ છે, તેમ માની લઈ ટાઈટલ ક્લીયરન્સ અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

અનિલ બી. વ્યાસ
એડવોકેટ
ઓફિસ/રહે.- એ/૦૧, ગ્રાઉન્ડ ફ્લોર, ઐશ્વર્ય એપાર્ટમેન્ટ, સ્ટાર બઝાર સામે, રત્નાકર પ્રિસ્ટીન નજીક, અવિ બંગલોઝ પાસે, સેટેલાઇટ,અમદાવાદ-૩૮૦૦૧૫. મો.નં.-૯૮૨૫૫૭૫૫૪૦

જાહેર નોટિસ

મોજે ગામ : કાસીન્દ્રા

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડીસ્ટ્રીકટ દશક્રોઇ તથા તાલુકો દશક્રોઇ ના મોજે ગામ - કાસીન્દ્રાની સીમના ખાતા નં. ૧૯૪૮ ના રીસર્વે મુજબ બ્લોક નં. ૩૪૬ (જુનો સર્વે નં. ૧૧૫૨) ની કુલ ૮૩૬૦ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીનના માલિક અલ્પાબેન તે અમૃતલાલ બબલદાસ સુથારની દિકરી અને અશ્વિનભાઇ વિનોદચંદ્ર દરજીની પત્ની, રહે. અમદાવાદ નાઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની જમીન તમામ પ્રકારના બોજા ઓ રહીત હોવાનું જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદરહુ જમીનના ટાઇટલ ક્લીયર સર્ટીફિકેટ/અભિપ્રાયની અમારી પાસેથી માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો બોજો યા હક્ક દાવો આવેલો હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઇડ નકલ સહિત દિન - ૭ (સાત) માં રજી. એ.ડી. પોસ્ટ દ્વારા જાણ કરવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો કોઇ હક્કો આવેલા નથી અને આવેલ હોય તો જતા કરેલ છે તેમ સમજી ટાઇટલ કલીયર સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઇની તકરાર ચાલશે નહિ.

તા. ૦૪/૧૧/૨૦૨૬
સ્થળ : અમદાવાદ
MAHESH THAKOR ASSOCIATES
મહેશ આર. ઠાકોર (એડવોકેટ)
રાહુલ એસ. ઠાકોર (એડવોકેટ)
જયેશ આર. ઠાકોર(એડવોકેટ)
કિસ્મત જે. ઠાકોર (એડવોકેટ)
ઓફીસ : ૫૦૮, શીલ્પ ધ એડ્રેસ, એસ.પી. રીંગ રોડ, શીલજ સર્કલ, શીલજ, અમદાવાદ - ૩૮૦૦૫૯

જાહેર નોટિસ

ગામ - એણાસણ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ - ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૦૬ (નરોડા)ના, દસ્ક્રોઇ તાલુકાના, મોજે એણાસણની સીમના સર્વે/બ્લોક નં.૨૮૧ (જુના સર્વે/બ્લોક નં.૨૦૬) ની કુલ ૨૭૪૯ચો.મી. ખેતીની જમીન, (૧) મૈયત ઠાકોર રાયસંગભાઈ શનાજીના વારસો (૧.૧) સવિતાબેન રાયસંગજી મકવાણા, (૧.૨) રંજનબેન તે રાયસંગજીની દિકરી, ચન્દ્રકાન્તભાઈ ઠાકોરના પતિ, (૧.૩) રેખાબેન તે રાયસંગજીના દિકરી, તથા અજયભાઈ ઠાકોરના પત્ની, (૧.૪) વિજયકુમાર રાયસંગજી ઠાકોર, (૧.૫) વિશાલકુમાર રાયસંગજી ઠાકોર, (૨) ઠાકોર રાવજીજી શનાજી, (૩) ઠાકોર જીલાજી શનાજી, (૪) ઠાકોર સુરસંગજી શનાજી, (૫) કોકીલાબેન તે ઠાકોર શનાજીના દિકરી, તથા, દસરથભાઈ ઠાકોરના પત્ની, (૬) મૈયત ચંપાબેન ઠાકોર શનાજીના દિકરી, તથા બાબુજી ઠાકોરના પત્નીના વારસો, (૬.૧) સગીર જાનકી બાબુજી ઠાકોરના ઇષ્ટમિત્ર અને કુદરતી વાલી તરીકે, બાબુભાઇ ભલાજી ઠાકોર, (૭) ભીખીબેન તે કાંતીજીના દિકરી, તથા કનુભાઇ ઠાકોરના પતિ, (૮) બાબુજી કાંતીજી, (૯) મધુબેન તે કાંતીજીના દિકરી, તથા મનુભાઇ ઠાકોરના પત્ની, (૧૦) રમીલાબેન નરસિંહજી મકવાણા, (૧૧) રાકેશ નરસિંહજી મકવાણા, (૧૨) આશિક નરસિંહજી ઠાકોર, (૧૩) કાજલબેન તે પુનાજી ઠાકોરના દિકરી, તથા અલ્પેશકુમાર ઠાકોરના પત્ની, (૧૪) ગીતાબેન તે પુનાજી ઠાકોરના દિકરી, તથા કલ્પેશકુમાર ઠાકોરના પત્ની, (૧૫) હિરલબેન પુનાજી ઠાકોરનાઓએ તેમની કુલ, સંપુર્ણ, સંયુક્ત, માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકોના તમામ રાઇટ્સ, ટાઇટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીકો સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઇઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઇપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીકો સિવાય બીજા કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજા કે અલોખો, ગણોત હક્ક કે ઇઝમેન્ટનો હક્ક વિગેરે કાંઇપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ.
તા.૦૪-૧૧-૨૦૨૬
નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઇટ્સ પાસે, કઠવાડા જીઆઇડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦. મો. ૯૮૭૯૦૪૧૧૨૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ના તાલુકો - બાવળા ના મોજે: રજોડા ની સીમના બ્લોક / સર્વે નંબર:૧૨૬૬ (જુનો બ્લોક/સર્વે નંબર : ૪૮૮/૨+૩+૪) ના ખાતા નંબર - ૩૯૨ થી નોંધાયેલી જમીન કે જેનો આકાર રૂા.૫.૫૦ પૈસા, જેનું ક્ષેત્રફળ કુલ ૦-૯૪-૩૫ હે.આરે.ચો.મી. પૈકી ૦-૩૬-૦૦ હે.આરે.ચો.મી. જુની શરતની ખેતી લાયક જમીન અસલ હદ,હકકો સહિત જમીન જે જમીન ના માલીક સુરેશભાઈ પશાભાઈ ઠાકોર ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી સંપુર્ણપણે મુકત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે માટે સદરહું જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી અમારી પાસે કરેલ છે.સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, ચાર્જ-બોજો, તકરાર, દાવો-ફરીયાદ, વિગેરે સીધી કે આડકતરી રીતે હકક,હિત સંબધ હોઈ તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, વિગેરે સીધી કે આડકતરી રીતે હકક,હિત સંબધ નથી અને હોય તો જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે.

તા.૦૪.૧૧.૨૦૨૬
A.A.DESAI (ADVOCATE)
C-301,Colonned-1 Iskon-Ambli Road,Iskon,
Ahmedavad-380015
M-8320513247

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૨ (વાડજ)ના ઘાટલોડિયા તાલુકાના મોજે ગામ ઘાટલોડિયાની સીમના સરવે નંબર-૨૪૭ ટી.પી.સ્કીમ નંબર-૨ ફાઈનલ પ્લોટ નંબર-૮૨ ની સ.ચો.મી. ૩૦૨૩ ની જમીન ઘાટલોડિયા મીના પાર્ક કો.ઓ.હા.સો.લી. (માણેકબા એપાર્ટમેન્ટ) ની કુલ સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે અને તેમાં એએમસી દ્વારા મંજુર થયેલ પ્લાન મુજબ ૪૬ ફ્લેટ તથા ૪ દુકાનો આવેલ છે. તે પૈકી બ્લોક એ ના (૧) દુકાન નંબર-એ/૧/૧ હર્ષ કાળીદાસ પટેલ (૨) દુકાન નંબર-એ/૧/૨ કાળીદાસ જોઈતારામ પટેલ (૩) દુકાન નંબર-એ/૨/૧ રૂક્ષ્મણીબેન ભગવાનદાસ નિર્બન (૪) દુકાન નંબર-એ/૨/૨ લક્ષ્મણદાસ જીવીદાસ પટેલ (૫) ફ્લેટ નંબર-એ/૩ છાયા અજીત ભાટીયા તથા સ્વ. અજીતકુમાર સેવંતીલાલ ભાટીયા, કુંજન અજીતકુમાર ભાટીયા, નિકુંજ અજીતકુમાર ભાટીયા (૬) ફ્લેટ નંબર-એ/૪ કાંતાબેન જયંતિલાલ પટેલ (૭) ફ્લેટ નંબર-એ/૫ ઉત્તમ ભગવાનદાસ નિર્બન (૮) ફ્લેટ નંબર-એ/૬ હીરેનકુમાર વી. પટેલ (૯) ફ્લેટ નંબર-એ/૭નિર્મળાબેન રમેશભાઈ પટેલ (૧૦) ફ્લેટ નંબર- એ/૮ શ્રીપ્રસાદ કરણબહાદુર છેત્રી (૧૧) ફ્લેટ નંબર-એ/૯ હીરલકુમાર રમેશચંદ્ર પટેલ (૧૨) ફ્લેટ નંબર- એ/૧૦બોન્ડીલી લક્ષ્મીબાઈ (૧૩) ફ્લેટ નંબર-એ/૧૧ શિલ્પા જીજ્ઞેશકુમાર મહેતા (૧૪) ફ્લેટ નંબર-એ/૧૨ અશ્વિનભાઈ અમૃતલાલ આચાર્યની માલિકીની આવેલ છે. બ્લોક બી ના (૧) ફ્લેટ નંબર-બી/૧ વિપુલભાઈ મહાસુખભાઈ તુરખીયા (૨) ફ્લેટ નંબર-બી/૨ ઈન્દુબેન લક્ષ્મણભાઈ ગોહીલ (૩) ફ્લેટ નંબર-બી/૩ અમીતા રાજેશ પટેલ તથા રાજેશ છબીલદાસ પટેલ (૪) ફ્લેટ નંબર-બી/૪ મુકેશકુમાર હીરાલાલ શાહ (૫) ફ્લેટ નંબર-બી/૫ તરૂણકુમાર જયંતિલાલ પટેલ (૬) ફ્લેટ નંબર-બી/૬ ભાવેશ ગુણવંતરાય શાહ તથા પરાગીબેન ભાવેશકુમાર શાહ (૭) ફ્લેટ નંબર-બી/૭ કેસરબેન પારસમલ કુમાવત તથા પારસમલ શ્રીરામ કુમાવત (૮) ફ્લેટ નંબર-બી/૮ પુષ્પાબેન મનસુખલાલ મકવાણા (૯) ફ્લેટ નંબર-બી/૯ મનિષ ગૌતમભાઈ જોષી (૧૦) ફ્લેટ નંબર-બી/૧૦ રોશનીબેન સંજીવકુમાર પટેલ (૧૧) ફ્લેટ નંબર-બી/૧૧ રમિલાબેન રમેશભાઈ પટેલ (૧૨) ફ્લેટ નંબર-બી/૧૨ સાગર રમણિકભાઈ ભટ્ટ તથા ચિરાગભાઈ આર. ભટ્ટની માલિકીના આવેલા છે. બ્લોક સી ના (૧) ફ્લેટ નંબર-સી/૧ મંજુલાબેન ફુલજીભાઈ પટેલ (૨) ફ્લેટ નંબર-સી/૨ પ્રકાશચંદ્ર ગાડરી (૩) ફ્લેટ નંબર-સી/૩ આશીષ અનિલ તાવીલદાર (૪) ફ્લેટ નંબર-સી/૪ લક્ષ્મીબેન મુપાજી ચૌધરી (૫) ફ્લેટ નંબર-સી/૫ હર્ષા સ્નેહલભાઈ પટેલ (૬) ફ્લેટ નંબર-સી/૬ કેતન અમૃતલાલ શાહ તથા અશ્વિનકુમાર અમૃતલાલ શાહ (૭) ફ્લેટ નંબર-સી/૭ સંજીવ ગુણવંતલાલ શાહ તથા પ્રશ્રા સંજીવભાઈ શાહ (૮) ફ્લેટ નંબર-સી/૮ વસંતાબેન વિઠ્ઠલભાઈ (૯) ફ્લેટ નંબર-સી/૯ સુનિતાબેન મૌલેશભાઈ ત્રિવેદી (૧૦) ફ્લેટ નંબર-સી/૧૦ ક્રિષ્ણા કલ્પેશકુમાર ત્રિવેદી (૧૧) ફ્લેટ નંબર- સી/૧૧ કલ્પેશકુમાર નવિનચંદ્ર પટેલ (૧૨) ફ્લેટ નંબર-સી/૧૨ શશીકાંત છોટાલાલ શાહના માલિકીના આવેલ છે. બ્લોક ડી ના (૧) ફ્લેટ નંબર-ડી/૧ માધુરી કાંતિલાલ મકવાણા (૨) ફ્લેટ નંબર-ડી/૨ રમેશભાઈ પોપટભાઈ પટેલ (૩) ફ્લેટ નંબર-ડી/૩ પ્રવિણાબેન પ્રમોદભાઈ પટેલ (૪) ફ્લેટ નંબર-ડી/૪ ચંદ્રકાંત હરગોવનદાસ બારોટ (૫) ફ્લેટ નંબર-ડી/૫ રૂપાબેન સંજયભાઈ વાઘેલા (૬) ફ્લેટ નંબર-ડી/૬ મદનલાલ ભંવરલાલ પ્રજાપતિ (૭) ફ્લેટ નંબર-ડી/૭વિજય મનુભાઈ શાહ (૮) ફ્લેટ નંબર-ડી/૮ વિરલ બળદેવભાઈ પટેલ (૯) ફ્લેટ નંબર-ડી/૯ પરાગ રમેશચંદ્ર પંડયા તથા દીપાલીબેન પરાગ પંડયા (૧૦) ફ્લેટ નંબર-ડી/ ૧૦ પન્ના રાજેન્દ્રકુમાર દેસાઈ (૧૧) ફ્લેટ નંબર-ડી/૧૧ રાજેશભાઈ વીરજીભાઈ પટેલ તથા ધર્મિષ્ઠા રાજેશભાઈ પટેલ (૧૨) ફ્લેટ નંબર-ડી/૧૨ ચંદ્રકાંત પ્રેમચંદભાઈ ખંધારના માલિકીના આવેલ છે. સદરહુ સભ્યોએ સોસાયટીની તા. ૧૩-૪-૨૦૨૪ના સામાન્ય સભાના ઠરાવ નંબર-૪ થી મેસર્સ ઉગતિ કોર્પોરેશન એ નામની ભાગીદારી પેઢીને સદરહુ જમીન રીડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ અને તે અંગેનો રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટ અમદાવાદના મે. સબ-રજીસ્ટ્રાર સાહેબ-૨ (વાડજ)ની કચેરીમાં રજી. નંબર-૧૫૭૪૯ થી તા. ૨૫-૯-૨૦૨૬ ના રોજ નોંધાવવામાં આવેલ છે. તો સદરહુ જમીન અથવા ઉપરોક્ત જણાવેલ સભાસદોની મીલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી નહિં તો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૪-૧૧-૨૦૨૬
રૂપેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
જીજ્ઞેશ એ. ભગત
(એડવોકેટ એન્ડ નોટરી)
ફોર ભગત એસોસીએટસ
સરનામું : ૩૦૨-એ/બી, શીલ કોમ્પ્લેક્ષ, આગમન કોમ્પ્લેક્ષની પાછળ, મીઠાખળી, અમદાવાદ.
ટે.નં.(૦૭૯)૨૬૪૦૬૮૨૫



જાહેર નોટિસ

આથી અમો અમારા અસીલ જીતેન્દ્રભાઈ રમણલાલ કંકુવાલા રહેવાસી : શ્રેયસ એપાર્ટમેન્ટ, આંબાવાડી, અમદાવાદ, (૨) ધારા કંદર્પ પટેલ, રહેવાસી : એ-૫૦૪, ઈન્દ્રપ્રસ્થ-૩, સેટેલાઈટ, અમદાવાદના ની સુચના અને ફરમાઈશથી આ નોટીસ જણાવીએ છીએ કે અમારા અસીલ નં. ૧ ના ભત્રીજા અને નં. ૨ ના સગા ભાઈ નામે રવિ અરૂણકુમાર કંકુવાલા નાઓ તેમના કહ્યામાં ન હોવાનું જણાવી અને રવિ અરૂણકુમાર કંકુવાલા સ્વચ્છંદી અને મનસ્વી જીવન વિતાવી રહેલ હોઈ, તેઓની સાથે અમારા અસીલ અને લાગતા-વળગતા તમામ અંગત કુટુંબીજનોએ સામાજિક તેમજ તમામ પ્રકારના સંબંધોનો અંત આણેલ છે, તો તેમની સાથે કોઈએ કોઈપણ જાતનો આર્થિક કે અન્ય વ્યવહાર કરવો કે કરાવવો નહિ અને આમ, છતાં આવો કોઈ વ્યવહાર કરવામાં આવશે તો તે અંગે અમારા અસીલની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ, તે આથી આ જાહેર ચેતવણી આપી જાહેર જનતાને જણાવીએ છીએ.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૪-૧૧-૨૦૨૬
દુર્ગેશ એમ. દવે
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજ્ઞેશ એમ. દવે (એડવોકેટ)
૧૫, સરદાર કોમ્પલેક્ષ, ભગવાનનગર સોસાયટી સામે, ગોવિંદવાડી, ઇસનપુર, અમદાવાદ. મો. ૯૯૨૪૯૧૮૫૪૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડિસ્ટ્રીક્ટ : અમદાવાદ, તાલુકા : વેજલપુરના મોજે ગામઃ મકરબાની સીમમાં આવેલ સર્વે/બ્લોક નંબર ૫૯૦ ની ક્ષેત્રફળ ૪૯૩૭૫ ચો.મી.ની જમીન કે જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૦૪(સરખેજ-ઓકાફ-મકરબા-વેજલપુર-આંબલી) માં થતા તે બદલ ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર ૫૯૦ ની ક્ષેત્રફળ ૩૪૫૬૩ ચો.મી.ની જમીન ઉપર વિકસાવવામાં આવેલ 'આર્યવર્ત-૪' એ નામની સ્કીમ ઉપર આવેલ સબ પ્લોટ નંબર ૩ ની ક્ષેત્રફળ ૧૨૬૬ ચો.મી.ની જમીનમાં (૧) જયેશ અમ્રતભાઈ મિસ્ત્રી તથા (૨) પ્રિતીબેન જયેશભાઈ મિસ્ત્રી નાઓના માલીકીપણા બાબત, અમારા અસીલ દ્વારા અમારી સમક્ષ ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત જમીનમાં ખોરાકી, પોષાકી, કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, ચાર્જ, બોજો અલાખો કે લિયન ચાર્જ પોષાતો હોય તો તેઓને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તે અંગેના તમામ લેખિત પુરાવા સહીત નીચેના સરનામે રજીસ્ટર્ડ ટપાલ દ્વારા જાણ કરી વાંધો નોધાવવો. જો તેમ કરવામાં નહિ આવેતો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો પોષાતો હોય તો તે જતો યાને કે 'વેઈવ' કરેલ છે તેમ સમજી મુદત વિત્યે ઉપરોક્ત જમીનનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર માન્ય રખાશે નહિ તે જાણવું.

શ્રીનાથ પરીખ
વાડીયા ઘાંડી એન્ડ કું. (અમદાવાદ)
(એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ)
બ્લોક - બી, ૧૨ મો માળ, ઈસ્ટ ફેસ, એસ.પી. રીંગ રોડની પાસે, ઈસ્કોન - આંબલી રોડ, આંબલી, અમદાવાદ - ૩૮૦૦૫૮
ફોન : (+૯૧) ૮૫૧૧૪૮૪૭૦૦/ ૮૫૧૧૪૯૪૮૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) જીગર જસવંતલાલ શાહ તથા (૨) પ્રકાશ અંબાલાલ પટેલ નાઓની સુચનાથી જત ડિસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબડીસ્ટ્રીકટ સાણંદ ના તાલુકા સાણંદ ના મોજે ગામઃ મોટી દેવતી ના બ્લોક/સર્વે નંબર ૩૦૦/૨૦ ની કુલ ૪૨૫૦ ચોરસમીટર ના ક્ષેત્રફળવાળી જમીન અંગેના ચેઈન ઓફ ટાઈટલ સબંધિત તા.૦૪/૧૨/૨૦૦૪ ના રોજ મે, સબરજીસ્ટ્રાર સાહેબશ્રી, સાણંદની કચેરીમાં નોંધવામાં આવેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમે નંબર ૨૧૭૪/૨૦૦૪ તથા તેની અસલ રજીસ્ટ્રેશન પહોંચ તેઓના જણાવ્યા મુજબ તેઓથી શરતચુકથી ક્યાંક મુકાઈ ગયેલ અથવા ખોવાઈ ગયેલ છે, જેની તેઓએ ઘણી શોધખોળ કરવા છતાં પણ આજદિન સુધી મળી આવેલ નથી તથા તેઓના જણાવ્યા મુજબ તા.૦૪/૧૨/૨૦૦૪ ના રોજ નોંધાયેલ આ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમે નંબર ૨૧૭૪/૨૦૦૪ તથા આ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન પહોંચ તેઓએ કોઈ વ્યક્તિ, પેઢી, સરકારી કે ખાનગી બેંક, કોઈપણ નાણાકીય સંસ્થાને ગીરો તરીકે આપેલ નથી કે તેના આધારે સદર જમીન ઉપર લોન લીધેલ નથી. સબબ સદર આ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન પહોંચ જે કોઈને મળી આવે તો તેઓએ દિન-૭ માં અમોને પરત આપી જવા તેમજ સદર અસલ દસ્તાવેજના આધારે ઉપરોકત જમીન ઉપર કોઈએ કોઈપણ જાતનું ધિરાણ કર્યુ હોય યા કોઈપણ પ્રકારનો બોજો યા હકક-દાવો વિગેરે કાંઈપણ હોય અથવા જમીનના વેચાણના યા અન્ય કામે અસલ ટાઈટલ ડીડ્સ કોઈને સોંપેલ હોય તો દિન-૭ માં લેખિત પુરાવા સહિત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એડી. થી જાણ કરવી અને તેમ કરવામાં નહીં આવે તો ઉપરોકત જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો તે તમામ જતા યાનેકે વેવ (Waive) કરેલ છે તેમ સમજી મુદત પુરી થયેથી કોઈને કોઈ વાંધો નથી તેમ ગણી ઉપરોકત સંદર્ભે કોઈ વાંધો મળેલ નથી તેવા મતલબનું સર્ટીફીકેટ ઈસ્યુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : અમદાવાદ
તારીખ :૦૫-૧૧-૨૦૨૬
આકાશ વી. ગાંધી (એડવોકેટ)
૨૧૦, વિઠ્ઠલ ધ મોલ, વિસત ગાંધીનગર હાઈવે, વિશ્વકર્મા એન્જિનિયરીંગ કોલેજ પાસે, ચાંદખેડા, અમદાવાદ - ૩૮૨૪૨૪.

જાહેર નોટિસ

આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે જીલ્લા : અમદાવાદના તાલુકા : વટવાના મોજે : વિંઝોલ ગામની સીમના રેવેન્યુ બ્લોક/સર્વે નંબર ૨૨૭ ની ૧૫૦૭૫ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી.સ્કીમ નંબર-૧૨૭ માં થતા મળેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૯ ની ૯૦૪૫ ચો.મી. બહુહેતુક ઉપયોગ વાળી બિનખેતીની જમીન તથા તેની ઉપર આવેલ બાંધકામ સહિતની મીલકતની માલિકી મે. બી.સ્કવેર ડેવલપર્સ, નામની ભાગીદારી પેઢીની માલિકીનું હોવાનું જણાવી તથા મજકુર જમીન અંગેના દસ્તાવેજ/ટાઈટલ ડીડઝ પૈકી (અ) રાજેન્દ્રકુમાર રમણલાલ સોનીની તરફેણમાં બાલુબેન પ્રહલાદસિંહ વિગેરેઆએ કરી આપેલ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ (રજી.નંબર-૨૦૬૭ તા.૨૦/૦૯/૨૦૧૩) તેમજ (બ) રાજેન્દ્રકુમાર રમણલાલ સોનીની તરફેણમાં બબીબેન લીલાજી વિગેરેઓએ કરી આપેલ અસલ રજીસ્ટર્ડ કબુલાતનો લેખ (રજી.નંબર-૮૫૬ તા.૧૦/૦૪/૨૦૧૮) તથા ગેરવલ્લે/ગુમ થયેલ હોવાનું જણાવી તથા અમારા અસીલ મજકુર જમીન તેમજ અન્ય જમીના પર આવેલ 'કર્ણાવતી એગ્રીકલ્ચર માર્કેટયાર્ડ' ની મિલક્ત સીકયોરીટી તરીકે આપી બેંક/ નાણાંકીય સંસ્થા માંથી લોન લેવા માટે મોર્ગેજમાં મુકવાના હેતુથી, મજકુર જમીનના ટાઈટલ કલીઅરન્સ સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે સદરહુ મીલકત અને/અગર ઉપર જણાવેલ અસલ ટાઈટલ ડીડઝ ઉપર/પરત્વે જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેંક, નિગમ, પેઢી કે સંસ્થાનો કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, ચાર્જ, દાવો લીસપેનડન્સ હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તેની લેખિત જાણ દસ્તાવેજી આધાર-પુરાવા સહિત રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે કરવી. જો તેમ નહિં કરવામાં આવે તો ઉપરોકત મીલકત અને/અગર તેના ટાઈટલ ડીડઝ ઉપર/પરત્વે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક નથી અને જો હોય તો તેમણે તેમના તેવા હક્ક જતા (waive) કરેલ છે તેમ ગણીને મુદ્દત વીતે ઉપરોકત મીલકત અંગેનું ટાઈટલ કિલઅરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ બેંક/ નાણાંકીય સંસ્થાની તરફેણમાં મોર્ગેજની કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે દાવા ચાલશે નહીં તે જાણવું.

આઈ. આર. પટેલ લો એસોસીએટસ્
ઈન્દ્રવદન આર. પટેલ, એડવોકેટ
૩૦૧, ચાણકય બિલ્ડીંગ, ટોરેન્ટ હાઉસની બાજુમાં, ઈન્કમ ટેક્ષ, અમદાવાદ - ૩૮૦૦૦૯
ફોન નંબર - ૨૬૫૮૧૨૧૪

જાહેર નોટિસ

ગામ - કુહા

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૧૨ (નિકોલ)ના, દસ્ક્રોઇ તાલુકાના મોજે ગામ કુહાની બિનખેતીની જમીનોનો સમાવેશ કુહા (બિનખેતી) વોર્ડમાં થતાં આપવામાં આવેલ સીટી સર્વે નં.NA૨૨૯૫ ની કુલ ૧૨૧૪ચો.મી. બિનખેતીની જમીન, (૧) વિનયભાઇ રામજીભાઇ પટેલ, (૨) વિજયભાઇ ચંદુભાઇ જાવીયા, તથા (૩) નીતીનકુમાર સોમાભાઇ પટેલનાઓએ તેમની કુલ, સંપુર્ણ, સંયુક્ત, માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ જણાવીને, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકોના તમામ રાઇટ્સ, ટાઇટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીકો સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઇઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઇપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીકો સિવાય બીજા કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજા કે અલોખો, ગણોત હક્ક કે ઇઝમેન્ટનો હક્ક વિગેરે કાંઇપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ.
તા.૦૪-૧૧-૨૦૨૬
નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઇટ્સ પાસે, કઠવાડા જીઆઇડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦. મો. ૯૮૭૯૦૪૧૧૨૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જીલ્લો ડીસ્ટ્રીક્ટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ બાવળા ના બાવળા તાલુકાના મોજે ઢેઢાળ ગામની સીમના ખાતા નંબર-૭૧૦ ના સર્વે/બ્લોક નંબર-૫૩૦ (રી-સર્વે /બ્લોક નં-પહેલાના સર્વે /બ્લોક નં-૨૭૬) ની ૦૧-૭૭-૪૮ હે.આરે.ચોમી તથા ખાતા નંબર-૬૯૮ ના સર્વે/બ્લોક નંબર-૫૨૦ (રી. સર્વે/બ્લોક નં- પહેલાના સર્વે /બ્લોક નં-૨૭૯/૧) ની ૦૧-૭૦-૯૯ હે.આરે.ચોમી જુની શરતની ખેતીની જમીન ના ખેડુત ખાતેદાર શ્રી રૂચિત નિરવભાઈ પટેલ (૧૦૦ પૈસાના વરાડે ૮૮ પૈસાનો હિસ્સો) તથા અનિલભાઇ નાગજીભાઇ ભાદાણી (૧૦૦ પૈસાના વરાડે ૧૨ પૈસાનો હિસ્સો) ની પોતાની માલિકીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લિયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાકીય ધિરાણ કરેલ હોય કે ગાડાહક્ક, રસ્તાહક્ક, ગણોતહક્ક, ખેડહક્ક, કબજાહક્ક, બાનાચિઠ્ઠી, બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હીત- હિસ્સો પોષાતો હોય કે રહેલો હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી.થી લેખિત જાણ કરવી જો તેમ નહીં કરવામાં આવે તો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લિયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાકીય ધિરાણ કરેલ હોય કે ગાડાહક્ક, રસ્તાહક્ક, ગણોતહક્ક, ખેડહક્ક, કબજાહક્ક, બાનાચિઠ્ઠી, બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હીત-હિસ્સો પોષાતો નથી અને જો હોય તો તે મિલકતના માલિકની તરફણમાં બિનશરતી જતાં (Waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ :- ૦૫/૧૧/૨૦૨૬
SHAHIDAHEMAD. I. VAHORA
(Advocate)
એફ/૨૭, જય અંબે કોમ્પ્લેક્સ, નગરપાલિકાની સામે, બાવળા-૩૮૨૨૨૦
MO. 9974050306 / 9662985303

જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર-૧ના તાલુકા ગાંધીનગરનાં મોજે ગામ જમીયતપુરાની સીમના ખાતા નંબર ૩૫૬ ના બ્લોક નંબર ૩૪૦ (જુના બ્લોક નંબર ૨૭૨ ના જુના રેવન્યુ સર્વે નંબર ૨૦૬/૧, ૨૦૬/૨ તથા ૨૦૬/૩) ની કુલ હે.આરે.ચો.મી.૦-૨૭-૬૩ આકાર રૂા.૨-૯૦ પૈસાની જુની શરતની ખેતીની જમીન., લીલાબેન તે શાંતિલાલ રામભાઇ પારેખની વિધવા, મનોજભાઈ શાંતિલાલ પારેખ, રસીકભાઇ રામભાઇ તથા મર્હુમ રમેશભાઇ રામભાઇ વાળંદના કાયદેસરના અને સીધીલીટીના વારસદારો :- મહેશકુમાર રમેશચંદ્ર ઉર્ફે રમેશભાઇ પારેખ ઉર્ફે વાળંદ, વિજયભાઇ રમેશભાઇ પરીખ ઉર્ફે વાળંદ, પ્રીતીબેન તે ભરતભાઇ રમેશભાઇ પારેખ ઉર્ફે વાળંદની વિધવા, રિતીકાબેન ભરતભાઇ પારેખ ઉર્ફે વાળંદ તથા માહીબેન ભરતભાઇ પારેખ ઉર્ફે વાળંદ એમ સર્વેએ તેઓની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર લીલાબેન તે શાંતિલાલ રામભાઈ પારેખની વિધવા, મનોજભાઈ શાંતિલાલ પારેખ, રસીકભાઈ રામભાઇ તથા મર્હુમ રમેશભાઇ રામભાઇ વાળંદના કાયદેસરના અને સીધીલીટીના વારસદારો :- મહેશકુમાર રમેશચંદ્ર ઉર્ફે રમેશભાઇ પારેખ ઉર્ફે વાળંદ, વિજયભાઇ રમેશભાઇ પરીખ ઉર્ફે વાળંદ, પ્રીતીબેન તે ભરતભાઇ રમેશભાઇ પારેખ ઉર્ફે વાળંદની વિધવા, રિતીકાબેન ભરતભાઇ પારેખ ઉર્ફે વાળંદ તથા માહીબેન ભરતભાઇ પારેખ ઉર્ફે વાળંદ એમ સર્વેએ કોઇપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઇપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઇન કરેલ નથી તેમજ સદર જમીન ઉપર કોઇપણ કોર્ટ કચેરીમાં કોઇપણ જાતના દાવાદુવી કે પ્રોસીડીંગ્સ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ તારીખ:-૦૪/૧૧/૨૦૨૬
નેહલ એન. શાહ એસોસીએટ્સ
સૌરિન રાજેશભાઈ શાહ
એડવોકેટ
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ. મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

જાહેર નોટિસ

ગામ - એણાસણ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ - ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૦૬ (નરોડા)ના, દસ્ક્રોઇ તાલુકાના, મોજે એણાસણની સીમના સર્વે/બ્લોક નં.૨૮૨ (જુના સર્વે/બ્લોક નં.૨૦૭) ની કુલ ૨૭૦૨ ચો.મી. ખેતીની જમીન, (૧) મૈયત ઠાકોર રાયસંગભાઈ શનાજીના વારસો (૧.૧) સવિતાબેન રાયસંગજી મકવાણા, (૧.૨) રંજનબેન તે રાયસંગજીની દિકરી, ચન્દ્રકાન્તભાઈ ઠાકોરના પત્ની, (૧.૩) રેખાબેન તે રાયસંગજીના દિકરી, તથા અજયભાઈ ઠાકોરના પત્ની, (૧.૪) વિજયકુમાર રાયસંગજી ઠાકોર, (૧.૫) વિશાલકુમાર રાયસંગજી ઠાકોર, (૨) ઠાકોર રાવજીજી શનાજી, (૩) ઠાકોર જીલાજી શનાજી, (૪) ઠાકોર સુરસંગજી શનાજી, (૫) કોકીલાબેન તે ઠાકોર શનાજીના દિકરી, તથા, દસરથભાઈ ઠાકોરના પત્ની, (૬) મૈયત ચંપાબેન ઠાકોર શનાજીના દિકરી, તથા બાબુજી ઠાકોરના પત્નીના વારસો, (૬.૧) સગીર જાનકી બાબુજી ઠાકોરના ઇષ્ટમિત્ર અને કુદરતી વાલી તરીકે, બાબુભાઇ ભલાજી ઠાકોર, (૭) ભીખીબેન તે કાંતીજીના દિકરી, તથા કનુભાઇ ઠાકોરના પત્ની, (૮) બાબુજી કાંતીજી, (૯) મધુબેન તે કાંતીજીના દિકરી, તથા મનુભાઇ ઠાકોરના પત્ની, (૧૦) રમીલાબેન નરસિંહજી મકવાણા, (૧૧) રાકેશ નરસિંહજી મકવાણા, (૧૨) આશિક નરસિંહજી ઠાકોર, (૧૩) કાજલબેન તે પુનાજી ઠાકોરના દિકરી, તથા અલ્પેશકુમાર ઠાકોરના પત્ની, (૧૪) ગીતાબેન તે પુનાજી ઠાકોરના દિકરી, તથા કલ્પેશકુમાર ઠાકોરના પત્ની, (૧૫) હિરલબેન પુનાજી ઠાકોરનાઓએ તેમની કુલ, સંપુર્ણ, સંયુક્ત, માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલ જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકોના તમામ રાઇટ્સ, ટાઇટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીકો સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઇઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઇપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીકો સિવાય બીજા કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજા કે અલોખો, ગણોત હક્ક કે ઇઝમેન્ટનો હક્ક વિગેરે કાંઇપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઇટલ ક્લીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ.
તા.૦૪-૧૧-૨૦૨૬
નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઇટ્સ પાસે, કઠવાડા જીઆઇડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦. મો. ૯૮૭૯૦૪૧૧૨૮

ચૂંટણી પૂર્વે ટ્રમ્પે એજન્સીઓ દ્વારા ઈલ્હાનના ઘરે દરોડા પડાવ્યા હતા

ભારત વિરોધી યુએસ સાંસદ ઈલ્હાન ઉમર પાંચમી વખત ચૂંટણી જીત્યા

વોશિંગ્ટન, તા. ૪

અમેરિકાના મુસ્લિમ સાંસદ અને ભારતમાં વિવાદોમાં રહેતા ઈલ્હાન ઉમરે પોતાની સામે તપાસ સહિતના પડકારો વચ્ચે પણ ચૂંટણી જીતી લીધી છે. ડેમોક્રેટિક પાર્ટીના નેતા ઈલ્હાને મિનેસોટામાં પાંચમાં કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટથી રિપબ્લિકન ઉમેદવાર જોન નાગેલને કારમી રીતે હરાવ્યા હતા. ચૂંટણી પહેલા ઈલ્હાનના ઘર પર એજન્સીઓએ દરોડા પાડ્યા હતા.

ઈલ્હાને પીઓકેની મુલાકાત લઈ પાકિસ્તાનને સમર્થન આપ્યું હતું, ભારત વિરોધી પ્રસ્તાવો પણ રજૂ કર્યા હતા

૧૨મી ઓક્ટોબરના રોજ અમેરિકાની હોમલેન્ડ સિક્યોરિટી તપાસ ટીમે વોશિંગ્ટન સ્થિત ઈલ્હાનના ઘરે દરોડા પાડ્યા હતા. આ તપાસ ઈમિગ્રેશનના દસ્તાવેજો અને તેના પિતા તરફથી જમા કરાવાયેલા દસ્તાવેજો સાથે જોડાયેલી છે. વિરોધીઓને ત્યાં એજન્સીઓના દરોડા વચ્ચે વિરોધીઓની જીત જોવા મળી રહી છે. ઈલ્હાન ઉમર પોતાના નિવેદનોને કારણે ભારતમાં ચર્ચામાં રહેતા હોય છે.



અમેરિકાની પ્રતિનિધિ સભામાં ભારતમાં

૨૦૨૨માં ઈલ્હાન ઉમરે માનવ અધિકારો અને ધાર્મિક સ્વતંત્રતાનો મુદ્દો ઉઠાવી પ્રસ્તાવ રજુ કર્યો હતો. જેમાં ભારતમાં મુસ્લિમો, ખ્રિસ્તી, શીખ, દલિતો, આદિવાસીઓ પર અત્યાચાર થતો હોવાનો દાવો તેમણે કર્યો હતો. આ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવવા અને નાગરિકતા સંશોધન કાયદો સીએએ જેવા મુદ્દા પર ભારત સરકારની ટીકા કરી ચુક્યા છે. આ ઉપરાંત તેમણે એક ભારત વિરોધી પગલું પણ ભર્યું હતું અને પાકિસ્તાનના કબજાવાળા પીઓકેની મુલાકાત લઈને આડકતરી રીતે પાકિસ્તાનને સમર્થન જાહેર કર્યું હતું.

ટ્રમ્પે અગાઉ ન્યૂયોર્કના મમદાનીની આ રીતે ભારે ટીકા કરી હતી

ટ્રમ્પે જેહાદી ગણાવેલા અબ્દુલ સૈયદની અમેરિકન સેનેટમાં ધમાકેદાર એન્ટ્રી

વોશિંગ્ટન,તા.૪


અમેરિકામાં મિડ ટર્મ ઈલેક્શનમાં સેનેટમાં પહેલી જ વખત કોઈ મુસ્લિમ સેનેટર આવતા ઈતિહાસ રચાયો છે. અબ્દુલ અલ સૈયદ મિશિગનથી ૨૦ લાખ મત મેળવીને ડેમોક્રેટ્સના ઉમેદવાર તરીકે સેનેટમાં ચૂંટાઈ આવ્યા છે. તેમણે ટ્રમ્પનું સમર્થન મેળવનારા રિપબ્લિકન ઉમેદવાર માઈક રોજર્સને હરાવ્યા હતા. તે ડેમોક્રેટ્સ સેનેટર ગેરી પીટર્સનું સ્થાન લેશે.

મિશિગનના ડોક્ટરે અમેરિકન સેનેટમાં પ્રવેશ મેળવનાર સૌપ્રથમ મુસ્લિમ સેનેટર બનીને ઈતિહાસ રચ્યો

અમેરિકાની મધ્યવર્તી ચૂંટણીમાં પૂર્વાનુમાનો પ્રમાણે બંને સદનો હાઉસ ઓફ રેપ્રિઝેન્ટેટીવ્ઝ અને સેનેટમાં પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પનો પરાજય થયો છે. તેની પાર્ટી રીપબ્લિકન પાર્ટીને ડેમોક્રેટસે પ્રતિનિધિસભા તેમજ ઉપલા ગૃહ (સેનેટ) બંનેમાં પછાડ આપી છે. વાત સીધી અને સાદી છે. અમેરિકન્સે ટ્રમ્પની નીતિઓનો તદ્દન અસ્વીકાર કર્યો છે.

આ ચૂંટણીમાં પોતાનાં વક્તવ્યો દરમિયાન ટ્રમ્પે ફ્રાંસ, જર્મની અને ઈટાલી જેવા દેશોમાં ફેલાયેલ હિંસાનું ઉદાહરણ આપતાં મુસ્લીમ વસાહતીઓ પ્રત્યે નફરતનું અભિયાન છેડ્યું હતું. તેઓએ મીશીગનનો સેનેટની બેઠક માટેના ઉમેદવાર અબ્દુલ અલ સૈયદ ઉપર સતત પ્રહારો કરે રાખતા હતા, તેને જેહાદી પણ કહી દીધો હતો. છતાં તે ૨૦ લાખ મત મેળવી ૫૧.૮૩ ટકા વૉટ સાથે પોતાના પ્રતિસ્પર્ધી માઈકરોજર્સથ ઘણો જ આગળ હતો, તેનો વિજય નિશ્ચિત લાગે છે.

અબ્દુલ અલસૈયદ એક તબીબ છે. મહામારી વિશેષજ્ઞ છે. મિશિગનનાં ડેટ્રોઈટ શહેરમાં જન્મેલો સૈયદ ઈજીપ્તમાં વસાહતી માતા-પિતાનો પુત્ર છે તે મીશીગન યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયો પછી ઓક્સફર્ડમાંથી તેણે પબ્લિક હેલ્થમાં ડૉક્ટરેટની ઉપાધિ મેળવી, પછી કોલંબિયા યુનિવર્સિટીમાંથી પોતાની



તબીબી ડીગ્રી મેળવી. તે એક સફળ ડૉક્ટર અને કોલંબિયા યુનિ.માં પ્રોફેસર હોવા છતાં, અમેરિકાની રાજનીતિમાં તેમણે રાજકારણમાં ઝંપલાવ્યું તેનું કારણ વધી રહેલી જાતિવાદી ભાવનાઓ અને નફરતનો સામનો કરવાનું હતું.

ઉલ્લેખનીય છે કે ન્યૂયોર્કના મેયર બનેલા મમદાની વિરૂદ્ધ પણ ટ્રમ્પે આવી જ ઝૂંબેશ ઉઠાવી હતી. છતાં તેઓ જીત્યા. મમદાની ભારતવંશીય છે, તેવો ભારતીય ફિલ્મ નિર્માતા મીરા નાયરના પુત્ર છે. અબ્દુલની પત્નીનું નામ સારા છે. તેને બે પુત્રીઓ છે. સારા ભારતીય મૂળની છે. તે એક સાઈકિયાટ્રિસ્ટ છે. બંને મિશિગનમાં અભ્યાસ દરમિયાન મળ્યા હતા. સારા જુકાકુનું કુટુંબ ભારતના કર્ણાટક સાથે સંબંધ ધરાવે છે. તે મેંગ્લુરુથી ૧૪૦ કિ.મી. દૂર આવેલા ભટલક ગામની છે. તેમના પિતા તૈયબ જુકાકુ નેફ્રોલોજિસ્ટ છે, તે ભટકલ ગામમાં જન્મ્યા હતા અને એમબીબીએસનો અભ્યાસ પૂરો કરી અમેરિકા ગયા હતા. તેમના દાદા જુકાકુ શમ્સુદીન જાણીતા વકીલ અને શિક્ષણવિદ હતો. તેમણે તે સમયના જામખંડી રાજ્યના સીએમ વીડી જત્તીની ઓફિસમા નાયબ નાણાપ્રધાન તરીકે કામ કર્યુ હતુ. આ જામખંડી સ્ટેટ હાલમાં કર્ણાટકના બગલકોટ વિસ્તારમાં આવ્યુ છે.

અબ્દુલ અલ સૈયદને મિશીગનની સૌથી મોટી કાઉન્ટી વેનના સ્વાસ્થ્ય વિભાગના ડાયરેક્ટર તરીકેનો પ્રશાસનિક અનુભવ છે. તેમણે આશરે ૧ લાખથી વધુ લોકોનાં મેડીકલ બિલ રદ્દ કરાવ્યાં. ગરીબ અને ઓછી આવકવાળાનાં સ્કૂલે જતાં બાળકોને નિઃશુલ્ક ચશ્મા અપાવ્યાં. પ્રદૂષણ ઘટાડવા માટે ઠેર ઠેર એરક્વોલિટી મોનીટર મુકાવ્યાં હતાં. આ બધાં કારણોસર તેઓની જીત નિશ્ચિત થઈ છે.

અબ્દુલની પત્ની સારા જકાનુના પિતા મૂળ કર્ણાટકના ભારતમાં ડોક્ટર થયા પછી અમેરિકા સ્થાયી થયા

ક્રિસ સૌથી પહેલાં ગે સેનેટર તો કીશા પહેલાં અશ્વેત મહિલા ગવર્નર

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે. બીજી તરફ ડેમોક્રેટિક પાર્ટીએ હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં અને સેનેટમાં બહુમતી મેળવી લીધી છે. આ ચૂંટણીમાં ચાર ચહેરા એવા સામે આવ્યા છે જેમણે ઈતિહાસ રચી દીધો છે. તેમાં સૌથી પહેલું નામ આવે છે અબ્દુલ અલ સૈયદનું. તેઓ મિશિગનથી ચૂંટણી જીત્યા બાદ તેઓ અમેરિકાના પહેલા મુસ્લિમ સેનેટર બનશે. તેવી જ રીતે જ્યોર્જિયામાં ગવર્નરની ચૂંટણીમાં જીતવાના આરે પહોંચેલા કીશા લાન્સ બોટમ્સ અમેરિકાના પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર બનશે. તેવી જ રીતે ક્રિસ પપ્પાસ ન્યૂ હેમ્પશાયરથી ચૂંટણી જીતીને અમેરિકી સેનેટના પહેલા ગે સેનેટ મેમ્બર બનશે. ડેબ હોલેન્ડ ન્યૂ મેક્સિકોમાં ચૂંટણી જીતીને પહેલા મૂળ અમેરિકન મહિલા ગવર્નર બન્યા છે.

અમેરિકાના ચૂંટણી પરિણામોની સાથેસાથે

ટેક્સાસમાં ડેમોક્રેટ્સે ૧૯૯૪ પછી પહેલી જ વખત રાજ્યવ્યાપી વિજય મેળવ્યો

વોશિંગ્ટન,તા.૪

અમેરિકાની મિડ ટર્મ ચૂંટણીમાં ટેક્સાસમાં ડેમોક્રેટ્સને મળેલો ઐતિહાસિક વિજય બધાને યાદ રહેશે. આ રાજ્યમાં ત્રણ દાયકા કરતાં વધુ સમયથી ડેમોક્રેટ્સને કોઈ ઉમેદવાર જીત્યો ન હતો. આ વખતે ડેમોક્રેટ્સ ઉમેદવાર જેમ્સ તાલારિકોએ સેનેટમાં વિજય મેળવી રેકોર્ડ સર્જયો. આ ઉપરાંત ડેમોક્રેટિક ઉમેદવાર જીના હિનોજોસાએ ગવર્નરની ચૂંટણી જીતીને ત્રણ ટર્મથી સત્તા પર બેઠેલા રિપબ્લિકન ગવર્નર ગ્રેગ એબોટને હરાવ્યા. ગ્રેગ ૧૯૯૦માં રાજકીય કારકિર્દી શરુ કર્યા પછી રાજ્યના સૌથી લાંબા સમય સુધી ગવર્નર તરીકે સેવા આપવાની રેસમાં હતા.

ડેમોક્રેટ્સે સેનેટનું નિયંત્રણ પરત મેળવ્યું

ડેમોક્રેટ્સે બહુમતી મેળવવા માટે રિપબ્લિકનના પ્રભાવવાળી જરૂરી સાત બેઠક જીતી લીધી હતી. તેમા આયોવા, કેન્સસ, મેઈન, નોર્થ કેરોલિના, ઓહાયો, સાઉથ કેરોલિના અને ટેક્સાસનો સમાવેશ થાય છે. ટ્રમ્પે ખાસ પસંદ કરેલા ઉમેદવારોને હરાવીને આ બેઠક જીતવામાં આવી છે. આ સિવાય ડેમોક્રેટ્સે પોતાની સેનેટની બધી બેઠકો જાળવી રાખી છે. મિશિગનની ચર્ચાસ્પદ સેનેટ ચૂંટણીમાં પૂર્વ જાહેર અધિકારી અબ્દુલ સૈયદે રિપબ્લિકન પક્ષના માઈક રોજર્સને હરાવ્યા હતા. લેફ્ટનન્ટ ગવર્નર પેગી ફ્લેનગને પૂર્વ સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટર મિશેલ ટાફોયાને હરાવ્યા.

યુએસ ઈતિહાસની સૌથી મોંઘી સેનેટ રેસ

ટેક્સાસમાં ડેમોક્રેટસના જેમ્સ તાલારિકોએ કૌભાંડોથી ઘેરાયેલા રિપબ્લિકન તથા રાજ્યના એટર્ની જનરલ ઉપરાંત ટ્રમ્પના ખાસ પેક્સટનને હરાવ્યા હતા. આ અમેરિકાના ઈતિહાસની સૌથી મોંઘી સેનેટ રેસ હતી. મસ્કે પણ તેના માટે ૧૭ કરોડ ડોલર ખર્ચ્યા હોવાનું કહેવાય છે.

સેનેટમાં ૩૦ વર્ષ પૂરા કર્યા પછી કોલિન્સ હાર્યા

મેઈનમાં ડેમોક્રેટ જેક્સને પાંચ ટર્મથી સેનેટર રહેલા રિપબ્લિકન સેનેટર સુસાન કોલિન્સને હરાવ્યા. ડેમોક્રેટ્સ અગાઉ તેમને હરાવવામાં ઘણી વખત નિષ્ફળ ગયા હતા, પરંતુ આ વખતે સફળતા મળી હતી.

કેન્સાસમાં ડેમોક્રેટ્સની ૧૯૩૨ પછી પ્રથમ જીત

કેન્સસમાં મેગા ચર્ચના પાદરી આદમ હેમિલ્ટને રિપબ્લિકન સેનેટર રોજર માર્શલને હરાવ્યા. આ વાત યાદ અપાવે છે કે પ્રેસિડેન્ટ લેવલે રાજ્ય ભલે રિપબ્લિકન સમર્થક હોય, પરંતુ અહીંના મતદારો ડેમોક્રેટ્સને ચૂંટવા માટે પણ તૈયાર છે.

ડેમોક્રેટ્સે સાઉથ કેરોલિનાની બેઠક પરત મેળવી

સાઉથ કેરોલિનામાં પણ ચોંકાવનારુ પરિણામ આવ્યું હતું. ડેમોક્રેટ્ એની એન્ડ્રુઝે દિવંગત સેનેટર લિન્ડસે ગ્રેહામને બહેન ડાર્લિન ગ્રેહામને હરાવ્યા હતા. આમ ૧૯૬૪માં સ્ટ્રોમ થર્મન્ડે પક્ષ બદલ્યો ત્યારથી રિપબ્લિકન પાસે રહેલી બેઠક ડેમોક્રેટ્સે આ વખતે જીતી લીધી. ૧૯૯૮માં ફ્રિટ્ઝ હોલિંગ્સ સાઉથ કેરોલિનામાં સેનેટની ચૂંટણી જીતનારા છેલ્લા ડેમોક્રેટ હતા. જુલાઈમાં લિન્ડસે ગ્રેહામની બહેનના અવસાન પછી અનેક રાજકીય આગેવાનોને આ ચૂંટણીમાં રસ હતો, પરંતુ ટ્રમ્પે લિન્ડસેની બહેન પર પસંદગી ઉતારી હતી, જે આ ચૂંટણી માટે એકદમ નવી હતી. તેને અનુભવ પણ ન હતો. તે ચૂંટણી પ્રચારમાં પણ સંઘર્ષ કરતી જોવા મળી હતી.

અન્ય સ્થળોએ ભારતીયો ક્યાં હાર્યા-જીત્યા

રિપબ્લિકન મહેશ ગાનોરકર નોર્થ કેરોલિનામાં હાર્યા હતા. જ્યારે ઈન્ડિપેન્ડન્ટ સંદીપ દિક્ષિત ઓહાયોમાં અને અનિલ કુમાર મિશિગનમાં હાર્યા હતા. રાજ્ય સ્તરે જોઈએ તો ડેમોક્રેટ અરવિંદ વેંકટ પેન્સિલ્વેનિયામાં હાઉસ ડિસ્ટ્રિક્ટ ૩૦માં જીત્યા હતા. જ્યારે રામ વિલિવલમે ઈલિનોઈસ ડિસ્ટ્રિક્ટ ૮ની સીટ જાળવી હતી. ઈલિનોઈસ ડિસ્ટ્રિક્ટ ૨૬માં ભારતીય અમેરિકન ડેમોક્રેટ નબીલા સૈયદે રિપબ્લિકન ડાર્બી હિલ્સને હરાવ્યા હતા. ડેમોક્રેટ જ્યોતિસિંઘે રિપબ્લિકન પાર્ટીના યાસીન મોઘાઝીને હરાવીને જ્યોર્જિયા જનરલ એસેમ્બલીમાં ચૂંટાનારા પ્રથમ ભારતીય અમેરિકન બનવાની સિદ્ધિ મેળવી હતી.

ભારતીય મૂળના ચૂંટાયેલા અમેરિકનનો જુસ્સો

યુદ્ધો અને ટેરિફોનો અંત લાવીને ખર્ચો ઘટાડીશું: સુહાસ

નવી દિલ્હી, તા.૪

ભારતીય-અમેરિકન કોંગ્રેસમેન સુહાસ સુબ્રમણ્યને અમેરિકાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમા વર્જિનિયામાંથી ફરીથી ચૂંટી આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે તેઓ સતત ચાલતા યુદ્ધોનો અંત લાવવાની અને બિનજરૂરી ટેરિફ દૂર કરીને ખર્ચ નીચો લાવવા માંગ કરશે. તેમણે ફ્રોડ અને કરપ્શન માટે ટ્રમ્પ તંત્રને જવાબદાર ઠેરવ્યુ હતુ.

હેલ્થકેર અને ફૂડ સહાયમાં મૂકનારા ટ્રમ્પ પાસે બિનજરુરી યુદ્ધો લડવા માટે અઢળક નાણાં છે

સુબ્રમણ્યમે રિપબ્લિક હરીફ ડેવ બેકને હરાવીને વર્જિનિયા ૧૦ કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટની તેમની બેઠક જાળવી રાખી હતી. કોંગ્રેસમાં મારા સમુદાય માટે સેવા કરવી તે મારા માટે સન્માનની વાત છે. હું વર્જિનિયાના મતદારાઓ મારામાં મૂકેલા વિશ્વાસ બદલ સન્માનની લાગણી અનુભવુ છુ. અને આ વિશ્વાસ પણ તેવા સમયે મૂક્યો છે જ્યારે દેશ મુશ્કેલ સ્થિતિમાં છે, એમ તેમણે સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટમાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે મારો વિજય તે બધાનો વિજય છે જેમનો અવાજ સંભળાવવો જોઈતો હતો અને જેઓ વોશિંગ્ટનમાં પરિવર્તનની માંગ કરી રહ્યા છે. વધતા જતા જીવનધોરણે ખર્ચના લીધે અમારા સમુદાયને મોટો ફટકો પડ્યો છે. ફેડરલ વર્કફોર્સમાં લોકોને છોડવામાઁ આવી રહ્યા છે, હેલ્થકેરમાં કાપ મૂકાઈ રહ્યો છે અને અન્ન સહાયમાં કાપ મૂકાઈ રહ્યો છે.

બીજી બાજુએ બિનજરુરી વિદેશી યુદ્ધો કરવામાં આવી રહ્યા છે. ફક્ત ધનવાનો માટે ટેક્સ કટ છે, સામાન્ય અમેરિકનો માટે કશું નહી, એમ સુબ્રમણ્યમે જણાવ્યું હતું.



સોશિયલ મીડિયામાં મીમ્સ અને વ્યંગનો વરસાદ

અમેરિકામાં ટ્રમ્પના પક્ષની હાર, ભારતમાં જ્ઞાનેશ કુમારની ચર્ચા

નવી દિલ્હી, તા.૪

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને મળેલા પરાજય પછી ભારતમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સોશિયલ મીડિયા પર ચર્ચાનું કેન્દ્ર બન્યા. અમેરિકાની ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીની સફળતાને ભારતના વિપક્ષે કથિત મતચોરી અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા વિશેના સવાલો સાથે જોડીને રજૂ કરી.

વિપક્ષી નેતાઓનો કટાક્ષ, ટ્રમ્પે જ્ઞાનેશને સાથે રાખ્યા હોત તો તેમણે પરાજયનો સામનો ન કરવો પડત

સોશિયલ મીડિયા પર ટ્રમ્પને જ્ઞાનેશ કુમારની મદદ લેવાની સલાહ આપતા અનેક મીમ્સ અને વ્યંગાત્મક પોસ્ટ વાયરલ થઈ. કોંગ્રેસના નેતા પવન ખેડાએ કટાક્ષ કર્યો કે ટ્રમ્પે જ્ઞાનેશ કુમારને સાથે રાખ્યા હોત તો આ દિવસ જોવો ન પડત. પ્રશાંત ભૂષણે પણ વડા પ્રધાનની મજાક કરતો વ્યંગ કર્યો.અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પની પાર્ટીને ટેક્સાસ, જ્યોર્જિયા અને આયોવા સહિતના રાજ્યોમાં હારનો સામનો કરવો પડ્યો. ડેમોક્રેટિક પાર્ટીએ કોંગ્રેસ પર નિયંત્રણ મેળવ્યું અને અનેક મહત્વપૂર્ણ ગવર્નરની બેઠકો પણ જીતી. ટ્રમ્પની ઈરાન નીતિ, મોંઘવારી અને ડીઝલના વધતા ભાવને તેમની પાર્ટીની હારના સંભવિત કારણો ગણાવવામાં આવ્યા.

બીજી તરફ ભારતના વિપક્ષે મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓનો ઉલ્લેખ કરીને જ્ઞાનેશ કુમાર પર સત્તાધારી પક્ષ સાથે સાંઠગાંઠ હોવાનો આરોપ લગાવ્યો છે અને તેમના રાજીનામાની માગણી કરી છે. ભાજપે વિપક્ષના આરોપોને ચૂંટણીમાં મળેલી હારના બહાના ગણાવીને અસ્થિરતા ફેલાવવાનો પ્રયાસ ગણાવ્યો છે.

ન્યૂયોર્કના મેયર તરીકે ભારતીય મૂળના મમદાણી

યુએસના બીજા નંબરના શહેર લોસ એન્જલ્સના મેયર તરીકે નિત્યા રમન નિશ્ચિત

લોસ એન્જલ્સ,તા.૪

અર્બન પ્લાનર અને લોસ એન્જલસ સિટી કાઉન્સિલના સભ્ય નિત્યા રમનની લોસ એન્જલ્સના મેયર પદની રેસમાં ડેમોક્રેટ કરેન બાસ સામે જબરદસ્ત ફાઈટ છે.જો તે વિજય મેળવશે તો અમેરિકાના બીજા નંબરના સૌથી વધુ વસ્તીવાળા શહેરની મેયર બનશે. છેલ્લા સમાચાર મુજબ તેનો વિજય નિશ્ચિત મનાય છે.

નિત્યા રમને ડેમોક્રેટ હરીફ કરેન બાસ સામે જબરદસ્ત ફાઈટ કરી નોંધપાત્ર સરસાઈ મેળવી

આમ ન્યૂયોર્ક પછી વધુ એક શહેરના મેયર તરીકે ભારતીય મૂળની વ્યક્તિ હશે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના સૌથી મોટા શહેર ન્યૂયોર્કના મેયર તરીકે પણ ભારતીય મૂળના જ ઝોહરાન મમદાણી છે.

ભારતીય મૂળની નિત્યા રમનનો જન્મ કેરળના તમિળ ઐયર પરિવારમાં થયો હતો. તેઓ નાની ઉમરે અમેરિકા સ્થાનાન્તરિત થયા હતા.તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન અને મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ટેકનોલોજી (એમઆઈટી)માંથી અર્બન પ્લાનિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. નિત્યા રમન ૨૦૨૦થી લોસ એન્જલસ સિટી કાઉન્સિલમાં ડિસ્ટ્રિક્ટ-૪ના કાઉન્સિલના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે ૨૦૨૦ની ચૂંટણીમાં લાંબા સમયથી સત્તા પર રહેલા નેતાને હરાવીને મોટી રાજકીય ઉથલપાથલ મચાવી હતી. તેના પછી તેઓ ૨૦૨૪માં સિટી કાઉન્સિલમાં ફરીથી ચૂંટાઈ આવ્યા. તેમના મુખ્ય મુદ્દા હાઉસિંગ અને મોંઘવારી છે. આ ઉપરાંત શહેરમાં બેઘર લોકોની સમસ્યા નિવારવા અસરકારક પગલાં લીધા છે.નીતિગત સ્તરે મોટો પ્રભાવ ધરાવતા અગ્રણી મહિલા નેતાઓમાં સ્થાન ધરાવે છે.

ડેમોક્રેટ્સના દરેક વ્યૂહનો જવાબ પ્રમુખ ટ્રમ્પ વીટો સાથે આપશે

વોશિંગ્ટન,તા.૪

અમેરિકામાં મિડ ટર્મ ઈલેક્શન ૨૦૨૬માં ડેમોક્રેટિક પાર્ટીએ હાઉસ અને સેનેટ બંને પર નિયંત્રણ મેળવવાની સાથે અમેરિકન રાજકારણમાં ફરીથી વીટો શબ્દ વધુ ચર્ચામાં આવ્યો છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર વીટો લખેલી એક લાલ એમએજીએ ટોપી સાથેની તસ્વીર પોસ્ટ કરી. ટ્રમ્પે આ તસ્વીરો દ્વારા તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે કે સંસદમાં પાસ થનારા કાયદાઓને રોકવા માટે પ્રમુખ પાસે વીટોનો પાવર છે.સત્તાના આ નવા જ હસ્તાંતરણની વાત કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે બધા જાણે છે અને આ પહેલા પણ આવું ઘણી વખત થઈ ચૂક્યું છે. આ વીટોની તાકાત છે અને કોઈપણ પ્રમુખ પાસે ઉપલબ્ધ સૌથી મોટી સત્તામાં એક છે. ડેમોક્રેટ્સ જો સંસદમાં કોઈ તર્કવિહીન દરખાસ્ત લાવશે તો પોતે વીટોનો ઉપયોગ કરશે.ડેમોક્રેટ્સે ટ્રમ્પની નબળી પડેલી લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવીને બહુ મોટો વિજય નોંધાવ્યો છે. આ વિજય પછી હવે ડેમોક્રેટિક પાર્ટી પાસે ટ્રમ્પના શાસનના બાકીના બચેલા બે વર્ષમાં તેમની વહીવટી નીતિઓ અને નિર્ણયો પર આકરુ નિયંત્રણ રાખવાનો અધિકાર આવી ગયો છે.

જો કે ચૂંટણીમાં મળેલા ઝાટકા છતાં ટ્રમ્પ પીછેહઠના મૂડમાં નથી. તેમણે સંસદમાં ડેમોક્રેટ્સનો બરોબરનો મુકાબલો કરવાની તૈયારી કરી લીધી છે. ચૂંટણી પરિણામો પર કટાક્ષ કરતા તેમણે જણાવ્યું હતું કે ઉમેદવારોના વિજય અને પરાજય પર વિશ્લેષણ કરતાં હું પોતે પોલિટિકલ પંડિત બનવા જઈ રહ્યો છું. સારી અને ખરાબ બંને વાત મૂકીશ. તેમણે જણાવ્યું હતું કે હું આ પરિણામોને સ્વીકારું છું. અમે ડેમોક્રેટ્સ સાથે કામ કરીશું.

અલ-સૈયદથી માંડીને વિવેક રામાસ્વામી સુધી, મહત્ત્વની હાર-જીત

યુએસ સેનેટ ચૂંટણીઓ

અબ્દુલ અલ-સૈયદ - મિશિગન (ડેમોક્રેટ) : અબ્દુલ અલ-સૈયદે મિશિગનની સેનેટ બેઠક જીતીને યુનાઈટેડ સ્ટેટ્સ સેનેટમાં ચૂંટાનારા પ્રથમ મુસ્લિમ બનીને ઈતિહાસ રચ્યો છે. તેમણે રિપબ્લિકન માઈક રોજર્સને પરાજય આપ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે તેમને જેહાદી કહીને જાહેરમાં અપમાનિત કર્યા હતા.

જેમ્સ તાલારિકો - ટેક્સાસ : તાલારિકોએ ટેક્સાસમાં ડેમોક્રેટ્સ માટે દાયકાઓથી ચાલતા ચૂંટણી દુષ્કાળનો અંત આણ્યો છે અને સાબિત કર્યું છે કે રિપબ્લિકનનો આ ગઢ ૨૦૨૮ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ખુલ્લો પડી શકે છે. ભૂતપૂર્વ શાળા શિક્ષક અને પ્રેસ્બિટેરિયન સેમિનરીના વિદ્યાર્થી તાલારિકોએ વિવાદોથી ઘેરાયેલા કેન પેક્સટનને હરાવ્યા હતા.

જોશ તુરેક-આયોવા: ડેમોક્રેટિક રાજ્ય પ્રતિનિધિ જોશ તુરેકે રિપબ્લિકન એશ્લે હિન્સનને મોટા ઉલટફેરમાં હરાવીને ૨૦૦૮ પછી આયોવાથી યુએસ સેનેટમાં ચૂંટાનારા પ્રથમ ડેમોક્રેટ બન્યા છે. પેરાલિમ્પિક મેડલ વિજેતા તુરેકે પરવડે તેવા જીવનનિર્વાહ ખર્ચ અને મધ્યમવર્ગીય તથા સ્વતંત્ર મતદારોને આકર્ષવા પર પોતાનો પ્રચાર કેન્દ્રિત કર્યો હતો.

જોન ઓસોફ - જ્યોર્જિયા : જ્યોર્જિયાને રિપબ્લિકન યુએસ પ્રતિનિધિ માઈક કોલિન્સને કારમી હાર આપી છે. લિથુઆનિયન યહૂદી સમુદાયમાં પિતાના મૂળ ધરાવતા ૩૯ વર્ષીય ઓસોફે ટ્રમ્પ પરના સીધા હુમલાઓથી રાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું હતું. તેમની સરખામણી પૂર્વ યુએસ પ્રમુખ બરાક ઓબામા સાથે પણ કરવામાં આવે છે.

સુસાન કોલિન્સ - મેઈન : મેઈનમાં પાંચ ટર્મથી રિપબ્લિકન સભ્ય રહેલા સુસાન કોલિન્સની હારને ૨૦૨૬ની મિડટર્મ ચૂંટણીના સૌથી મોટા ઉલટફેરોમાંની એક ગણાવવામાં આવી રહી છે. કોલિન્સ, જેઓ ૧૯૯૭થી સેનેટમાં હતા, તેમણે મધ્યમમાર્ગી નેતા તરીકેની છબી બનાવી હતી.

ડાર્લીન ગ્રેહામ - સાઉથ કેરોલિના : દિવંગત સેનેટર લિન્ડસે ગ્રેહામના નાના બહેન ડાર્લીન ગ્રેહામને યુએસ સેનેટની ચૂંટણીમાં ડેમોક્રેટ એની એન્ડ્ ઝના હાથે હારનો સામનો કરવો પડ્યો છે. રિપબ્લિકનોએ ૧૯૯૮થી સાઉથ કેરોલિના પર પોતાનો કબજો જાળવી રાખ્યો હતો.

યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ ચૂંટણીઓ

પિયા દાંડિયા - ફ્લોરિડાની ૨૨મી ડિસ્ટ્રિક્ટ : ડેમોક્રેટ પિયા દાંડિયાએ પામ બીચ, બ્રોવર્ડ કાઉન્ટી અને નેપલ્સ શહેરના વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરવા માટે રિપબ્લિકન કેસી અસ્કારને હરાવ્યા છે. ભૂતપૂર્વ શાળાના આચાર્યા, એપલ લોબિસ્ટ અને વ્હાઈટ હાઉસ ડોમેસ્ટિક પોલિસી કાઉન્સિલ ફેલો દાંડિયાએ મોંઘવારી ઘટાડવા અને પરવડે તેવા ખર્ચના મુદ્દા પર પ્રચાર કર્યો હતો.

ઈલ્હાન ઓમર - મિનેસોટાની ૫મી ડિસ્ટ્રિક્ટ : વર્તમાન ડેમોક્રેટિક યુએસ પ્રતિનિધિ ઈલ્હાન ઓમરે મિનેસોટાની ૫મી કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટની ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર જ્હોન નાગેલને હરાવીને પાંચમી મુદત મેળવી છે. ઓમર ૨૦૧૯થી આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. સોમાલિયાના શરણાર્થી ઓમર લાંબા સમયથી રાષ્ટ્રપતિ ટ્રમ્પના ઈમિગ્રન્ટ વિરોધી નિવેદનોનું નિશાન રહ્યા છે. ટ્રમ્પે તેમને 'દેશનો કચરો' ગણાવ્યા હતા અને તેમની તપાસ થવી જોઈએ તેમ કહ્યું હતું.

રો ખન્ના - કેલિફોર્નિયાની ૧૭મી ડિસ્ટ્રિક્ટ : યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના ડેમોક્રેટિક સભ્ય રો ખન્નાએ કેલિફોર્નિયાની ૧૭મી બેઠક જાળવી રાખવા માટે સાથી ભારતીય-અમેરિકન રિતેશ ટંડનને પરાજિત કર્યા છે. ખન્ના ડેમોક્રેટિક પાર્ટીના પ્રગતિશીલ જૂથના છે. તેમનો જન્મ ફિલાડેલ્ફિયામાં પંજાબી માતા-પિતાને ત્યાં થયો હતો અને તેઓ બીજી પેઢીના ઈમિગ્રન્ટ છે. તેમના દાદા અમરનાથ વિદ્યાલંકાર સ્વાતંત્ર્ય સેનાની હતા, જેઓ મહાત્મા ગાંધી સાથે જેલમાં ગયા હતા. ખન્નાએ ટ્રમ્પને 'લેમ ડક' કહ્યા હતા.

અમી બેરા - કેલિફોર્નિયાની ૩જી ડિસ્ટ્રિક્ટ : ડેમોક્રેટિક પાર્ટીના બેરાએ યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પોતાની બેઠક જાળવી રાખી છે. તેમનો જન્મ અમેરિકામાં રાજકોટથી સ્થળાંતર કરી આવેલા ગુજરાતી માતા-પિતાને ત્યાં થયો હતો અને તેઓ યુએસ કોંગ્રેસમાં ચૂંટાયેલા ત્રીજા ભારતીય-અમેરિકન બન્યા હતા.

પ્રમિલા જયપાલ - વોશિંગ્ટનની ૭મી ડિસ્ટ્રિક્ટ : પ્રમિલા જયપાલે પણ ફરીથી જીત મેળવી છે. તેઓ ૨૦૧૭થી આ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે અને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ચૂંટાનારા પ્રથમ ભારતીય-અમેરિકન મહિલા છે. કેરળમાં પારિવારિક મૂળ ધરાવતા જયપાલે તાજેતરમાં ભારતના ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ૧૩ કરોડ નામો હટાવવાના અહેવાલો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

સુહાસ સુબ્રમણ્યમ - વર્જિનિયાની ૧૦મી ડિસ્ટ્રિક્ટ: બેંગલુરુ અને ચેન્નાઈના ઈમિગ્રન્ટ્સના પુત્ર સુહાસે યુએસ કોંગ્રેસમાં બીજી મુદત જીતી છે. તેમણે વર્જિનિયાની ૧૦મી કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટની બેઠક જાળવી રાખી છે. અગાઉ, સુહાસે ૨૦૧૫ અને ૨૦૧૭ વચ્ચે રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કાર્યકાળમાં ટેકનોલોજી નીતિ સલાહકાર તરીકે સેવા આપી હતી.

મેક્સ મિલર - ઓહાયો ૭ : પોતાની પૂર્વ પત્ની એમિલી મોરેનો સામે ઘરેલુ હિંસાના આરોપોનો સામનો કરી રહેલા રિપબ્લિકન મેક્સ મિલર ઓહાયોની ૭મી ડિસ્ટ્રિક્ટમાંથી ચૂંટણી હારી ગયા છે. ટ્રમ્પના ભૂતપૂર્વ સહાયક મિલરને યુનિયન વર્કર અને ભૂતપૂર્વ કાઉન્સિલમેન બ્રાયન પોઈન્ડેક્સ્ટરે પરાજય આપ્યો હતો.

જેરેડ મોસ્કોવિટ્ઝ - ફ્લોરિડાની ૨૫મી ડિસ્ટ્રિક્ટ : ડેમોક્રેટિક સભ્ય જેરેડ મોસ્કોવિટ્ઝે ફ્લોરિડાના ૨૦૨૬ના સીમાંકન બાદ બોકા રેટોનના ભૂતપૂર્વ મેયર રિપબ્લિકન સ્કોટ સિંગરને હરીફાઈ ભરેલી ચૂંટણીમાં હરાવ્યા છે. પ્રચાર દરમિયાન સિંગરે મોસ્કોવિટ્ઝ પર ટેલિવિઝન ચર્ચા (ડિબેટ) માટે સંમત ન થવાનો વારંવાર આરોપ લગાવ્યો હતો, પરંતુ લાગે છે કે આ દાવ સફળ રહ્યો.

ગવર્નરની ચૂંટણીઓ

વિવેક રામાસ્વામી - ઓહાયો : આ ભારતીય-અમેરિકન ઉમેદવાર તેમના ડેમોક્રેટિક હરીફ એમી એક્ટોન સામે હારી ગયા હતા. આ ગવર્નર પદની રેસ ત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવી જ્યારે રામાસ્વામીના ચૂંટણી પ્રચારે એક્ટોનની વિખૂટી પડી ગયેલી માતાને દર્શાવતી એક જાહેરાત બહાર પાડી. આ જાહેરાતથી વ્યાપક રોષ ફેલાયો હતો, જેના પગલે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું સમર્થન હોવા છતાં રામાસ્વામીને તે જાહેરાત પાછી ખેંચવી પડી હતી. એક્ટોન ૨૦૦૬ પછી આ રાજ્યમાં ચૂંટાયેલા પ્રથમ ડેમોક્રેટ ગવર્નર બન્યા છે અને ઓહાયોના પ્રથમ મહિલા ગવર્નર બન્યા છે.

ગીના હિનોજોસા - ટેક્સાસ : ગવર્નરની ચૂંટણીમાં, ડેમોક્રેટિક રાજ્ય પ્રતિનિધિ ગીના હિનોજોસાએ વર્તમાન ગવર્નર ગ્રેગ એબોટને હરાવીને અદભુત વિજય મેળવ્યો છે. હિનોજોસા રાજ્યના પ્રથમ લેટિના ગવર્નર બનશે અને ૩૦ વર્ષમાં ટેક્સાસના ગવર્નર પદે ચૂંટાનારા પ્રથમ ડેમોક્રેટ બનશે.

કીશા લાન્સ બોટમ્સ - જ્યોર્જિયા : આ ડેમોક્રેટિક નેતાએ જ્યોર્જિયાના પ્રથમ અશ્વેત અને પ્રથમ મહિલા ગવર્નર બનીને ઈતિહાસ રચ્યો છે. રિપબ્લિકન હરીફ રિક જેક્સનને હરાવીને તેઓ યુએસના પ્રથમ અશ્વેત મહિલા ગવર્નરોમાંના એક બન્યા છે. બોટમ્સ ૨૦૧૮થી ૨૦૨૨ સુધી એટલાન્ટાના મેયર હતા, જેમણે કોવિડ-૧૯ મહામારી દરમિયાન સુકાન સંભાળ્યું હતું. તેમણે બાઈડન વહીવટીતંત્રમાં વરિષ્ઠ સલાહકાર અને વ્હાઈટ હાઉસ ઓફિસ ઓફ પબ્લિક એન્ગેજમેન્ટના વડા તરીકે સેવા આપી હતી.

ડેવિડ ક્રોલી - વિસ્કોન્સિન : ડેમોક્રેટ ડેવિડ ક્રોલીએ રિપબ્લિકન હરીફ ટોમ ટિફનીને હરાવીને વિસ્કોન્સિનનું નેતૃત્વ કરનારા પ્રથમ અશ્વેત વ્યક્તિ બન્યા છે. ક્રોલીની જીત વિસ્કોન્સિનના ૧૭૮ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત દર્શાવે છે કે ડેમોક્રેટ્સ સતત આઠ કરતાં વધુ વર્ષ સુધી ગવર્નરનું કાર્યાલય સંભાળશે. તેઓ ગવર્નર ટોની એવર્સનું સ્થાન લેશે.

સરિતા કોમતીરેડ્ડી - ન્યૂયોર્ક એટર્ની જનરલ : રિપબ્લિકન સરિતા કોમતીરેડ્ડી વર્તમાન એટર્ની જનરલ લેટિશિયા જેમ્સ સામે ન્યૂયોર્ક એટર્ની જનરલ પદની રેસ હારી ગયા છે. તેમણે અલ-કાયદા, આઈએસઆઈએસ અને મેક્સિકન ડ્રગ કાર્ટેલના સભ્યો સાથે સંકળાયેલા કેસો પર એક દાયકાથી વધુ સમય સુધી કામ કર્યું છે.

રિસર્ચ ધ એસ્ટ્રોનોમિકલ જર્નલમાં પ્રકાશિત

એલિયન લાઈફની શોધમાં ચીનના વૈજ્ઞાનિકોને રહસ્યમય સિગ્નલ મળ્યું

બેઈજિંગ, તા.૪

એલિયન લાઈફ અંગે દાયકાઓથી ચાલી રહેલી વૈજ્ઞાનિક મથામણમાં ચીનના વૈજ્ઞાનિકોને એક ચોંકાવનારો સંકેત મળ્યો છે. ચીનની વિશાળ રેડિયો ટેલિસ્કોપ FAST (Five-hundred-meter Aperture Spherical Telescope) ને પૃથ્વીથી આશરે ૨૩૮ પ્રકાશવર્ષ દૂર આવેલા K2-155 તારામંડળની દિશામાંથી એક અસામાન્ય રેડિયો સિગ્નલ મળ્યો છે. NBS 260108 નામના આ સિગ્નલમાં કેટલીક એવી વિશેષતાઓ જોવા મળી છે, જેના દ્વારા વૈજ્ઞાનિકો એલિયન ટેકનોલોજી વિશે તપાસ કરશે.

ચીનના ફાસ્ટ ટેલિસ્કોપને સંદેશ મળતા અલ્ગોરિધમ અને મશીન લર્નિંગથી તપાસ શરૂ કરવામાં આવી

આ મહત્ત્વપૂર્ણ સંશોધન પ્રતિતિ જર્નલ ધ એસ્ટ્રોનોમિકલ જર્નલમાં પ્રકાશિત થયું હતું. સંશોધકોએ FAST ટેલિસ્કોપ દ્વારા વર્ષ ૨૦૨૧માં એકત્રિત કરવામાં આવેલા ૩૩ ગ્રહમંડળોના ડેટાનું મશીન લર્નિંગ ટેકનોલોજી અને ખાસ અલ્ગોરિધમની મદદથી નવેસરથી વિશ્લેષણ કર્યુંહતું. તેની ઊંડાણપૂર્વક તપાસમાં કુલ ૧,૩૯,૧૨૭ સંભવિત સિગ્નલ મળ્યા હતા. ઝીણવટભરી ચકાસણી અને ફિલ્ટરિંગ બાદ માત્ર બે જ સિગ્નલ વધુ તપાસ માટે નોંધપાત્ર ઠર્યા



હતા. જેમાંથી, K2-155 તરફથી મળેલો સિગ્નલ વૈજ્ઞાનિકોનું વિશેષ ધ્યાન ખેંચી રહ્યો છે.

આ સિગ્નલની સૌથી મોટી વિશેષતા એ છે કે તે અત્યંત સાંકડી ફ્રિક્વન્સી ધરાવે છે અને સમયની સાથે તેની ફ્રિક્વન્સીમાં પણ ફેરફાર નોંધાયો છે.

સામાન્ય કુદરતી ખગોળીય પ્રક્રિયાઓમાં આવા સાંકડા સિગ્નલ ભાગ્યે જ જોવા મળે છે. FAST ટેલિસ્કોપની ૧૯ અલગ-અલગ બીમમાંથી આ સિગ્નલ માત્ર K2-155 તરફ નિર્દેશિત બીમમાં જ નોંધાયો હતો, જેના કારણે શરૂઆતમાં તેનું મહત્ત્વ અનેકગણું વધી ગયું હતું.

સંસદ અને વિધાનસભામાં અનામતની ફેરબદલની જોગવાઈ માગતી અરજી રદ

(પીટીઆઈ) નવીદિલ્હી,તા.૪

સુપ્રીમ કોર્ટે બુધવારે સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ માટેના અનામત મત વિસ્તારોમાં ફરજિયાત ફેરબદલની જોગવાઈ માગતી અરજીને દાખલ કરવાનો ઈન્કાર કરતા કહ્યું કે આવા નિર્ણયોની સત્તા સંસદ તથા ધારાસભાઓ પાસે છે. એ વિષે કોર્ટો આદેશ આપી શકે નહિ.

દેશના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી અને ન્યાયમૂર્તિ વી. મોહનાની ખંડપીઠે તુલનાત્મકપણે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તીનું વધુ પ્રમાણ ધરાવતા વિસ્તારોમાં અનામત મતવિસ્તારોની ઓળખ માટેની જોગવાઈ પૂરી પાડતા સીમાંકન ધારો, ૨૦૦૨ની કલમ ૯(૧)(સી) ને માન્ય કરતા અલ્લાહાબાદ હાઈકોર્ટના ચુકાદા અંગે દખલ કરવાનો ઈન્કાર કર્યો.

ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લાના ૧૯૧ - કાડિપુર વિધાનસભા મતવિસ્તારના મતદાર એવા ઉપરોક્ત અરજીના અરજદાર જગદીશ સિંઘે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેની અનામતની ચાલી આવતી જોગવાઈને પડકારતા જણાવ્યું કે બેઠક અસ્તિત્વમાં આવી ત્યારથી એટલે કે લગભગ સાત દાયકાથી ઉપરોક્ત બેઠક અનામત રહી છે.

ડેમોક્રેટ્સે

(પહેલા પાનાનું ચાલુ)

કામગીરી બજાવી છે. આપણા દેશ માટે સારી કામગીરી કરવા તમારી સાથે કામ કરીશું.

તેમણે જણાવ્યું હતું કે હું પોતે બેલોટ પર ન હતો અને જો હોત તો પરિણામ જુદુ હોત. અમે જીત્યા હોત, એમ તેમણે ઉમેર્યુ હતુ. પ્રમુખે જણાવ્યું હતુ કે તેઓ તેમના મુખ્ય હરીફ પક્ષ સાથે કામ કરવા તૈયાર છે. તેમણે જણાવ્યું હતું કે હું ઘણા બધા ડેમોક્રેટ્સને જાણું છું. મારી પાસે પણ વીટો પાવર છે અને મને ખાતરી છે કે અમે કામ કરવાનો કોઈ રસ્તો શોધી લઈશું.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની સોશિયલ મીડિયા સાઈટ ટ્રુથ સોશિયલ પર વીટો લખેલી રેડ માગા સ્ટાઈલની બેઝબેલ કેપની ઈમેજ મૂકી હતી. હું વિચારું છું કે તેઓએ પણ મારી સાથે કામ કરવાનું છે. હું તેમની દરેક બાબતને વીટો કરી શકું છું અને તેઓ સ્વાભાવિક રીતે તેમ ઈચ્છતા નહી હોય.

ટ્રમ્પે પરાજય અંગે ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે લોકોને અમારા પ્રતિનિધિઓ ગમ્યા નથી. ડેમોક્રેટ્સે સારી કામગીરી બજાવી છે. તેઓ જબરદસ્ત રીતે લડ્યા. તેઓ લાંબા સમયથી લડી રહ્યા છે. તેમણે આ ઉપરાંત જણાવ્યું હતું કે તેઓ ઘણી બધી બાબતો પર ડેમોક્રેટ્સ સાથે મળીને કામ કરી શકે છે. અગાઉ મંગળવારે ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર જણાવ્યું હતું કે મારો ચહેરો બેલોટ પર ન હોવાના લીધે રિપબ્લિકન હાર્યા. મારો ચહેરો હોત તો અકલ્પનીય વિજય મેળવ્યો હોત.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

પણ જોડાય છે. કોંગ્રેસના કાર્યકરો છેલ્લા મહિનાઓથી આક્રમક થઈ રહ્યા છે એ જોતા ભાજપના ટોચના નેતાઓ ચિંતીત છે. ખાસ કરીને રામ લીલા મેદાનમાં વિરોધપક્ષની રેલી પછી ભાજપની થીંક ટેન્કે હવે આક્રમક થવાનું નક્કી કર્યું છે. રામ લીલા મેદાનમાં આવેલી વ્યક્તિઓમાંથી મોટા ભાગના કોંગ્રેસના કાર્યકરો હતા. આ રેલીમાં ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ પહેલી વખત એક સાથે જોવા મળ્યા હતા.

જ્ઞાનેશ કુમારની મુશ્કેલી વધી, ૨૦ વર્ષ જૂના કેસમાં તપાસ થશે

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ફરીથી વિવાદમાં ફસાઈ ગયા છે. કેરલમમાં એમની વિરુદ્ધ ૨૦ વર્ષ જૂના એક લાંચના કેસની તપાસનો રસ્તો ખૂલી ગયો છે. રાજ્ય સરકારના ભૂતપૂર્વ પીડબ્લ્યુડી સેક્રેટરી રહેલા જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ભ્રષ્ટાચાર અને ગેરરીતિના આરોપોની તપાસ ફરીથી કરવાની મંજૂરી વીજીલન્સ એન્ડ એન્ટી કરપ્શન બ્યુરોએ આપી દીધી છે. આરોપ છે કે ૨૦૦૬માં કેરળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ હેઠળ રસ્તા બનાવવાનું કામ પૂરૂ થયા પછી વળતર ચૂકવવા માટે એમણે બે કરોડ રૂપિયાની લાંચ માંગી હતી. મંત્રી રમેશ ચેન્નીથલાએ કહ્યું હતું કે જ્ઞાનેશ કુમાર સામે તપાસ કરવાની મંજૂરી મળી ગઈ છે. જ્યારે વીજીલન્સે સરકાર પાસે તપાસની મંજૂરી માંગી હતી ત્યારે આ બાબતે કાયદાકીય સલાહ લેવામાં આવી હતી.

નેશનલ કોન્ફરન્સ સંકટમાં

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ કરેલા લગ્નની ચર્ચા આજકાલ ખૂબ થાય છે. જોકે હવે ઉમર અબ્દુલ્લા રાજકીય સંકટમાં આવી પડ્યા છે.

જમ્મુ-કાશ્મીરના શ્રીનગરથી ચૂંટાયેલા સાંસદ આગા સૈયદ રુહુલ્લાહ મહેંદીએ નેશનલ કોન્ફરન્સ છોડવાની જાહેરાત કરી દીધી છે. રુહુલ્લાહનો આરોપ છે કે મુખ્યમંત્રી અને પક્ષ પ્રમુખ ફારૂખ અબ્દુલ્લાએ ૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણીમાં લોકોને કલમ ૩૭૦ બાબતે આપેલા વચનો પૂરા કર્યા નથી. રુહુલ્લાહ બડગામથી ત્રણ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. નેશનલ કોન્ફરન્સના ૨૫ ધારાસભ્યોએ પણ પક્ષને ૧૪ દિવસની મુદત આપી છે. જો એમની માંગણીઓ પુરી નહીં થાય તો ધારાસભ્યોએ સરકારમાંથી સમર્થન ખેંચી લેવાની ધમકી આપી છે. બળવાખોર ધારાસભ્યોએ એક પ્રતિનિધિ મંડળ બનાવ્યું છે. આ પ્રતિનિધિ મંડળ ઉમર અબ્દુલ્લા અને ફારૂખ અબ્દુલ્લાને મળીને માંગણીઓનું આવેદન પત્ર આપશે.

સોનમ વાંગચૂકની સ્કૂલ પર લદ્દાખ વહીવટી તંત્રની કાર્યવાહી

થોડા દિવસો પહેલા લદ્દાખના એક્ટીવીસ્ટ સોનમ વાંગચૂક સામે લીકર વેપારીઓએ દેખાવો કર્યા હતા. હવે વાંગચૂકની સામે લદ્દાખના વહીવટી તંત્રએ એમની સંસ્થા હિમાલયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓલ્ટરનેટીવ્સની સ્કૂલને નોટીસ આપી છે. વહીવટી તંત્રએ લેહ સ્થિત ડેઝર્ટ ફ્લાવર્સ સ્કૂલની તમામ ગતીવીધીઓ રોકવાનો હુકમ કર્યો છે. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટના છેવટના ફેસલા સુધી આ સ્ટે ચાલુ રહેશે. લેહની મામલતદાર ઓફિસે આ નોટીસ મોકલી છે. આ નોટીસ એચઆઈએએલના સહ સંસ્થાપક અને સીઈઓ ગીતાજલી જે આંગમોના નામે મોકલવામાં આવી છે. ગીતાજલી સોનમ વાંગચૂકના પત્ની છે. નોટીસમાં કહેવામાં આવ્યું છે કે, ડેઝર્ટ ફ્લાવર્સ સ્કૂલમાં જરૂરી સંમતી કે મંજૂરી વગર કલાસીસ અને બીજી પ્રવૃત્તિ શરૂ કરી દેવામાં આવી હતી.

અમિતાભ બુલેટપ્રુફ કાચ પાછળ દેખાયા પછી ફિલ્મ સંગઠને વડાપ્રધાનને પત્ર લખ્યો

મેગા સુપર સ્ટાર અમિતાભ બચ્ચન દર રવિવારે એમના જુહ ખાતેના બંગલે ભેગા થતા ચાહકોનું અભિવાદન ઝીલવા કેટલીક મીનીટો માટે બંગલાના ગેટની બહાર ઉભા રહે છે.

છેલ્લા રવિવારે જ્યારે અમિતાભ બચ્ચન એમના ચાહકોને મળવા ખાસ બનાવેલા સ્ટેજ પર આવ્યા ત્યારે એમની આગળ બુલેટપ્રુફ કાચ રાખવામાં આવ્યો હતો. એમ મનાય છે કે લોરેન્શ બિશ્નોઈ ગેંગના હીટ લિસ્ટમાં જેમના નામો છે એમા અમિતાભ બચ્ચનનું નામ પણ હોવાથી પોલીસે એમને સુરક્ષા વધારવાની સલાહ આપી હતી. આ બાબતે ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસીએશન (એઆઈસીડબ્લ્યુએ)એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક પત્ર લખી અમિતાભ બચ્ચન અને એમના પરિવારની સીક્યુરીટી વધારવા માટેની માંગણી કરી છે. એઆઈસીડબ્લ્યુએ લાંબા સમયથી ચાલી આવતી અમિતાભ બચ્ચનની ચાહકોને મળવાની પરંપરાનો ઉલ્લેખ પણ કર્યો છે.

મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાટો

એનસીપી (અજીત પવાર)ના પ્રમુખ અને મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી સુનેત્રા પવાર આજકાલ ચિંતીત છે. પક્ષના કેટલાક નેતાઓ એમને કહ્યા વગર જે રીતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળવા ગયા એ એમને પસંદ આવ્યું નથી.

સુનેત્રા પવારે પક્ષના ધારાસભ્યોની એક બેઠક બોલાવી હતી. આ બેઠક દક્ષિણ મુંબઈ સ્થિત એમના રહેઠાણએ રાખવામાં આવી હતી.

બેઠકમાં એમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ૨૦૨૯ની ચૂંટણીમાં પક્ષ વધુમાં વધુ બેઠક જીતશે. બેઠકમાં મંત્રીઓ સહિત લગભગ ૫૦ ધારાસભ્યો હાજર રહ્યા હતા. બેઠકમાં એમના પુત્રો પાર્થ અને જય પણ હાજર રહ્યા હતા. મુંબઈ એનસીપી (અજીત પવાર)ના પ્રમુખ જીશાન સિદ્દીકીએ કહ્યું હતું કે, બેઠકમાં હાજર રહેલા તમામ ધારાસભ્યો, મંત્રીઓ અને પદાધિકારીઓએ સુનેત્રા પવારના નેતૃત્વમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

નેહા બોરાના નિવેદન બાબતે કોંગ્રેસના મૌન પર સવાલો

ઓલ ઈન્ડિયા સ્ટૂડન્ટ્સ એસોસીએશન (એઆઈએસએ)ના પ્રમુખ નેહા બોરા છેલ્લા કેટલાક સમયથી વિરોધ પક્ષના આંદોલનનો ચહેરો બની રહ્યા છે.

નેહા બોરાનો એક જૂનો વીડિયો હમણા બહાર આવ્યો છે જેમાં તેઓ કહી રહ્યા છે કે મંદીરોમાં બ્રાહ્મણ મહિલાઓ સુરક્ષીત નથી, કારણ કે પૂજારીઓ મંદીરમાં બળાત્કાર કરે છે. ભાજપના પ્રવક્તાએ આ વીડિયો ન્યૂઝ ચેનલો પર દર્શાવ્યો હતો. પ્રવક્તાએ કહ્યું હતું કે નેહા બોરા તો રાહુલ ગાંધીના હિન્દુ વિરોધી રાજકારણની પોસ્ટર ગર્લ છે. નેહા બોરાનો આ વીડિયો બહાર આવ્યા પછી હિન્દુવાદી નેતાઓ ઈન્ડિયા ગઠબંધનને ટાર્ગેટ કરી રહ્યા છે. નેહા બોરાને સનાતન ધર્મને બદનામ કરનાર ગણવામાં આવે છે. એમનું કહેવું છે કે વિચારધારા કોઈપણ હોય બધા મંદીરો અને બધા પૂજારીઓને બદનામ કરવાનું યોગ્ય નથી. શું નેહા બોરા બીજા ધર્મ માટે આ રીતે વાત કરી શકે છે?

ધાકનો લાભ લઈ કરોડપતિ બની જવા કૃત્ય

કલાકારોને બિશ્નોઈના નામે ધમકી આપતો આઈટી એન્જિનિયર ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૪

લોરેન્સ બિશ્નોઈ ગેંગના નામે તુષાર કપૂર તથા આયુષ્માન ખુરાના સહિતના કલાકારોને ખંડણીની ધમકી મોકલવા બદલ મુંબઈ પોલીસે બેંગ્લુરના આઈટી એન્જિનિયર વૈભવ મિશ્રાની ધરપકડ કરી હતી.

તુષાર કપૂરને અપાયેલી ધમકીનાં વોઈસ સેમ્પલ ડેટા સાથે મેળ ન ખાતાં પોલીસને શંકા ગઈ

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બિશ્નોઈ ગેંગના ડરનો ઉપયોગ કરીને વૈભવએ રાતોરાત અમીર બનવાનું કાવતરું ઘડ્યું હોવાનું કહેવાય છે. પોલીસ હવે એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેણે અત્યારસુધી કોને ધમકી આપી હતી અને તેનો હેતુ શું હતો. તેનો લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે કોઈ સંબંધ ન હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, અભિનેતા તુષાર કપૂરને તાજેતરમાં એક વોઈસ મેસેજ મળ્યો હતો. એમાં કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગના નજીકના સહયોગી હેરી બોક્સર હોવાનો દાવો કરતા એક ફોન કરનારે રૂ. પાંચ કરોડની ખંડણીની માંગણી કરી હતી. અભિનેતાએ તાત્કાલિક મુંબઈ પોલીસને આ બાબતની જાણ કરી હતી. પોલીસે વોઈસ ક્લિપ ચકાસતાં પોલીસ પાસે રેકર્ડ ઉપલબ્ધ હેરી બોક્સના વોઈસ સેમ્પલ સાથે તેનો મેળ ખાધો ન હતો. તેને લીધે પોલીસને કોઈ બિશ્નોઈ ગેંગનું નામ વટાવી રહ્યું હોવાની શંકા ગઈ હતી. તે પછી આયુષ્માન ખુરાનાને પણ આવી ધમકી મળી હતી.

ડિજિટલ ફોરેન્સિક્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે સાયબર સેલે ધમકીઓ આપનાર ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલના આઈપી એડ્રેસ અને ઓનલાઈન પ્રવૃત્તિને ટ્રેક કરી બેંગલુર જઈ ત્યાં કામ કરતા આઈટી એન્જિનિયર વૈભવ મિશ્રાને ઝડપી લેવામાં આવ્યો હતો.

કિસાનમેળામાં ૮૦ લાખનો મુર્રા જાતિનો પાડો 'અર્જુન રાણા' છવાયો

મેરઠ,તા.૪

સરદાર વલ્લભભાઈ પટેલ કૃષિ અને પ્રૌદ્યોગિક વિશ્વ વિદ્યાલયમાં યોજાઈ રહેલા અખિલ ભારતીય કિસાન મેળો અને કૃષિ ઉદ્યોગ પ્રદર્શનમાં અવ્વલ જાતિના પશુઓ અને આકર્ષક કદ - કાઠીવાળા ઘોડાઓએ લોકોનું ધ્યાન ખેંચ્યુ.

મારવાડી નુકરા ઘોડાને જોવા માટે ભીડ ઊમટી

સફેદ અને હળવા ગુલાબી રંગના મારવાડી નુકરા ઘોડાની ચાલ અને શારીરિક સૌષ્ઠવ પણ આકર્ષણનું કેન્દ્ર રહ્યા. ૧૫.૮૦ ક્વિન્ટલ (૧૫૮૦ કિલોગ્રામ) વજનનો મુર્રા જાતિના પાડા અર્જુન રાણાને જોવા માટે પશુપાલકોની ભીડ ભેગી થઈ ગઈ હતી. લોકોએ આ પશુઓના માલિકો પાસેથી એમની જાતિ, ખોરાક અને વિશેષતાઓની માહિતી મેળવી. શામલીમાં રહેતા પશુપાલક ડૉ. બબલૂ પોતાના પાંચ વર્ષના મુર્રા પાડા અર્જુન રાણાને કિસાન મેળામાં લઈ ગયા હતા. એમણે દાવો કર્યો કે આ પાડાની કિંમત લગભગ ૮૦ લાખ રૂપિયા છે. એ ૧૨ થી વધુ હરીફાઈઓમાં પુરસ્કાર જીતી ચૂક્યો છે. આ પાડાનું વીર્ય લેવા માટે વિભિન્ન રાજ્યોના પશુપાલકો એમના ફાર્મ પર આવે છે. એનાથી દર મહિને લગભગ એક લાખ રૂપિયાની આવક થાય છે. નોંધનીય છે કે, મુરા જાતિની ભેંસો ઉત્તમ દૂધ-ઉત્પાદન માટે પ્રખ્યાત છે. એ દરરોજ ૨૦ - ૨૫ લીટર સુધી દૂધ આપે છે. મુઝફ્ફરનગરમાં રહેતા દેવ સહરાવતનો ચાર વર્ષનો સફેદ રંગનો મારવાડી નુકરા જાતિનો ઘોડો પણ મેળામાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો.

ટ્રમ્પને આપખુદી

(પહેલા પાનાનું ચાલુ)

ટ્રમ્પનો યુગ ખતમ થઈ ગયો છે. અગાઉની સેનેટમાં રિપબ્લિકનોની ૫૩-૪૭ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમા ૨૨૦-૨૧૫ની બહુમતી હતી, જે હવે ભૂતકાળ બની ગઈ છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે હું જો મતપત્રક પર હોત તો રિપબ્લિકન્સે આ ચૂંટણીમાં દમદાર વિજય મેળવ્યો હોત. આ ચૂંટણી મારી નહીં પણ રિપબ્લિકન ઉમેદવારોની હતી, તેથી અમારા ઉમેદવાર પ્રજાને પસંદ આવ્યા નથી તેમ લાગે છે.

નોર્થ કેરોલિના સેનેટની એવી પ્રથમ સીટ હતી જ્યારે ડેમોક્રેટના રોય કૂપરે રિપબ્લિકન માઈકલ વોટલીને હરાવ્યા હતા. આ ઉપરાંત કૈશા લાન્સ બોટમ્સે રિપબ્લિકન ઉમેદવાર રિક જેકસનને હરાવ્યા તે સાથે જ્યોર્જિયાના પ્રથમ બ્લેક વુમન ગવર્નર બનવાનો ઈતિહાસ સર્જ્યો હતો.

નિત્યા રમન અમેરિકાના બીજા નબરના શહેરની મેયર બની શકે

અર્બન પ્લાનર અને લોસ એન્જલસ સિટી કાઉન્સિલના સભ્ય નિત્યા રમનની લોસ એન્જલ્સના મેયર પદની રેસમાં ડેમોક્રેટ કરેન બાસ સામે જબરદસ્ત ફાઈટ છે. છેલ્લા આંકડા દર્શાવે છે કે રમન બાસ પર સરસાઈ ધરાવે છે. જો તે વિજય મેળવશે તો અમેરિકાના બીજા નંબરના સૌથી વધુ વસ્તીવાળા શહેરની મેયર બનશે. આમ ન્યૂયોર્ક પછી વધુ એક શહેરના મેયર તરીકે ભારતીય મૂળની વ્યક્તિ હશે.

ખેડૂત આંદોલન : મુંબઈ-બેંગલુરુ હાઈવે અસરગ્રસ્ત



મહારાષ્ટ્રમાં શેરડીના ભાવ વધારાની માગ સાથે ખેડૂતોનું આંદોલન ઉગ્ર બનતા મુંબઈ-બેંગલુરુ નેશનલ હાઈવે ૪૮ પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. ખેડૂતોએ સતારા જિલ્લાના નાગઠાણે અને કોલ્હાપુર જિલ્લાના કિની ટોલ પ્લાઝા પાસે રસ્તા રોકો આંદોલન શરૂ કર્યું હતું. મંગળવારે સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલું આંદોલન બુધવારે પણ ચાલુ રહેતા હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી. આંદોલનની અસર સતારા, નાગઠાણે, અતિત, ઉમ્બ્રજ અને કિની-વાથર સહિતના વિસ્તારોમાં જોવા મળી હતી. હાઈવેના મુંબઈ અને કોલ્હાપુર તરફ જતા રસ્તાઓ પર ટ્રાફિક જામ થયો હતો.

ડિસેમ્બરમાં ૧૮,૦૦૦ સૈનિકો છૂટા થાય તે પહેલા કેબિનેટનો નિર્ણય

અગ્નિવીરોની સેવામાં બે વર્ષનો વધારો, હવે છ વર્ષ સુધી સૈનિક રહેશે

નવી દિલ્હી, તા. ૪

સૈન્યમાં સેવા માટેની કેન્દ્ર સરકારની અગ્નિપથ સ્કીમમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. હવેથી અગ્નિપથ દ્વારા સૈન્યમાં ભરતી થયેલા અગ્નિવીરો માટે સેવા સમાપ્તિના વર્ષોમાં બે વર્ષનો ઉમેરો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી આ સ્કીમ દ્વારા ભરતી કરાયેલા અગ્નિવીરોને માત્ર ચાર વર્ષ સુધી જ સેવામાં રખાતા હતા. હવે તેમને કુલ છ વર્ષ સુધી નોકરીમાં રાખવામાં આવશે.

હાલ અગ્નિપથ યોજના દ્વારા ભરતી કરાયેલા ત્રણ લાખ સૈનિકોને લાભ મળશે, કાયમી થવાનો માર્ગ પણ મોકળો

ત્રણેય સૈન્ય દળોએ કેન્દ્ર સરકારને અગ્નિપથ યોજના હેઠળ ભરતી કરાયેલા જવાનોની સેવાનો સમય લંબાવવા અપીલ કરી હતી, જેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. કેન્દ્રીય કેબિનેટ દ્વારા બે વર્ષ લંબાવવાના નિર્ણયને મંજૂરી આપી હતી, જે બાદ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ એન એસ રાજા સુબ્રમણીએ બે વર્ષ લંબાવવામાં આવ્યા હોવાની જાહેરાત કરી હતી.

આ સાથે જ હવે અગ્નિપથ યોજના હેઠળ ભરતી થયેલા જવાનોને કાયમી જવાન તરીકે સ્વીકાર કરવાનો માર્ગ પણ મોકળો થઈ શકે છે.

જુન ૨૦૨૨માં આ અગ્નિપથ યોજના લોન્ચ કરવામાં આવી હતી, જેમાં અત્યાર સુધી સૈનિક તરીકે ચાર વર્ષ માટે ભરતી કરવામાં આવતી હતી. જેમાંથી બાદમાં ૨૫ ટકાને રેગ્યુલર સર્વિસમાં સામેલ કરાતા હતા. આશરે ૧૮,૩૦૦ અગ્નિવીર ૩૧મી ડિસેમ્બરના રોજ સેવા પૂર્ણ કરવા જઈ રહ્યા હતા, જે પહેલા જ સરકાર દ્વારા બે વર્ષ લંબાવી દેવામાં આવ્યા છે. હાલમાં ત્રણ લાખ સૈનિકો અગ્નિપથ યોજના હેઠળ ભરતી કરવામાં આવ્યા છે. જે તમામને પણ બે વર્ષ વધુ સેવા કરવાનો લાભ મળશે.

ઈઝરાયેલના પ્રમુખે

(૧૭મા પાનાનું ચાલુ)

ચૂંટણીને ઝૂંટવી લીધી છે.

પરિણામો પરથી સાબિત થાય છે કે નેતન્યાહુનો ધાર્મિક અને રાષ્ટ્રવાદી બ્લોક સંસદીય બહુમત ગુમાવી ચુક્યો છે જ્યારે અરબ પાર્ટીઓએ મહત્વપૂર્ણ જીત મેળવી છે. હવે જ્યારે સત્તાવાર ચૂંટણી પરીણામોનો પ્રમુખે સ્વીકાર કરી લીધો છે ત્યારે તેઓ તમામ પક્ષો સાથે વાટાઘાટો શરૂ કરશે. એવામાં નેતન્યાહુના પ્રતિદ્વંદી ગાદી આઈઝેનકોટનો પક્ષ તેમજ અરબ પાર્ટી મળીને ગઠબંધનવાળી સરકાર બનાવી શકે છે.

ટ્રમ્પના કટ્ટર સમર્થક વિવેક રામાસ્વામી ઓહાયોના ગવર્નરપદની ચૂંટણી ડેમોક્રેટ ઉમેદવાર સામે હાર્યા

અમેરિકાની

(પહેલા પાનાનું ચાલુ)

ફિઝિશિયનમાંથી રાજકારણી બન્યા છે. તેઓ યુએસ કોંગ્રેસમાં સૌપ્રથમ વખત ૨૦૧૨માં ચૂંટાયા હતા. તેઓ ચૂંટાયા તે પહેલા સાક્રામેન્ટો કાઉન્ટમાં ૧૯૯૯થી ૨૦૦૪ દરમિયાન ચીફ મેડિકલ ઓફિસર તરીકે કામ કરતા હતા.

રો ખન્ના

ડેમોક્રેટિક કોંગ્રેસમેન ૫૦ વર્ષના રો ખન્ના કેલિફોર્નિયાના ૧૭મા કોંગ્રેસનલ જિલ્લાલમાં ફરીથી ચૂંટાઈ આવ્યા છે. પેન્સિલ્વેનિયામાં ફિલાડેલ્ફિયા ખાતે જન્મેલા ખન્ના ભારતીય ઈમિગ્રન્ટ્સ માતાપિતાનું સંતાન છે. પિતા કેમિકલ એન્જિનિયર હતા. જ્યારે માતા સબસ્ટીટ્યુટ સ્કૂલ ટીચર હતા. ખન્નાના દાદા અમરનાથ વિદ્યાલંકાર ભારતની સ્વતંત્રતા ચળવળમાં બ્રિટિશ શાસનનો વિરોધ કરતાં ચાર વર્ષ જેલમાં જઈ આવ્યા હતા.

પ્રમિલા જયપાલ

ડેમોક્રેટિક કોંગ્રેસવુમલ પ્રમિલા જયપાલ વોશિંગ્ટનના સેવન્થ કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાંથી ફરીથી ચૂંટાઈ છે. તેનો જન્મ ચેન્નાઈમાં ૧૯૬૫માં થયો હતો. જયપાલ ૧૬ વર્ષની હતી ત્યારે અમેરિકા આવી હતી. તેમણે નોર્થવેસ્ટર્ન યુનિ.માંથી એમબીએની ડિગ્રી મેળવી છે. તે સૌપ્રથમ વખત ૨૦૧૬માં ચૂંટાઈ હતી. તે અમેરિકાના હાઉસ ઓફ રિપ્રેઝેન્ટિટિવ્સમાં ચૂંટાનારી પ્રથમ સાઉથ એશિયન-અમેરિકન મહિલા છે.

અરુણા મિલર

ડેમોક્રેટ ૬૧ વર્ષની અરુણામિલર મેરીલેન્ડના ગવર્નર પદે ફરીથી ચૂંટાઈ આવી છે. આ ઉપરાંત તે વેસમૂરેને પણ ગવર્નર છે. ભારતમાં આંધ્રમાં જનમેલી મિલર સાત વર્ષની હતી ત્યારે તેનું કુટુંબ અમેરિકા ગયુ હતુ. તેમણે મિસોરી યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીમાં સિવિલ એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવી છે. તે ૨૦૧૦થી ૨૦૧૮ સુધી મેરીલેન્ડના ગૃહમાં ડિસ્ટ્રિક્ટ ૧૫નું પ્રતિનિધિત્વ કરી ચૂકી છે. તે રાજ્યમાં સૌપ્રથમ ચૂંટાયેલી ઈમિગ્રન્ટ ગવર્નર બની હતી.

સંદીપ શ્રીવાસ્તવ

ડેમોક્રેટિક ઉમેદવાર સંદીપ શ્રીવાસ્તવ ડેક્સાસ હાઉસ ડિસ્ટ્રિક્ટ ૬૬માંથી લડી રહ્યા છે. તેઓ ઉદ્યોગપતિ છે અને હાલમાં તે રિપબ્લિક ઉમેદવાર મેટ શાહીન સામે જીત્યા છે. તેમણે પાંચ ટર્મ સુધી તેમના વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યુ છે.

અમિષ શાહ

ફિઝિશિયન અને પૂર્વ સ્ટેટ રિપ્રેઝન્ટેટિવ અમિષ શાહ એરિઝોના ફર્સ્ટ કોંગ્રેસનલ જિલ્લામાં ડેમોક્રેટિક ઉમેદવાર તરીકે જીત્યા છે. તે રિપબ્લિકન પાર્ટીના જે ફ્રીલી સામે ચૂંટણી લડી રહ્યા હતા. શાહ એરિઝોનાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાંથી ત્રણ વખત ચૂંટણી જીતી ચૂક્યા છે. તેઓ અગાઉ ૨૦૨૪માં સ્કવેઈર્ટ સામે હારી ચૂક્યા હતા.

પૂજા સેઠી

ટેક્સાસ હાઉસ ૪૭ ઈલેકશમાં પૂજા શેઠીનો વિજય થયો છે. તેણે ડેમોક્રેટિક ઉમેદવાર તરીકે વિજય મેળવ્યો હતો વ્યવસાય એટર્ની પૂજા સેઠી અગાઉ ટેક્સાસ વિધાનસભામાં ચીફ ઓફ સ્ટાફ તરીકે કામ કરતી હતી.

વિવેક રામાસ્વામી

ભારતીય મૂળના કેરલિયન અને ટ્રમ્પના કટ્ટર સમર્થક વિવેક રામાસ્વામી ગવર્નરની ચૂંટણીમાં ડેમોક્રેટ એમી એક્ટન સામે બે લાખથી પણ વધુ મતથી હારી ગયા હતા

GOVERNMENT OF MEGHALAYA EDUCATION DEPARTMENT

No.EDN. 124/2026/41 Dated Shillong, the 3rd November, 2026

CONTINUATION NOTICE

Subject: Extension of last date for submission of student details for the conduct of examinations for CMJ University, Meghalaya

In continuation of the Public Notice issued by the Education Department vide No.EDN.124/2026/29, dated 30th September, 2026, it is hereby notified for general information of all presently enrolled Diploma, Undergraduate, and Postgraduate students of CMJ University that the last date for submitting personal and academic details via the designated Google Form has been extended.

The online form link: https://forms.gle/3aMvMVWX2DxnNSzv5 will now remain active to accept responses until 1st December, 2026.

All eligible students who have not yet registered are strongly advised to complete the submission within this extended window. Failure to do so will hinder the examination process, as these details are mandatory for arranging examinations under external agencies / third-party institutions supervised by the State Education Department.

Sd/-
Administrator, CMJ University, Meghalaya
& Joint Secretary to the Govt. of Meghalaya
Education Department

MPR No. : 1989
Dated : 03-11-2026

ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ
(ભારત સરકાર (રેલવે મંત્રાલય)નું સાહસ)

ટેન્ડર આમંત્રિત નોટિસ

ટેન્ડર નં. ADI-SNT-LED-35, તારીખ : 02.11.2026 કામનું નામ : સીજીએમ એડીઆઈ યુનિટના એમપીઆરએન-જીટીએક્સએન સેક્સન માટે સિગ્નલ એલઈડીની પ્રાપ્તિ. ટેન્ડર કિંમત : રૂા. 54,65,423.70/- (રૂપિયા ચોપ્પન લાખ પાંસઠ હજાર ચારસો ત્રેવિસ અને પૈસા સિત્તેર પુરા) જીએસટી સહિત. પૂર્ણતાનો સમયગાળો : 90 દિવસ. બિડ સીક્યુરિટી : રૂા. 109310.00/- (રૂપિયા એક લાખ નવ હજાર ત્રણસો દસ પુરા) બિડિંગ શરૂ તારીખ : 02.11.2026 બિડ બંધ તારીખ અને સમય : 27.11.2026 ના 15.00 કલાકે. ઈ-ટેન્ડરિંગ વેબસાઈટ સરનામું : www.ireps.gov.in ઓફિસ સરનામું : ચીફ જનરલ મેનેજરની ઓફિસ : ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ, ઓસીસી બિલ્ડીંગ, 'ડી' કેબિન રોડ, સાબરમતી, અમદાવાદ-380019. ગુજરાત. વેબસાઈટ : બિડ દસ્તાવેજ ડાઉનલોડ કરી શકાશે IREPS વેબસાઈટ www.ireps.gov.in અને DFCCIL વેબસાઈટ www.dfccil.com ટેન્ડર દસ્તાવેજ ફક્ત IREPS વેબસાઈટ www.ireps.gov.in દ્વારા સુપ્રત કરવાનું રહેશે. ઓનલાઈન સિવાય સુપ્રત કરેલ ઓફરનો સ્વીકાર કરાશે નહિ. નોંધ : સુધારો/પૂરવણી, જો હશે તો, તેને ફક્ત DFCCIL ની વેબસાઈટ www.ireps.gov.in પર પ્રસિદ્ધ કરાશે.

જનરલ મેનેજર/એસએન્ડટી/ડીએફસીસીઆઈએલ/અમદાવાદ

Gujarat Informatics Limited
Block No. 2, 2nd Floor, Karmayogi Bhavan, Sector 10, Gandhinagar-382010 (Gujarat). Phone: 079-23256022, Fax: 079-23238925

NOTICE INVITING BID

GIL invites Bids through E-tendering for Bid for Procurement of Laptop on behalf of Various Government Departments/Boards/ Corporations/Offices within the State of Gujarat (Tender No. HWT04112026). Interested parties may visit http://www.gil.gujarat.gov.in or https://tender.nprocure.com for eligibility criteria & more details about the bids.

- Managing Director

CORRIGENDUM TO FORM G
INVITATION FOR EXPRESSION OF INTEREST FOR TAKSHASHILA HEIGHTS INDIA PRIVATE LIMITED
OPERATING IN REAL ESTATE BUSINESS AT AHMEDABAD
(Under sub-regulation (1) of regulation 36A of the Insolvency and Bankruptcy Board of India (Insolvency Resolution Process for Corporate Persons) Regulations, 2016)

This has reference to the Form G re issued in accordance with Insolvency & Bankruptcy Code, 2016 and Insolvency and Bankruptcy Board of India (Insolvency Resolution Process for Corporate Persons) Regulations, 2016 and published in Financial Express - Ahmedabad (Covering all Gujarat) in English Language and Gujarat Samachar - (Edition - Ahmedabad) in Gujarati Language on 18th October 2026. On account of the receipt of requests from certain interested applicants and pursuant to the approval of Committee Of Creditors, having agreed to extend the timelines specified therein, the timelines of the Expression of Interest stands amended and restated as under:

Sl.	RELEVANT PARTICULARS	
1.	Last date for receipt of expression of interest	16th November, 2026
2.	Date of issue of provisional list of prospective resolution applicants	21st November, 2026
3.	Last date for submission of objections to provisional list	26th November, 2026
4.	Date of issue of final list of prospective resolution applicants	28th November, 2026
5.	Date of issue of information memorandum, evaluation matrix and request for resolution plans to prospective resolution applicants	2nd December, 2026
6.	Last date for submission of resolution plans	1st January, 2027
7.	Process email id to submit Expression of Interest	[illegible]

Please note that all other particulars with reference to re issued Form - G (other than the above changes in timelines) published in the newspapers as mentioned above remain unchanged. The above timelines are subject to the approval of extension from the Hon'ble NCLT.

Date: 5th November, 2026
Place: Mumbai

sd/-
Abhijit Gokhale
Authorised IP/ Director,
Orion Resolution & Turnaround Private Limited
Resolution Professional of
Takshashila Heights India Private Limited

પાસપોર્ટ ખોવાયેલ છે
ગોપા પટેલ, પાસપોર્ટ નં.
C-9364032
Karnavati Club
એરિયા ઉપરથી ખોવાયેલ છે.
જો કોઈને મળે તો યોગ્ય વળતર આપાશે.
83476 66728

એપોઈન્ટમેન્ટ
REQUIRES
A Company with a legacy of more than 100 years in Manufacturing & Exports of Ayurvedic products with GMP & ISO certified facility based at Changodar, Ahmedabad.
EXPORT EXECUTIVE
Responsible for expanding the Company's global presence thorough identifying international market opportunities.
Experienced/Freshers/Male/Female candidates with Science/ Pharmacy graduation.
Interested candidate send their resume:
hrd@ayukalpuspharma.com

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ભારતના ફાસ્ટરોની કુલ નવ વિકેટ : કોહલીના ૫૧ બોલમાં ૭૪

ટીમ ઈન્ડિયાનો પાવરપંચ : ન્યુઝીલેન્ડ સામે પ્રથમ વન ડેમાં પાંચ વિકેટથી આસાન વિજય

ઓકલેન્ડ, તા.૪

ફાસ્ટ બોલરોએ કુલ મળીને નવ વિકેટ ઝડપ્યા બાદ કોહલીની ૫૧ બોલમાં ૭૪ રનની ક્લાસિક ઈનિંગને સહારે ભારતે પ્રથમ વન ડેમાં ન્યુઝીલેન્ડ સામે ડકવર્થના નિયમને સહારે પાંચ વિકેટથી વિજય મેળવ્યો હતો. ન્યુઝીલેન્ડ ૪૦.૨ ઓવરમાં ૧૮૫માં ખખડી ગયું હતુ. વરસાદના વિઘ્ન બાદ ભારતને ડકવર્થની ફોરમ્યુલાને આધારે ૩૨ ઓવરમાં ૧૪૩નો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો, જેને ટીમ ઈન્ડિયાએ ૨૨.૪ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવી પાર પાડ્યો હતો. કમ્બોજને ૧૦ ઓવરમાં માત્ર ૨૨ રન આપીને બે વિકેટ ઝડપવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ સાથે ભારતે પાંચ વન ડેની શ્રેણીમાં ૧-૦થી સરસાઈ મેળવી લીધી છે. હવે શ્રેણીની બીજી વન ડે તારીખ ૭મી નવેમ્બર ને શનિવારે વેલિંગ્ટનમાં રમાશે. ભારતે ૧૭ વર્ષ બાદ ઓકલેન્ડમાં વિજય મેળવ્યો હતો. છેલ્લે ભારત આ મેદાન પર ૨૦૦૯માં જીત્યું હતુ.

ભારતીય ફાસ્ટ બોલરોની કમાલ

ટીમ ઈન્ડિયાના કેપ્ટન ગિલે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી હતી. અર્ષદીપ અને ગુરનૂરની જોડી ન્યુઝીલેન્ડના ટોપ ઓર્ડર પર છવાઈ ગઈ હતી. ન્યુઝીલેન્ડની અડધી ટીમ ૯૭માં પેવેલિયન ભેગી થઈ ગઈ હતી. અર્ષદીપે યંગ (૯) અને નિકોલ્સ (૯)ને જ્યારે ગુરનૂરે સેઈફર્ટ (૩૮) અને લાથમ (૩)ને પેવેલિયન ભેગા કર્યા હતા. રોહિત-રાહુલની જોડીએ મિચેલને (૨૮)ને રનઆઉટ કર્યો હતો.

કમ્બોજની અસરકારક બોલિંગ

ન્યુઝીલેન્ડ ૯૭/૫ પર ફસડાયુ તે પછી યુવા ફાસ્ટ બોલર કમ્બોજે સાન્ટનર (૪) અને નેથન સ્મિથ (૧)ની વિકેટ ઝડપી હતી. તેણે ૧૦માંથી બે ઓવર મેડન નાંખી હતી અને માત્ર ૨૨ રન આપતાં બે વિકેટ મેળવી હતી.

આખરી ત્રણ વિકેટે ૭૦ રન જોડ્યા

ન્યુઝીલેન્ડના લો ઓર્ડરના બેટ્સમેનોએ જોરદાર સંઘર્ષ કર્યો હતો અને આખરી ત્રણ વિકેટમાં યજમાન ટીમે ૭૦ રન જોડ્યા હતા. ફિલિપ્સે ૩૦ રન સાથે સંઘર્ષ કર્યો હતો. ૧૧માં ક્રમના બેટર ટિકનેરે ચાર છગ્ગા અને એક ચોગ્ગા સાથે ૨૩ બોલમાં ૩૪ રન નોંધાવ્યા હતા. તેણે ડફી સાથે આખરી વિકેટમાં ૩૯ રન જોડ્યા હતા. આ કારણે ૧૧૫/૭ પર ફસડાયેલું ન્યુઝીલેન્ડ ૧૮૫ સુધી પહોંચી શક્યું હતુ. અર્ષદીપે ૭૦ રનમાં ચાર અને ગુરનૂરે ૪૪ રનમાં ત્રણ વિકેટ મેળવી હતી.

કોહલીની વધુ એક યાદગાર ઈનિંગ

રોહિત શર્મા (૦) પહેલી જ ઓવરમાં જેમીસનનો શિકાર બન્યો હતો. ત્યાર બાદ ગિલ-કોહલીએ ઈનિંગ આગળ ધપાવી હતી. વરસાદના કારણે બે-ત્રણ વખત મેચમાં વિઘ્ન સર્જાયું હતુ અને આખરે ભારતને ૩૨ ઓવરમાં ૧૪૩નો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો. કોહલીએ ૩૫ બોલમાં અડધી સદી પૂરી કર્યા બાદ તેણે ૫૧ બોલમાં ૧૩ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૭૪ રન ફટકાર્યા હતા. કોહલીએ ગિલ (૩૭) સાથે બીજી વિકેટમાં ૧૦૪ બોલમાં ૧૧૩ રનની ભાગીદારી કરી હતી. કોહલી આઉટ થયો, ત્યારે ભારત જીતથી ૧૯ જ રન દૂર હતુ. ડફીએ કોહલી બાદ અક્ષર (૦) અને શ્રેયસ (૧૫)ને આઉટ કર્યા હતા. આખરે રાહુલ (૩*) અને નમન (૫*)ની જોડીએ ભારતને જીતાડ્યું હતુ.



પ્લેયર ઓફ ધ મેચ કમ્બોજની ૨૨ રનમાં બે વિકેટ
ભારત ૧૭ વર્ષે ઓકલેન્ડમાં જીત્યું

કમ્બોજે બુમરાહ, નેહરા અને અગરકરની બરોબરી કરી

વન ડેમાં ભારતીય ફાસ્ટર્સની બેસ્ટ ઈકોનોમી (૨૦૦૫થી)

બોલર	બોલિંગ	ઈકોનોમી	હરિફ	સ્થળ	તારીખ
નેહરા	૧૦-૧-૨૨-૨	૨.૨	શ્રીલંકા	ડમ્બુલ્લા	૦૩.૦૮.૦૫
અગરકર	૧૦-૧-૨૨-૨	૨.૨	વિન્ડિઝ	કુઆલાલુમ્પુર	૨૦.૦૯.૦૬
બુમરાહ	૧૦-૧-૨૨-૪	૨.૨	ઝિમ્બાબ્વે	હરારે	૧૫.૦૬.૧૬
કમ્બોજ	૧૦-૨-૨૨-૨	૨.૨	ન્યુઝીલેન્ડ	ઓકલેન્ડ	૦૪.૧૧.૨૬

* વર્ષ ૨૦૦૫થી અત્યાર સુધી ઈનિંગમાં તમામ ૧૦ ઓવર નાંખી હોય તેવા ભારતીય ફાસ્ટર્સને રેકોર્ડમાં ધ્યાને લીધા છે.

ન્યુઝીલેન્ડ

	રન	બોલ	૪	૬
યંગ કો.શ્રેયસ બો.અર્ષદીપ	૯	૧૧	૨	૦
સેઈફર્ટ કો.સબ (ગાયકવાડ) બો.ગુરનૂર	૩૮	૪૩	૩	૨
નિકોલ્સ કો.ધીર બો.અર્ષદીપ	૯	૧૧	૨	૦
મિચેલ રનઆઉટ (રોહિત/રાહુલ)	૨૮	૪૧	૩	૧
લાથમ કો.એન્ડ બો.ગુરનૂર	૩	૧૧	૦	૦
ફિલિપ્સ કો.શ્રેયસ બો.અર્ષદીપ	૩૦	૫૧	૨	૧
સાન્ટનર બો.કમ્બોજ	૪	૧૬	૦	૦
નેથન સ્મિથ કો.કોહલી બો.કમ્બોજ	૧	૯	૦	૦
જેમીસન કો.કોહલી બો.અર્ષદીપ	૧	૬	૦	૦
ડફી અણનમ	૧૫	૨૧	૩	૦
ટિકનેર કો.રાહુલ બો.ગુરનૂર	૩૪	૨૩	૧	૪
વધારાના (લેગબાય ૪, વાઈડ ૮, નોબોલ ૧)	૧૩			
કુલ (૪૦.૨ ઓવરમાં ઓલઆઉટ	૧૮૫			

વિકેટનો ક્રમ : ૧-૨૨ (યંગ ૪.૩), ૨-૪૦ (નિકોલ્સ ૮.૩), ૩-૭૩ (સેઈફર્ટ ૧૪.૨), ૪-૮૪ (લાથમ ૧૬.૬), ૫-૯૭ (મિચેલ ૨૧.૧), ૬-૧૧૩ (સાન્ટનર ૨૬.૧), ૭-૧૧૫ (નેથન સ્મિથ ૨૮.૩), ૮-૧૩૧ (જેમીસન ૩૧.૧), ૯-૧૪૬ (ફિલિપ્સ ૩૫.૧), ૧૦-૧૮૫ (ટિકનેર ૪૦.૨) બોલિંગ : અર્ષદીપ ૧૦-૦-૭૦-૪, ઔકિબ નાબી ૬-૦-૩૩-૦, કમ્બોજ ૧૦-૨-૨૨-૨, ગુરનૂર ૯.૨-૦-૪૪-૩, અક્ષર પટેલ ૫-૦-૧૨-૦.

ભારત

	રન	બોલ	૪	૬
રોહિત કો.સાન્ટનર બો.જેમીસન	૦	૬	૦	૦
ગિલ કો.લાથમ બો.સ્મિથ	૩૭	૫૬	૫	૦
કોહલી કો.સેઈફર્ટ બો.ડફી	૭૪	૫૧	૧૩	૧
શ્રેયસ કો.નિકોલ્સ બો.ડફી	૧૫	૧૩	૧	૧
અક્ષર કો.ફિલિપ્સ બો.ડફી	૦	૨	૦	૦
રાહુલ અણનમ	૩	૫	૦	૦
ધીર અણનમ	૫	૩	૧	૦
વધારાના (લેગબાય ૧, વાઈડ ૮)	૯			
કુલ (૨૨.૪ ઓવરમાં પાંચ વિકેટે)	૧૪૩			

વિકેટનો ક્રમ : ૧-૧ (રોહિત ૦.૬), ૨-૧૧૪ (ગિલ ૧૮.૨), ૩-૧૨૪ (કોહલી ૧૯.૪), ૪-૧૨૪ (અક્ષર ૧૯.૬), ૫-૧૩૬ (શ્રેયસ ૨૧.૪). બોલિંગ : જેમીસન ૭-૦-૩૪-૧, ડફી ૭-૦-૪૯-૩, ટિકનેર ૪-૦-૩૮-૦, નેથન સ્મિથ ૪.૪-૦-૨૧-૧.

ન્યૂઝ અપડેટ

* 'સાફ' ફૂટબોલમાં આજે બપોરે ત્રણથી ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ.
* મહિલા પ્રિમીયર લીગ ૧૪ જાન્યુઆરીથી સાત ફેબ્રુઆરી દરમ્યાન વડોદરા અને મુંબઈમાં રમાશે.
* પેરિસ માસ્ટર્સ ટેનિસમાં મુસેટીએ ઝ્વેરેવને, હિજીકાતાએ યોકોવિચને અને બ્યૂસએ મેડવેડેવને હરાવતાં અપસેટ.
* શૂટિંગ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ભારતના એક ગોલ્ડ અને બે સિલ્વર.

આજે ભારત અને જાપાન વચ્ચે સાંજે ૭.૦૦થી ફાઈનલ જંગ

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી : ભારત ૮-૧થી કોરિયાને હરાવી ફાઈનલમાં

ભારત છઠ્ઠી વખત ફાઈનલમાં : અન્ય સેમિ ફાઈનલમાં જાપાને મલેશિયાને હરાવ્યું

મોહાલી, તા. ૪

ભારતીય પુરુષ હોકી ટીમે એશિયન હોકી પર પોતાની સરસાઈ જાળવી રાખતાં મોહાલીમાં રમાયેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિફાઈનલમાં દક્ષિણ કોરિયાને ૮-૧થી કારમી હાર આપી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ટુર્નામેન્ટમાં ભારતીય ટીમે વિજયકૂચ જારી રાખતાં સતત ત્રીજી અને ઓવરઓલ છઠ્ઠી વખત ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. હવે આવતીકાલે ભારત-જાપાન વચ્ચે સાંજે ૭થી ફાઈનલ રમાશે.



ગોલ સ્કોરર

ભારત તરફથી શિલાનંદ લાકરાએ ૪થી અને ૧૩મી મિનિટે બે ગોલ કર્યા હતા. જ્યારે હરમનપ્રીત સિંહે ૯મી મિનિટે, સુખજીત સિંહે ૨૧મી મિનિટે, દિલપ્રીત સિંહે ૨૧મી અને ૨૫મી મિનિટે, અંગદ બિર સિંહે ૩૬મી મિનિટે તથા વિવેક સાગર પ્રસાદે ૫૪મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. આમ, ભારત તરફથી શિલાનંદ લાકરા અને દિલપ્રીત સિંઘે બે-બે ગોલ કર્યા હતા, જ્યારે અન્ય ચાર ખેલાડીઓએ એક-એક ગોલ નોંધાવ્યો હતો.

જાપાનની આગેકૂચ

બીજી સેમિફાઈનલમાં જાપાન અને મલેશિયા વચ્ચે જોરદાર મુકાબલો થયો હતો. નિર્ધારિત સમયની ચારેય ક્વાર્ટરની રમત દરમિયાન બંને ટીમો એક પણ ગોલ કરી શકી નહોતી. પરિણામે મેચનો નિર્ણય પેનલ્ટી શૂટઆઉટથી કરવામાં આવ્યો હતો. તેમાં જાપાને મલેશિયાને ૫-૩થી હરાવી ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.

ટાર્ગેટ ચેઝ કરતાં સૌથી વધુ રન ફટકારવાનો તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો

કોહલીનો વન ડેમાં ત્રીજા ક્રમના બેટ્સમેન તરીકે ૧૩,૦૦૦ રનનો વર્લ્ડ રેકોર્ડ

ઓકલેન્ડ, તા. ૪

ટીમ ઈન્ડિયાના બેટ્સમેન વિરાટ કોહલીએ ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ વન ડેમાં ૫૧ બોલમાં ૭૪ રનની ઈનિંગ ફટકારી ટીમની જીતમાં પાયાનું યોગદાન આપ્યું હતુ, તેની સાથે રેકોર્ડ બુકમાં ધરખમ ફેરફારો કરાવ્યા હતા. તે વન ડે ક્રિકેટમાં ત્રીજા ક્રમના બેટ્સમેન તરીકે ઉતરીને ૧૩,૦૦૦ રન નોંધાવનારો વિશ્વનો સૌપ્રથમ બેટ્સમેન બની ગયો છે. તેણે ન્યુઝીલેન્ડ સામે ૧૨ રન નોંધાવ્યા તેની સાથે ત્રીજા ક્રમના બેટસમેન તરીકે વન ડેમાં ૧૩૦૦૦ રનનો માઈલસ્ટોન હાંસલ કર્યો હતો. તેણે ૨૫૧ વન ડેની ૨૫૧ ઈનિંગમાં ત્રીજા ક્રમે બેટિંગ કરતાં કુલ ૧૩,૦૬૨ રન નોંધાવ્યા છે. જ્યારે ઓવરઓલ તેના ૩૧૮ વન ડેની ૩૦૬ ઈનિંગમાં ૧૫૧૮૩ રન છે.

સચિન તેંડુલકરનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો

કોહલીએ વન ડે ક્રિકેટમાં ટાર્ગેટ ચેઝ કરતાં સૌથી વધુ ૮૭૨૧ રન ફટકાર્યા હતા અને તેંડુલકરનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો. કોહલીએ આ રન ૬૬.૫૪ની સરેરાશથી નોંધાવ્યા હતા. અગાઉ તેંડુલકરે ૪૨.૨૩ની સરેરાશથી ૮૭૨૦ રન વન ડેમાં ટાર્ગેટ ચેઝ કરતાં ફટકાર્યા હતા. આ યાદીમાં રોહિત ૬૮૦૧ રન અને ૫૦.૭૫ની સરેરાશ સાથે ત્રીજા અને જયસુર્યા ૨૯.૪૪ની સરેરાશ અને ૫૭૪૨ રન સાથે ચોથા ક્રમે છે.

૨૫૫ના દેવા સામે કેરળના બીજી ઈનિંગમાં ૪૧/૧

રણજી ટ્રોફી : ગુજરાતને ફોલોઓન થયેલા કેરળ સામે વિજયની તક

અમદાવાદ, તા.૪

અર્ઝાન નાગવાસવાલાએ ૫૯ રનમાં ચાર, ચિંતન ગજાએ ૬૫ રનમાં ત્રણ અને સિદ્ધાર્થ દેસાઈએ ૬૬ રનમાં બે વિકેટ ઝડપતાં ગુજરાતની ટીમને ફોલોઓન થયેલા કેરળ સામે આઉટ રાઈટ વિજય મેળવવાની તક છે. ગુજરાતે પ્રથમ ઈનિંગ ૫૩૪/૯ પર ડિકલેર કરી હતી, જેની સામે કેરળની પ્રથમ ઈનિંગ ૨૭૯ રનમાં સમેટાઈ ગઈ હતી. આ પછી કેપ્ટન ચિંતન ગજાએ કેરળને ફોલોઓન કરવાનો નિર્ણય લીધો હતો. ૨૫૫ના દેવા સાથે બીજી ઈનિંગમાં રમવા ઉતરેલી કેરળની ટીમે ત્રીજા દિવસના અંતે ૧ વિકેટે ૪૧ રન નોંધાવ્યા હતા. અમદાવાદમાં ચાલી રહેલી રણજી મેચમાં કેરળની ટીમ હજુ ૨૧૪ રનના દેવા હેઠળ છે અને તેમની નવ જ વિકેટ સલામત છે. વળી, આવતીકાલે મેચનો આખરી દિવસ પણ છે.

ત્રિપુરા સામે સૌરાષ્ટ્ર પર પરાજયનું સંકટ

સૌરાષ્ટ્રની ટીમ પર ત્રિપુરા સામેની મેચમાં પરાજયનું સંકટ સર્જાયું છે. ત્રિપુરાના ૨૬૮ સામે ૧૧૮માં સૌરાષ્ટ્ર સમેટાયુ હતુ. ત્રીજા દિવસે સવારે ૫૪/૪થી આગળ રમતાં ત્રિપુરાએ ૧૯૧ રન કર્યા હતા. ચેતન સાકરિયા-પાર્થ ભુત અને યુવરાજસિંહ ડોડિયાએ ૩-૩ વિકેટ ઝડપી હતી. જીતવા માટેના ૩૪૨ના ટાર્ગેટ સામે સૌરાષ્ટ્ર ૧૩૧/૭ પર ફસડાયું હતુ. હેત્વિક કોટકના ૩૧ અને પાર્થ ભુતના ૨૬ રન મુખ્ય હતા. અર્પિત વસાવડા ૨૭ રને રમતમાં છે. સૌરાષ્ટ્રની ૩ વિકેટ જ સલામત છે અને તેઓને ૨૧૧ રનની જરુર છે.

બરોડા સામે ઉત્તર પ્રદેશે સરસાઈ મેળવી

બરોડાના ૩૫૫ના સ્કોર સામે ઉત્તર પ્રદેશે ઘરઆંગણે ચાલી રહેલી રણજી મેચમાં આદર્શ સિંઘના ૧૬૨ અને માધવ કૌશિકના ૧૩૭ની મદદથી પ્રથમ ઈનિંગમાં આઠ વિકેટ ૪૫૫ રન કરતાં ૧૦૦ રનની સરસાઈ મેળવી હતી. મહેશ પિઠિયાએ ૧૧૨ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી.

આજથી વિન્ડિઝ અને બાંગ્લાદેશ વચ્ચે બીજી ટેસ્ટનો સવારે ૯.૩૦થી પ્રારંભ

જાહેર નોટિસ

ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તાલુકા સાણંદના મોજેઃ અણદેજની સીમમાં આવેલ ૧) બ્લોક/સર્વે નં. ૧૩૨ કે જેનું ક્ષેત્રફળ ૧૮૦૦સ.ચો.મી., ૨) બ્લોક/સર્વે નં. ૧૩૩ કે જેનું ક્ષેત્રફળ ૧૦૭૦૦ સ.ચો.મી., ૩) બ્લોક/સર્વે નં. ૧૪૭/પૈકી કે જેનું ક્ષેત્રફળ ૩૧૦૬૦ સ.ચો.મી. તથા ૪) બ્લોક/સર્વે નં. ૧૪૮/પૈકી કે જેનું ક્ષેત્રફળ ૨૬૬૬૦ સ.ચો.મી. કે જેને અણદેજ (બીનખેતી) વોર્ડમાં ૧) એકત્રીત સીટી સર્વે નં. એનએ૧૩૨ તથા ૨) સીટી સર્વે નં. એનએ૧૪૭/૨ ફાળવવામાં આવેલ છે તેવી બિનખેતીની જમીનો ૧) અસિત સુરેન્દ્રભાઈ શાહ, ૨) દેવદિપ બિલ્ડર્સ પ્રા.લી., ૩) હીત ધવલ તેલી તથા ૪) કનક મનીષભાઈ શાહના નામે માલિકી હકકે કબજા ભોગવટામાં આવેલ છે અને તેઓએ સદરહું જમીનો ઉપર "The Green Orchards-2"ના નામથી ઓળખાતી પ્લોટીંગની સ્કીમનું આયોજન કરેલ છે. સદરહું સ્કીમમાં આવેલ ૧) પ્લોટ નં. ૪૬ કે જેનું ક્ષેત્રફળ ૪૯૬.૦૩ સ.ચો.મી. તથા ૨) પ્લોટ નં. ૪૭ કે જેનું ક્ષેત્રફળ ૭૧૭.૮૨ સ.ચો.મી. વાળી મિલકતો અમારા અસીલે તેઓ પાસેથી વેચાણ લેવાનું નકકી કરેલ છે અને જે અંગે તેઓએ અમારી પાસે ટાઈટલ અભિપ્રાયની માંગણી કરેલ છે. આથી સર્વે શખ્સોને જણાવવામાં આવે છે કે સદરહું જમીન/સ્કીમ/પ્લોટ ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગભાગ હકક હિસ્સો, દાવો, અલાખો, બોજો, ગીરો, ચાર્જ ઈત્યાદી હોય તો તેમણે પોતાના હકકોની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલો સહિત અમોને નીચેના સરનામે તથા નીચે જણાવેલ મોબાઈલ નંબર પર Whatsapp દ્વારા આ નોટિસ પ્રસિધ્ધ થયા ત્યારથી દસ (૧૦) દિવસમાં કરવી અને જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓએ પોતાના તમામ હકકો જતા (WAIVE) કર્યા છે એમ માની તે સદરહું મિલકતો અંગે ટાઈટલ અભિપ્રાય આપવાની કાર્યવાહી કરવામાં આવશે તેની નોંધ લેવી.

DATED: 05/11/2026

SONI & C0.,
ANITA D. SONI
DIKUL P. SONI Advocates
OFF:- B-806, INFINITY,
Nr. Ramada Hotel, Corporate Road, Prahladnagar,
Ahmedabad – 380 015.
(M) 9824099910.

જાહેર નોટિસ

અમો એડવોકેટ ઈદરીશ એમ. બંગાલી તે આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ગામ વાયણા, તાલુકો કલોલ, જીલ્લો ગાંધીનગરના જુના રેવન્યુ સર્વે નં.૧૪૪ પૈકી ૧, બ્લોક નં.૮૮, ખાતા નં.૯૦૨ ની ૬૬૪૬ ચો.મી. બીનખેતીની જમીન કે જેસીટી સર્વે વોર્ડ વાયણા (બીનખેતી)ના સીટી સર્વે નં.NA88 ની ૬૬૪૬ ચો.મી. ક્ષેત્રફળની આવેલી છે તે જમીન Teknirvana Tradelink Pvt. Ltd. ની માલીકીની છે અને તેના ઓથોરાઈઝડ પર્સન જૈમીનભાઈ વીરેન્દ્રભાઈ મોદી છે તે જમીન તે કંપની તથા તેના ઓથોરાઈઝડ પર્સનના નામે સીટી સર્વે રેકર્ડમાં ચાલે છે. સદરહુ જમીનમાં સદરહુ કંપની સીવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક હીસ્સો નથી તથા મજકુર જમીન સદરહુ કંપનીએ કે તેના કોઈ ડીરેકટર કે ઓથોરાઈઝડ પર્સને કોઈને કોઈપણ રીતે લખી આપેલ નથી કે અન્ય રીતે તબદીલ કરેલ નથી તેમ જણાવી મજકુર જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની સદરહુ કંપનીના ઓથોરાઈઝડ પર્સને અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર જમીનમાં અન્ય કોઈ વ્યકિતનો બાનાખત મુજબનો, કબજા કરાર મુજબનો, બાનાચિઠ્ઠી મુજબનો કે અન્ય કોઈ જાતના લખાણ આધારીત કોઈ હકક દાવો, કલેઈમ હોય કે અન્ય કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે અમોને આજથી દિન-૧૪ માં રજી. એ.ડી.થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશુ અને ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ
તા.૪-૧૧-૨૦૨૬

ઈદરીશ એમ.બંગાલી
B.A., LL.M., એડવોકેટ
ઈરફાન આઈ.બંગાલી
B.Sc., LL.B. એડવોકેટ
ઈદરીશ બંગાલી એન્ડ એસોસીએટસ
એડવોકેટસ-Law firm since 1980
ઠે. IB Law Chambers
સીટી ગોલ્ડ સીનેમાની પાછળ, રેલ્વે લાઈન પાસે, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન નં.૨૬૫૮૬૬૫૭, ૨૬૫૮૬૬૫૮

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે હુકા ની સીમના ખાતા નં.૨૨૭ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૧૫૮ (જુના સર્વે નં. ૧૦૫ પૈકી) ની ૧-૩૫-૨૭ હે.આરે.ચો.મી., આકાર રૂા.૧૩.૩૨ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન ધુળીબેન ધનાજી, લક્ષ્મીબેન ધનાજી, કાન્તાબેન ધનાજી, સેંધાજી ધનાજી, સુરજબેન શકરાજી, મધીબેન શકરાજી, ગાભાજી શકરાજી, વિષ્ણુભાઈ શકરાજી, ઠાકોર અલ્પા શકરાજી, ઠાકોર અમિતકુમાર શકરાજી, ઠાકોર કોમલબેન શકરાજી નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તે પૈકી ૦-૬૩-૯૩ હે.આરે.ચો.મી. જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ-૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

અમદાવાદ જીલ્લાના ઘાટલોડીયા તાલુકાના મોજે ઘુમાની સીમના બ્લોક નં. ૯૮, ૯૯ ની બીનખેતીની જમીન ઉપર "જયશ્રી કૃષ્ણ એસોસીએશન" ની "સહજાનંદ પાર્ક' નામથી આવેલી સ્કીમના પ્લોટ નં. ૪૩ (પાસ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. ૩૧) ની ૫૫૯ ચો.વાર જમીન ઉપર "જય વિસત ઓનર્સ એસોસીએશન" ની "સિધ્ધિ એકઝોટીકા" ના નામથી આવેલ સ્કીમના યુનીટ નં. બી/૪ ની ૯૬.૨૮ ચો. મી. જમીન તથા ૧૨૩ ચો.મી. બાંધકામ ક્ષેત્રફળ વાળી મીલકત વિનોદકુમાર ડી. કલાલ ની માલીકીની આવેલી છે જેઓને "જય વિસત ઓનર્સ એસોસીએશન" ધ્વારા એલોટ કરવામા આવેલ શેર સર્ટીફીકેટ તેઓથી ખોવાઈ ગયેલ છે જેથી તેઓએ ડુપ્લીકેટ સર્ટીફીકેટ મેળવવાની કાર્યવાહી શરૂ કરેલ છે જેથી તેઓને ફાળવેલ શેર સર્ટીફીકેટ તેમજ અન્ય ડોકયુમેન્ટસના આધારે વિનોદકુમાર ડી. કલાલે મજકુર મીલકત ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો બોજો ઈત્યાદી કાંઈ હોયતો તે બાબતની નીચેના સરનામે દિન-૭ માં રજી. એ.ડી. થી પુરાવા સાથે જાણ કરવી. ત્યારબાદ મજકુર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, દાવો, બોજો ઈત્યાદી કાંઈ નથી તેમ સમજી "જય વિસત ઓનર્સ એસોસીએશન' તરફથી તેઓને ડુપ્લીકેટ શેર શટીફીકેટ આપવામાં આવશે.

નીલેશ એન. પટેલ, એસોસીએટસ
પરેશા બી. પટેલ (એડવોકેટ)
૫૦૭, પાંચમો માળ, શીવાલીક સત્યમેવ, એસ.પી. રીંગરોડ, આંબલી, અમદાવાદ. મો. ૯૦૫૪૬૮૪૧૫૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે વિરોચનગરની સીમના (એ) બ્લોક નંબર-૨૦૫૪ ની ૩૭૩૩૨ ચોરસમીટર બિનખેતીની જમીનનો સીટી સર્વે રેકર્ડમાં સમાવેશ થતા તેને સીટી સર્વે વોર્ડ-વિરોચનનગર (બિનખેતી)ના શીટ નંબર-NA૯૯ અન્વયે ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર-NA૨૦૫૪ ની ૩૭૩૩૨ ચોરસમીટર બિનખેતીની જમીન (બી) બ્લોક નંબર-૨૦૪૫ ની ૪૧૫૮૧ ચોરસમીટર બિનખેતીની જમીન (સી) બ્લોક નંબર-૨૦૫૧ ની ૨૩૧૬૮ ચોરસમીટર બિનખેતીની જમીન (ડી) બ્લોક નંબર-૨૦૫૬ ની ૧૭૨૦૧ ચોરસમીટર બિનખેતીની જમીન તથા (ઇ) બ્લોક નંબર-૨૦૬૦ ની ૨૦૫૩૮ ચોરસમીટર બિનખેતીની જમીન એમ (એ) થી (ઇ)ની મળીને કુલ્લે ૧૩૯૮૨૦ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન (૧) મફતભાઈ ભગવાનદાસ પટેલ (૨) શંકરભાઈ દેવચંદદાસ પટેલ (૩) મહેન્દ્રભાઈ હીરાભાઈ પટેલ (૪) સોમાભાઈ દેવચંદદાસ પટેલ (૫) ગીરીશભાઈ જોઈતારામ પટેલ (૬) સુરેશભાઈ હીરાભાઈ પટેલ (૭) સેંધાભાઈ શિવરામ પટેલ (૮) નરસિંહભાઈ દેવચંદદાસ પટેલ (૯) જગદીશભાઈ દેવચંદદાસ પટેલ (૧૦) અરવિંદભાઈ હીરાભાઈ પટેલ (૧૧) સંદીપકુમાર રમેશભાઈ તથા (૧૨) ભાવિકકુમાર રમેશભાઈએ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૧૬
તારીખ : ૦૫-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩(મેમનગર)ના ઘાટલોડીયા તાલુકાના મોજે બોડકદેવ ગામની સીમના સર્વે નંબર-૨૪૩ પૈકી, ટી.પી.સ્કીમ નંબર-૧/બી ના ફાઈનલ પ્લોટ નંબર-૩૫૭ પૈકીની ૩૩૪૪.૪૦ ચો.મી.ની બીનખેતીની જમીનમાં આવેલ 'સાર્થીક સ્કવેર' એ નામની સ્કીમના ત્રીજા માળ ઉપર આવેલ (૧) ઓફીસ નંબર-૩૦૪ ની ૧૬૯૪ ચો. ફુટ યાને કે ૧૫૭ ચો.મી. બીલ્ટ-અપ એરીયાના બાંધકામવાળી મીલકત તેમજ ફાઈનલ પ્લોટની જમીન પૈકીની વ.વ. ૫૨.૯૯ ચો.મી. જમીન સહિતની મિલકત અચલાબેન ધર્મેશ સુરેલીયા તથા (૨) ઓફીસ નંબર-૩૦૫ ની ૧૬૯૪ ચો. ફુટ યાને કે ૧૫૭ ચો.મી. બીલ્ટ-અપ એરીયાના બાંધકામવાળી મીલકત તેમજ ફાઈનલ પ્લોટની જમીન પૈકીની વ.વ. ૫૨.૯૯ ચો.મી. જમીન સહીતની મીલકત ધર્મેશભાઈ રમણીકલાલ સુરેલીયાએ પોત-પોતાની ની કુલ સ્વતંત્ર માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટામા કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સીવાય તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ મીલકતોના વેચાણના હેતુથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોકત મીલકતોમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, લીયન, ચાર્જ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે અમોને નીચેના સરનામે દિન-૭ માં મળે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત મીલકતોમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, લીયન, ચાર્જ અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ મીલકતોના માલીકોની તરફેણમાં જતાં યાને "વેઈવ" કરેલ છે, તેમ સમજી સદરહુ મીલકતોનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને સદરહુ મીલકતોનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની કાર્યવાહીઓ કરવામાં આવશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

રાજેશ કે. શાહ,
એડવોકેટ,
૫૦૧, એડોર એસ્પાયર, જહાન્વી રેસ્ટોરન્ટ પાસે, પાંજરા પોળ, યુનિવર્સિટી એરીયા, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૯૨૫૦૬૬૨૨૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડિસ્ટ્રીકટ : અમદાવાદ, તાલુકા : વેજલપુરના મોજે ગામઃ મકરબાની સીમમાં આવેલ સર્વે/બ્લોક નંબર ૫૯૦ ની ક્ષેત્રફળ ૪૯૩૭૫ ચો.મી.ની જમીન કે જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૦૪(સરખેજ-ઓકાફ-મકરબા-વેજલપુર-આંબલી) માં થતા તે બદલ ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર ૫૯૦ ની ક્ષેત્રફળ ૩૪૫૬૩ ચો.મી.ની જમીન ઉપર વિકસાવવામાં આવેલ 'આર્યવર્ત-૪' એ નામની સ્કીમ ઉપર આવેલ સબ પ્લોટ નંબર ૨ ની ક્ષેત્રફળ ૧૨૬૬ ચો.મી.ની જમીનમાં (૧) નરેશભાઈ અમ્રુતભાઈ મિસ્ત્રી તથા (૨) નિતાબેન નરેશભાઈ મિસ્ત્રી નાઓના માલીકીપણા બાબત, અમારા અસીલ દ્વારા અમારી સમક્ષ ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત જમીનમાં ખોરાકી, પોષાકી, કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, ચાર્જ, બોજો અલાખો કે લિયન ચાર્જ પોષાતો હોય તો તેઓને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તે અંગેના તમામ લેખિત પુરાવા સહીત નીચેના સરનામે રજીસ્ટર્ડ ટપાલ દ્વારા જાણ કરી વાંધો નોધાવવો. જો તેમ કરવામાં નહિ આવેતો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો પોષાતો હોય તો તે જતો યાને કે 'વેઈવ' કરેલ છે તેમ સમજી મુદત વિત્યે ઉપરોક્ત જમીનનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર માન્ય રખાશે નહિ તે જાણવું.

શ્રીનાથ પરીખ
વાડીયા ઘાંડી એન્ડ કું. (અમદાવાદ)
(એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ)
બ્લોક-બી, ૧૨ મો માળ, ઈસ્ટ ફેસ, એસ.પી. રીંગ રોડની પાસે, ઈસ્કોન-આંબલી રોડ, આંબલી, અમદાવાદ - ૩૮૦૦૫૮
ફોન : (+૯૧) ૮૫૧૧૪૮૪૭૦૦/૮૫૧૧૪૯૪૮૦૦

જાહેર નોટિસ

મોજે-ગોલથરા
સર્વેનં-૮૯૮, જુનો સર્વે નં.-૮૬૪

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડીસ્ટ્રીકટ ગાંધીનગર, તાલુકા-કલોલના મોજે -ગોલથરા ગામની સીમના ખાતા નંબર- ૧૭૭ ના બ્લોક/સર્વે નં.-૮૯૮ (જુના બ્લોક/સર્વે નં.-૮૬૪) ની હે.આરે.ચો.મી. ૦-૪૯-૮૯ ક્ષેત્રફળ ધરાવતી આકાર રૂ. ૧.૭૦વાળી ખેતીની જમીન પૈકી ૨૪૯૪.૫ ચો.મી જમીન ૧) ઠાકોર રમેશજી ગણેશજી ૨) ઠાકોર કોકિલાબેન તે ગણેશજીની વિધવાનાઓની સંયુકત માલિકી, કબજા ભોગવટાની આવેલી હોવાનું જણાવી અમારી પાસે સદરહું જમીન અંગે ટાઇટલ કલીયરન્સ સર્ટિફિકેટની માગણી કરેલ છે. જેથી આ નોટિસ આપી લાગતા વળગતા સર્વેને જણાવવામાં આવે છે કે સદર જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દાવો, બોજો હોય તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૭ (સાત)માં અમોને તે બદલના દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજી. પોસ્ટથી જાણ કરવી. જો આમ કરવામાં કસુર કરવામાં આવશે તો સદર મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિસ્સો, દાવો, બોજો કે અલાખો પોષાતો આવેલ નથી અગર હોયતો તેવા હકકો જતા યાને વેવ (Waive) કરેલ છે તેમ માની ટાઇટલ કલીયરન્સ સર્ટાફિકેટ આપવામાં આવશે જે જાણશો અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી તેની ગંભીર નોંધ લેવી.

તા. ૦૫/૧૧/૨૦૨૬

Dhaval S. Prajapati Advocate
Office: 2084, E-Block, Ganesh Glory 11, Jagatpur Road, Jagatpur, Ahmedabad - 382470
Mo. No. 89803 82887

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૨ (નિકોલ) અને તાલુકે દશક્રોઈનાં મોજે-ગામ બિલાસીયાની સીમમાં આવેલ જુના બ્લોક નંબર - ૧૯ પૈકી જેના રી-સર્વે મુજબ નવા બ્લોક નંબર - ૨૩૩/૦૦૧ ક્ષેત્રફળ ૪૬૭૫ સમચોરસમીટરની જમીન જેના સીટી સર્વે વોર્ડ બીલાસીયા (બીનખેતી) નાં સીટી સર્વે નંબર - એનએ૨૩૩/૦૦૧ ક્ષેત્રફળ ૪૬૭૫ સમચોરસમીટરની બીનખેતીની જમીન (૧) ધ્રુવ હિતેન્દ્રભાઈ પટેલ (વ.વ. ૨૫ ટકા હિસ્સો) (૨) પાર્થચંદ્ર મહેશકુમાર પટેલ (વ.વ. ૨૧ ટકા હિસ્સો) (૩) બ્રિજેશ રાજેન્દ્રકુમાર પટેલ (વ.વ. ૨૦ ટકા હિસ્સો) (૪) યોગેશભાઈ પુંજાભાઈ પટેલ (વ.વ.૧૦ ટકા હિસ્સો) (૫) કિરીટભાઈ પુંજાભાઈ પટેલ (વ.વ.૧૦ ટકા હિસ્સો) (૬) વિપુલકુમાર ઠાકરશીભાઈ મેઘાણી (વ.વ. ૨ ટકા હિસ્સો) (૭) જનક રાજેશકુમાર પટેલ (વ.વ. ૬ ટકા હિસ્સો) (૮) પટેલ જયમીન ભરતભાઈ (વ.વ. ૬ ટકા હિસ્સો), તમામ ઠેકાણુ : અમદાવાદનાએ તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઇનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઇનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇ તકરાર ચાલશે નહી.

વિજય વાય. ચૌગુલે, એડવોકેટ
VIJAY Y. CHAUGULE & CO.
૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

સુપ્રીમ પોતાના ૨૦૦૩ના ચુકાદાની ફરી ચકાસણી કરશે

બેથી વધુ બાળકો હોય તો ચૂંટણી લડવા પર પ્રતિબંધનો કાયદો હવે બિનજરૂરી

નવી દિલ્હી, તા. ૪

સ્થાનીક પંચાયતોની ચૂંટણી લડવા માટે બેથી વધુ બાળકો ના હોવા જોઈએ આ કાયદો તેની મહત્વતા ખોઈ બેઠો છે તેવું અવલોકન સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. ભારતનો કુલ પ્રજનનદર ૨૦૦૩માં ત્રણ હતો, હવે ઘટીને ૧.૯એ પહોંચી ગયો છે. સુપ્રીમે કહ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં વસતી વધારાનો ડર ઓછો થયો છે. એવામાં આ કાયદા તેનું મહત્વ ગુમાવી ચુક્યા છે.

ભારતમાં પ્રજનનદરમાં ધરખમ ઘટાડો, આવનારા સમયમાં શ્રમ કરવા સક્ષમ લોકોની સંખ્યા બહુ ઓછી હશે : સુપ્રીમ

મહારાષ્ટ્રના કકોડા ગ્રામ પંચાયતમાં સરપંચની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનારી મહિલા ઉમેદવાર મંગલા ભીમરાવને અયોગ્ય જાહેર કરવામાં આવી હતી, કેમ કે તેને બે કરતા વધુ બાળકો છે. મહારાષ્ટ્ર ગ્રામ પંચાયત કાયદા મુજબ મહિલા સરપંચની ચૂંટણી લડવાને લાયક ન હોવાનોદાવો કરાયો હતો. આ નિર્ણય સામે બાદમાં મહિલા સરપંચ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના જુલાઇ ૨૦૦૩ના ચુકાદાની નોંધ લીધી હતી, આ ચુકાદામાં પ્રજનનદર બહુ જ ઓછો છે, જેને કારણે એક એવો ડેમોગ્રાફિક બદલાવ આવશે કે

૨૦૦૩માં પ્રજનનદર ૩ હતો જે હવે ઘટીને ૧.૯એ પહોંચ્યો હોવાથી બે બાળકોના કાયદાનું મહત્ત્વ નથી રહ્યું

હરિયાણામાં આ જ પ્રકારના મામલામાં કેટલાક લોકોને અયોગ્ય ઠેરવાયા હતા.

સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે ભારતમાં જેનાથી લોકોની ઉંમર વધશે પરંતુ કામ કરનારાઓની ઉંમરના લોકોની ભાગીદારી ઓછી થશે. સુપ્રીમની બેંચે કહ્યું હતું કે અમારુ માનવું છે કે બેથી વધુ બાળકો હોવાને કારણે દંડ આપનારા કાયદાઓનું મહત્વ ખતમ થઇ ગયું છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે ૨૦૦૩ના પોતાના ચુકાદાને એક વિસ્તૃત બેંચ સમક્ષ મોકલી દીધો છે. તેથી હાલ આ મુદ્દે કોઇ જ નિર્ણય આપવામાં નથી આવ્યો. ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટ આ કાયદાને રદ કરવા પણ આદેશ કરી શકે છે.

ફ્લોરિડામાં તૂટી પડેલા વિમાનનો કાટમાળ માઈલો દૂરથી મળ્યો

વેસ્ટપામબીચ(અમેરિકા), તા.૪

દક્ષિણ ફ્લોરિડામાં તૂટી પડેલા જેટની પૂંછડીનો ભાગ, વિમાન જમીનને અડકતા પડી ગયેલા ખાડાથી ૩.૮ માઈલના અંતરેથી મળી આવ્યો છે.

નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટિ બોર્ડના સભ્ય ટોમ ચાપમેને મંગળવારે પત્રકારોને આમ જણાવીને ઉમેર્યું કે પૂછડીના મળી આવેલા ત્રણ ટુકડા સાબિત કરે છે કે વિમાન જમીનને અડકતા પહેલા તૂટી ચૂક્યુ હતું. વિમાનની પૂંછડી આખેઆખી ના હોય તો વિમાન એની નોઝ ડાઈવ (જમીન પર સીધી ટક્કર)ની સ્થિતિમાંથી ઊભું રહી શકતું હોત નહિ. વિમાનની ઉતરાણ વખતની વધુ ગતિના કારણે, એ પૂર્ણ હોત તો પણ એ અસરકારક રહ્યું હોત કે કેમ એ વિષે પોતે ખાતરીબદ્ધ નથી, એમ ચાપમાને કહ્યું.

વિમાનમાં બેઠેલા નવેનવ જણાનો ભોગ લેનાર ફ્લોરિડામાં તૂટી પડેલા બિઝનેસ જેટના પાઈલોટ લાંબા સમય સુધી વૈજ્ઞાનિક રહ્યા હતા. ફિલાડેલ્ફિયા પરાંમાં રહેતા તેઓ કોઈકના પતિ હતા, કોઈકના પિતા એમ પાઈલોટના કુટુંબ માટે ઓનલાઈન ફંડ ઉઘરાવી રહેલા એમના સાથી - કર્મચારીએ કહ્યું. પાઈલોટને ઓળખતા લોકોએ સોશ્યલ મીડિયા પર મૂકેલી પોસ્ટમાં પણ આમ જણાવાયું છે.

બાહમાસ જઈ રહેલા લીઅરજેટ ૬૦ વિમાનની કોકપિટમાં જેફ ગ્રેગરી (૫૫) સહિત બે પાઈલોટ હતા.

પંજાબમાં આપનાં ધારાસભ્ય અમનદીપ કૌર અરોરાનાં પરિસરોમાં ઈડીનાં દરોડા

નવી દિલ્હી, તા. ૪

પંજાબમાં વિધાનસભા ચૂંટણી પહેલા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની કાર્યવાહી ઝડપી બની ગઇ છે. ઈડીની ટીમે બુધવારે પંજાબમાં આમ આદમી પાર્ટી (આપ)નાં મોગાનાં ધારાસભ્ય અમનદીપ કૌર અરોરા અને તેમના પરિવારનાં સભ્યોનાં પરિસરોમાં દરોડા પાડ્યા હતાં.

આ કાર્યવાહી મની લોન્ડરિંગથી જોડાયેલા કેસોમાં કરવામાં આવી છે. ધારાસભ્ય પર સરકારી સંપત્તિઓને છેતરપિંડીથી પ્રાપ્ત કરવાનો આરોપ છે. ઈડીએ કુલ સાત પરિસરોમાં દરોડા પાડ્યા હતાં. જેમાં ધારાસભ્યનું રહેઠાણ પણ સામેલ છે.

ઈડીની ટીમોએ ધારાસભ્યનાં પરિવારનાં કેટલાક સભ્યો, સહયોગી અને અન્ય લોકો સાથે સંકળાયેલા પરિસરોની પણ તપાસ કરી હતી. તેમાં તેના પતિ ડો. રાકેશ અરોરાથી જોડાયેલ એક નશા મુક્તિ કેન્દ્ર પણ સામેલ છે.

ઈડીની ટીમો સાથે સીઆરપીએફનાં હથિયારથી સજ્જ જવાનો પણ હતાં. ઉલ્લેખનીય છે કે કૌર અરોરાને તાજેતરમાં આપના વિધાનસભા ચૂંટણી માટે મોગા બેઠક પર ફરીથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. ઈડીએ ધારાસભ્ય વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કેસ દાખલ કર્યો હતો.



દેશ-દુનિયા

સ્ટાઈલ અને ગ્લેમર : CFDA એવોર્ડ્સમાં રંગત જામી



અમેરિકામાં ફેશન ઈન્ડસ્ટ્રીના પ્રતિષ્ઠિત કાર્યક્રમોમાં સામેલ CFDA ફેશન એવોર્ડ્સમાં હોલિવૂડ અને ફેશન ઈન્ડસ્ટ્રીની જાણીતી હસ્તીઓએ પોતાના સ્ટાઇલિશ અંદાજથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ન્યૂયોર્કના અમેરિકન મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી ખાતે યોજાયેલા આ સમારોહમાં ડિઝાઇનર્સ, મોડલ્સ, અભિનેત્રીઓ અને મ્યુઝિક ઈન્ડસ્ટ્રીની હસ્તીઓએ ભાગ લીધો હતો. જેમાં, સેલિબ્રિટીઝના વિવિધ ફેશન લુક્સ જોવા મળ્યા હતા. આ ઈવેન્ટમાં હેલી બીબર અને ઝો ક્રેવિટ્ઝે સેન્ટ લોરેન્ટના આઉટફિટ્સમાં હાજરી આપી હતી. સિંગર રોઝે પણ પોતાના અંદાજથી ધ્યાન ખેંચ્યું હતું. અભિનેત્રી લુપિતા ન્યોંગોએ ગેપસ્ટુડિયોનો ખાસ તૈયાર કરવામાં આવેલો આઉટફિટ પહેર્યો હતો. જ્યારે, ડેમી મૂરે પણ ગેપસ્ટુડિયોના લુકમાં હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન અભિનેત્રી કેકે પામરે કર્યું હતું. તેણે વિન્ટેજ બોબ મેકી ગાઉન પહેર્યો હતો. મેગન થી સ્ટેલિયન, એલિસન જેની, ક્લો બેઇલી, કીકે પામર, જુલિયા ફોક્સ, ટીનાશે, નાઓમી ઓસાકા, મોનિકા, બ્રાન્ડી, મેટ ડેમન અને તેમની પુત્રી ઈસાબેલા સહિતની જાણીતી હસ્તીઓએ પણ સમારોહમાં હાજરી આપી હતી. એવોર્ડ્સમાં અમેરિકન વિમેન્સવેર ડિઝાઇનર ઓફ ધ યરનો એવોર્ડ ડિઝાઇનર રેચલ સ્કોટને તેમના બ્રાન્ડ ડિયોટિમા માટે મળ્યો હતો. અમેરિકન મેન્સવેર ડિઝાઇનર ઓફ ધ યરનો એવોર્ડ રાલ્ફ લોરેનને મળ્યો હતો. જ્યારે, એના ખોરીને અમેરિકન એક્સેસરી ડિઝાઇનર ઓફ ધ યર અને કોલીન એલનને ઈમ જગ ડિઝાઇનર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત એન્થની વેકેરેલોને ઈન્ટરનેશનલ ડિઝાઇનર ઓફ ધ યર, ટોરી બર્ચને પોઝિટિવ ચેન્જ એવોર્ડ અને પીટર મેરિનોને ફેશન આઇકન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

દિગ્દર્શક અમિત રાયે ફિલ્મ છોડી દીધી

અક્ષય કુમારની ઓહ માય ગોડેસ ફિલ્મ અટકી પડી

મુંબઈ, તા. ૪

અક્ષય કુમારની ઓએમજી ફ્રેન્ચાઇઝીનો ત્રીજો ભાગ નિર્દેશક અમિત રાય ફિલ્મમાંથી રવાના થઇ જતાં ઘોચમાં પડ્યો છે. નિર્માતાઓ હવે નવા નિર્દેશકને લઇને ઓએમજીનો ત્રીજો ભાગ બનાવવાની ફિરાકમાં છે.



ઓએમજી થ્રીનું નામ 'ઓહ માય ગોડેસ' નક્કી કરાયું હતું. તેમાં રાણી મુખર્જી હિરોઇન તરીકે પસંદ કરવામાં આવી હતી. પણ રાણી મુખર્જીએ આ ફિલ્મ છોડી દેતાં મામલો ફરી ઘોંચમાં પડ્યો હતો. ફિલ્મની પટકથા, હિરોઇનની પસંદગી અને ફિલ્મને રજૂ કરવાની વ્યૂહરચના બાબતે ફિલ્મના નિર્માતાઓ અને નિર્દેશક વચ્ચે પડેલાં મતભેદો ઉકેલી ન શકાતાં હવે નિર્માતાઓ નવા નિર્દેશકને લઇને ફિલ્મ બનાવશે તેમ મનાય છે.

ઓએમજી પાર્ટ થ્રી તરીકે બનવાની હતી : સ્ક્રિપ્ટ, હિરોઈન, રીલિઝ ડેટ મુદ્દે નિર્માતા સાથે મતભેદ

ફરહાદ સામજી દ્વારા મુન્નાભાઈ થ્રીની પટકથા લખવાનું શરૂ

મુંબઈ, તા. ૪

સંજયદત્ત અને અરશદ વારસીની મુન્નાભાઈ અને સરકીટની જોડી ફરી એકવાર 'મુન્નાભાઈ થ્રી'માં જોવા મળશે. હાલ ફિલ્મની પટકથા ફરહદ સામજી લખી રહ્યા છે. ટૂંક સમયમાં પટકથા લખાઈ રહે એટલે ફિલ્મનું શૂટિંગ ૨૦૨૭માં શરૂ કરી દેવામાં આવશે.


ફિલ્મના નિર્દેશક રાજકુમાર હિરાણીએ પણ આ બાબતે જણાવ્યું હતું કે 'મુન્નાભાઈ થ્રી'ની પટકથા લખાઈ રહી છે પણ જ્યાં સુધી મને પટકથાથી સંતોષ નહીં થાય ત્યાં સુધી હું ફિલ્મ બનાવીશ નહીં. સંજયદત્ત અનેકવાર રાજકુમાર હિરાણીને 'મુન્નાભાઈ થ્રી' બનાવવા માટે વિનંતી કરી ચૂક્યો છે.

સ્ટન્ટ સ્પેશ્યાલિસ્ટ પીટર પેડરેરોને સાઈન કરાયા

હોરર ફિલ્મ જાની દુશ્મનઃ ડર કે આગે મૌત હૈમાં ભૂમિ પેડણેકરની એન્ટ્રી

મુંબઈ, તા. ૪

'મેડ ઈન ઈન્ડિયા-એ ટાઈટન સ્ટોરી' સીરિઝનું નિર્માણ કરનાર પ્રભલીન સંધુ અને ભૂષણ કુમારે 'જાની દુશ્મન-ડર કે આગે મૌત હૈ' હોરર ફિલ્મ માટે ફરી હાથ મિલાવ્યા છે. આ ફિલ્મની હિરોઇન તરીકે ભૂમિ પેડણેકરની પસંદગી કરવામાં આવી છે.



યુનાઈટેડ કિંગડમની પશ્ચાદભૂમાં આકાર લેતી આ ફિલ્મમાં માતા પુત્રીની સ્ટોરી છે. ફિલ્મમાં હોરર ફિલ્મ 'કોન્જરિંગ' ફેમ સ્ટન્ટ સ્પેશ્યાલિસ્ટ પીટર પેડરેરોને પણ સાઈન કરવામાં આવ્યા છે. આ ફિલ્મનું નિર્દેશન અરશદ સૈયદ કરશે જ્યારે ક્રિયેટિવ પ્રોડ્યુસર રોબી ગ્રેવાલ છે. બંને જણાં અગાઉ 'ભય-ધ ગૌરવ તિવારી મિસ્ટરી'માં સાથે કામ કરી ચૂક્યા છે.

છેલ્લા કેટલાક સમયથી બોલિવુડની અનેક મેઈન સ્ટ્રીમ હિરોઈનો હોરર ફિલ્મો કરવા માંડી છે. જોકે, ભૂમિ આ પહેલાં 'ભૂત , ધ હોન્ટેડ શિપ' અને 'દુર્ગામતી' એમ બે હોરર ફિલ્મો કરી ચૂકી છે.


મેડ ઈન ઈન્ડિયા -એ ટાઈટન સ્ટોરી સિરિઝ બાદ ફરી પ્રભલીન સંધુ અને ભૂષણ કુમારે હાથ મિલાવ્યા

પહેલાં લગ્ન તેર વર્ષ અને બીજા લગ્ન ચાર વર્ષ ટક્યા

બેબી ડોલ ફેમ સિંગર કનિકા કપૂરના બીજી વખત છૂટાછેડા

મુંબઈ, તા. ૪

બેબી ડોલ અને ચિંટિયા કલાઇયા જેવા નટખટ ગીતોની ગાયિકા કનિકા કપૂરે મંગળવારે રાત્રે ઈન્સ્ટા પર એક પોસ્ટ મુકી પતિ ગૌતમ હાથીરામાણી અને તે હવે અલગ પડી ગયા હોવાનું જણાવ્યું હતું.



કનિકા કપૂરના ગૌતમ હાથીરામાણી સાથે આ બીજા લગ્ન હતા. કનિકાએ ૧૯૯૯માં રાજ ચંદોક સાથે પહેલાં લગ્ન કર્યા હતા. ૨૦૧૨માં બંને અલગ થયા ત્યારે ૧૩ વર્ષના લગ્નજીવનમાં તેમને બે પુત્રીઓ અયાના અને સમારા તથા એક પુત્ર યુવરાજ થયા હતા. ડાઈવોર્સના વર્ષો બાદ ગાયિકા કનિકાએ મે ૨૦૨૨માં ગૌતમ હાથીરામાણી સાથે બીજા લગ્ન કર્યા હતા. તેમના બીજા લગ્નની તસવીરો સોશ્યલ મિડિયા પર વાઈરલ થઈ હતી. ચાર જ વર્ષમાં ગૌતમ અને કનિકા હવે છૂટાં પડી ગયા છે.

પહેલીવાર ડાઈવોર્સ લીધાં બાદ કનિકાએ તેની ગાયિકા તરીકે કારકિર્દી શરૂ કરી હતી અને 'રાગિણી એમએમએસ ટુ'માં તેનું ગાયેલું ગીત બેબી ડોલ હીટ થતાં તેની કારકિર્દી જામી ગઈ હતી.

કનિકા કપૂરને પહેલાં લગ્નથી ત્રણ સંતાનો : જાતે જ સોશિયલ મીડિયા પર ડિવોર્સની જાહેરાત કરી

ફ્રાન્સમાં ચોકલેટ માર્શમેલો બેરનો કેઝ



ફ્રાન્સમાં ચોકલેટ અને મીઠાઈના શોખીનોમાં ચોકલેટથી ઢંકાયેલા માર્શમેલો બેર એટલે કે રીંછના આકારની મીઠાઈનો કેઝ જોવા મળી રહ્યો છે. એક સમયે બાળકોની પસંદગી ગણાતી આ મીઠાઈ હવે ફ્રેન્ચ પેસ્ટ્રીની દુનિયામાં ખાસ ઓળખ મેળવી રહી છે. ફ્રાન્સમાં કેટલાક લોકો તેને 'ન્યૂ મેકરોન' પણ ગણાવી રહ્યા છે. આ મીઠાઈમાં બહારથી ચોકલેટનું પડ હોય છે, જ્યારે અંદર નરમ માર્શમેલો હોય છે. ચોકલેટની કરકરાશ અને માર્શમેલોની નરમાશનું મિશ્રણ તેને વિશિષ્ટ સ્વાદ આપે છે. રીંછના આકારને કારણે તે દેખાવમાં પણ આકર્ષક લાગે છે. ખાસ કરીને જૂની યાદો અને બાળપણના સ્વાદ સાથે જોડાયેલી હોવાથી તેને નોસ્ટાલ્જિક ટ્રીટ તરીકે પણ ઓળખવામાં આવે છે. ફ્રાન્સની ફૂડ કલ્ચરમાં મેકરોન લાંબા સમયથી વિશેષ સ્થાન ધરાવે છે. રંગબેરંગી અને વિવિધ ફ્લેવરમાં મળતા મેકરોનને ફ્રેન્ચ પેસ્ટ્રીની ઓળખ માનવામાં આવે છે. હવે ચોકલેટ માર્શમેલો બેર પણ પોતાની સરળ ઉપલબ્ધતા, આકર્ષક દેખાવ અને અનોખા સ્વાદને કારણે મીઠાઈપ્રેમીઓમાં લોકપ્રિય બની રહ્યા છે. આ રીતે બાળપણની યાદો સાથે જોડાયેલી એક સામાન્ય મીઠાઈ ફ્રેન્ચ હાઉટ પેસ્ટ્રીની દુનિયામાં નવું સ્થાન મેળવી રહી છે.

અમેરિકી પ્રમુખને અવિચારી નિવેદનો, નિર્ણયો અને નીતિઓના પગલે અકલ્પનીય પરિણામ પણ જોવા મળ્યા

મિડટર્મમાં હાર : મોંઘવારી, યુદ્ધ અને ઈમિગ્રેશન ટ્રમ્પને ભારે પડ્યા

અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ સેનેટમાં બહુમતી મેળવી લીધી છે. પર ચૂંટણી યોજાઈ છે. વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટીએ ૨૩૧ બેઠકો જ્યારે ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ ૧૪૪ બેઠકો જીતી છે. તેવી જ રીતે સેનેટની ૧૦૦ બેઠકોમાંથી ૩૫

હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ડેમોક્રેટિક પાર્ટીએ ૨૩૧ બેઠકો જ્યારે ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીએ ૧૪૪ બેઠકો જીતી છે. તેવી જ રીતે સેનેટની ૧૦૦ બેઠકોમાંથી ડેમોક્રેટિક પાર્ટીએ ૫૪ અને રિપબ્લિકન પાર્ટીએ ૪૪ બેઠકો જીતી છે. ગવર્નરોની ચૂંટણીમાં પણ ૨૨ ડેમોક્રેટ્સ સામે ૧૨ રિપબ્લિકનોએ બેઠકો જીતી છે. આમ સરેરાશ તમામ ચૂંટણીઓમાં ડેમોક્રેટ્સે બાજી મારી લીધી અને પ્રજાએ તુમાખીથી ભરેલા ટ્રમ્પને વાસ્તવિકતાનો અરિસો બતાવી દીધો છે : છેલ્લાં બે વર્ષથી સત્તામાં રહેલા અને તુમાખી તથા મદથી ભરેલા ટ્રમ્પે અવિચારી નિર્ણયો લીધો, અવિચારી પગલાં ભર્યા, અવિચારી નીતિઓ લાગુ કરી, અવિચારી રીતે યુદ્ધો શરૂ કર્યા અને અવિચારી રીતે વિદેશનીતિને બેહાલ કરી નાખી. પરિણામે જ અમેરિકી પ્રજાએ વંશીય જૂથો અને રાષ્ટ્રીયતાના ભેદભાવ ભૂલીને, ગેસોલિનના વધતા ભાવો, મોંઘવારી, ઈરાન સાથેનું યુદ્ધ અને ઈમિગ્રેશન મુદ્દે સત્તાના પાયા હલાવી નાખ્યા

જ્યારે હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ૨૧૮ બેઠકો જીતીને બહુમતીનો આંકડો પાર કરી લીધો છે. ઉલ્લેખનીય છે કે, હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં કુલ ૪૩૫ બેઠકો છે અને તમામ બેઠકો બેઠકો પર ચૂંટણી યોજાઈ છે. ખાસ વાત એ છે કે, આ પૈકી ડેમોક્રેટિક પાર્ટીએ ૫૪ અને રિપબ્લિકન પાર્ટીએ ૪૪ બેઠકો જીતી છે. બાકીની બેઠકો પર મતગણતરી ચાલુ છે.

આમ સરેરાશ બંને મોટી ચૂંટણીઓમાં ડેમોક્રેટ્સે બાજી મારી લીધી અને પ્રજાએ તુમાખીથી ભરેલા ટ્રમ્પને વાસ્તવિકતાનો અરિસો બતાવી દીધો છે. મહત્ત્વની વાત એ છે કે, અમેરિકામાં વિવિધ રાજ્યોના ગવર્નરોની ચૂંટણી પણ યોજાઈ હતી. અહીંયા કુલ ૩૬ બેઠકોમાંથી ૩૪ રાજ્યોનાં પરિણામો જાહેર થઈ ચૂક્યાં છે. આ પરિણામોમાં પણ ૨૨ ડેમોક્રેટ્સ અને ૧૨ રિપબ્લિકનોએ બેઠકો જીતી છે, જ્યારે ૨ રાજ્યોમાં મતગણતરી ચાલુ છે. આમ સરેરાશ ડેમોક્રેટ્સને આવકાર અને રિપબ્લિકન્સને જાકારો મળ્યો છે.

જાણકારોના મતે અમેરિકન પ્રજાએ આ વખતે ખરેખર અમેરિકાને ગ્રેટ બનાવવા માટે ટ્રમ્પનો સાથ છોડ્યો છે. છેલ્લાં બે વર્ષથી સત્તામાં રહેલા અને તુમાખી તથા મદથી ભરેલા ટ્રમ્પે અવિચારી નિર્ણયો લીધો, અવિચારી પગલાં ભર્યા, અવિચારી નીતિઓ લાગુ કરી, અવિચારી રીતે યુદ્ધો શરૂ કર્યા અને અવિચારી રીતે વિદેશનીતિને બેહાલ કરી નાખી. તેના પગલે અમેરિકા ઉપરથી દુનિયાભરનો વિશ્વાસ ઉઠતો જતો હતો. તેના પરિણામે જ અમેરિકી પ્રજાએ પક્ષીય વફાદારી, વંશીય જૂથો અને રાષ્ટ્રીયતાના ભેદભાવ ભૂલીને, ગેસોલિનના વધતા ભાવો, મોંઘવારી, ઈરાન સાથેનું યુદ્ધ અને ઈમિગ્રેશન મુદ્દે વાસ્તવિકતાનો અરિસો બતાવી દીધો છે. આ તમામ મુદ્દે મતદારોમાં પ્રવર્તતા અસંતોષે રિપબ્લિકન પક્ષના પરંપરાગત ગઢ ગણાતા 'રેડ સ્ટેટ્સ'માં પણ તેમના પાયા હચમચાવી દીધા છે.

ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીનું મુખ્ય આકર્ષણ ટેક્સાસની સેનેટ બેઠક રહી, જેના પર સમગ્ર દેશની નજર હતી. રિપબ્લિકન ઉમેદવાર અને રાજ્યના એટર્ની જનરલ કેન પેક્સટન વિરુદ્ધ મીડિયા સર્વેક્ષણો સાચા સાબિત થયા. મંગળવારે ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર જેમ્સ તાલારિકોએ કેન પેક્સટનને પરાજિત કરી ટેક્સાસમાં ઐતિહાસિક વિજય નોંધાવ્યો. ડેમોક્રેટ્સ ૧૯૯૪ પછી ટેક્સાસમાં ક્યારેય જીતી શક્યા નહોતા. રિપબ્લિકન્સ માટે આ બેવડો ફટકો હતો, કારણ કે ટેક્સાસમાં ગવર્નરની ચૂંટણીમાં પણ ડેમોક્રેટ બીજા હિનોજોસાએ રિપબ્લિકન પક્ષના ગ્રેગ એબોટને પરાજિત કર્યા હતા.

ખાસ વાત એ છે કે, આ પરિણામો બાદ કેપિટલ હિલ (યુએસ સંસદ) પર સત્તાનું સંતુલન હવે મોટા પલટા તરફ આગળ વધી રહ્યું છે. શરૂઆતી અંદાજો હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટ્સની સ્પષ્ટ બહુમતી દર્શાવે છે, જ્યારે સેનેટની સ્પર્ધામાં પણ રિપબ્લિકન્સની પકડ નબળી પડતી જોવા મળી છે.

સૌથી વધુ આશ્ચર્યજનક પરિણામો એવા રાજ્યોમાંથી આવ્યા છે જે ટ્રમ્પે ૨૦૨૪માં આસાનીથી જીત્યા હતા. સાઉથ કેરોલિનામાં, ડેમોક્રેટ એની એન્ડ્રુઝે રિપબ્લિકન ડાર્લિન ગ્રેહામને એક આંચકાજનક મુકાબલામાં હરાવ્યા છે. આ એ રાજ્ય છે જ્યાં ટ્રમ્પ લગભગ ૨૦ ટકા મતોના માર્જિનથી જીત્યા હતા. આ પરિણામ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે સાઉથ કેરોલિનાએ ૧૯૯૮ પછી ક્યારેય કોઈ ડેમોક્રેટિક સેનેટરને ચૂંટ્યા નહોતા.


પૂર્વીય સમય મુજબ રાત્રે લગભગ ૧૧ વાગ્યે, ઓરેગોનમાં ડેમોક્રેટ જેફ મર્કલીએ પણ રિપબ્લિકન ડેવિડ બ્રોક સ્મિથને હરાવીને યુએસ સેનેટમાં પુનઃ વિજય મેળવ્યો હોવાના અંદાજો જાહેર થયા હતા.

અહેવાલો પ્રમાણે મધ્યસત્ર ચૂંટણીના આ પરિણામો પર સમગ્ર વિશ્વની નજર છે, કારણ કે તે કોંગ્રેસના નિયંત્રણને નિર્ધારિત કરશે અને વ્હાઇટ હાઉસમાં ટ્રમ્પના બાકી રહેલા બે વર્ષના રાજકીય માહોલને આકાર આપશે. આ પરિણામો માત્ર સત્તાધારી પક્ષ વિરુદ્ધના પરંપરાગત એન્ટી-ઈન્કમ્બન્સી જનાદેશ પૂરતા સીમિત નથી. મતદારોના અસંતોષની વ્યાપકતા, તીવ્રતા અને ભૌગોલિક વિસ્તાર જ આ ચૂંટણીને ટ્રમ્પ માટે અત્યંત નિર્ણાયક બનાવે છે. ભાવવધારો, સતત મોંઘવારી, ઈમિગ્રેશન નીતિઓ, ટેરિફની આર્થિક અસરો અને ઈરાન સાથેના યુદ્ધના પરિણામોએ રાજકીય અને સામાજિક મતભેદોને બાજુ પર રાખીને અસંતુષ્ટ મતદારોનું એક અણધાર્યું ગઠબંધન ઊભું કરી દીધું છે. જનમાનસના આ વલણે ટ્રમ્પના એ દાવાને ખુલ્લો પડકાર ફેંક્યો છે કે તેમના નેતૃત્વ હેઠળ અમેરિકા પ્રગતિ કરી રહ્યું છે અને આર્થિક મુશ્કેલીઓ કાં તો અતિશયોક્તિભરી છે અથવા અગાઉની સરકાર પાસેથી વારસામાં મળેલી છે. પ્રારંભિક પરિણામો સૂચવે છે કે ટ્રમ્પની 'બધું બરાબર છે' તેવી ખાતરી મતદારોના ગળે ઊતરી શકી નથી, કારણ કે તેમની રોજિંદી વાસ્તવિકતા તદ્દન અલગ ચિત્ર રજૂ કરતી હતી.

જાણકારોના મતે સાઉથ કેરોલિનામાં ટ્રમ્પ સમર્થિત ઉમેદવારનો પરાજય ચૂંટણી રાતની સૌથી સૂચક ઘટનાઓમાંની એક છે. નોર્થ કેરોલિનામાં, પૂર્વ ડેમોક્રેટિક ગવર્નર રોય કૂપરે ટ્રમ્પના અન્ય એક સાથી રિપબ્લિકન માઈકલ વૉટલીને હરાવીને રિપબ્લિકન્સની સેનેટ બેઠક આંચકી લીધી. ડેમોક્રેટ્સે જ્યોર્જિયામાં પોતાની બેઠક જાળવી રાખી, જ્યાં જોન ઓસોફ ફરીથી ચૂંટાયા; જ્યારે ન્યૂ હેમ્પશાયરમાં ક્રિસ પપ્પાસે વિજય મેળવીને અમેરિકી ઇતિહાસમાં પ્રથમ ખુલ્લેઆમ ગે (સમલૈંગિક) સેનેટર બનીને ઇતિહાસ રચ્યો. આ તમામ પરિણામો દર્શાવે છે કે જે રાજ્યો અને વિસ્તારોમાં રિપબ્લિકન્સ પોતાની જીત નિશ્ચિત માનતા હતા, ત્યાં પણ ડેમોક્રેટ્સે પોતાનો વ્યાપ નોંધપાત્ર રીતે વધાર્યો છે.

આશ્ચર્ય એ વાતનું નથી કે વ્હાઇટ હાઉસમાં સત્તારૂઢ પક્ષ મધ્યસત્ર ચૂંટણીમાં બેઠકો ગુમાવી રહ્યો છે; ઐતિહાસિક રીતે શાસક પક્ષે ચૂંટણીમાં આવું નુકસાન સહન કરવું જ પડે છે. ખરી મહત્વની બાબત એ છે કે રિપબ્લિકન પક્ષની નબળાઈ ડેમોક્રેટ્સની ધારણા કરતાં પણ વધુ ગંભીર સાબિત થઈ છે. ધ વૉશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, ડેમોક્રેટ્સ ૫૫થી વધુ હાઉસ ડિસ્ટ્રિક્ટ્સમાં જોરદાર સ્પર્ધા આપી રહ્યા હતા, જેમાં રિપબ્લિકન્સની ઘણી બેઠકો સામેલ હતી. હાઉસ મેજોરિટી PACના વડા માઈક સ્મિથે અખબારને જણાવ્યું : 'આ ક્ષણે અમારી પાસે અત્યંત વિસ્તૃત નકશો છે.' આ ભૌગોલિક વિસ્તરણ બદલાતા રાજકીય વાતાવરણનો મહત્વપૂર્ણ સંકેત છે.

ધ ન્યૂયોર્ક ટાઈમ્સ દ્વારા ચૂંટણી પૂર્વેના અહેવાલોમાં જ મોંઘવારીને રિપબ્લિકન્સની સૌથી મોટી નબળાઈ ગણાવવામાં આવી હતી. સૌથી મોટી વિડંબના એ છે કે જે ભાવવધારાએ ૨૦૨૪માં ટ્રમ્પને ફરી વ્હાઇટ હાઉસ પહોંચાડવામાં મદદ કરી હતી, તે જ મુદ્દો હવે તેમના પક્ષ માટે મોટો ખતરો બની ગયો છે.



ઘરના બજેટ પર સતત બોજ અનુભવતા મતદારો વચ્ચે પણ ટ્રમ્પ વારંવાર દાવો કરતા રહ્યા કે મોંઘવારી કાબુમાં આવી ગઈ છે. સીએનએન (CNN)ના ચૂંટણી પૂર્વેના પોલિંગ વિશ્લેષણે પણ ટેક્સાસ અને મિશિગન જેવા પરંપરાગત રિપબ્લિકન વિસ્તારોમાં ડેમોક્રેટ્સની મજબૂત સ્થિતિ તરફ સંકેત આપ્યો હતો. આ પરિણામોએ બદલાતા રાજકીય પ્રવાહનું બીજું પાસું રજૂ કર્યું હતું, જ્યાં મતદારો પરંપરાગત પક્ષીય સીમાઓ ઓળંગી રહ્યા હતા.

ભારત અને ભારતીય-અમેરિકનો માટે આ પરિણામો ઘણા મહત્ત્વના છે

ભારતીય-અમેરિકન સમુદાય માટે, આ પરિણામો ઈમિગ્રેશન અને આર્થિક નીતિઓથી લઈને ભારત-અમેરિકા સંબંધોના ભવિષ્ય સુધી અસરકર્તા છે. ભારતીય સમુદાયના કેટલાક અગ્રણીઓએ જણાવ્યું હતું કે આ ચૂંટણી હકિકતે ટ્રમ્પ અને તેમની નીતિઓ પરનો જનાદેશ બની ગઈ હતી. મધ્યસત્ર ચૂંટણીઓ સ્પષ્ટપણે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમની નીતિઓ પરનો લોકમત હતી. સામાન્ય અમેરિકન મતદારની જેમ જ, ભારતીય-અમેરિકનોએ પણ મોંઘવારી અને નોકરીઓ જેવા પાયાના આર્થિક મુદ્દાઓ તેમજ ઈમિગ્રેશન અને કાયદા અમલીકરણ એજન્સીઓની અતિશય દખલગીરીને ધ્યાનમાં રાખીને મતદાન કર્યું. ભારતીય-અમેરિકનો ખાસ કરીને ભારતીય સમુદાય પ્રત્યે વધતી દુશ્મનાવટ અને વિરોધ અંગે ચિંતિત હતા. આ ચૂંટણીમાં ભારતીય-અમેરિકન ઉમેદવારો પણ ચર્ચામાં રહ્યા. પૂર્વીય સમય મુજબ રાત્રે લગભગ ૧૧ વાગ્યા સુધીમાં, પિયા દાંડિયા ફ્લોરિડાના કોંગ્રેસ પ્રતિનિધિમંડળનો ભાગ બનવા તરફ અગ્રેસર હતા, જ્યારે એમિશ શાહ એરિઝોનામાં તેમની હાઉસ બેઠક પર આગળ ચાલી રહ્યા હતા. આ પરિણામો ભારત માટે પણ અગત્યના છે, જોકે આંતરિક નીતિઓની સરખામણીએ વિદેશ નીતિ પર કોંગ્રેસના ફેરફારોની અસર મર્યાદિત રહેશે. ભારત-અમેરિકા સંબંધો જેવા વિદેશ નીતિના મુદ્દાઓ પર, ધારાસભા (કોંગ્રેસ) કરતાં કારોબારી અને ખાસ કરીને વ્હાઇટ હાઉસ પાસે વધુ સત્તા હોય છે, અને ઘરેલું નીતિઓની તુલનામાં અહીં સંસદીય નિયંત્રણો ઓછા પ્રભાવશાળી હોય છે. તેમ છતાં, ભારતના પરંપરાગત મિત્ર અને કેલિફોર્નિયાના કોંગ્રેસમેન અમી બેરા હાઉસ ફોરેન અફેર્સ કમિટીમાં બહુમતી પક્ષના વરિષ્ઠ સભ્ય તરીકે મહત્વની ભૂમિકા ભજવશે.

પરસ્પરનાં હિતોને ધ્યાનમાં રાખી ઈરાને મહત્ત્વનો નિર્ણય લીધો

ભારત સહિત ચાર દેશોનાં જહાજો હોર્મુઝમાંથી પસાર થઈ શકશે

(પીટીઆઈ) દુબઈ, તા. ૪

ઈરાને ભારત અને ચીન સહિત ચાર દેશોનાં કોમર્શિયલ જહાજોને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં અવરજવર પર પ્રતિબંધમાંથી મુક્તિ આપી છે તેમ ઈરાનનાં ઉચ્ચ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે. અન્ય બે દેશોમાં ઈરાક અને કતારનો સમાવેશ થાય છે.

ભારત ઉપરાંત ચીન, ઈરાક અને કતારનો સમાવેશ : આ નિર્ણયથી ભારતનાં એનર્જી સપ્લાયને મોટી રાહત મળશે

ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલની વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે આ સમુદ્ર માર્ગથી વેપાર ખૂબ જ મુશ્કેલ બની ગયું હતું. જો કે આ નિર્ણયથી ભારતીય એનર્જી સપ્લાયને મોટી રાહત મળવાની આશા છે.

આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે આ મહત્ત્વપૂર્ણ સમુદ્ર માર્ગથી પસાર થવાનો પ્રયત્ન કરનાર જહાજો પર સતત હુમલા થઈ રહ્યાં છે.

ઈરાનની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિનાં ઉપાધ્યક્ષ અમીર હયાત મોગાદમે મંગળવારે ઈરાનિયન સ્ટુડન્ટ્સ ન્યૂઝ એજન્સીને આપેલા એક ઈન્ટરવ્યુમાં આ જાહેરાત કરી હતી.

આ અર્ધ સરકારી સમાચાર એજન્સીનાં જણાવ્યા અનુસાર અમે હાલમાં ચાર દેશો ભારત, ચીન, ઈરાક અને કતારને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં અવરજવર પર પ્રતિબંધમાંથી મુક્તિ આપી છે.

આ દેશોનાં જહાજ કોઈ પ્રકારની રોક ટોક વગર પસાર થઈ શકશે અને અમેરિકા પણ તેમને રોકતા નથી.

મોગાદમે જણાવ્યું હતું કે આ રાહત કેટલીક ખાસ વાતો અને પરસ્પરનાં હિતોને ધ્યાનમાં રાખીને આપવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે ભારતીય જહાજોને અવરજવરની પરવાનગી આપવાનો ઉદ્દેશ ભારતમાંથી દવાઓની આયાત સુનિશ્ચિત કરવાનો છે. જ્યારે ચીનનાં જહાજોને આપવામાં આવેલી મુક્તિનો ઉદ્દેશ બેઈજિંગનું રાજકીય સમર્થન પ્રાપ્ત કરવાનું છે.

ભારતીય જહાજોને અવરજવરની પરવાનગી આપવાનો ઉદ્દેશ ભારતમાંથી દવાઓની આયાત સુનિશ્ચિત કરવાનો છે



ઓનલાઈન શોપિંગની મોહમાયા વચ્ચે પણ દેશના નાના-નાના બજારો ધમધમી રહ્યા છે. આ તસવીર દિલ્હીના ચાંદની ચોકની છે. દિવાળીની છેલ્લી ઘડીની ખરીદી માટે બજારમાં ભારે ભીડ જોવા મળી હતી. આ બજારો જે આપી શકે તે ઓનલાઈન શોપિંગ ન આપી શકે. રૂ. ૫૦૦થી શરૂ થયેલી વાટાઘાટો રૂ. ૧૫૦ સુધી પહોંચી જાય તે ખ્યાલ જ ન આવે. આ વાટાઘાટો ગૃહિણીઓને જે આનંદ આપી શકે તે ઓનલાઈન જોવા મળ્યા ૫૦ ટકા ડિસ્કાઉન્ટના ટેગ ન આપી શકે.

૩૦ ભારતીય રોકાણકારોની ભારત અને અમેરિકામાં ફરિયાદ

રોકાણકારોની સંમતિ વગર એપલ, એનવીડિયા સહિતનાં શેરો વેચી દેવાયા

નવી દિલ્હી, તા. ૪

લગભગ ૩૦ ભારતીય રોકાણકારોએ આરોપ મૂક્યો છે કે વિદેશી બજારોમાં રોકાણ માટે ઉપયોગમાં લેવામાં આવતા એક ડિજિટલ પ્લેટફોર્મ પર તેમની મંજૂરી વગર જ તેમના અમેરિકન સ્ટોક પોર્ટફોલિયો વેચી દેવામાં આવ્યો હતો.

આ શેરો વેચીને ચીનની કંપનીનાં શેર ખરીદવામાં આવ્યા : આ શેર ક્રેશ થતાં રૂ. ૧૦૦ કરોડનું નુકસાન

તેમણે દાવો કર્યો છે કે પોર્ટફોલિયો વેચાણથી મળેલા નાણામાંથી એક ઓછી જાણીતી ચીનની કંપનીનાં શેર ખરીદવામાં આવ્યા હતાં. ત્યારબાદ ચીનની આ કંપનીનાં શેર ક્રેશ થઈ ગયા હતાં. જેના કારણે રોકાણકારોને ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે.

આ ઘટના પછી ભારત અને અમેરિકાનાં બજાર નિયામકોને ફરિયાદ કરવામાં આવી છે. આ આરોપોનાં કેન્દ્રમાં સ્ટોકલ સિક્યુરિટીઝ છે. જે બેંગાલુરુ સ્થિત એક ફિનટેક પ્લેટફોર્મ છે અને ભારતીય રોકાણકારોને અમેરિકન શેરોમાં રોકાણ કરવામાં મદદ કરે છે.

રોકાણકારોનાં જણાવ્યા અનુસાર ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬નાં રોજ પરવાનગી વગર એપલ, એનવીડિયા, એમેઝોન, ટેસ્લા અને આલ્ફાબેટ જેવી કંપનીઓમાં તેમનું હોલ્ડિંગ્સ વેચી દેવામાં આવ્યું હતું.

આરોપ મૂકવામાં આવ્યો છે કે આ નાણા ઝિબાઓ ટેકનોલોજી ઈંકનાં શેરોમાં રોકાણ કરવામાં આવ્યા હતાં. આ અમેરિકામાં લિસ્ટેડ ચીનની કંપની છે જેમાં ખૂબ જ ઓછું ટ્રેડિંગ થાય છે.

અહીં સૌથી મોટો એ પ્રશ્ન ઉભો થાય છે કે રોકાણકારની મંજૂરી વગર કઈ રીતે શેર વેચવામાં આવી શકે છે અને તે નાણાથી અન્ય કંપનીનાં શેર કઈ રીતે ખરીદવામાં આવી શકે છે. તેમના નાણા પરત અપાવવા માટે કોણ જવાબદાર છે?

રોકાણકારોનાં જણાવ્યા અનુસાર ઝિબાઓનાં શેરોમાં મોટો ઘટાડો થવાને કારણે તે શેરોમાં કરવામાં આવેલા રોકાણની મોટા ભાગની રકમ ડૂબી ગઈ હતી. એક અંદાજ મુજબ રોકાણકારોને ૧૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

મની લોન્ડરિંગ તપાસમાં ઈડીની કાર્યવાહી

કોલ સેન્ટર કૌભાંડમાં ત્રણ ગુજરાતી સહિત વધુ ચારની ધરપકડ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૪

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ બુધવારે જણાવ્યું હતું કે તેણે અમેરિકન નાગરિકોને નિશાન બનાવનાર એક કોલ સેન્ટર કૌભાંડથી જોડાયેલ મની લોન્ડરિંગ તપાસનાં સંદર્ભમાં વધુ ચાર લોકોની ધરપકડ કરી છે.

હૈદરાબાદની પીએમએલએ વિશેષ કોર્ટમાં રજૂ કરી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયા

હર્ષિલ નયનભાઈ રાવલ, જસવંત સિંહ, ચેતન મુંજાલ અને પ્રણવ પીઠાડિયાની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી.

એજન્સીએ તેમને હૈદરાબાદનાં નામપલ્લી સ્થિત પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની વિશેષ કોર્ટમાં રજૂ કર્યા હતાં. જ્યાંથી તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતાં.

ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આરોપી લોકોએ પીડિતોનો સંપર્ક કરી તેમને જણાવ્યું હતું કે તેમના ખાતામાંથી નકલી ખરીદી થઈ છે અથવા કોઈ ખોટો ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે.

ત્યારબાદ કોલ કરનારાઓએ પોતાને અમેરિકન એજન્સીઓ જેવી કે ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન, ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ, ફેડરલ ટ્રેડ કમિશન, ડિપાર્ટમેન્ટ ઓફ ધ ટ્રેઝરીનાં અધિકારી બતાવીને પીડિતોને ડરાવ્યા અને ધમકાવ્યા હતાં.

તપાસ એજન્સી અનુસાર તેમણે નકલી ઓળખ પત્ર, બેઝ, સત્તાવાર પત્ર અને કોર્ટનાં દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો.

કાયદાકીય કાર્યવાહીની ધમકી આપીને પીડિતોને એ વાત માટે મજબૂર કરવામાં આવ્યા હતા કે એક વ્યક્તિને રોકડ અને સોનું સોંપી દો. ક્રૂરિયર સેવાઓ દ્વારા પાર્સલમાં રોકડ રકમ મોકલો. ખાતામાં નાણાં ટ્રાન્સફર કરો અથવા ગિફ્ટ કાર્ડ ખરીદો.

ઈડીએ જણાવ્યું હતું કે આ રીતે એકત્ર કરવામાં આવેલી રકમને ક્રિપ્ટો કરન્સી અને હવાલા દ્વારા ભારતીય રૂપિયામાં રૂપાંતર કરવામાં આવી હતી.

ચૂંટણીમાં ગેરરીતિ નથી : નેતન્યાહુના આરોપ ચૂંટણી પંચે ફગાવ્યા

ઈઝરાયેલના પ્રમુખે નેતન્યાહુની હારના સત્તાવાર પરિણામ સ્વીકાર્યા

તેલ અવિવ, તા. ૪

ઈઝરાયેલના ચૂંટણી પરિણામો સત્તાવાર રીતે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. જેને પગલે ઈઝરાયેલના પ્રમુખ ઈસાક હરઝોગે આ પરિણામોનો સ્વીકાર કર્યો હતો. સાથે જ તેમણે કહ્યું હતું કે ટૂંક સમયમાં અમે નવી સરકાર રચવા મુદ્દે વિવિધ પક્ષોના પ્રતિનિધિઓ સાથે વાતચીત શરૂ કરીશું. કોઈને પણ બહુમત ના મળતા ઈઝરાયેલનું કોંકડું ગૂંચવાયું છે.

પ્રમુખે નવી સરકાર રચવાની કવાયત શરૂ કરી, આઈઝએનકોટ અને અરબ પાર્ટીના ગઠબંધનની શક્યતા

તાજેતરમાં જ ઈઝરાયેલમાં ચૂંટણી યોજાઈ હતી, જેના પરિણામો જાહેર થયા હતા. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુનો પક્ષ કે પછી તેમના મુખ્ય પ્રતિદ્વંદી અને પૂર્વ સૈન્ય વડા ગેડી એસેનકોટ કોઈને પણ બહુમત નથી મળી. જે પણ પરિણામો જાહેર થયા હતા તેને હવે ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર મહોર મારવામાં આવી છે. આ સત્તાવાર ચૂંટણી પરિણામોનો હવે ઈઝરાયેલના રાષ્ટ્રપતિએ સ્વીકાર કર્યો હતો. તેઓ ટૂંક સમયમાં હવે પક્ષો પાસેથી સરકાર રચવા મુદ્દે જવાબ લેશે.

આ પહેલા ઈઝરાયેલના ચૂંટણી પંચે કહ્યું હતું કે આ ચૂંટણીમાં કોઈ પણ પ્રકારની છેતરપિંડી નથી થઈ, આ ચૂંટણીમાં અરબ પાર્ટી એટલે કે ત્રીજો પક્ષ કિંગ મેકર સાબીત થયો છે. જ્યારે નેતન્યાહુ અને તેમના સમર્થકો દાવો કરતા રહ્યા છે કે અરબ પાર્ટીએ જ આ

(અનુસંધાન ૧૩મે પાને)





કોઈપણ તહેવારની ઉજવણી ફૂલો વિના અધૂરી છે. આ વખતે મોંઘવારી મીઠાઈની જેમ ફૂલોને પણ નડી છે. ગત વર્ષ કરતા ભાવમાં ૩૦ થી ૫૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. એક સમય હતો જ્યારે, જમાલપુર માર્કેટમાં રોજના ૧૦૦૦૦થી ૧૨૦૦૦ કિલો ફૂલો આવતા હતા. હવે, તે ઘટીને લગભગ ૧૮૦૦ કિલો થઈ ગયા છે. તેની અસર ફૂલોની કિંમતો પર જોવા મળી રહી છે. નવરાત્રિ વખતે બજારમાં મંદી જોવા મળી હતી. દશેરા વખતે પણ ઘણા ઓછા વ્હીકલ્સ પર ફૂલોના હાર જોવા મળ્યા હતા. ફૂલ બજારના વેપારીઓને આશા છે કે, તેમની દિવાળી સુધરશે.

અમૂલ ઘીમાં લિટરે રૂપિયા ૪૦ અને બટરમાં કિલોએ રૂપિયા ૩૦ વધ્યા

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,બુધવાર

ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ બીજી ઓક્ટોબરથી અમલમાં આવે તે રીતે અમૂલ ઘીના એક લિટરના પાઉચના ભાવ રુ. ૬૪૦થી વધારીને રુ. ૬૮૦ કરવાનો નિર્ણય લીધો છે. અમૂલ ઘીના ૫૦૦ મિલીલિટરના પાઉચના ભાવ રુ. ૩૨૫થી વધારીને રુ. ૩૪૫ કરવામાં આવ્યા છે.

ગાયના ઘીના ભાવમાં પણ કિલોએ રૂ. ૪૦નો વધારો

અમૂલ સાથે સંકળાયેલા ૩૬ લાખ ખેડૂતોને સારું વળતર મળે તે માટે અમૂલ બટરના કિલોદીઠ ભાવમાં પણ રૂા. ૩૦નો વધારો કરવામાં આવ્યો છે. અમૂલ બટરનું ૧૦૦ ગ્રામનું પેક રૂા. ૬૩માં મળતું હતુ તેના ભાવ વધારીને રુ. ૬૬ કરવામાં આવ્યા છે. તેમ જ અમૂલ બટરના ૫૦૦ ગ્રામના પેકના ભાવ રુ. ૩૧૦થી વધારીને રુ. ૩૨૫ કરોવામાં આવ્યા છે. અમૂલ ગાયના ઘીને એક લિટર પાઉચના ભાવ રુ. ૬૯૫થી વધારીને રૂા. ૭૩૫ અને ૫૦૦ મિલીલિટરના પાઉચના રૂ. ૩૨૫થી વધારીને રુ. ૩૪૫ કરડવામાં આવ્યા છે.

સરકારના એકેડેમિક કેલેન્ડર મુજબ

આજથી સ્કૂલ-કોલેજો અને યુનિ.ઓમાં દિવાળી વેકેશન

અમદાવાદ,મંગળવાર

ગુજરાત શિક્ષણ બોર્ડના એકેડેમિક કેલેન્ડર મુજબ સ્કૂલોમાં અને ઉચ્ચ શિક્ષણ વિભાગના એકેડેમિક કેલેન્ડર મુજબ સ્કૂલો-કોલેજો તેમજ યુનિ.ઓમાં આવતીકાલે પાંચ નવેમ્બરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. આ દિવાળી વેકેશન ૨૧ દિવસનું રહેશે અને ૨૫ નવેમ્બર થી સ્કૂલોમાં દ્વિતિય શૈક્ષણિક સત્ર શરૂ થશે. કોલેજોમાં ૩ ડિસેમ્બરથી બીજુ સત્ર શરૂ થશે.

સ્કૂલોમાં ૨૫ નવેમ્બરથી અને કોલેજો-યુનિ.ઓમાં ૩ ડિસેમ્બરથી બીજુ શૈક્ષણિક સત્ર

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ધો.૩થી૮માં અને માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ધો.૯થી૧૨માં પ્રથમ સત્રાંત પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે ત્યારે હવે આવતીકાલે પાંચ નવેમ્બરથી દિવાળી વેકેશન શરૂ થશે. બોર્ડના એકેડેમિક કેલેન્ડર મુજબ ૨૪ નવેમ્બર સુધીનું ૨૧ દિવસનું વેકેશન રાજ્યની તમામ

(અનુસંધાન ૪થે પાને)

રાહુલ ગાંધીની દિલ્હી રેલીમાં ગેરહાજર રહેવુ ભારે પડ્યું

હાઈકમાન્ડ લાલઘૂમ : યુથ કોંગ્રેસના પ્રદેશ હોદ્દેદારો સહિત ૪૯ સસ્પેન્ડ

અમદાવાદ,બુધવાર

ગુજરાત કોંગ્રેસની આંતરિક શિસ્તભંગ સામે હાઈકમાન્ડે લાલ આંખ કરી છે. દિલ્હી ખાતે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં યોજાયેલી વિરોધ પ્રદર્શન રેલી અને કૂચમાં હાજર રહેવા આદેશ કરાયો હતો. યુથ કોંગ્રેસના કેટલાંય યુવા નેતાઓ વિરોધ પ્રદર્શનમાં જઈ શક્યાં ન હતાં.

રાષ્ટ્રીય સ્તરના વિરોધ પ્રદર્શનમાં ફરજીયાત હાજર રહેવા દિલ્હીના આદેશની અવગણના થતાં 'લગ્નના ઘોડા' ઘરભેગા

પક્ષના આદેશની અવગણના કરતાં હાઈકમાન્ડે શિસ્તભંગ બદલ ગુજરાત યુથ કોંગ્રેસના સ્ટેટ સેક્રેટરી સહિત કુલ મળીને ૪૯ જેટલા હોદ્દેદારોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. હાઈકમાન્ડે શિસ્તની કાતર ફેરવતાં માત્ર હોદ્દો ભોગવતાં નેતાઓ ફફડી ઉઠ્યાં છે. વોટચોરી ઉપરાંત મોંઘવારી, બેરોજગારી અથવા અન્ય કેન્દ્રીય મુદ્દાઓ

(અનુસંધાન ૪થે પાને)

કાળાબજારિયા- ભેળસેળિયા બેખોફ ને જનતા લાચાર

દિવાળી પૂર્વે જ મોંઘવારીનો બોમ્બ ફુટ્યો

દૂધ, દાળ, રાંધણ ગેસ, પેટ્રોલ બધું મોંઘું

અમદાવાદ,બુધવાર

દિવાળીના તહેવારો આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે રોજીંદી વપરાશની ચીજવસ્તુઓ જેવી કે ઘી,દાળ,ચોખા સહિત રાંધણગેસના ભાવમાં કમરતોડ વધારો નોંધાયો છે પરિણામે ગૃહિણીઓનું બજેટ તો ખોરવાયુ છે. રાંધણગેસ અને પેટ્રોલ,ડિઝલના પણ ભાવ વધ્યાં છે જેથી આ વખતે દિવાળીની ઉજવણી પણ ફિક્કી બની રહે તેવી શક્યતા છે. દિનેદિને વધતી મોંઘવારીને લીધે સામાન્ય નાગરિકો અને મધ્યમ વર્ગના પરિવારોની મુશ્કેલી વધી રહી છે. આ તરફ, તહેવારોની મોસમમાં જ કાળાબજારીયા, સંગ્રહખોરો અને ભેળસેળિયા તત્વો બેકાબૂ બન્યા છે તેમ છતાં સરકારે મોન ધારણ કરી લીધુ છે.

એક તરફ તહેવારોની ખુશી, બીજી તરફ મોંઘવારીની ચિંતા

ઘી-બટરના ભાવ વધ્યાં, CNG-PNG નો પણ ભાવ વધારો

દિવાળી તહેવારોની રસોઈમાં જેનો સૌથી વધુ ઉપયોગ થાય છે તેવા દૂધ અને તેની બનાવટોના ભાવ તો વધ્યાં છે. આજે અમૂલ દ્વારા ઘી અને બટરના ભાવમાં વધારો થયો છે. ૧ કિલો ઘીનું કાર્ટન રૂ. ૬૩૦થી વધીને સીધું રૂ. ૬૮૦ થયું છે એટલે કે, રૂ. ૫૦નો સીધો વધારો થયો છે. ૫૦૦ ગ્રામ શુદ્ધ ઘી પાઉચ રૂ. ૩૨૫થી વધીને રૂ. ૩૪૫ થયું છે. બટર ૧૦૦ ગ્રામમાં રૂા. ૩ અને ૫૦૦ ગ્રામમાં રૂ. ૧૫ વધ્યાં છે. એક તરફ ભાવ આસમાને છે તો બીજી તરફ તહેવારોના સમયે બજારમાંથી અસલી ઘી ગાયબ થઈ ગયું છે એટલે જ બીજી તરફ, ભેળસેળ ઘીનો કાળો કારોબાર ધમધમી રહ્યો છે. બજારમાં વિવિધ કઠોળના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે જેમકે, તુવેર દાળના કિલોએ રૂા.૧૦૦થી વધીને સીધી રૂા.૧૩૦ થયા છે.મગની દાળનો ભાવ રૂા.૧૨૦એ પહોંચ્યો છે. આ ઉપરાંત ચણાની દાળનો ભાવ રૂા.૮૦થી વધીને રૂા.૯૫ પ્રતિ કિલો થયો છે. અડદની દાળનો કિલોનો ભાવ રૂા.૧૦૫ બોલાયો છે.આ ઉપરાંત, વડોદરા ગેસ લિમિટેડે પણ સીએનજીમાં પ્રતિ કિલો રૂ. ૧.૫૦ અને ઘરેલું પીએનજીમાં ૫૦ પૈસાનો વધારો ઝીંક્યો છે. દિવાળી પહેલાં લેવાયેલા આ નિર્ણયોને કારણે રિક્ષા ચાલકો, ટેક્સી ચાલકો, સ્કૂલ વાન ચાલકો અને નાના પરિવહનકારો આર્થિક રીતે બેઠા થઈ શકે તેમ નથી.૧ નવેમ્બરથી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં પણ રૂ.

બજારમાં અંદાજીત દરો નીચે મુજબ છે

વસ્તુ	૨૦૨૫	૨૦૨૬માં કિલોનો ભાવ
કણકી ચોખા	રૂા.૨૫	રૂા.૩૪-૩૮
ઘઉંનો લોટ	રૂા.૩૬	રૂા.૪૨-૪૫
ખાંડ	રૂા.૪૫	રૂા. ૫૦-૫૫
દૂધ	રૂા.૫૯	રૂા.૭૨
તુવેર દાળ	રૂા.૧૧૯	રૂા.૧૫૦-૧૬૦
અડદ દાળ	રૂા.૧૧૪	રૂા.૧૨૫-૧૩૫
મગ દાળ	રૂા.૧૧૦	રૂા.૧૨૦
ચણા દાળ	રૂા.૮૫	રૂા.૯૦-૧૦૦
સીંગતેલ	રૂા.૧૮૮	રૂા.૧૯૫ લીટર
અમૂલ દૂધ	રૂા.૫૯	રૂા.૭૨ લિટર
બટાકા	રૂા.૨૭	રૂા.૩૦-૪૦
ડુંગળી	રૂા.૨૭	રૂા.૫૦- ૬૫
ટામેટાં	રૂા.૧૧	રૂા.૨૫-૩૦

દુઃખદ અવસાન તથા બેસણાંની જાહેરાત માટે જુઓ પાના નં.૪

નબળા ચોમાસાનું આગળ બહાનું ધરાયું, મોંઘવારી નાથવામાં સરકાર નાકામ, દિવાળી પછી સ્થિતિ વકરશે

છે. માત્ર કઠોળ જ નહીં, પરંતુ ચોખાના ભાવમાં પણ આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. ચોખાની વિવિધ જાતોમાં કિલોએ રૂા.૨૦-૨૫ સુધીનો સીધો વધારો નોંધાયો છે.મોંઘવારીનો બીજો મોટો ફટકો ઈંધણ ક્ષેત્રે પડ્યો છે. અદાણી ગેસે સીએનજીના ભાવમાં રૂ. ૪.૪૫ પ્રતિ કિલોનો વધારો ઝીંક્યો છે. આ વધારા સાથે જ અમદાવાદમાં સીએનજીનો ભાવ રૂ. ૯૮.૪૭ પ્રતિ કિલોએ પહોંચી ગયો છે. છેલ્લા છ મહિનામાં સીએનજીના ભાવમાં ઓછામાં ઓછો પાંચ વખત વધારો કરાયો ૧૦થી ૧૭ સુધીનો વધારો કરાયો છે. અમદાવાદમાં પેટ્રોલ આશરે રૂ. ૧૦૨ અને ડીઝલ આશરે રૂ. ૯૮ પ્રતિ લિટરના ઊંચા સ્તરે વેચાઈ રહ્યું છે.મોંઘવારી ફૂદકેને ભૂસકે વધી રહી છે ત્યારે ઘણાં એવા પરિવારો છેકે, મર્યાદિત આવક વચ્ચેદિવાળીની ઉજવણી કેવી રીતે કરવી એ પણ મોટો સવાલ છે. કાળાબજારિયા, સંગ્રહખોરો અને ભેળસેળિયાઓ તકનો ભરપુર લાભ મેળવી રહ્યાં છે ત્યારે આમ જનતા કારમી મોંઘવારીમાં પિસાઈ રહી છે અને સરકાર મૌન ધારણ કરીને બેઠી છે.

ગુજરાતમાં સરકારી કર્મચારી-પેન્શનરોની દિવાળી સુધરી

૯.૬૯ લાખ કર્મચારી- પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

અમદાવાદ,બુધવાર

દિવાળીના તહેવારો પૂર્વે જ રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં કેન્દ્રના ધોરણે ત્રણ ટકાના વધારાની જાહેરાત કરી છે. સરકારના આ નિર્ણયને પગલે સરકારી કર્મચારી અને પેન્શનરોની જાણે દિવાળી સુધરી છે. ૪.૬૨ લાખ કર્મયોગીઓ અને ૫.૦૭ લાખ પેન્શનર્સને મોંઘવારી ભથ્થા વધારાનો સીધો લાભ મળશે.

નવેમ્બરના પગાર સાથે ચાર મહિનાનું એરિયર્સ મળશે સરકારી તિજોરી પર વાર્ષિક રૂ.૧૫૬૯ કરોડનું ભારણ

૬ઠ્ઠા અને ૭મા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સેવા તેમજ પંચાયત સેવાના તમામ કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ મળશે. આ અંતર્ગત અંદાજે ૪.૬૨ લાખ સક્રિય કર્મયોગીઓ અને ૫.૦૭ લાખ નિવૃત્ત કર્મચારીઓ મળીને કુલ ૯.૬૯ લાખથી વધુ પરિવારોને સીધો આર્થિક ફાયદો થશે.

આ મોંઘવારી ભથ્થાનો વધારો ૧ જુલાઈ, ૨૦૨૬થી અમલી ગણવામાં આવશે. તહેવારોની ઉજવણીમાં નાણાકીય તંગી ન નડે તે માટે સરકાર જુલાઈ-૨૦૨૬ થી ઓક્ટોબર-૨૦૨૬ સુધીના કુલ ૪ મહિનાના તફાવતની રકમ નવેમ્બર-૨૦૨૬ના પગાર અને પેન્શન સાથે એક જ હપ્તામાં સીધા ખાતામાં જમા કરી દેશે.

આ વધારાના કારણે રાજ્ય સરકારની તિજોરી પર આર્થિક બોજ વધશે. સરકાર ચાર મહિનાના એરિયર્સ પેટે જ તાત્કાલિક રૂ. ૫૨૩ કરોડની ચૂકવણી કરશે. આ ઉપરાંત, આ નિર્ણયથી સરકાર પર વાર્ષિક રૂ. ૧૫૬૯ કરોડનું વધારાનું નાણાકીય ભારણ આવશે. આ નિર્ણયને પગલે કર્મચારીઓમાં ખુશીનો માહોલ છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ મે ૨૦૨૬માં ૭મા પગારપંચ હેઠળ કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો, જેથી ભથ્થું ૫૮ ટકાથી વધીને ૬૦ ટકા થયું હતું. હવે આ નવા ૩ ટકાના વધારા સાથે જ કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૬૦ ટકાથી વધીને ૬૩ ટકાની સપાટીએ પહોંચી જશે.

ઉલ્લેખનીય છેકે, મોંઘવારી ભથ્થાના વધારા ઉપરાંત તહેવારોને ધ્યાનમાં રાખીને રજાઓ અંગે પણ મહત્ત્વનો નિર્ણય લેવાયો છેકે, તા.૯ નવેમ્બરના રોજ જાહેર રજા રહેશે, જ્યારે તેની ભરપાઈ રૂપે તા.૧૨ ડિસેમ્બરના શનિવારે બધી સરકારી કચેરીઓમાં ચાલુ રહેશે.

વૃંદાવન કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. સાંતેજ

રજી. નં. ૧૫ / ૨૦૨૪ / ૧૯૮૧, તા. ૧૨.૦૨.૧૯૮૧

ખાસ અગત્યની જાહેરાત

આથી સોસાયટીની વાર્ષિક સાધારણ સભા બાબતે ગુજરાત સહકારીકાના તારીખ: ૨૮-૦૯-૨૦૨૬ ના "જાહેરનામા ક્રમાંક GHKH/104/2026/ACD/AMR/ e-file/12/2026/12985/ROM થી મુક્તિ આપવામાં આવેલ હતી", તે વાર્ષિક સાધારણ સભા આથી તા. ૨૭-૦૯-૨૦૨૬ ના બોર્ડની ગુજરાત "મહુવાની ચિંતવણી" ના આથી બોર્ડના સર્વે માનવી બોર્ડી સર્વ સભાસદ બહેનો અને ખાસ હાજરી આપવી.

તા. : ૨૬-૧૧-૨૦૨૬ શુક્રવાર, સમયે ૧૦ કલાકે

સ્થળ : ઓફિસ કેમ્પસ, સોસાયટી પાસે, એસ.જી હાઈવે, સાંતેજ, અમદાવાદ

ખાસ નોંધ : સોસાયટીની સાધારણ સભામાં ફક્ત સભાસદો જ હાજર રહી શકશે

લી. બોર્ડની આજ્ઞાથી / સેક્રેટરીશ્રી વૃંદાવન કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. સાંતેજ

આ તહેવારોમાં સૌથી સ્વીટ ડીલ

croma A TATA Enterprise

FESTIVAL OF DREAMS

11 નવેમ્બર સુધી





42% OFF*

iPhone 17 256GB

~~એમ આઇ પ્રી ₹99,900*~~

સેલ આઇસ ₹57,490*

ઈ એમ આઈ શરૂ થાય છે ₹2,562* થી



3 Years Warranty

50% OFF*

55" LG NanoCell 4K AI TV 1m 40cm

~~એમ આઇ પ્રી ₹89,990*~~

સેલ આઇસ ₹44,990*

ઈ એમ આઈ શરૂ થાય છે ₹2,499* થી

ટીવી માટે આકર્ષક બાય પર 12%* બચત કરો



26% OFF*

Whirlpool Frost Free 235L

~~એમ આઇ પ્રી ₹32,450*~~

સેલ આઇસ ₹23,990*

ઈ એમ આઈ શરૂ થાય છે ₹1,999* થી



2 Years Warranty

39% OFF*

LG Washing Machine 8KG

~~એમ આઇ પ્રી ₹30,990*~~

સેલ આઇસ ₹18,990*

ઈ એમ આઈ શરૂ થાય છે ₹3,865* થી

*સ્ટોરમાં સેલ ઉમિયામાં એક્સચેંજ / ડિસ્કાઉંટ વૈરિએન્ટ્સ અથવા ઑફર આધીન છે

Rush to Croma Store | croma.com | TATA NEU

₹22,000* સુધી ઈન્સ્ટંટ ડિસ્કાઉંટ પસંદગીના બેંક કાર્ડ્સ પર

₹45,000* સુધી ડિસ્કાઉંટ સિલેક્ટેડ કાર્ડ્સ પર

એંપલ પ્રોડક્ટ્સ પર 10% સુધી બચત* HDFC BANK | TATA NEU CARD માટે

560+ Stores across India

*Offer valid only at stores | Offer valid on select brands/categories/stores/locations/products | MRP is inclusive of all taxes | The final offer shall be subject to cashback offers provided by participating banks or consumer finance or Croma or Brand or Exchange Value of your old product or all of the above, as applicable | The prices mentioned are for one unit of the product | In addition, select products may be eligible for exchange bonus as well | iPhone 17 256GB price includes exchange value considering iPhone 14 | Whirlpool Frost Free Refrigerator 235L price inclusive of cashback ₹2,000 | Cashback on Consumer Finance is based on invoice/bill value | Processing fee shall be applicable as levied by participating consumer finance partner | Up to 10% Savings on HDFC Tata NeuCard applicable for select Apple products | EMIs are payable monthly and may vary by product, tenure, and customer eligibility | Exchange value and bonus depends on the working/physical condition of the trade-in article as assessed by Croma's exchange partners | Two offers cannot be clubbed | For further details, visit store | T&C Apply